# ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો
# જલ જીવન મિશન પર
# માર્ચ 2024 ના પૂરા થતા સમયગાળા
# માટેનો અહેવાલ

ગુજરાત સરકાર

વર્ષ 2026 નો અહેવાલ નં. 03

(કામગીરી ઓડિટ-મુલ્કી)

# ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો
# જલ જીવન મિશન પર
# માર્ચ 2024 ના પૂરા થતા સમયગાળા
# માટેનો અહેવાલ

ગુજરાત સરકાર

વર્ષ 2026 નો અહેવાલ નં. 03

(કામગીરી ઓડિટ-મુલ્કી)

# વિષય સૂચિ


| | સંદર્ભ | |
|---|---|---|
| | ફકરા નંબર | પૃષ્ઠ નંબર |
| પ્રસ્તાવના | | vii |
| કાર્યકારી સારાંશ | | ix |
| **પ્રકરણ-I: પરિચય** | | |
| જલ જીવન મિશન - પરિચય | **1.1** | 01 |
| ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમો અને તેમની સિદ્ધિઓની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ | **1.2** | 02 |
| રાજ્યમાં JJMના અમલીકરણ માટેનું સંસ્થાકિય માળખું | **1.3** | 03 |
| ઓડિટના હેતુઓ | **1.4** | 05 |
| ઓડિટના માપદંડ | **1.5** | 05 |
| ઓડિટનો વ્યાપ અને કાર્યપધ્ધતિ | **1.6** | 06 |
| સ્વીકૃતિ | **1.7** | 06 |
| **પ્રકરણ-II: સંસ્થાકિય માળખું અને આયોજન** | | |
| JJM હેઠળ ગ્રામીણ વિસ્તારમાં પાણી માટેના સાર્વત્રિક નળ જોડાણો પ્રાપ્ત કરવા માટેનો નક્શો | **2.1** | 07 |
| સંસ્થાકિય માળખું | **2.2** | 07 |
| JJM આયોજનનું માળખું ગ્રામ્ય સ્તરથી વિભાગ સ્તરનો અભિગમ | **2.3** | 10 |
| યોજનાઓની તૈયારી | **2.4** | 11 |
| ઉપલબ્ધ માહિતી પરથી મહેસૂલી ગામોના વ્યાપમાં તફાવત | **2.5** | 18 |
| ઉપસંહાર | **2.6** | 19 |
| **પ્રકરણ-III: જલ જીવન મિશનનું અમલીકરણ** | | |
| કાર્યોનો અમલ | **3.1** | 21 |
| જલ જીવન મિશનનું પરિણામ | **3.2** | 43 |
| ઉપસંહાર | **3.3** | 63 |
| **પ્રકરણ-IV: પાણીની ગુણવત્તાનું નિરીક્ષણ** | | |
| પ્રસ્તાવના | **4.1** | 65 |
| પાણીની ગુણવત્તા અને પરીક્ષણ વધારવા માટે વ્યવસ્થા | **4.2** | 65 |
| રાજ્યમાં પ્રયોગશાળાઓમાં માળખાગત સુવિધાઓ | **4.3** | 66 |
| રાજ્યમાં પ્રયોગશાળાઓની કામગીરી | **4.4** | 74 |
| સમુદાય દ્વારા પાણીની ગુણવત્તાનું નિરીક્ષણ | **4.5** | 76 |
| ચોમાસા પૂર્વે અને પછીનું પાણીના નમૂનાઓનું પરીક્ષણ | **4.6** | 76 |
| SLL ખાતે રેફરલ પાણીના નમૂનાઓનું પરીક્ષણ | **4.7** | 79 |

| વિષય સૂચિ | | |
|---|---|---|
| | સંદર્ભ | |
| | ફકરા નંબર | પૃષ્ઠ નંબર |
| *e*-જલશક્તિ પોર્ટલ પર પાણીના નમૂનાઓમાં વિસંગતતા અને ઓછુ રિપોર્ટિંગ | **4.8** | 81 |
| "માન્ય મર્યાદા" ના આધારે પાણીના નમૂનાનું મૂલ્યાંકન | **4.9** | 82 |
| પ્રયોગશાળાઓમાં પાણીના નમુનાના પરીક્ષણના પરિણામમાં લાગતો સમય | **4.10** | 84 |
| ઉપસંહાર | **4.11** | 85 |
| **પ્રકરણ-V: કાર્ય પૂર્ણ થયા પછીનું સંચાલન અને ટકાઉપણું** | | |
| કામગીરી પછીના સંચાલન માટેની વ્યવસ્થા | **5.1** | 87 |
| VWSCs/પાણી સમિતિઓ દ્વારા કામગીરી પછીનું સંચાલન | **5.2** | 90 |
| કામગીરી પછીના સંચાલનમાં અમલીકરણ સહાયક એજન્સીઓની ભૂમિકા | **5.3** | 91 |
| JJMના અમલીકરણમાં સામુદાયિક લોકભાગીદારી | **5.4** | 93 |
| પાણી વેરો | **5.5** | 94 |
| O&M કામો માટે વધારાની સિક્યુરિટી ડિપોઝિટ | **5.6** | 95 |
| O&M કાર્યની બિડિંગ પ્રક્રિયા | **5.7** | 96 |
| ઉપસંહાર | **5.8** | 97 |
| **પ્રકરણ-VI: નાણાકીય વ્યવસ્થાપન અને દેખરેખ** | | |
| નાણાકીય વ્યવસ્થાપન | **6.1** | 99 |
| દેખરેખ | **6.2** | 105 |
| ફરિયાદ નિવારણ પદ્ધતિ | **6.3** | 109 |
| ઉપસંહાર | **6.4** | 111 |

| પરિશિષ્ટો | | | |
|---|---|---|---|
| સંખ્યા | વિગત | સંદર્ભ ફકરા નંબર | પૃષ્ઠ નંબર |
| **1.1** | ઓડિટ કરાયેલ એકમોની યાદી | **1.6** | 113 |
| **3.1 (A)** | MS પાઇપના ભાવમાં ફેરફારને લઈ ₹38.92 કરોડની વધારાની ચુકવણીની વિગતો | **3.1.1.1(i)** | 115 |
| **3.1(B)** | MS પાઇપના ભાવમાં ફેરફારમાં ₹0.80 કરોડની વધારાની ચુકવણીની વિગતો | **3.1.1.1(i)** | 120 |
| **3.2** | DI પાઇપના ભાવમાં ફેરફારમાં ₹0.53 કરોડની વધારાની ચુકવણીની વિગતો | **3.1.1.1(ii)** | 121 |
| **3.3** | DI પાઇપના બેઝ WPI ઇન્ડેક્સના અયોગ્ય ઉપયોગને કારણે કોન્ટ્રાક્ટરને ₹14.07 કરોડની વધારાની ચુકવણીની વિગતો | **3.1.2.5 (i)** | 123 |
| **3.4** | અયોગ્ય GST દર અપનાવવાને કારણે કોન્ટ્રાક્ટરને ₹9.54 કરોડના વધારાના લાભની વિગતો (GWSSB) | **3.1.2.5 (ii)** | 127 |
| **3.5** | ગાંધીનગર પ્રભાગમાં ઓછી ઘનતાવાળા PVC પાઈપોના ઉપયોગને કારણે ₹39.04 લાખની વધારાની ચુકવણીની વિગતો | **3.1.2.5 (iii)** | 142 |
| **3.6** | નમૂના-તપાસ કરાયેલ છ જિલ્લાઓમાં RWSSs દ્વારા પાણીનો અનિયમિત પુરવઠો | **3.2.4.1** | 143 |
| **3.7** | ઓડિટ દરમિયાન DLL માં એકત્રિત અને પરીક્ષણ કરાયેલ પાણીના નમૂનાઓના પરિણામો | **3.2.6** | 144 |
| **4.1** | જાન્યુઆરી 2025 ના રોજ નમૂના-તપાસેલ DLLs અને TLLs દ્વારા નિરીક્ષણ કરાયેલ પરિમાણો | **4.3.2.2** | 148 |
| **4.2** | જાન્યુઆરી 2025 સુધીમાં પ્રયોગશાળાઓમાં સાધનો/ ઉપકરણોની ઉપલબ્ધતા | **4.3.4** | 149 |
| **4.3** | તકનીકી માનવશક્તિની ઉપલબ્ધતા | **4.3.6** | 151 |
| **4.4** | ચોમાસા પૂર્વે અને ચોમાસા પછી પાણીના નમૂનાનું પરીક્ષણ | **4.6** | 153 |
| **4.5** | વર્ષ 2021-24 દરમિયાન નમૂના તપાસ કરાયેલ DLLs અને TLLs માં ઉપલબ્ધ માહિતી અને *e*-જલશક્તિ પોર્ટલ પર અપલોડ કરેલ માહિતી વચ્ચે વિસંગતતા | **4.8** | 154 |
| **6.1** | વર્ષ 2019-24 દરમિયાન જલ જીવન મિશન હેઠળ મળેલ અનુદાન અને વ્યાજ અને થયેલા ખર્ચની વિગતો | **6.1.1** | 155 |
| **6.2** | વર્ષ 2019-20 અને 2023-24 માટે GoI દ્વારા આપેલ અનુદાન અને તેના અનુરૂપ મેળ ખાતો હિસ્સો | **6.1.2** | 156 |

# પ્રસ્તાવના

ગુજરાત રાજ્ય સંબંધિત આ અહેવાલ ભારતના બંધારણની કલમ 151 હેઠળ રાજ્યપાલશ્રીને રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ કરવા માટે રજૂ કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.

આ અહેવાલમાં ગુજરાતમાં જલ જીવન મિશન (JJM) પરના કામગીરી ઓડિટના પરિણામોનો સમાવેશ થાય છે જે વર્ષ 2019-20 થી 2023-24 ના સમયગાળા દરમિયાન નર્મદા, જળ સંસાધન, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને આવરી લે છે. આ ઓડિટ નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ડ્યુટીસ, પાવર્સ અને કન્ડિશન ઓફ સર્વિસીસ) અધિનિયમ, 1971 અને ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા જારી કરાયેલ ઓડિટ અને એકાઉન્ટ્સ પરના નિયમો, 2007 (2020 માં સુધારેલ) ની જોગવાઈઓ હેઠળ હાથ ધરવામાં આવ્યું છે.

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા જારી કરાયેલા ઓડિટિંગ ધોરણો અનુસાર કામગીરી ઓડિટ હાથ ધરવામાં આવ્યું છે.

આ અહેવાલના ગુજરાતી અનુવાદમાં રહેલ હકીકત દોષ માટે મૂળ ઇંગ્લિશ અહવાલમાં આપેલ વિગતો સાચી ગણવી.

# કાર્યકારી સારાંશ

# કાર્યકારી સારાંશ

## પરિચય

વર્ષ 2024 સુધીમાં ભારતના દરેક ગ્રામીણ ઘરને પાઇપ દ્વારા પાણી પુરવઠો પૂરો પાડવા માટે 15 ઓગસ્ટ 2019 ના રોજ જલ જીવન મિશન (JJM) શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના 91.18 લાખ ગ્રામીણ પરિવારોનો સમાવેશ થાય છે. આ ખર્ચ ભારત સરકાર અને ગુજરાત સરકાર વચ્ચે 50:50 ના ગુણોત્તરમાં સમાન રીતે વહેંચવાનો હતો. JJM માર્ગદર્શિકા મુજબ, જો નળ જોડાણ પ્રતિ વ્યક્તિ દરરોજ ઓછામાં ઓછું 55 લિટર પાણી પૂરું પાડે છે, પાણી BIS:10500 ગુણવત્તા ધોરણોને પૂર્ણ કરે છે અને લાંબા ગાળે સતત પુરવઠો સુનિશ્ચિત કરે છે, તો તેને કાર્યરત ગણવામાં આવે છે. જલ જીવન મિશનની શરૂઆત 15 ઓગસ્ટ 2019 થઈ ત્યારે, ગુજરાતમાં 65.16 લાખ ગ્રામીણ પરિવારો, જે કુલ ગ્રામીણ પરિવારોના 71.46 ટકા જેટલા છે, તેઓ પાસે પહેલાથી જ કાર્યરત ઘરગથ્થુ નળ જોડાણ હતું.

ગુજરાતમાં જલ જીવન મિશન (JJM) ના કામગીરી ઓડિટમાં વર્ષ 2019-20 થી 2023-24 સુધીના સમયગાળાને આવરી લેવામાં આવ્યો હતો. આ ઓડિટ નીચેની બાબતોની ખાતરી કરવા માટે કરવામાં આવ્યું હતું કે:

- કાર્યક્રમના ઉદ્દેશ્યો (પરિણામો) સફળતાપૂર્વક સિદ્ધ કરવામાં આવ્યા હતા;
- યોજનાઓના આયોજન, અમલીકરણ અને કાર્યરત થયા પછીના વ્યવસ્થાપન માટે એક કાર્યક્ષમ સંસ્થાકીય માળખું અસ્તિત્વમાં હતું;
- નાણાકીય સંસાધનોનો ઉપયોગ કરકસરયુક્ત અને કાર્યક્ષમ રીતે કરવામાં આવ્યો હતો; અને
- કાર્યક્રમ દ્વારા નિર્મિત અસ્કયામતો આગામી બે થી ત્રણ દાયકા સુધી ટકી શકે તેવી હતી અને તેનાથી ભવિષ્યની પેઢીઓની જલ સુરક્ષા સાથે કોઈ બાંધછોડ કરવામાં આવી ન હતી.

### *સંસ્થાકીય માળખું અને આયોજન*

જલ જીવન મિશન (JJM) નો ઉદ્દેશ્ય દરેક ગ્રામીણ પરિવારને નળ દ્વારા પાણી પૂરું પાડવાનો હતો. 31 માર્ચ 2020ની સ્થિતિએ, રાજ્યના કુલ 18,191 ગામોમાંથી 17,899 ગામોમાં કોઈને કોઈ સ્વરૂપે પાઇપ દ્વારા પાણી પુરવઠો ઉપલબ્ધ હતો, જ્યારે 292 ગામોમાં નવી ગામની-આંતરીક પાણી પુરવઠા યોજનાઓની જરૂર હતી.

ભારત સરકારના જલ શક્તિ મંત્રાલયે (મે 2020) રાજ્ય સરકારને સલાહ આપી હતી કે જે 17,899 ગામોમાં (જ્યાં અગાઉથી કોઈને કોઈ સ્વરૂપે પાઇપ દ્વારા પાણી પુરવઠો ઉપલબ્ધ હતો) રેટ્રોફિટિંગ (સુધારણા) અને ઓગમેન્ટેશન (વૃદ્ધિ) ની વ્યૂહરચના અપનાવવામાં આવે, જેથી સપ્ટેમ્બર 2022 સુધીમાં 26 લાખ પરિવારોને 100 ટકા FHTCs (કાર્યાત્મક ઘરેલુ નળ જોડાણો) પૂરા પાડી શકાય. તદુપરાંત, બાકીના 292 ગામોના પરિવારોને પણ JJM હેઠળ નળ જોડાણો મળવાના હતા.

ઓડિટમાં જોવા મળ્યું હતું કે SWSM (રાજ્ય જળ અને સ્વચ્છતા મિશન) ની એપેક્સ કમિટી અને કાર્યકારી કમિટીની બેઠકો, જે JJM ના અમલીકરણ માટે નીતિગત માર્ગદર્શન, વ્યૂહાત્મક દિશા અને અસરકારક દેખરેખ માટે જવાબદાર હતી, તે વર્ષ 2020-24 દરમિયાન યોજાઈ ન હતી. સપ્ટેમ્બર

2019 થી માર્ચ 2024 દરમિયાન યોજાયેલી DWSCs ની બેઠકોની સંખ્યા રાજ્યમાં જરૂરી 55 બેઠકોની સામે 6 (પોરબંદર) થી 36 (અરવલ્લી) ની વચ્ચે રહી હતી.

ઓડિટમાં જોવા મળ્યું હતું કે નમૂના-તપાસ માટે પસંદ કરેલા જિલ્લાઓના 44.26 ટકા (3,181 માંથી 1,408) ગામોએ જ વિલેજ એક્શન પ્લાન તૈયાર કર્યા હતા. નમૂના-તપાસ માટે પસંદ કરાયેલા 6 જિલ્લાઓમાં બેઝલાઇન સર્વેના રેકોર્ડ્સ, જે વિલેજ એક્શન પ્લાનના પાયા સમાન હોય છે, તેની ચકાસણી કરી શકાઈ ન હતી. ઓડિટમાં FHTCsને લગતા રાજ્ય અને જિલ્લાના વાર્ષિક પ્લાનમાં નોંધાયેલી માહિતી વચ્ચે વિસંગતતાઓ પણ જોવા મળી હતી.

## જલ જીવન મિશનનું અમલીકરણ

ગુજરાત રાજ્યમાં JJM ના અમલીકરણમાં ત્રણ એજન્સીઓ સામેલ છે, જે આ મુજબ છે: ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (GWIL), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB), અને વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (WASMO).

GWIL દ્વારા હાથ ધરવામાં આવેલી કુલ 11 જુથ પાઇપલાઇન યોજનાઓમાંથી, પાંચ યોજનાઓ આઠથી 25 મહિનાના વિલંબ સાથે પૂર્ણ થઈ હતી; જ્યારે 6 પ્રગતિમાં હતી (તેમાંથી એક તેની નિર્ધારિત તારીખ સુધીમાં પૂર્ણ થઈ હતી અને પાંચ યોજનાઓ ત્રણથી 14 મહિના વિલંબથી ચાલી રહી હતી).

ડિસેમ્બર 2024 સુધીમાં, જલ જીવન મિશન (JJM) હેઠળ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) દ્વારા નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવેલા 111 કામોમાંથી 41 કામો (36.94 ટકા) પૂર્ણ થયા હતા. બાકીના 70 કામોમાંથી, 65 કામો પ્રગતિમાં હતા અને ત્રણ શરૂ કરવામાં આવ્યા ન હતા, જ્યારે બે કામો પડતા મૂકવામાં આવ્યા હતા. ઓડિટ દરમિયાન એવા કિસ્સાઓ જોવા મળ્યા હતા કે જ્યાં પૂર્ણ થયેલી ગ્રામીણ પાણી પુરવઠા યોજનાઓ (ઉમરેઠ, ભરૂચ અને પાટણ), સંપ થી ESR વચ્ચેના જોડાણોના અભાવને કારણે બિન-કાર્યરત રહી હતી. ડિસેમ્બર 2024 ની સ્થિતિએ, જલ જીવન મિશન (JJM) હેઠળ GWSSBના ગાંધીનગર પ્રભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા છ ઓગમેન્ટેશન કામોમાંથી, એક કામ (M-1 રીજનલ પાર્ટ-2) DPR તબક્કે હતું, બે કામો (G-1 પ્રાદેશિક અને પરા જોડાણ) પડતા મૂકવામાં આવ્યા હતા, અને ત્રણ કામો (G-2 રીજનલ પાર્ટ-2, લાભોર ગ્રુપ અને મોટા જાલુંદરા) પ્રગતિમાં હતા.

નમૂના-તપાસેલ જિલ્લાઓમાં, WASMO દ્વારા 1,434 ગામની-આંતરીક પાણી પુરવઠા યોજનાઓ હાથ ધરવામાં આવી હતી. આ પૈકી, 752 યોજનાઓ પૂર્ણ થઈ હતી જ્યારે 679 યોજનાઓ હજુ પણ પ્રગતિમાં છે. ત્રણ યોજનાઓ મંજૂર કરવામાં આવી હતી પરંતુ ડિસેમ્બર 2024 સુધીમાં તે શરૂ કરવામાં આવી ન હતી.

ઓડિટમાં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે GWIL અને GWSSB દ્વારા અયોગ્ય જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) અપનાવવાના પરિણામે કોન્ટ્રાક્ટરોને ₹54.32 કરોડની વધુ ચુકવણી કરવામાં આવી હતી. તેવી જ રીતે, GWIL અને GWSSB દ્વારા અયોગ્ય GST દર અપનાવવાને લીધે કોન્ટ્રાક્ટરોને ₹18.65 કરોડની વધુ ચુકવણી થઈ હતી.

ઓડિટમાં જોવા મળ્યું હતું કે નમૂના-તપાસ કરાયેલ 6 જિલ્લાઓમાંથી 4 જિલ્લાઓ, નવેમ્બર 2024 સુધીમાં 71,842 ઘરો (14.84 ટકા) FHTCs વગરના રહ્યા હતા.

18,024 ગામો પૈકી, 100 ટકા ગામોને હર ઘર જલ (HGJ) ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જોકે, ઓગસ્ટ 2025 સુધીમાં 16,920 ગામોએ જ (93.87 ટકા) આ 'પ્રમાણીકરણ' પ્રાપ્ત કર્યું છે.

અહેવાલના આ પ્રકરણમાં નીચે મુજબની ભલામણોનો સમાવેશ થાય છે.

*ભલામણ 1: રાજ્ય સરકારે એક મજબૂત પદ્ધતિ વિકસાવીને GWIL અને GWSSB યોજનાઓ સમયસર પૂર્ણ થાય તેની ખાતરી કરવી જોઈએ.*

*ભલામણ 2: રાજ્ય સરકારે જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) અને GST દરોના ઉપયોગને પ્રમાણિત કરવો જોઈએ.*

*ભલામણ 3: સરકાર નિયમિતપણે બધા ઘરોને ઓછામાં ઓછા 55 લિટર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસ (lpcd) સુરક્ષિત અને પીવાલાયક પાણીનો પુરવઠો મળી રહે તે સુનિશ્ચિત કરવું જોઈએ.*

## *પાણીની ગુણવત્તાનું નિરીક્ષણ*

રાજ્યના 249 તાલુકાઓ પૈકી, 46 તાલુકાઓમાં તાલુકા કક્ષાની પ્રયોગશાળાઓ (TLLs) અસ્તિત્વમાં હતી. રાજ્ય કક્ષાની પ્રયોગશાળા (SLL) નિર્ધારિત 30 માંથી 73 માપદંડોનું પરીક્ષણ કરવા માટે સક્ષમ છે. નમૂના-તપાસેલ જિલ્લા કક્ષાની પ્રયોગશાળાઓ (DLLs) માં, નિર્ધારિત 23 માપદંડોમાંથી, પરીક્ષણ કરાયેલા માપદંડોની સંખ્યા 13 થી 16 ની વચ્ચે હતી. "તેવી જ રીતે, ચકાસાયેલ તાલુકા કક્ષાની પ્રયોગશાળાઓ (TLLs) માં, નિર્ધારિત 16 માપદંડોમાંથી, પરીક્ષણ કરાયેલા માપદંડોની સંખ્યા 13 થી 14 ની વચ્ચે હતી.

નમૂના-તપાસાયેલી 15 લેબોરેટરીઓમાં સાધનોની ઉપલબ્ધતાના વિશ્લેષણ પરથી જાણવા મળ્યું છે કે, જાન્યુઆરી 2025 સુધીમાં જરૂરી સાધનોમાંથી 61.70 ટકા સાધનો હાલમાં ઉપલબ્ધ હતા.

ગાંધીનગર સ્થિત રાજ્ય સ્તરની લેબોરેટરી (SLL) માં, સપ્ટેમ્બર 2024 સુધીમાં ટેકનિકલ જગ્યાઓમાં 64.29 ટકા ખાલી જગ્યાઓ હતી. નમૂના-તપાસાયેલી લેબોરેટરીઓમાં પૂરતા પ્રમાણમાં તકનીકી માનવબળની અનુપલબ્ધતાને કારણે પાણીના નમૂનાઓનું પરીક્ષણ ઓછું થયું હતું.

મોટાભાગની નમૂના-તપાસાયેલી લેબોરેટરીઓમાં ચોમાસા પૂર્વે અને ચોમાસા બાદનું જરૂરી પરીક્ષણ નિયમિતપણે કરવામાં આવ્યું ન હતું. ચોમાસા પૂર્વેના પરીક્ષણોમાં, પાણીના 26 ટકા નમૂનાઓ અયોગ્ય માલૂમ પડ્યા હતા. ચોમાસા પછીના પરીક્ષણોમાં, 24 ટકા નમૂનાઓ અયોગ્ય માલૂમ પડ્યા હતા. ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું છે કે, નમૂના-તપાસાયેલી લેબોરેટરીઓએ વૈકલ્પિક સુરક્ષિત જળ સ્રોતોની ઉપલબ્ધતાનું મૂલ્યાંકન કર્યા વિના, માત્ર સ્વીકાર્ય મર્યાદાના આધારે જ પાણીના નમૂનાઓને યોગ્ય અથવા અયોગ્ય જાહેર કર્યા હતા.

અહેવાલના આ પ્રકરણમાં નીચે મુજબની ભલામણોનો સમાવેશ થાય છે.

***ભલામણ 4: રાજ્ય સરકાર દરેક તાલુકાઓમાં TLLs સ્થાપિત કરી શકે છે.***

***ભલામણ 5:. રાજ્ય સરકાર ખાતરી કરી શકે છે કે પાણીના નમૂનાઓ ફક્ત ત્યારે જ માન્ય મર્યાદાના સંદર્ભમાં યોગ્ય જાહેર કરવામાં આવે જ્યારે કોઈ વૈકલ્પિક સુરક્ષિત પાણીનો સ્રોત ઉપલબ્ધ ન હોય.***

## કાર્ય પૂર્ણ થયા પછીનું સંચાલન અને ટકાઉપણું

સંચાલન અને જાળવણી (O&M) પોલિસી ઓગસ્ટ 2023 માં મંજૂર કરવામાં આવી હતી. નમૂના-તપાસ કરાયેલ 48 ગામોમાં, JJM હેઠળ 27,973 ઘરોને FHTC પૂરા પાડવામાં આવ્યા હતા. જેમાંથી, 15,260 પરિવારોએ નિયમિતપણે વપરાશકર્તા શુલ્ક ચૂકવ્યો હતો, 7,936 પરિવારોએ અંશતઃ ચૂકવણી કરી હતી, જ્યારે 4,777 પરિવારોએ ક્યારેય વપરાશકર્તા શુલ્ક ચૂકવ્યો નથી.

વર્ષ 2021-22 માં, રાજ્યએ 77,185 સ્થાનીક ગ્રામીણ સ્તરે મિકેનિક્સના કૌશલ્ય વિકાસનું લક્ષ્ય રાખ્યું હતું. આમાંથી, 13,727 (17.79 ટકા) ને વર્ષ 2022-23 માં તાલીમ આપવામાં આવી હતી

વર્ષ 2019–20 ની શરૂઆતમાં, ગ્રામ પંચાયતોના બાકી પાણી વેરાની રકમ ₹139.11 કરોડ હતી. નબળી વસૂલાતને કારણે આ રકમમાં વાર્ષિક વધારો થયો, જે વર્ષ 2023–24 ના અંત સુધીમાં ₹236.55 કરોડ પર પહોંચી ગઈ, જે પાંચ વર્ષમાં ₹97.44 કરોડ (70.05 ટકા) નો વધારો દર્શાવે છે.

***ભલામણ 6: રાજ્ય સરકાર ગામની આંતરીક પાણી પુરવઠા યોજનાઓના સંચાલન પછીના વ્યવસ્થાપન માટે સ્થાનીક ગ્રામીણ સ્તરે મિકેનિક્સ માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવાના પ્રયાસો કરી શકે છે.***

## નાણાકીય વ્યવસ્થાપન અને દેખરેખ

કુલ ₹19,471.61 કરોડના ભંડોળ સામે, વર્ષ 2019-24 દરમિયાન ₹19,128.18 કરોડ (98.23 ટકા) નો ખર્ચ કરવામાં આવ્યો હતો.

ઓડિટમાં જોવા મળ્યું છે કે, રાજ્યનો ફાળો મુક્ત કરવામાં વિલંબ થવાને કારણે યોજના ₹3,179.31 કરોડથી વંચિત રહી હતી. વધુમાં, ₹3,306.22 કરોડ WASMO ને એડવાન્સ આપવામાં આવ્યા હતા, અને સ્ટાફ ક્વાર્ટર્સ તથા ઓફિસ બિલ્ડિંગ્સ પર ₹28.79 કરોડનો અસ્વીકાર્ય ખર્ચ કરવામાં આવ્યો હતો.

નમુંના-તપાસ કરેલા છ જિલ્લાઓમાં ગામની-આંતરીક પાણી પુરવઠાની કુલ 1,431 યોજનાઓ પૈકી, 31 માર્ચ 2023 પહેલાં પૂર્ણ થયેલી 514 ગામની-આંતરીક યોજનાઓમાં ₹157.77 કરોડનો મૂડી ખર્ચ થયો હતો, જેના કારણે સમુદાય/પાણી સમિતિને પ્રોત્સાહન તરીકે ₹15.78 કરોડની રકમ ચૂકવવાપાત્ર થાય છે. જોકે, નમૂના-તપાસેલ જિલ્લાઓમાં પાણી સમિતિઓને કોઈ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવ્યું ન હતું (જાન્યુઆરી 2025).

રાજ્યમાં ઉપલબ્ધ 39,468 જળ સ્ત્રોતોમાંથી 10,817 (27.40 ટકા) જળ સ્ત્રોતોનું જીઓ-ટેગિંગ કરવામાં આવ્યું છે (સપ્ટેમ્બર 2024)

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) દ્વારા વર્ષ 2020-2021 માટે પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાઓનું વોટર ઓડિટ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જાન્યુઆરી 2025 સુધીમાં GWSSB દ્વારા કોઈ વોટર ઓડિટ હાથ ધરવામાં આવ્યું નથી. નમૂના-તપાસ કરેલા જિલ્લાઓના વોટર ઓડિટ રિપોર્ટ્સમાં જાણવા મળ્યું છે કે, વર્ષ 2020-21 દરમિયાન છ જિલ્લાઓમાં 10,555.52 મિલિયન લિટર (10.47 ટકા) પાણીનું નુકસાન થયું હતું.

ફરિયાદ નિવારણ પ્રણાલીની સમીક્ષામાં જાણવા મળ્યું છે કે, વર્ષ 2019-24 દરમિયાન પાણી પુરવઠાના પ્રશ્નો (હેન્ડપંપ સિવાયના) અંગે મળેલી 17,184 ફરિયાદોમાંથી 10,606 (61.72 ટકા) ફરિયાદોનું સાત દિવસની સમયમર્યાદામાં નિરાકરણ કરવામાં આવ્યું હતું.

***ભલામણ 7: રાજ્ય સરકાર રાજ્યના તમામ પાણીના સ્ત્રોતોનું 100 ટકા જીઓ-ટેગિંગ શક્ય તેટલી વહેલી તકે સુનિશ્ચિત કરે.***

# પ્રકરણ-I

# પરિચય

## પ્રકરણ-I
## પરિચય

### 1.1 જલ જીવન મિશન - પરિચય

જલ જીવન મિશન (JJM) એ, 15 ઓગસ્ટ 2019 ના રોજ શરૂ કરાયેલ ભારત સરકાર (GoI) ના મુખ્ય કાર્યક્રમ, જેના અંતર્ગત 2024ના અંત સુધીમાં દેશના દરેક ગ્રામીણ ઘરોને પાઇપ દ્વારા પાણી પુરવઠો પૂરો પાડવાનો વિચાર છે. જેમાં ગુજરાતના 91.18 લાખ ગ્રામીણ પરિવારોનો સમાવેશ થતો હતો. આ ખર્ચ ભારત સરકાર અને ગુજરાત સરકાર વચ્ચે 50:50 ના ગુણોત્તરમાં વહેંચવાનો હતો.

આ યોજનાનો ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો હતો કે દરેક ગ્રામીણ ઘરમાં કાર્યરત એવું હર ઘર નળ જોડાણ (FHTC) હોય. JJMના અમલીકરણ માટેની કાર્યકારી માર્ગદર્શિકા (હવે પછી JJM માર્ગદર્શિકા તરીકે ઉલ્લેખ થશે) અનુસાર, જો નળ જોડાણ નીચેના માપદંડોને પૂર્ણ કરે તો તેને કાર્યરત ગણવામાં આવે છે: (i) તે ઓછામાં ઓછા દરરોજ પ્રતિ વ્યક્તિ 55 લિટર (lpcd)પાણી પૂરું પાડે છે, (ii) આ પાણી BIS:10500 ગુણવત્તા ધોરણોને પૂર્ણ કરે છે અને (iii) જે લાંબા ગાળા સુધી પાણીનો સતત પુરવઠો પૂરો પાડે છે.

આ યોજના હેઠળ, ગ્રામીણ સમુદાયો પાણી પુરવઠા માળખાગત સુવિધાઓ જાળવવા માટે જવાબદાર છે, અને મહિલાઓ અને નબળા વર્ગો પણ ફિલ્ડ ટેસ્ટ કીટ (FTK) નો ઉપયોગ કરીને વ્યવસ્થાપન અને પાણીની ગુણવત્તા દેખરેખ રાખે એ માટે સક્રિયપણે સામેલ છે. JJM ના ઘટકો **ચાર્ટ 1.1** માં દર્શાવેલ છે:

**ચાર્ટ 1.1: જલ જીવન મિશનના ઘટકો**




(સ્ત્રોત: JJM પુસ્તિકા)

## 1.2 ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમો અને તેમની સિદ્ધિઓની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

ભૂતકાળના ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમો અને તેમના અમલીકરણ અભિગમનો સારાંશ નીચેના **કોષ્ટક 1.1** માં જોઈ શકાય છે:

**કોષ્ટક 1.1: ગ્રામીણ પાણી પુરવઠા પૂર્વ યોજનાઓ અને તેમના અમલીકરણનો અભિગમ**

| કાર્યક્રમનું નામ | નાણાકીય ઢાંચો | શરૂઆતનું વર્ષ | અંતિમ વર્ષ | અમલીકરણ અભિગમ |
|---|---|---|---|---|
| ત્વરિત ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ (ARWSP) | ભારત સરકાર દ્વારા સો *ટકા* અનુદાન સહાય | 1972 | 2009 | દરેક ગ્રામીણ રહેઠાણોને આવરી લેવા ઓછામાં ઓછા 40 lpcd પીવાના પાણીને પૂરું પાડવા માટે, જેનો સ્રોત પર્વતીય વિસ્તારોમાં 100 મીટર અને મેદાની વિસ્તારોમાં 1.6 કિમીની અંદર સ્થિત હોય.; તેવા દર 250 વ્યક્તિઓ માટે એક હેન્ડપંપ અથવા સ્ટેન્ડ-પોસ્ટ પૂરો પાડવો.. |
| સ્વજલધારા | ભારત સરકાર દ્વારા નેવું *ટકા* અને સમુદાયના યોગદાન દ્વારા દસ *ટકા* | 2002 | 2008 | ગ્રામીણ ભારતમાં પીવાના પાણીમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાનો ઉદ્દેશ્ય. જનભાગીદારી દ્વારા પાણી પુરવઠા યોજનાઓનો માંગ આધારિત અમલીકરણ. |
| રાષ્ટ્રીય ગ્રામીણ પીવાના પાણીનો કાર્યક્રમ (NRDWP) | GoI અને રાજ્યો વચ્ચે પચાસ-પચાસ *ટકા* ભંડોળ. ટકાઉપણાં અને પાણીની ગુણવત્તાના ઘટકોમાં ભારત સરકાર દ્વારા સો *ટકા* ભંડોળ | 2009 | 2019 | ઓછામાં ઓછા 50 ટકા ગ્રામીણ ઘરોમાં પાઇપલાઇન દ્વારા પાણી પહોંચવું જોઈએ. તેમાંથી 35 ટકા પાસે ઘરેલુ જોડાણો હોવા જોઈએ 20 ટકાથી ઓછા લોકોએ જાહેર નળ પર આધાર રાખવો જોઈએ. 45 ટકાથી ઓછા લોકોએ હેન્ડપંપ અથવા અન્ય સુરક્ષિત ખાનગી પાણીના સ્રોતોનો ઉપયોગ કરવો જોઈએ. ગ્રામ પંચાયતો (GPs)/ગ્રામ્ય પાણી અને સ્વચ્છતા સમિતિઓ (VWSCs) ને ઓછામાં ઓછા 60 ટકા ગ્રામીણ પીવાના પાણીના સ્રોતો અને પ્રણાલીઓનું સંચાલન કરવા સક્ષમ બનાવવી. |

(સ્રોત: JJM માર્ગદર્શિકા અને અગાઉના ઓડિટ અહેવાલો)

ઉપરોક્ત ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમની કુલ સિદ્ધિઓમા એ હકીકતમાં જોઈ શકાય છે કે 15 ઓગસ્ટ 2019 ના રોજ JJM ની શરૂઆત સુધીમાં ગુજરાતમાં 65.16 લાખ (71.46 ટકા[1]) ગ્રામીણ પરિવારો પાસે ઘરેલુ નળ જોડાણો હતા.

[1] 65,16,258*100/91,18,449 (કુલ અંદાજિત ગ્રામીણ પરિવારો).

## 1.3 રાજયમાં JJMના અમલીકરણ માટેનું સંસ્થાકિય માળખું

સ્વજલધરા યોજના અંતર્ગત ડિસ્ટ્રિક્ટ વોટર અને સેનિટેશન મિશનો (DWSMs) તરીકે કાર્ય કરવા ગુજરાતમાં સ્ટેટ વોટર અને સેનિટેશન મિસન (SWSM) ની સ્થાપના વર્ષ 2003માં થઈ હતી, અને ડિસ્ટ્રિક્ટ વોટર અને સેનિટેશન કમિટીઓ (DWSCs)[2] ની રચના વર્ષ 2004 માં કરવામાં આવી હતી. આ સંસ્થાઓ JJM અંતર્ગત કાર્યરત રહેતી હતી. જિલ્લાઓમાં JJM ના અમલીકરણના નિરીક્ષણ અને નિર્ણયો લેવા માટે DWSCs જવાબદાર છે.

જુન 2020 માં માનનીય મુખ્યમંત્રીએ અપેક્ષ કમિટી[3] અને કાર્યકારી કમિટી[4] અને સાથે જ પ્રોજેકટ મંજુર કરવા માટેની સ્ટેટ લેવલની મંજૂરી કમિટી (SLSSC)[5] નું બંધારણ મંજૂર કર્યું હતું.

JJM ના અમલીકરણ માટે ગ્રામ્ય સ્તરે, વિલેજ વોટર એન્ડ સેનિટેશન કમિટીઓ (VWSCs) ની સ્થાપના કરવામાં આવી હતી કે જે પાણી સમિતિઓ તરીકે પણ ઓળખાય છે. જે ગ્રામ પંચાયતના સરપંચના વડપણ હેઠળ 10 થી 12 સભ્યો ધરાવતી હોય છે. VWSCs માં SC/ST સમુદાયની 50 ટકા મહિલાઓ, હેલ્થ વર્કર્સ, આશા વર્કર્સ, શિક્ષકો વિગેરે સમાવિષ્ટ હોય છે. ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટેશન યુનિટો કે જે વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ (WASMO) ની જિલ્લા સ્તરનું કાર્યાલય છે, તેમના ટેકનિકલ સપોર્ટ અને નિરીક્ષણ સાથે VWSCs દરેક ગામ માટે પાણી પુરવઠા યોજનાઓનું આયોજન, અમલીકરણ અને સંચાલન કરે છે. DWSUs ના વડા યુનિટ મેનેજરો હોય છે.

રાજયમાં JJM ના અમલીકરણ માટેનું સંસ્થાકિય માળખું નીચેના આલેખમાં દર્શાવેલ છે.

---

2 ડિસ્ટ્રિક્ટ વોટર અને સેનિટેશન કમિટી (DWSC) આઠ સભ્યો ધરાવે છે. જેમાં પ્રમુખ તરીકે જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા સ્તરના મહત્વના અધિકારીઓ સભ્યો તરીકે અને WASMO ના યુનિટ મેનેજર સભ્ય સચિવ તરીકે સમાવિષ્ટ હોય છે.

3 આ સમિતિમાં 12 સભ્યોનો સમાવેશ થાય છે, જેમાં રાજ્યના મુખ્ય સચિવ અધ્યક્ષ તરીકે, મુખ્ય વિભાગોના સચિવો (પંચાયતી રાજ, ગ્રામીણ વિકાસ, નાણાં, આરોગ્ય, આયોજન અને પ્રાથમિક શિક્ષણ વગેરે), ભારત સરકારના એક પ્રતિનિધિ, WASMO ના મુખ્ય કાર્યકારી અધિકારી અને ત્રણ વિષય નિષ્ણાતોનો સમાવેશ થાય છે. પાણી પુરવઠા વિભાગ, GoG ના સચિવ સભ્ય સચિવ તરીકે કાર્ય કરે છે.

4 કારોબારી સમિતિમાં પાંચ સભ્યોનો સમાવેશ થાય છે, જેમાં પાણી પુરવઠા વિભાગના સચિવ અધ્યક્ષ તરીકે, GWSSB ના અધિકારીઓ, WASMO દ્વારા નિયુક્ત બિન-સત્તાવાર, અને WASMO ના CEO કન્વીનર તરીકે સામેલ છે..

5 SLSSC માં 16 સભ્યો હોય છે, જેમાં રાજ્યના પાણી પુરવઠા વિભાગના સચિવ અધ્યક્ષ હોય છે.

**સ્ટેટ વોટર અને સેનિટેશન મિશન (SWSM)**

- મુખ્ય સચિવના નેતૃત્વ હેઠળની સર્વોચ્ચ સમિતિ (મુખ્ય સચિવ/સચિવ - પાણી પુરવઠા વિભાગ સભ્ય સચિવ છે): નીતિ માર્ગદર્શન, એકંદર આયોજન અને JJM ના અમલીકરણ માટે જવાબદાર.
- કારોબારી સમિતિ - મિશન ડિરેક્ટર-JJMના નેતૃત્વ હેઠળ: પાણી પુરવઠા યોજનાઓના ભૌતિક અને નાણાકીય કામગીરી અને સંચાલનનું નિરીક્ષણ કરવા માટે જવાબદાર.
- રાજ્ય સ્તરીય યોજના મંજૂરી સમિતિ (SLSSC): JJM હેઠળ હાથ ધરવામાં આવનાર પીવાના પાણીની યોજનાઓને મંજૂરી આપવા માટે જવાબદાર.

**ડિસ્ટ્રિક્ટ વોટર અને સેનિટેશન મિશન (DWSM)**

- DWSM- જિલ્લા કલેક્ટરના નેતૃત્વ હેઠળ: જિલ્લા સ્તરે JJM ના એકંદર અમલીકરણ માટે જવાબદાર.

**અમલીકરણ એજન્સીઓ**

- ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (GWIL): આંતર-જિલ્લા નર્મદા નહેરના પાણીના જથ્થાબંધ ટ્રાન્સમિશન માટે મુખ્ય પાઇપલાઇન (બલ્ક પાઇપલાઇન) નાખવા અને તેના O&M માટે જવાબદાર.
- ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ(GWSSB): ગામડાઓના ભૂગર્ભ સમ્પ સુધી પીવાલાયક પાણી પહોંચાડવા અને પાણીના નમૂનાઓનું પરીક્ષણ કરવા માટે વિતરણ જૂથ યોજનાઓના (RWSSs) કાર્યના અમલીકરણ માટે જવાબદાર.
- Water and Sanitation Management Organisation (WASMO): ભૂગર્ભ સમ્પ અથવા સ્થાનિક સ્રોતોમાંથી વિતરણ પાઇપલાઇન બિછાવીને સ્ટેન્ડ પોસ્ટ અને ઘરના જોડાણો પર પાણી પુરવઠા સુવિધાઓ પૂરી પાડવા અને તકનીકી અને નાણાકીય સહાય પૂરી પાડવા માટે જવાબદાર. WASMO ની જિલ્લા સ્તરની કચેરીઓ ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટસન યુનિટ (DWSU) તરીકે ઓળખાય છે જેનું નેતૃત્વ યુનિટ મેનેજર કરે છે..

**ગ્રામ સમુદાય (VWSC)**

- વિલેજ વોટર એન્ડ સેનિટસન કમિટી (VWSC): WASMO ના ટેકનિકલ અને નાણાકીય સહાય હેઠળ ગામમાં પાણી પુરવઠા યોજનાઓ તૈયાર કરવા, આયોજન, ડિઝાઇન, અમલીકરણ, દેખરેખ, સંચાલન અને જાળવણી માટે જવાબદાર.

રાજ્યમાં જલ જીવન મિશનના અમલીકરણ માટે પાણી પુરવઠા વિભાગ (WSD), GoG જવાબદાર છે. WSD અંતર્ગત કાર્યરત ત્રણ એજન્સીઓ JJM ના વિવિધ પાસાઓનું સંચાલન કરે છે:

(i) **ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (GWIL)** એ રાજ્યની PSU છે, કે જે આંતર-જિલ્લા નર્મદા નહેરના પાણીના પરિવહન અને તેના સંચાલન અને જાળવણી માટે બલ્ક પાઇપલાઇન બિછાવે છે અને તેનું સંચાલન કરે છે.

(ii) **ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB)** બલ્ક પાઇપલાઇનમાંથી રો-વોટર મેળવીને અને ગામડાઓના ભૂગર્ભ સમ્પ સુધી પીવાના પાણીને પહોંચાડીને જૂથ વિતરણ યોજનાઓનું કાર્ય હાથ ધરે છે. રાજ્યની બધી જ જલ પરીક્ષણ લબોરેટરીઓ જલસેવા ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટ (GJTI) અંતર્ગત કાર્ય કરે છે, જેનું GWSSB દ્વારા નિયમન થાય છે.

(iii) **વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન (WASMO):** તે 'ગામડામાં પાણી પુરવઠા યોજના' હેઠળ વિતરણ પાઈપલાઈન નાખીને સ્ટેન્ડપોસ્ટ અને ઘરેલું જોડાણો દ્વારા પાણી પુરવઠો પૂરો પાડે છે. WASMO લોકોની ભાગીદારી દ્વારા પાણી સમિતિઓની રચના કરીને આ પ્રવૃત્તિના અમલીકરણનું આયોજન અને દેખરેખ રાખે છે.

## 1.4 ઓડિટના હેતુઓ

ઓડિટ એ નક્કી કરવા માટે હાથ ધરવામાં આવ્યું હતું કે શું:

- કાર્યક્રમના ઉદ્દેશ્યો (આઉટપુટ) સફળતાપૂર્વક પ્રાપ્ત થયા છે.;
- યોજનાઓના આયોજન, અમલીકરણ અને કામગીરી પછીની વ્યવસ્થા માટે એક કાર્યક્ષમ સંસ્થાકીય માળખું અસ્તિત્વમાં છે;
- નાણાકીય સંસાધનોનો ઉપયોગ આર્થિક અને કાર્યક્ષમ રીતે કરવામાં આવ્યો છે; અને
- આ કાર્યક્રમ દ્વારા બનાવવામાં આવેલી સંપત્તિ આગામી બે થી ત્રણ દાયકા સુધી ટકાઉ રહેશે અને ભવિષ્યની પેઢીઓ માટે પાણીની સુરક્ષા સાથે સમાધાન કરતી નથી..

## 1.5 ઓડિટના માપદંડ

ઓડિટ માપદંડોના મુખ્ય સ્રોત નીચે મુજબ હતા:

- ડિસેમ્બર 2019 માં ભારત સરકાર દ્વારા જારી કરાયેલ JJM ના અમલીકરણ માટેની કાર્યકારી માર્ગદર્શિકા;
- JJM હેઠળ ઓક્ટોબર 2021 માં ભારત સરકાર દ્વારા જારી કરાયેલ પીવાના પાણીની ગુણવત્તા દેખરેખ અને દેખરેખ માળખું;
- વર્ષ 2020 માં JJM હેઠળ ભારત સરકાર દ્વારા જારી કરાયેલ, ગ્રામીણ પરિવારોમાં ચોખ્ખું પીવાનું પાણી પૂરું પાડવા માટે ગ્રામ પંચાયત અને VWSC માટેની માર્ગદર્શિકા;
- જનરલ ફાઇનાન્સિયલ રૂલ્સ 2017;
- રાજ્ય સરકાર દ્વારા JJM ના અમલીકરણ માટે જારી કરાયેલા આદેશો;
- કાર્યોના અમલીકરણ માટે GPWD મેન્યુઅલ;
- ભારતના બંધારણના 73મા સુધારા અધિનિયમમાં દર્શાવેલ પંચાયતી રાજ સંસ્થાઓને સત્તાઓના વિનિમય અંગે રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા આદેશો.

## 1.6 ઓડિટનો વ્યાપ અને કાર્યપધ્ધતિ

ગુજરાત રાજ્યમાં વર્ષ 2019-20 થી વર્ષ 2023-24 ના સમયગાળા માટે જલ જીવન મિશન (JJM) પર કામગીરી ઓડિટ હાથ ધરવામાં આવ્યું હતું.

ઓડિટમાં રેકોર્ડની તપાસ કરવામાં આવી, ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું, લાભાર્થી સર્વેક્ષણ કરવામાં આવ્યું અને વિભાગના અધિકારીઓ સાથે સંયુક્ત નિરીક્ષણ કરવામાં આવ્યું. ઓડિટ માપદંડોના આધારે કાર્યક્રમનું મૂલ્યાંકન કરવા માટે અધિકારીઓ સાથે ચર્ચા પણ કરવામાં આવી હતી.

ઓડિટ એકમોની પસંદગી માટે સ્ટ્રેટીફાઇડ રેન્ડમ સેમ્પલિંગ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઓડિટમાં નમૂના-તપાસ માટે કુલ છ જિલ્લાઓ, 12 બ્લોક/તાલુકા અને 48 ગામોની પસંદગી કરવામાં આવી હતી. GWSSB ના સભ્ય સચિવ કાર્યાલય, WASMO ના CEO કાર્યાલય, GJTI ના નિયામક કાર્યાલય અને GWIL ના મેનેજિંગ ડિરેક્ટર કાર્યાલય સહિતની કચેરીઓમાં રેકોર્ડ તપાસવામાં આવ્યા હતા. ઓડિટ દ્વારા તેમની ગૌણ કચેરીઓ અને એકમોના દસ્તાવેજોની ચકાસણી પણ કરવામાં આવી હતી અને ગ્રામ પંચાયતો/VWSCs ની પણ ચકાસણી કરવામાં આવી હતી. વિગતો **પરિશિષ્ટ** 1.1 માં આપવામાં આવી છે..

ઓડિટ દ્વારા 48 ગામોમાં 960 લાભાર્થીઓ (ગામ દીઠ 20) ને આવરી લેતા લાભાર્થી સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. દરેક ગામમાં, જ્યાં પણ ઉપલબ્ધ હોય ત્યાં ઓછામાં ઓછા પાંચ SC/ST લાભાર્થીઓનો સર્વેક્ષણમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આનાથી વિવિધ સમુદાયો પર કાર્યક્રમની અસરનું મૂલ્યાંકન કરવામાં મદદ મળી હતી.

WSD ના મુખ્ય સચિવ સાથે ઓક્ટોબર 2024 માં એક પ્રવેશ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન ઓડિટના ઉદ્દેશ્યો, માપદંડો, કાર્યક્ષેત્ર અને પદ્ધતિની ચર્ચા કરવામાં આવી હતી.

GWIL, GWSSB અને WASMO ના અધિકારીઓની હાજરીમાં પાણી પુરવઠા વિભાગના મુખ્ય સચિવ સાથે 29 જુલાઈ 2025 ના રોજ યોજાયેલી સમાપન બેઠકમાં ઓડિટના તારણોની ચર્ચા કરવામાં આવી હતી.. સમાપન બેઠકમાં વ્યક્ત કરાયેલા રાજ્ય સરકારના મંતવ્યો અહેવાલમાં યોગ્ય રીતે સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

ઓડિટના તારણો, સમીક્ષા કરાયેલા એકમોમાંથી એકત્રિત કરવામાં આવેલા ડેટા અને પુરાવા પર આધારિત છે. રાજ્ય સરકાર અને પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ, જલ શક્તિ મંત્રાલય, ભારત સરકાર (e-જલશક્તિ પોર્ટલ) ના સંકલિત વ્યવસ્થાપન માહિતી પ્રણાલી (IMIS) માંથી પણ માહિતી એકત્રિત કરવામાં આવી હતી. વધુમાં, ઓડિટ અવલોકનો બનાવતા સમયે ગામડાઓમાં ભૌતિક ચકાસણીના ફોટોગ્રાફ્સ અને લાભાર્થી સર્વેક્ષણના પરિણામો ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.

## 1.7 સ્વીકૃતિ

ઓડિટ ગુજરાત સરકારના મુખ્ય સચિવ, WSD; GJTI, GWSSB, WASMO જિલ્લા કક્ષાના કાર્યાલયો અને ગામડાઓ/ગ્રામ પંચાયતોના દ્વારા સમયાંતરે રેકોર્ડ, માહિતી, જવાબો અને સ્પષ્ટતાઓ પૂરી પાડવા બદલ ઓડિટ આભારી છે.

# પ્રકરણ-II

# સંસ્થાકિય માળખું અને આયોજન

## પ્રકરણ-II
## સંસ્થાકિય માળખું અને આયોજન

## 2.1 JJM હેઠળ ગ્રામીણ વિસ્તારમાં પાણી માટેના સાર્વત્રિક નળ જોડાણો પ્રાપ્ત કરવા માટેનો નક્શો

રાજ્યના 18,191 ગામોમાંથી, 31 માર્ચ 2020 સુધીમાં, 17,899 ગામોમાં કોઈને કોઈ રીતે પાઇપ દ્વારા પાણી પુરવઠો ઉપલબ્ધ હતો, જ્યારે 292 ગામોને ગામની પાણી પુરવઠા નવી યોજનાઓની જરૂર હતી.

JJM (2020-21) ની પ્રથમ વાર્ષિક કાર્ય યોજનામાં, ભારત સરકારના જલ શક્તિ મંત્રાલયે (મે 2020) રાજ્ય સરકારને સપ્ટેમ્બર 2022 સુધીમાં 17,899 ગામડાઓ (જેમાં પાઇપ દ્વારા પાણી પુરવઠાનો કોઈ પ્રકારે ઉપયોગ થતો હતો) માં 26 લાખ ઘરોને 100 ટકા FHTC પૂરા પાડવા માટે પુનઃસંયોજન અને વૃદ્ધિની વ્યૂહરચના અપનાવવાની સલાહ આપી હતી. વધુમાં, બાકીના 292 ગામોમાં, 82,277 ઘરોને JJM હેઠળ નળ જોડાણો મળવાના હતા. રાજ્યએ નીચેના ક્ષેત્રોને પ્રાથમિકતા આપવાની યોજના બનાવી છે: (i) મોટી પશુ વસ્તી, (ii) ઓછી વસ્તી ગીચતાવાળા ડુંગરાળ પ્રદેશો, (iii) ઉચ્ચ ખારાશવાળા દરિયાકાંઠાના પ્રદેશો, (iv) દુર્લભ સ્થાનિક પાણીના સ્ત્રોતો ધરાવતા વિસ્તારો, અને (v) બારમાસી મોટા પાણીના સ્ત્રોતો ધરાવતા પ્રદેશો.

કાર્યાત્મક ઘરેલું નળ જોડાણો (FHTCs)માં 100 ટકા લક્ષ્ય મેળવવા માટે, રાજ્ય સરકારે વિસ્તારોને ત્રણ જૂથોમાં વર્ગીકૃત કર્યા: (i) ગ્રામીણ પાણી પુરવઠા યોજનાઓ ધરાવતા પ્રદેશો (RWSSs) પ્રતિ વ્યક્તિ દરરોજ 55 લિટર (lpcd) સુધી પુરવઠો વધારવાની જરૂર છે, (ii) પુનઃસંયોજનની જરૂર હોય તેવા ટેકનિકલ સમસ્યાઓનો સામનો કરી રહેલા વિસ્તારો, અને (iii) પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાઓ (RWSSs) વગરના ગામડાઓ જ્યાં નવી યોજનાઓની જરૂર છે.

SLSSC દ્વારા ડિસેમ્બર 2019 અને જુલાઈ 2022 વચ્ચે ₹24,570.80 કરોડના 601 પ્રોજેક્ટ્સ મંજુર કરવામાં આવ્યા હતા, જેમાં નવી યોજનાઓ શરૂ કરવા , RWSSમાં વૃદ્ધિ કરવા અને બલ્ક વોટર ટ્રાન્સફરની કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેમાં પાઇપ લાઇન બિછાવવા, નળ જોડાણો આપવા, અને હયાત માળખાને સુધારવા જેવી બાબતોનો સમાવેશ થાય છે. અસરકારક અમલીકરણને સરળ બનાવવા માટે, વિવિધ સ્તરે સંસ્થાકીય પ્રણાલીઓ સ્થાપિત કરવામાં આવી હતી, જે જાગૃતિ અભિયાનો દ્વારા પૂરક હતી.

## 2.2 સંસ્થાકિય માળખું

રાજ્યમાં JJM માટે ત્રિ-સ્તરીય સંસ્થાકિય પ્રણાલી સ્થાપિત કરવાની હતી. JJM માર્ગદર્શિકામાં રાજ્ય સ્તરે સ્ટેટ વોટર એન્ડ સેનિટેશન મિશન (SWSM), જિલ્લા સ્તરે ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટેશન મિશન (DWSM) અને ગ્રામ્ય સ્તરે વિલેજ વોટર એન્ડ સેનિટેશન કમિટીઓ (VWSCs)/પાણી સમિતિઓ ગઠિત કરવાની જોગવાઈ છે.

રાજ્યમાં ઓડિટે સંસ્થાકીય માળખાના ગઠન અને તેની કામગીરીની સમિક્ષા કરી હતી અને તેના અવલોકનો નીચે મુજબ છે.

### *2.2.1 સ્ટેટ વોટર એન્ડ સેનિટેશન મિશન*

JJM માર્ગદર્શિકા અનુસાર, રાજ્યમાં JJM ના અમલીકરણ માટે સ્ટેટ વોટર એન્ડ સેનિટેશન મિશન (SWSM) જવાબદાર સંસ્થા હતી. જેની કામગીરી બે કમિટીઓ દ્વારા થવી જરૂરી હતી. રાજ્યમાં

JJM ના નીતિ માર્ગદર્શન અને એકંદર આયોજન, વ્યૂહરચના અને અમલીકરણ માટે **સર્વોચ્ચ સમિતિ** જવાબદાર હતી. તે રાજ્યના વિવિધ વિભાગો સાથે ચર્ચા કર્યા પછી રાજ્ય કાર્ય યોજના (SAP) ના મૂલ્યાંકન, આખરીકરણ અને સૈદ્ધાંતિક મંજૂરી માટે પણ જવાબદાર હતી. રાજ્યમાં JJM અભિયાનના અમલીકરણ માટે **કારોબારી સમિતિ** જવાબદાર હતી, ઉપરાંત પાણી પુરવઠા યોજનાઓના ભૌતિક અને નાણાકીય કામગીરી અને સંચાલનનું નિરીક્ષણ પણ કરતી હતી. વધુમાં, **રાજ્ય સ્તરીય યોજના મંજૂરી સમિતિ (SLSSC)** એક ટેકનિકલ સંસ્થા તરીકે કાર્ય કરવાની હતી.

સ્વજલધરા યોજનાના અમલીકરણ માટે સ્ટેટ વોટર એન્ડ સેનિટેશન મિશન (SWSM) સપ્ટેમ્બર 2003માં ગઠિત કરી ને જાહેર કરવામાં આવ્યું હતું, જે JJM માટે પણ ચાલુ રહ્યું હતું. JJM ના એકંદર આયોજન, વ્યુહરચના, અને અમલીકરણ માટે SWSM જવાબદાર છે. SWSM નાણાકીય આયોજન સાથોસાથ ભંડોળની સમયસર ઉપયોગિતા, એકીકરણ માટે વિવિધ વિભાગો અને અન્ય એજન્સીઓ સાથે સંકલન કરવા વિગેરે માટે પણ જવાબદાર છે. ઓડિટમાં જણાયું હતું કે SWSM નું કાર્ય GWSSB દ્વારા રાજ્યના પાણી પુરવઠા વિભાગ (WSD) દ્વારા કરવામાં આવતું હતું. એપેક્ષ કમિટી, કાર્યકારી કમિટી અને SLSSC નું પુનર્ગઠન જૂન 2020 માં મંજૂર કરવામાં આવ્યું હતું.

જો કે ઓડિટ ચકાસણીમાં એવું ઉજાગર થયું હતું કે વર્ષ 2020-24 દરમિયાન અપેક્ષ કમિટી કે કાર્યકારી કમિટીની કોઈ જ બેઠક યોજવામાં આવી ન હતી.

SLSSC નું પુનર્ગઠન જુન 2020 માં કરવામાં આવ્યું હતું અને ડિસેમ્બર 2019 અને જુલાઈ 2022 વચ્ચે 10 બેઠકો યોજવામાં આવી હતી. આ 10 બેઠકો માંથી શરૂઆતની બે બેઠકો[6] હયાત SLSSC દ્વારા યોજવામાં આવી હતી. આ બેઠકો દરમિયાન SLSSC એ નવા પાણી પુરવઠા યોજનાઓ, હયાત RWSS માં વૃધ્ધિ અને બલ્ક વોટર સપ્લાય ને લગતા 601 પ્રોજેક્ટ્સ મંજૂર કર્યા હતા.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે તેમના બંધારણ અંગે અલગ સૂચનાઓ જારી કરવામાં આવી ન હતી, પરંતુ આ ફક્ત એક પ્રક્રિયાગત ખામી હતી અને તેનાથી સંસ્થાકીય સેટઅપની કાર્યક્ષમતા પર કોઈ અસર પડી ન હતી. સરકારે એમ પણ જણાવ્યું હતું કે JJM માર્ગદર્શિકા હેઠળ નિર્ધારિત કારોબારી સમિતિની ભૂમિકા WASMO દ્વારા અસરકારક રીતે પૂર્ણ કરવામાં આવી છે, જે કાર્યક્રમના અમલીકરણ સાથે સીધો સંપર્ક જાળવી રાખે છે. સરકારે એવી પણ દલીલ કરી હતી કે WASMO પાસે એક સશક્ત ગવર્નિંગ બોડી છે, જે નિયમિતપણે મળે છે અને નીતિ, વ્યૂહરચના અને અમલીકરણના મુદ્દાઓ પર સતત ચર્ચા કરે છે.

આ જવાબ ખાતરીબધ્ધ નથી કારણ કે JJM હેઠળ રચવામાં આવનારી સર્વોચ્ચ સમિતિની અધ્યક્ષતા મુખ્ય સચિવ દ્વારા કરવામાં આવનાર હતી જે વિવિધ વિભાગો વચ્ચે નીતિ માર્ગદર્શન અને સંકલન પૂરું પાડવાની હતી. વાસ્મોનું સંચાલક મંડળ આ કાર્યોને બદલી શકતું નથી, કારણ કે તે આંતર-વિભાગીય સમન્વય અને સંકલનનું સંચાલન કરતું નથી.

### *2.2.2 ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટેશન મિશન*

JJM માર્ગદર્શિકા અનુસાર, જિલ્લા જલ અને સ્વચ્છતા મિશન (DWSMs) જિલ્લા સ્તરે મિશનના અમલીકરણ માટે જવાબદાર હતા. ગુજરાતમાં, સપ્ટેમ્બર 2003 માં સ્વજલધારા યોજના માટે શરૂઆતમાં રચાયેલી જિલ્લા પાણી અને સ્વચ્છતા સમિતિઓ (DWSCs) એ JJM હેઠળ DWSM ની ભૂમિકા નિભાવવાનું ચાલુ રાખ્યું. આ સમિતિઓનું નેતૃત્વ જિલ્લા કલેક્ટરો દ્વારા કરવામાં આવતું

[6] 30.12.2019 અને 04.03.2020.

હતું અને તેમાં જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારીઓ અને જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સીઓના ડિરેક્ટરોનો સમાવેશ થતો હતો.

DWSC ના કાર્યોમાં દરેક ગામ માટે VAPs ની તૈયારી સુનિશ્ચિત કરવી, દરેક ગ્રામીણ પરીવારને FHTC પૂરું પાડવા માટે જિલ્લા કાર્ય યોજનાને અંતિમ સ્વરૂપ આપવું, ગામમાં પાણી પુરવઠા યોજનાઓની વહીવટી મંજૂરી આપવી, ગામોમાં સ્રોત ટકાઉપણા માટેના કાર્યો અને ગ્રેવોટરના વ્યવસ્થાપન માટે ભંડોળની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી, ગ્રામીણ કાર્ય યોજનાને મંજૂરી આપવી, ગ્રામ પંચાયત દ્વારા અહેવાલોના આધારે IMIS પર FHTC ડેટા અપલોડ કરવો વગેરેનો સમાવેશ થાય છે.

ઓડિટમાં જોવા મળ્યું કે દરેક જિલ્લામાં DWSC ની 55 બેઠકો (સપ્ટેમ્બર 2019 થી માર્ચ 2024) યોજવાની જરૂરિયાત સામે, રાજ્યમાં યોજાયેલી બેઠકોની વાસ્તવિક સંખ્યા છ (પોરબંદર) અને 36 (અરવલ્લી) ની વચ્ચે હતી. વધુમાં, છ નમૂના-તપાસેલ જિલ્લાઓમાં, DWSC બેઠકોની સંખ્યા સાત થી 14 હતી, જેમ નીચે **કોષ્ટક 2.1** માં દર્શાવવામાં આવ્યું છે:

**કોષ્ટક 2.1: વર્ષ 2019-24 દરમિયાન નમૂના-તપાસેલ જિલ્લાઓમાં યોજાયેલી DWSC ની બેઠકોની સંખ્યા**

| જિલ્લાનું નામ | યોજવામાં આવેલ બેઠકોની સંખ્યા | યોજવી જરૂરી 55 બેઠકોની સામે યોજવામાં આવેલ બેઠકોની ટકાવારી |
|---|---|---|
| અમરેલી | 07 | 12.73 |
| આણંદ | 09 | 16.36 |
| ભરુચ | 13 | 23.64 |
| દાહોદ | 11 | 20.00 |
| ગાંધીનગર | 09 | 16.36 |
| પાટણ | 14 | 25.45 |

(સ્રોત: DWSC મીટિંગ્સની મિનિટ્સ)

ઓડિટમાં આ બેઠકોની મિનિટ્સની ચકાસણીમાં જાણવા મળ્યું કે DWSC એ ગામડાની યોજનાઓને મંજૂરી આપી, હિસાબોનું ઓડિટ કર્યું અને 'હર ઘર જલ' ની પ્રગતિની સમીક્ષા કરી. જોકે, આ બેઠકોની મિનિટ્સમાં ગ્રામ્ય કાર્ય યોજનાઓ (VAPs) ની મંજૂરી, જિલ્લા કાર્ય યોજનાઓ (DAPs) ને અંતિમ સ્વરૂપ આપવા અને ગામ અને રાજ્ય સ્તરો વચ્ચે સંકલન જેવા કાર્યો સંબંધિત ચર્ચાઓ રેકોર્ડ પર ઉપલબ્ધ નહોતી.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે તેણે માળખાગત બેઠકોની જરૂરિયાતને ધ્યાનમાં લીધી છે અને (જૂન 2025) તમામ જિલ્લાઓને નિયમિત અંતરાલે DWSM બેઠકો યોજવા સૂચનાઓ જારી કરી છે. સરકારે વધુમાં જણાવ્યું હતું કે બેઠકો ખરેખર બોલાવવામાં આવી હતી, જોકે નિર્ધારિત આવર્તન પર નહીં.

### *2.2.3 વિલેજ વોટર એન્ડ સેનિટેશન કમિટીઓ/પાણી સમિતિઓ*

JJM માર્ગદર્શિકામાં જણાવાયું છે કે ગ્રામ સભાઓ ગ્રામ પંચાયત દ્વારા અથવા VWSC દ્વારા ગામડાઓમાં મિશનનો અમલ કરવાનું પસંદ કરી શકે છે. VWSC ની રચના પણ JJM માર્ગદર્શિકામાં દર્શાવવામાં આવી છે. ગુજરાતમાં, VWSC (સામાન્ય રીતે પાણી સમિતિઓ તરીકે ઓળખાય છે) ની રચના દરેક ગામમાં ગ્રામ પંચાયતની પેટા સમિતિઓ તરીકે કરવામાં આવે છે.

પાણી સમિતિઓને તેમની પાણી પુરવઠા યોજનાઓનું આયોજન, મંજૂરી, અમલ, સંચાલન અને જાળવણી, જલ સંસાધનોનું સંચાલન અને સમગ્ર વર્ષ દરમિયાન સલામત અને વિશ્વસનીય પાણી પુરવઠો સુનિશ્ચિત કરવાની સત્તા આપવામાં આવી છે.

WASMO એક સુવિધા આપનાર તરીકે કામ કરે છે અને પાણી-સમિતિઓને ટેકનિકલ અને નાણાકીય સહાય પૂરી પાડે છે. પાણી સમિતિઓની રચનાને JJM (ઓક્ટોબર 2002) [7] પહેલાં સૂચિત કરવામાં આવી હતી અને સમુદાયની આગેવાની હેઠળ અને પાણી પુરવઠા યોજનાઓના વિકેન્દ્રિત અમલીકરણને સક્ષમ કરવાના ઉદ્દેશ્ય સાથે એપ્રિલ 2016માં તેમાં સુધારો[8] કરવામાં આવ્યો હતો. ઓડિટમાં જણાયું હતું કે નમૂના તપાસ કરાયેલ દરેક 48 ગામોમાં પાણી સમિતિઓની રચના થઈ હતી. જેની રચના ગ્રામ સભાને બદલે ગ્રામ પંચાયતોની સામાન્ય સભામાં કરવામાં આવી હતી. અત્રે એ ઉલ્લેખ કરવા યોગ્ય છે કે ગ્રામ સભાના દરેક સભ્યોને બદલે ગ્રામ પંચાયતોની સામાન્ય સંભામાં ગ્રામ પંચાયતોના ચૂંટાયેલા સભ્યોજ હાજર રહે છે.

JJM માર્ગદર્શિકામાં એ પણ સૂચવવામાં આવ્યું છે કે દરેક VWSC/પાણી સમિતિઓમા ઓછામાં ઓછી છ મહિલા સભ્યોનો સમાવેશ કરવો અને કુલ સભ્યપદના ઓછામાં ઓછા 50 ટકા જેટલું તેમનું પ્રતિનિધિત્વ જાળવી રાખીને મહિલાઓની પૂરતી ભાગીદારી સુનિશ્ચિત કરવી જોઈએ. વધુમાં, SC/ST સમુદાયના સભ્યો કુલ સભ્યપદના ઓછામાં ઓછા 25 ટકા સભ્યો (લગભગ ત્રણ સભ્યો) હોવા જોઈએ. ઓડિટમાં જણાયું હતું કે નવ પાણી સમિતિઓમાં[9] મહિલા સભ્યોનું પ્રતિનિધિત્વ નિયત કરેલ સભ્યો કરતાં 50 ટકાથી પણ ઓછું હતું. જેમાંથી પાંચ પાણી સમિતિઓમાં એક પણ મહિલા સભ્યનું પ્રતિનિધિત્વ ન હતું. તેવીજ રીતે 12 પાણી સમિતિઓમાં[10] SC/ST સભ્યોનું પ્રતિનિંધિત્વ નિર્ધારિત 25 ટકા રાખવાનુ સુનિશ્ચિત કરવામાં આવ્યું ન હતું, જેમાંથી સાત પાણી સમિતિઓમાં SC/ST સભ્યોનું પ્રતિનિધિત્વ હતું જ નહીં.

## 2.3 JJM આયોજનનું માળખું ગ્રામ્ય સ્તરથી વિભાગ સ્તરનો અભિગમ

જલ જીવન મિશન (JJM)ની પ્રવૃતિઓ માટે વસ્તીગણત્રી દ્વારા નિર્ધારિત મહેસૂલ ગામ[11] એ મૂળભૂત એકમ છે. જલ જીવન મિશન (JJM) પ્રવૃત્તિઓના આયોજન માટે વસ્તી ગણતરી-કોડેડ મહેસૂલી ગામ મૂળભૂત એકમ છે. જિલ્લા અને રાજ્ય, આયોજનના બીજા અને ત્રીજા સ્તર તરીકે સેવા આપે છે. JJM આયોજન માટે ગ્રામ્ય સ્તરથી વિભાગ સ્તરનો અભિગમ અપનાવે છે. વિગતો નીચે **ચાર્ટ** 2.1 માં આપેલ છે.:

---

[7] GR માં ગામડાઓમાં પાણી સમિતિની રચના કરવાની જોગવાઈ છે, ખાસ કરીને જ્યાં સ્વજલધારા યોજના હેઠળ ગામમાં પાણી પુરવઠા યોજના અમલમાં મૂકવાની હતી.

[8] મહિલા સભ્યોની સંખ્યા 1/3 થી સુધારીને 50 ટકા કરવામાં આવી.

[9] i અગીચના, ii. અમદાદા, iii. ઝાંગર, iv. ઝાનોર, v.. પીપલપાણી, vi.. શિલાના, vii. સુડાવડ, viii. વટેડા અને ix. ઝમદી.

[10] i. અહિમા, ii. અંબાવા, iii. બાલાપુર, iv. બાવડી, v.. બુધેજ, vi. એકલેરા, vii. ઝાંગર, viii. ઝાનોર, ix. સુરકા, x.. ઉટવાડા, xi. વિશાલ વાસણા અને xii. ઝમદી

[11] ભારતીય વસ્તી ગણતરી મુજબ, મહેસૂલી ગામ એ ગ્રામીણ વિસ્તારમાં એક મૂળભૂત વહીવટી એકમ છે, જેને મહેસૂલ સંગ્રહ અને વહીવટ માટે સૌથી નીચેના સ્તર તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. તેને એક અનન્ય વસ્તી ગણતરી કોડ સોંપવામાં આવ્યો છે, જે ભારતમાં 6-અંકનો સતત કોડ છે. આ કોડ ગામને લગતા વિવિધ વસ્તી વિષયક અને વહીવટી ડેટાને ઓળખવા અને ટ્રેક કરવા માટે મહત્વપૂર્ણ છે.

**ચાર્ટ 2.1: યોજનાઓની તૈયારીનો ફ્લો ચાર્ટ**




*(સ્રોત: JJM ની કાર્યકારી માર્ગદર્શિકા)*

ઉપરના ચાર્ટમાં દેખાય છે તેમ, ગ્રામ્ય સ્તરે, પાણી સમિતિઓ (VWSCs) ગ્રામ્ય કાર્ય યોજનાઓ (VAPs) તૈયાર કરે છે. ત્યારબાદ ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટેસન મિશન (DWSMs) આ યોજનાઓની સમીક્ષા કરે છે, મંજૂરી આપે છે અને જિલ્લા કાર્ય યોજનાઓ (DAPs) માં એકીકૃત કરે છે. રાજ્ય સ્તરે, સ્ટેટ વોટર એન્ડ સેનિટેસન મિશન (SWSM) આને રાજ્ય કાર્ય યોજના (SAP) માં એકીકૃત કરે છે. પીવાના પાણીની એકંદર સુરક્ષા પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્ય સાથે SAP માર્ચ 2024 સુધીના સમયગાળા માટે તૈયાર થવાનો હતો.

## 2.4 યોજનાઓની તૈયારી

ગામ, જિલ્લા અને રાજ્ય સ્તરે યોજનાઓની તૈયારીની સ્થિતિ નીચે મુજબ હતી:

### 2.4.1 ગ્રામ્ય કાર્ય યોજનાઓ (VAPs)

JJM માર્ગદર્શિકા અનુસાર, ગ્રામ્ય કાર્ય યોજના (VAP) પાણી સમિતિ દ્વારા આધારરેખા સર્વેક્ષણ, સંસાધન મેપિંગ અને સમુદાયની જરૂરિયાતોના આધારે તૈયાર કરવી જોઈએ.. આ યોજનાઓને DWSM સમક્ષ રજૂ કરતા પહેલા 80 ટકા સમુદાયની સંમતિ સાથે ગ્રામ સભાની મંજૂરીની જરૂર પડે છે.

#### 2.4.1.1 આધારરેખા સર્વેક્ષણ

JJM માર્ગદર્શિકા અનુસાર જિલ્લામાં આધારરેખા સર્વેક્ષણ માતર DWSC જવાબદાર હતી. માર્ગદર્શિકામાં એવી પણ જોગવાઈ હતી કે JJM અંતર્ગત VAP તૈયાર કરતાં પહેલા નળ જોડાણ ઉપલબ્ધ હોય તેવા પરીવારો, જોડાણ દીઠ અપાતો જથ્થો અને તેની ગુણવતાની આકારણી પણ આધારરેખા સર્વેક્ષણમાં સમાવિષ્ટ હોવી જોઈએ.

નમૂના તપાસ કરાયેલ છ માંથી એક પણ જિલ્લામાં કરવામાં આવેલ આધારરેખા સર્વેક્ષણ અંગેનો રેકોર્ડ્સ, જો કરવામાં આવેલ હોય તો, ઓડિટને પૂરો પાડવામાં આવ્યો ન હતો. ઉપરાંત, GWSSB/WASMO એ પરિવારોની વાસ્તવિક સંખ્યા (HHs), કાર્યરત નળ જોડાણો સાથેના પરિવારો (FHTCs) અને FHTC વગરના પરિવારો અંગે ઓડિટને માહિતી પૂરી પડી ન હતી.

e-જલશક્તિ પોર્ટલ પર ઉપલબ્ધ માહિતીનું ઓડિટ વિશ્લેષણ કર્યું હતું. જે દર્શાવે છે કે રાજ્યમાં વર્ષ 2019-23 ના દરેક વર્ષ દરમિયાન ગ્રામ્ય પરિવારોની કુલ સંખ્યા જુદી જુદી હતી **(ફકરા 3.2.1).** ઓડિટમાં વધુમાં જણાયું હતું કે JJM અંતર્ગત નક્કી કરાયેલ 1,488 ગામમાં FHTC ઉપલબ્ધ ન હોવા, અને જગ્યા પ્રાપ્ય ન હોવા વિગેરે જેવા કારણોસર ત્યારબાર 54 ગામ[12] **ફકરા 3.1.3.1** માં ચર્ચા કર્યા મુજબ પડતા મૂકવામાં આવ્યા હતા. ઉપરાંત, ઓડિટમાં જણાયું હતું કે ગામમાં પાણી પુરવઠાની કામગીરી માટે સલાહકાર/થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન (TPI)[13] ને ફાળવવામાં આવેલ 21 ગામો[14] **ફકરા 3.1.3.3 મા** ચર્ચા કર્યા મુજબ ગામમાં પહેલેથીજ પાણીના જોડાણો ઉપલબ્ધ હોવાને કારણે રદ કરવામાં આવ્યા હતા.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે ગુજરાત સરકારે, JJM શરૂ થયા પહેલા જ જૂન-જુલાઈ 2019 દરમિયાન 100 ટકા FHTC ને આવરી લેતો વ્યાપક આધારરેખા સર્વેક્ષણ હાથ ધર્યો હતો. આ સર્વેક્ષણ બધાજ જિલ્લાઓમાં ઉપલબ્ધ હાલના નળ જોડાણો અને તેના વ્યાપ અંગેની સ્થિતિ માટે આધારભૂત માહિતીરૂપ સ્થાપિત થયો હતો. એવું પણ જણાવ્યુ હતું કે JJM માર્ગદર્શિકા જારી કરાયા બાદ જાન્યુઆરી-ફેબ્રુઆરી 2020 દરમિયાન તેમના પ્રમાણીકરણ અંગેની પણ કાર્યવાહી કરવામાં આવી હતી. એ સુનિશ્ચિત કરતું હતું કે JJM હેઠળ આગળના અમલ પહેલાં તેમના વ્યાપ અને સેવા સ્તર બંનેને વ્યાપકપણે પ્રમાણીકરણ કરવામાં આવ્યા હતા.

વિભાગે જૂન-જુલાઈ 2019 દરમિયાન કરવામાં આવેલ સર્વેક્ષણ અને જાન્યુઆરી-ફેબ્રુઆરી 2020 દરમિયાન કરવામાં આવેલ પ્રમાણીકરણ અંગેના દાવાના સમર્થનમાં કોઈ જ દસ્તાવેજી પુરાવો ઓડિટને પૂરો પાડ્યો ન હતો.

---

[12] (i) અમરેલી- 21, (ii) ભાઉચ - 13, (iii) દાહોદ - 11 અને (iv) પાટણ – નવ.

[13] સલાહકારના કાર્યક્ષેત્રમાં DPR તૈયાર કરવા, ગામોની પાણી પુરવઠા યોજનાઓનું નિરીક્ષણ, અને દેખરેખનો સમાવેશ થાય છે.

[14] (i) અમરેલી-છ, (ii). આણંદ-છ અને (iii) પાટણ-નવ.

### 2.4.1.2 નમૂના તપાસ કરવામાં આવેલ જિલ્લાઓમાં તૈયાર કરાયેલ વિલેજ એક્શન પ્લાન

નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાં, ગાંધીનગર સિવાય, જે ગામોમાં WASMO એ JJM હેઠળ ગામમાં પાણી પુરવઠા યોજનાઓ અમલમાં મૂકી હતી ત્યાં VAP તૈયાર કરવામાં આવ્યા હતા. ઓડિટમાં જોવા મળ્યું કે ગાંધીનગર જિલ્લામાં, WASMO દ્વારા JJM હેઠળ હાલની ગામોની પાણી પુરવઠા યોજનાઓના પુનઃસંયોજન અને વૃદ્ધિના કામો માટે ₹15.80 લાખના ખર્ચે 29 ગામોની યોજનાઓ અમલમાં મુકવામાં આવી હતી, છતાં કોઈ VAP તૈયાર કરવામાં આવ્યા ન હતા. નમૂના-તપાસેલ જિલ્લાઓમાં VAP તૈયાર કરવાની સ્થિતિ નીચે દર્શાવેલ છે.

**કોષ્ટક 2.2: નમૂના-તપાસેલ જિલ્લાઓમાં VAP ની તૈયારીની સ્થિતિ (ડિસેમ્બર 2024)**

| જિલ્લો | ગામોની કુલ સંખ્યા | VAP ધરાવતા ગામો | જ્યાં VAP તૈયાર કરવામાં આવી હતી તે ગામોની ટકાવારી |
|---|---|---|---|
| અમરેલી | 609 | 108 | 17.73 |
| આણંદ | 357 | 100 | 28.01 |
| ભરુચ | 662 | 377 | 56.95 |
| દાહોદ | 741 | 721 | 97.30 |
| ગાંધીનગર | 288 | 00 | 00 |
| પાટણ | 524 | 102 | 19.47 |
| કુલ | 3,181 | 1,408 | 44.26 |

(સ્રોત: WASMO ના નમૂના-તપાસેલ DWSU ના રેકોર્ડ્સ)

ઉપરોક્ત કોષ્ટક પરથી, તે જોઈ શકાય છે કે નમૂના-તપાસેલ જિલ્લાઓના 44.26 ટકા (3,181 માંથી 1,408) ગામોએ VAP તૈયાર કર્યા હતા.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે ગુજરાતે JJM પહેલા જ FHTCsનો 72 ટકા વ્યાપ પ્રાપ્ત કરેલ હતો, અને ઘણા ગામોએ 100 ટકા ઘરેલુ નળ જોડાણ પ્રાપ્ત કર્યા હતા. આવા ગામોએ JJM હેઠળ નવા VAPs તૈયાર કરવાની જરૂર નહોતી કારણ કે કોઈ નવું કામ હાથ ધરવાનું ન હતું.

ગ્રુપ ટેન્ડર હેઠળ 248 ગામોમાં VAPs તૈયાર કરવામાં આવ્યા ન હોવાથી જવાબ ખાતરીબધ્ધ નથી. તેવી જ રીતે, ગાંધીનગર જિલ્લાના ચાર ગામોમાં, જ્યાં ગામમાં પાણી પુરવઠા યોજનાઓ અમલમાં મૂકવામાં આવી હતી, ત્યાં VAPs તૈયાર કરવામાં આવ્યા ન હતા.

- ***ગ્રામ સભા દ્વારા સમુદાયની ભાગીદારી અને VAPs ની મંજૂરી***

JJM માર્ગદર્શિકા ઘરેલુ પાણી પુરવઠાની જરૂરિયાતોને વ્યાખ્યાયિત કરવામાં સમુદાયની ભાગીદારી પર ભાર મૂકે છે. એવું જોવા મળ્યું કે 378 VAPs માંથી 100 (26.46 ટકા) માં, FHTC માટે સમુદાયની આકાંક્ષાઓ દર્શાવતા ક્ષેત્ર પૂરા કર્યા ન હતા.

JJM માર્ગદર્શિકા મુજબ, VAPs ને 80 ટકા સમુદાયની સંમતિ સાથે ગ્રામ સભામાં મંજૂરીની જરૂર છે. જોકે, ઓડિટમાં જોવા મળ્યું કે VAPs ગ્રામ સભાની ચર્ચા-વિચારણાને બદલે સરપંચ અથવા પાણી સમિતિના અધ્યક્ષ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા. VAP ની મંજૂરીના ઠરાવોમાં ગ્રામ પંચાયતના સભ્યો અને ગ્રામજનોની હાજરીની વિગતોનો અભાવ હતો, જેના કારણે જરૂરી સમુદાયની સંમતિ ચકાસવી મુશ્કેલ બની હતી.

વધુમાં, આ બેઠકોમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) અને WASMO ના અધિકારીઓની ભાગીદારીનો કોઇ રેકોર્ડ નહોતો, જોકે આ બેઠકો VAP ના અમલીકરણ માટે

ટેકનિકલ અને નાણાકીય સહાય પૂરી પાડવાની હતી. સંબંધિત DWSU ના યુનિટ મેનેજરોએ આની પુષ્ટિ કરી.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે ગુજરાતને 2022 પહેલા તેના JJM લક્ષ્યને પ્રાપ્ત કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું અને પરિણામે, COVID-19 સમયગાળા દરમિયાન VAPs નો મોટો હિસ્સો તૈયાર કરવો પડ્યો હતો.. આ કારણે, ગ્રામસભાની બેઠકો અને વ્યાપક સમુદાય સાથે પરામર્શ શક્ય નહોતા.

> ***મંજૂરી માટે DWSC ને VAPs રજૂ કરવા***

JJM માર્ગદર્શિકા અસરકારક આયોજન માટે DWSC ને સમયસર VAPs રજૂ કરવાનું ફરજિયાત બનાવે છે. જોકે, સમીક્ષા કરાયેલા 378 માંથી 165 (43.65 ટકા) VAPs માં, "DWSC ને રજૂ કરેલી તારીખ" ફીલ્ડ ખાલી છોડી દેવામાં આવ્યું હતું, જેના કારણે ઓડિટ રજૂ કરવાની તારીખ ચકાસી શક્યું નહીં.

વિભાગે જણાવ્યું (ઓગસ્ટ 2025) કે DWSC દ્વારા ગામોની યોજનાઓની વહીવટી મંજૂરી દરમિયાન, સંબંધિત ગામો માટે અનુરૂપ VAPs ને પણ મંજૂરી આપવામાં આવી હતી. તારીખ વાળા ફિલ્ડની બાદબાકી એક સ્પષ્ટ કારકુની ભૂલ હતી, પરંતુ VAP મંજૂરીનો મૂળ હેતુ યોગ્ય રીતે પૂર્ણ થયો હતો.

> *કાયમી ઉપાયોનું સંકલન*

JJM માર્ગદર્શિકા ગ્રે વોટર ટ્રીટમેન્ટ, વરસાદી પાણીનો સંગ્રહ અને જલ રિચાર્જ જેવી ટકાઉ પાણી વ્યવસ્થાપન પદ્ધતિઓને પ્રોત્સાહન આપે છે. ઓડિટમાં જોવા મળ્યું કે તેના દ્વારા સમીક્ષા કરાયેલા 378 VAP માંથી

- **ગ્રે વોટર[15] વ્યવસ્થાપન અંગેની માહિતી** 149 (39.42 ટકા) VAPs માં ખૂટતી હતી.
- **બોરવેલ રિચાર્જ કરવાના માળખાઓ 182 (48.15 ટકા)** VAPs માં દર્શાવવામાં આવ્યા ન હતા.
- **પુનઃજીવિત કરવા જરૂરી હોય તે જળાશયો 204 (53.97 ટકા) VAPs** માં ઓળખી કાઢવામાં આવ્યા ન હતા.

વિભાગે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે આ કાર્ય પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતુ છે, અને પાણી પુરવઠા વિભાગને લાગુ પડતુ નથી.

જવાબ પ્રતીતિજનક નથી કેમ કે JJM માર્ગદર્શિકાઓમાં JJM અંતર્ગત કાયમી ઉપાયોના સંકલન માટે આદેશ કરેલ છે.

> ***અન્ય યોજનાઓ સાથે એકીકરણ***

JJM માર્ગદર્શિકાઓમાં પાણીના સંરક્ષણ રિચાર્જ માટેની કેન્દ્ર અને રાજ્યની અન્ય યોજનાઓ સાથે એકીકરણ કરવા પર ભાર મૂકવામા આવ્યો છે. જો કે ઓડિટમાં સમિક્ષા કરાયેલ 378 VAPs માંથી 253 (66.93 ટકા) VAPs માં અન્ય કોઈ યોજનાઓ સાથે કરવામાં આવેલ એકીકરણ અંગેની, જો

[15] ઘરેલુ ઉપયોગના ગંદા પાણીને શુદ્ધ કરવાની અને ફરીથી ઉપયોગ કરવાની પ્રક્રિયા.

કરેલ હોય તો, માહિતી ધરાવતા ન હતા. આ ગામોમા નાણાં પંચ, SBM, અને MGNREGA જેવી યોજનાઓ ઉપલબ્ધ હોવા છતા, એકીકરણ, જો કરવામાં આવેલ હોય તો, તે અંગેની માહિતી રેકોર્ડ્ઝ પર ઉપલબ્ધ ન હતી.

અમરેલી અને આણંદના યુનિટ મેનેજર DWSU એ જણાવ્યુ હતું (ડિસેમ્બર 2024) કે અન્ય યોજનાઓ વિષે માહિતગાર ન હોવાથી એકીકરણ અંગે આયોજન કરવામાં આવ્યુ ન હતુ.

ઉપરોકત હકીકત દર્શાવે છે કે કાયમી ઉપાયોના સંકલન અને યોજનાઓના એકીકરણ વગર જ VAPs તૈયાર કરવામા આવ્યા હતા.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે ગ્રામ પંચાયત સ્તરે અન્ય યોજનાઓ વિષેની સમયસરની માહિતીનો અભાવ હોવાના કારણે એકીકરણ અંગેની માહિતી કેટલાક **VAPs** માં સમાવવામા આવી ન હતી.
આ જવાબ સામે હકીકત એ છે કે MGNREGA, MPLADS અને નાણા પંચની ગ્રાન્ટ અંગેની યોજનાઓ ભારત સરકારના મુખ્ય કાર્યક્રમો છે અને બધી ગ્રામ પંચાયતો આ યોજનાઓથી સારી રીતે પરિચિત છે.

### *2.4.2 જિલ્લા કાર્ય યોજનાની તૈયારી*

JJM માર્ગદર્શિકાઓમાં જોગવાઈ છે કે ડિસ્ટ્રિક્ટ એક્શન પ્લાન (DAPs) ના આધારે SAP ના તૈયાર કરવા અને આખરીકરણ કરવા માટે સ્ટેટ વોટર એન્ડ સેનિટેશન મિશન (SWSM) જવાબદાર છે. JJM માર્ગદર્શિકા મુજબ, જિલ્લા પાણી અને સ્વચ્છતા મિશન (ગુજરાતના કિસ્સામાં DWSC) એ વિલેજ એકસન પ્લાન્સ (VAPs) ને DAP માં એકીકૃત કરવી જોઈએ, જેમાં વાર્ષિક જલ બજેટ, જલ સંરક્ષણ વ્યૂહરચનાઓ અને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MGNREGS), નાણા પંચ અનુદાન, સંસદ સભ્યો સ્થાનિક વિસ્તાર વિકાસ (MPLAD) અનુદાન, વિધાનસભા સભ્ય (MLA) અનુદાન અને કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) જેવી યોજનાઓમાંથી નાણાકીય સંકલનનો સમાવેશ કરવો જોઈએ.

ઓડિટમાં જોવા મળ્યું હતું કે નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાના, 3,181 ગામોમાંથી 1,773 ગામોમાં વિલેજ એકસન પ્લાન્સ (VAPs) તૈયાર કરવામાં આવ્યા ન હતા, તેમ છતાં VAPs DAPs ના એકત્રીકરણ અને રચના માટે એક ઇનપુટ હતું. GWSSB અને WASMO ની જિલ્લા કક્ષાની કચેરીઓએ પુષ્ટિ કરી કે નમૂના-તપાસેલ જિલ્લાઓમાં DAPs તૈયાર કરવામાં આવ્યા ન હતા. જોકે, ઓડિટમાં જોવા મળ્યું કે રાજ્યએ e-જલશક્તિ પોર્ટલ પર તમામ 33 જિલ્લાઓ માટે DAP અપલોડ કર્યા છે.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે દરેક ઘટનાઓમાં GWSSB ના ઈજનેરોએ સીધાજ DAPs તૈયાર કર્યા ન હતા, ખરેખર તો WASMOના યુનિટ મેનેજરોએ તે બનાવવાની પ્રક્રિયા કરી હતી.

રાજ્ય સરકારે, જિલ્લા સ્તરે તૈયાર કરવામાં આવેલ DAPs અંગે કોઈ જ દસ્તાવેજી પુરાવા પૂરા પડેલ ન હતા.

### *2.4.3 રાજ્ય કાર્ય યોજનાની તૈયારી*

JJM માર્ગદર્શિકા અનુસાર, રાજ્ય કાર્ય યોજના (SAP) નો ઉદ્દેશ પાણીની ઉપલબ્ધતામાં સુધારો કરીને, વિવિધ નાણાકીય મોડેલો અપનાવીને અને કાર્યાત્મક ઘરેલુ નળ જોડાણો (FHTCs) જાળવી

રાખીને પીવાના પાણીની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. SAP માં વરસાદી પાણીનો સંગ્રહ અથવા કૃત્રિમ રિચાર્જ, RWSS ના આયોજનને ટેકો આપવા માટે વધારાના પાણીના ક્ષેત્રોની ઓળખ, ડુંગરાળ, આદિવાસી, જંગલ જેવા અને અન્ય દૂરના પ્રદેશોની ઓળખ, જરૂરી પાણી પુરવઠા ઉકેલો વગેરેનો સમાવેશ થવો જોઈએ. રાજ્ય પાણી અને સ્વચ્છતા મિશન (SWSM) જિલ્લા કાર્ય યોજનાઓ (DAPs) પર આધારિત SAP તૈયાર કરવા અને તેને અંતિમ સ્વરૂપ આપવા માટે જવાબદાર છે. ઓડિટ દ્વારા SAP તૈયાર કરવા, સંકલન કરવા અને મંજૂરી આપવા માટેના જરૂરી દસ્તાવેજોની માંગણી કરવામાં આવી. જોકે, વારંવાર વિનંતીઓ/ સ્મૃતિપત્રો પાઠવવા છતાં, e-જલશક્તિ પોર્ટલ પર SAP નું ઓનલાઈન વર્ઝન ઉપલબ્ધ હોવા છતાં, ઓડિટને તે આપવામાં આવ્યું ન હતું.

### ➢ *SAP ની સમયસરની તૈયારી*

e-જલશક્તિ પોર્ટલ પર ઉપલબ્ધ SAP ડેટાના ઓડિટમાં તપાસમાં દર્શાવવામાં આવ્યું છે કે જલ જીવન મિશન (ઓગસ્ટ 2019) ની શરૂઆત સમયે યોજના ઘડવામાં આવી ન હતી કારણ કે 100 ટકા FHTC માટે આયોજનનો ડેટા ફક્ત વર્ષ 2022-23 થી ઉપલબ્ધ હતો અને યોજનાઓ વિભાગ માટે નાણાકીય આયોજન અને O&M માટેનો ડેટા ફક્ત વર્ષ 2022-23 વર્ષ માટે ઉપલબ્ધ હતો.

વિભાગે જણાવ્યું (ઓગસ્ટ 2025) કે JJM માટે આયોજન શરૂઆતથી જ હાથ ધરવામાં આવ્યું હતું, જેને રાષ્ટ્રીય ગ્રામીણ પીવાના પાણી કાર્યક્રમ ડેટાસેટ્સ અને વર્ષ 2019 ના બેઝલાઇન સર્વે દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. VAP અને DAP ની તૈયારીએ SAP માટે પાયો પૂરો પાડ્યો, જેને જિલ્લા અધિકારીઓ સાથે વ્યાપક પરામર્શ પછી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું. વર્ષ 2022 પહેલા JJM પોર્ટલ પર ચોક્કસ એન્ટ્રીઓનો અભાવ ડેટા અપલોડિંગમાં પ્રક્રિયાગત અને રોગચાળા સંબંધિત વિલંબને પ્રતિબિંબિત કરે છે, ભૂતકાળના આયોજનમાં નહીં. જોકે, SAP ની તૈયારી સંબંધિત સહાયક દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા ન હતા.

### ➢ *FHTCs ને DAPs ની સરખામણીમાં SAP માં આવરી લેવાની યોજના છે.*

ઓડિટમાં જોવા મળ્યું કે પોર્ટલમાં દર્શાવવામાં આવેલા SAP અને ડિસ્ટ્રિક્ટ એક્શન પ્લાન (DAPs) વચ્ચેના ડેટામાં વિસંગતતાઓ હતી, જે કાર્યાત્મક ઘરેલુ નળ જોડાણ (FHTC) ના સંદર્ભમાં છે, જેને વર્ષ 2021-24[16] દરમિયાન આવરી લેવાની યોજના છે. આ મુખ્યત્વે વિવિધ વર્ષો દરમિયાન 33 જિલ્લાઓમાંથી 23 થી 26 જિલ્લાઓ દ્વારા e-જલશક્તિ પોર્ટલ પર ઓનલાઈન ડેટા રજૂ ન કરવાને કારણે થયું હતું.

**કોષ્ટક2.3: FHTCના વ્યાપમાં SAP અને DAP વચ્ચેની વિસંગતતાઓ**

| પેરામીટર | SAP મુજબ | DAPs મુજબ | વિસંગતતા |
|---|---|---|---|
| FHTC (2021-24) માટે આયોજિત પરિવારો | 14,61,050 | 3,94,188 | 10,66,862 |
| FHTC માટે આયોજિત ગામો | 9,949 | 2,205 | 7,744 |

*(સ્રોત: e-જલશક્તિ પોર્ટલ)*

[16] e-જલશક્તિ પોર્ટલમાં SAP ડેટા વર્ષ 2022-23 થી ઉપલબ્ધ હતો પરંતુ કેટલાક જિલ્લાઓએ વર્ષ 2021-22 માટે પણ ડેટા અપલોડ કર્યો હતો.

આ તફાવત સૂચવે છે કે SAP ડેટા DAPs પર આધારિત ન હતો, જે રાજ્ય-સ્તરના અંદાજોની ડેટા વિશ્વસનીયતાને નબળી પાડે છે..

રાજ્ય સરકારે જણાવ્યું (ઓગસ્ટ 2025) કે SAP મોટાભાગે DAPs ના ઇનપુટ્સ પર આધારિત છે, જે સામે VAPs પર આધાર રાખે છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે કોઈપણ દેખીતી રીતે મેળ વગરનું, આયોજન માળખામાં ખામીને બદલે ડેટા એન્ટ્રી અથવા રજૂઆતના તબક્કાની સમસ્યાઓનું પરિણામ છે.

પ્રત્યુતર જ સ્વીકાર કરે છે કે e-જલશક્તિ પોર્ટલ પર ડેટા એન્ટ્રી/રજૂઆતમાં સમસ્યાઓ છે.

### *2.4.4 રાજ્ય વાર્ષિક કાર્ય યોજના (SAAP) અને જિલ્લા વાર્ષિક કાર્ય યોજના (DAAP)*

JJM માર્ગદર્શિકા અનુસાર, જિલ્લા વાર્ષિક કાર્ય યોજનાઓ (DAAPs) ના ડેટાને એકત્રિત કરીને દર વર્ષે રાજ્ય વાર્ષિક કાર્ય યોજના (SAAP)[17] તૈયાર કરવી જરૂરી છે.

- ***માહિતી વિસંગતતા***

રાજ્ય વાર્ષિક કાર્ય યોજના (SAAP) વર્ષ 2019-20 થી વર્ષ 2023-24 વર્ષ માટે તૈયાર કરવામાં આવી હતી. જોકે, ઓડિટમાં જોવા મળ્યું કે SAAPs માં પ્રાપ્ત થયેલા લક્ષ્યાંકિત ઘરોમાં ડેટાના સ્ત્રોત જેવા સહાયક દસ્તાવેજી પુરાવાનો અભાવ હતો. SAAP મીટિંગ્સની મિનિટ્સ અને ડિસ્ટ્રિક્ટ એન્યુઅલ એક્શન પ્લાન (DAAPs) માટેના ઓનલાઈન ડેટાના ઓડિટની સમીક્ષામાં બે ડેટાસેટ્સ વચ્ચે વિસંગતતાઓ બહાર આવી. ઓડિટમાં એ પણ અવલોકન કરવામાં આવ્યું છે કે, વર્ષ 2020-23 માટે, 33 માંથી 22 થી 26 જિલ્લાઓના DAAP માં લક્ષ્યાંકના આંકડાઓ શામેલ નથી. વધુમાં, 33 જિલ્લાઓના કોઈપણ DAAPs માં વર્ષ 2021-22 માટે સિદ્ધિઓનો કોઈ રેકોર્ડ નહોતો. વિગતો નીચે **કોષ્ટક 2.4** માં દર્શાવેલ છે.

**કોષ્ટક 2.4: વર્ષ 2019 થી 2024 દરમિયાન SAAP અને DAAPs માં FHTCના લક્ષ્યાંક અને સિદ્ધિ (ઓક્ટોબર 2024 ની સ્થિતિએ )**

| વર્ષ | FHTCs માટે નિયત લક્ષ્યાંક (સંખ્યા માં ) | | | FHTCsમાં પ્રાપ્ત કરાયેલ સિધ્ધી (સંખ્યા માં ) | | |
|---|---|---|---|---|---|---|
| | SAAP મુજબ | 33 જિલ્લાઓના DAAPs ના લક્ષ્યાંકનો સરવાળો | DAAPs માં શૂન્ય દર્શાવેલ હોય તેવા જિલ્લાઓની સંખ્યા | SAAP મુજબ | જિલ્લાઓના DAAPs માં મેળવેલ સિધ્ધી નો સરવાળો | DAAPs શૂન્ય દર્શાવેલ હોય તેવા જિલ્લાઓની સંખ્યા |
| 2019-20 | 5,57,619 | - | - | 1,05,564 | 1,05,563 | 00 |
| 2020-21 | 11,15,240 | 4,06,912 | 22 | 10,94,588 | 10,94,588 | 00 |
| 2021-22 | 10,00,000 | 2,26,467 | 23 | 9,57,166 | 00 | 33 |
| 2022-23 | 4,61,050 | 1,67,721 | 26 | 00 | 00 | 33 |
| 2023-24 | 00 | 00 | 33 | 00 | 00 | 33 |
| કુલ | 31,33,909 | 8,01,100 | | 21,57,318 | 12,00,151 | |

*(સ્ત્રોત: e-જલશક્તિ પોર્ટલ અને SAAP બેઠકોની મિનિટ્સ)*

17 JJM ના મિશન સમયગાળા એટલે કે વર્ષ 2019-24 માટે SAP તૈયાર કરવાના હતા, જ્યારે SAAPs વાર્ષિક ધોરણે લક્ષિત અમલીકરણ માટે તૈયાર કરવામાં આવે છે.

ઉપરોક્ત **કોષ્ટક 2.4** પરથી જોઈ શકાય છે કે વર્ષ 2019-24 દરમિયાન SAAP અને DAAPs વચ્ચે FHTCs ના લક્ષ્યાંકમાં 23.33 લાખ[18] નો તફાવત હતો અને FHTCs ના લક્ષ્યાંકમાં 9.57 લાખ[19] નો તફાવત હતો.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે કે SAAP અને DAAP ડેટા વચ્ચેની વિસંગતતાઓ મુખ્યત્વે એ હકીકતને કારણે હતી કે કેટલાક જિલ્લાઓમાં, પહેલાથી જ નળ જોડાણો પૂરા પાડવામાં આવેલા પરિવારોને DAAPsમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા, જ્યારે SAAP મા તેમને શામેલ કરવાનું ચાલુ રાખવામાં આવ્યું હતું, કારણ કે તે જોડાણો પૂર્ણ રૂપ થી કાર્યરત હોવાની પુષ્ટિ ન થાય ત્યાં સુધી તેમને ધ્યાનમાં લેવા જરૂરી હતા.

જવાબ પ્રતીતિજનક નથી કારણકે SAAP માં એકીકરણ કરવા માટે જિલ્લાઓએ FHTCs ની ચકાસણી કર્યા બાદ જ DAAP બનાવવા જરૂરી હતા.

### ➢ *સાર્વત્રિક નળ જોડાણ માટે ડેટાની વિશ્વસનીયતા*

e-જલશક્તિ પોર્ટલ અને SAAP મુજબ રાજ્ય સરકારે ઓક્ટોબર 2022 સુધીમાં 100 ટકા FHTC ના વ્યાપ સાથે કુલ 91.18 લાખ પરિવારોને આવરી લેવાયાનું જાહેર કર્યું હતું .તેનાથી વિરૂદ્ધ 1-એપ્રિલ 2024 ની સ્થિતિએ 27 જિલ્લાઓના DAAPs હજુ 14.84 લાખ પરિવારો FHTC માં આવરી લેવાના બાકી હોવાનું દર્શાવતા હતા. આવા વિરોધાભાસને ધ્યાને લેતા આવી માહિતીની વિશ્વાસનિયતા બાબતે ઓડિટ દ્વારા આ માહિતી ખાતરીબધ્ધ છે એવું દર્શાવી શકાય નહી.

મૂળભૂત રેકોર્ડનો અભાવ, SAP અને DAPs વચ્ચે વિસંગતતાઓ, અને SAAP અને DAAPs વચ્ચે મેળ ન ખાતા આંકડા સમગ્ર રીતે માહિતીની વિશ્વસનીયતામાં સમસ્યાઓ ઉજાગર કરે છે.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે જિલ્લાઓને ફક્ત JJM ડેશબોર્ડ પર વધતી જતી પ્રગતિ અપલોડ કરવાનો અધિકાર છે. તેમની પાસે ઓપનિંગ અથવા ક્લોઝિંગ બેલેન્સમાં ફેરફાર કરવાનો અધિકાર નથી, જે ફક્ત પોર્ટલ સંચાલકો દ્વારા જ અપડેટ કરી શકાય છે. રાજ્ય સરકારે વધુમાં જણાવ્યું હતું કે તે વાસ્તવિક જમીની પરિસ્થિતિઓનું કડક પાલન કરે છે, અને અહેવાલીકરણમાં કોઈપણ મેળ પડતો ન હોય તેને ટેકનિકલ અને પ્રક્રિયાગત તરીકે જોવું જોઈએ, વાસ્તવિક રીતે નહીં. સરકારે એ પણ ઉલ્લેખ કર્યો છે કે તમામ ગ્રામીણ ઘરોને નળ જોડાણો દ્વારા સુરક્ષિત અને પૂરતું પીવાનું પાણી પૂરું પાડવાનો એકંદર ધ્યેય સંપૂર્ણપણે પ્રાપ્ત થઈ ગયો છે.

## 2.5 ઉપલબ્ધ માહિતી પરથી મહેસૂલી ગામોના વ્યાપમાં તફાવત

વસ્તી ગણતરી-કોડેડ મહેસૂલી ગામ JJM ના આયોજન અને અમલીકરણ માટે મુખ્ય એકમ હોવાથી, વસ્તી ગણતરીની માહિતી દરેક JJM હેતુઓ માટે એકમાત્ર વિશ્વસનીય સ્રોત હતો.

નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાં ઓડિટમાં જાણવા મળ્યું કે રાજ્ય સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામીણ વિકાસ (PRH અને RD) વિભાગ, GWSSB અને WASMO દ્વારા દર્શાવવામાં આવેલ ગામોની સંખ્યામાં વિસંગતતા હતી. આ તફાવતોની જિલ્લાવાર વિગતો નીચે **કોષ્ટક 2.5** માં આપવામાં આવી છે.

18 31,33,909 – 8,01,100.

19 21,57,318 – 12,00,151.

**કોષ્ટક 2.5: નમૂના-તપાસેલ જિલ્લાઓમાં PRH&RD વિભાગ, GWSSB અને WASMO મુજબ મહેસૂલી ગામોની સંખ્યામાં તફાવત**

| જિલ્લાઓ | WASMO મુજબ ગામોની સંખ્યા | GWSSB મુજબ ગામોની સંખ્યા | PRH & RD વિભાગ મુજબ ગામોની સંખ્યા | તફાવત (PRH & RD – WASMO) |
|---|---|---|---|---|
| અમરેલી | 609 | 612 | 628 | 19 |
| આણંદ | 357 | 357 | 363 | 06 |
| ભરુચ | 662 | 653 | 664 | 02 |
| દાહોદ | 741 | 741 | 779 | 38 |
| ગાંધીનગર | 288 | 291 | 303 | 15 |
| પાટણ | 524 | 510 | 518 | -(06) |
| કુલ | 3181 | 3164 | 3255 | 80 |

*(સ્રોત : WASMO અને GWSSB દ્વારા પૂરી પાડવામાં આવેલ ગામો અંગેની માહિતી)*

ઉપરોક્ત **કોષ્ટક 2.5 દર્શાવે છે કે** PRH&RD વિભાગ અને WASMO મુજબ નમૂના તપાસ કરાયેલ છ જિલ્લાઓમાં ગામની સંખ્યામાં 80 ગામોનો તફાવત હતો.

WASMO ની યાદીમાં રહેલા ગામોને FHTC પૂરા પાડવા માટે ગામમાં પાણી પુરવઠા યોજનાઓનું કામ WASMO એ હાથ ધર્યું હોવાથી, 80 ગામો આ યાદીમાંથી બાકાત રહી જવાની શક્યતા નકારી શકાય નહીં.

નમૂના તપાસ કરાયેલ જિલ્લાઓના WASMO ના યુનિટ મેનેજરોએ જણાવ્યુ હતું (ઓક્ટોબર 2024 થી માર્ચ 2025) કે PRH&RD વિભાગ સાથે ગામોની સંખ્યાની મેળવળણીનું કામ પ્રગતિમાં હતું.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે વિભાગીય માહિતીઓમાં મહેસૂલ ગામોની સંખ્યામાં તફાવત મુખ્યત્વે ગામની વહીવટી સ્થિતિમાં થયેલ ફેરફારોને કારણે ઉદ્ભવે છે. સરકારે એમ પણ જણાવ્યુ હતું કે JJM અંતર્ગત આયોજન સુનિશ્ચિત કરવા સમગ્ર રાજયમાં આધારરેખા સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું અને એવા ગામો કે જેમાં પાણીની નવી યોજનાઓ/હયાત પાણી પુરવઠા યોજનાઓમાં વિસ્તરણ/પુનઃ સંયોજન જરૂરી હોય તેને ઓળખી કાઢીને આવરી લેવામાં આવ્યા હતા.

હાથ ધરવામા આવેલ આધારરેખા સર્વેક્ષણ કોઈ જ દસ્તાવેજી પુરાવા ઓડિટને, પૂરા પાડવામા આવ્યા ન હતા. JJM ના હેતુ માટે GWSSB અને WASMO બન્ને એજન્સીઓ GoG ના એક જ વહીવટી વિભાગ હેઠળ કાર્ય કરતી અમલીકરણ એજન્સીઓ છે અને ઉપરોક્ત કોષ્ટકમાં જણાવ્યા મુજબ આ એજન્સીઓના ડેટાસેટ્સમાં પણ તફાવત છે.

## 2.6 ઉપસંહાર

નીતિ માર્ગદર્શન, વ્યૂહાત્મક દિશાનિર્દેશ અને JJM અમલીકરણ માટે અસરકારક દેખરેખ માટે જવાબદાર SWSM ની સર્વોચ્ચ સમિતિ અને કારોબારી સમિતિની બેઠકો વર્ષ 2020-24 દરમિયાન યોજાઈ ન હતી. રાજ્યમાં 55 બેઠકોની જરૂરીયાત સામે સપ્ટેમ્બર 2019 થી માર્ચ 2024 દરમિયાન DWSC ની યોજાયેલ બેઠકોની સંખ્યા છ થી 36 ની વચ્ચે હતી. DWSC એ ગામોંની યોજનાઓને મંજૂરી આપી, હિસાબોનું ઓડિટ કર્યું અને 'હર ઘર જલ' ની પ્રગતિની સમીક્ષા કરી, પરંતુ આ બેઠકોની મિનિટ્સમાં એવો કોઈ રેકોર્ડ ઉપલબ્ધ નહોતો જે દર્શાવે કે તેમણે ગ્રામ્ય કાર્ય યોજનાઓ (VAPs) ની મંજૂરી, જિલ્લા કાર્ય યોજનાઓ (DAPs) ને અંતિમ સ્વરૂપ આપવા અને ગામ અને રાજ્ય સ્તરો વચ્ચે સંકલન જેવા કાર્યો પર ચર્ચા કરવામાં આવી હોય.

ગ્રામ સભાઓની બેઠકોને બદલે ગ્રામ પંચાયતની બેઠકો દરમિયાન VWSC/પાણી સમિતિઓની રચના કરવામાં આવી હતી, અને અનુક્રમે નવ અને 12 પાણી સમિતિઓમાં મહિલાઓ અને SC/ST સમુદાયનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવામાં આવ્યું ન હતું..

ગ્રામ્ય કાર્ય યોજનાઓ (VAPs) ની તૈયારી માટેનો આધાર બનતો આધારરેખા સર્વેક્ષણ, નમૂના-તપાસેલ જિલ્લાઓમાં ચકાસી શકાયો નથી, કારણ કે વિભાગે તેના આચરણની પુષ્ટિ કરવા માટે કોઈ રેકોર્ડ અથવા પુરાવા પૂરા પાડ્યા નથી.

ઓડિટને નમૂના-તપાસેલ જિલ્લાઓમાં એવું જોવા મળ્યું હતું કે 44.26 ટકા (3,181 માંથી 1,408) VAPs તૈયાર કરવામાં આવ્યા હતા. ઓડિટમાં સમીક્ષા કરાયેલ 378 માંથી, 253 VAPs (66.93 ટકા) માં અન્ય કેન્દ્રીય અથવા રાજ્ય યોજનાઓ સાથે સંકલનની વિગતો, જો કોઈ હોય તો, તે શામેલ નહોતી. નમૂના-તપાસેલ કોઈપણ જિલ્લામાં DAPs તૈયાર કરવામાં આવ્યા ન હતા. SAP માં નોંધાયેલા ડેટા અને FHTCs સંબંધિત DAPs વચ્ચે વિસંગતતા જોવા મળી હતી.

# પ્રકરણ-III

# જલ જીવન મિશનનું અમલીકરણ

# પ્રકરણ-III
# જલ જીવન મિશનનું અમલીકરણ

## 3.1 કાર્યોનો અમલ

રાજ્યમાં જલ જીવન મિશન (JJM) ના અમલીકરણ માટે પાણી પુરવઠા વિભાગ જવાબદાર છે. JJM ના અમલીકરણમાં ત્રણ મુખ્ય એજન્સીઓનો સમાવેશ થાય છે, જેમાંથી પાણી પુરવઠા માળખાગત સુવિધાઓ અને સેવા વિતરણ માટે દરેક એજન્સી અલગ અલગ ભૂમિકા ભજવે છે. વિગતો નીચે **કોષ્ટક 3.1** માં આપેલ છે:

**કોષ્ટક 3.1: ગુજરાતમાં JJM ના અમલીકરણમાં વિવિધ એજન્સીઓની જવાબદારીઓ**

| એજન્સી | જવાબદારીઓ |
|---|---|
| ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (GWIL) | • નર્મદા નહેરના પાણીની આંતર-જિલ્લા ટ્રાન્સમિશન માટે બલ્ક પાઇપલાઇનો બિછાવે છે અને તેની જાળવણી કરે છે.<br>• અવિરત પાણીના પ્રવાહ માટે આ પાઇપલાઇન્સનું સંચાલન અને જાળવણી (O&M)ની વ્યવસ્થા કરે છે. |
| ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) | • ગામોના ભૂગર્ભ સમ્પ સુધી બલ્ક પાઇપલાઇનથી પીવાલાયક પાણી પહોંચાડવા માટે પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાઓ (RWSS) અમલમાં મૂકે છે.<br>• પાણીની ગુણવત્તાના ધોરણોનું પાલન ચકાસવા માટે ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા (GJTI) હેઠળ પાણી પરીક્ષણ પ્રયોગશાળાઓનું નિરીક્ષણ કરે છે. |
| વોટર એન્ડ સેનિટસન મેનેજમેંટ ઓર્ગેનાઇઝેશન (WASMO) | • ગામમાં પાણી પુરવઠા યોજનાઓનું સંચાલન કરે છે, જેમાં વિતરણ પાઇપલાઇનો, સ્ટેન્ડ પોસ્ટ્સ અને ઘરેલું જોડાણોનો સમાવેશ થાય છે.<br>• આયોજન, અમલીકરણ અને જાળવણી માટે પાણી સમિતિઓ દ્વારા સમુદાયની ભાગીદારી સુનિશ્ચિત કરે છે.<br>• કાર્યક્ષમતા, જવાબદારી અને સમુદાય માલિકી પર ધ્યાન કેન્દ્રિત કરીને JJM હેઠળ વ્યવસ્થિત અને લાંબાગાળાના અમલીકરણને સમર્થન આપે છે. |

(સ્રોત: વિભાગ દ્વારા આપવામાં આવેલ માહિતી)

જલ જીવન મિશન (JJM) હેઠળ GWIL, GWSSB અને WASMO દ્વારા હાથ ધરવામાં આવેલા કાર્યો સંબંધિત ઓડિટ અવલોકનોની ચર્ચા આગામી ફકરામાં કરવામાં આવી છે.

### *3.1.1 કાર્યોનો અમલ (GWIL)*

JJM હેઠળ, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (GWIL) એ વર્ષ 2019-24 ના સમયગાળા દરમિયાન ₹3,034.18 કરોડના અંદાજિત ખર્ચ અને ₹2,987.56 કરોડના ટેન્ડર ખર્ચ સાથે 11 બલ્ક પાઇપલાઇન યોજનાઓ હાથ ધરી હતી.

ડિસેમ્બર 2024 સુધીમાં, 11 બલ્ક પાઇપલાઇન યોજનાઓમાંથી, પાંચ યોજનાઓ આઠ થી 25 મહિનાના વિલંબ સાથે પૂર્ણ થઇ હતી, જ્યારે છ યોજનાઓ પ્રગતિમાં હતી. (એક તેની નિર્ધારિત પૂર્ણતા તારીખની અંદર અને પાંચ, ત્રણ થી 14 મહિના મોડી હતી). આ કામોમાં વિલંબના મુખ્ય કારણોમાં જમીન સંપાદન, રેલ અને રોડ ક્રોસિંગ માટે જરૂરી પરવાનગીઓ અને વન વિભાગની

મંજૂરીઓ મેળવવામાં વિલંબ, અને ખેડૂતો દ્વારા તેમના ખેતરોમાં પાઇપલાઇન બિછાવવાનો વિરોધ વગેરેનો સમાવેશ થાય છે.

આ યોજનાઓના અમલીકરણમાં જોવા મળેલા મુદ્દાઓની નીચે ચર્ચા કરવામાં આવી છે:

### 3.1.1.1 ભાવમાં ફેરફાર દ્વારા કોન્ટ્રાક્ટરને ₹40.25 કરોડની વધારાની ચુકવણી (GWIL)

ટેન્ડર દસ્તાવેજના કરારની સામાન્ય શરતોની કલમ 59 માં એવી જોગવાઈ છે કે માઇલ્ડ સ્ટીલ (MS) અને ડક્ટાઇલ આયર્ન (DI) પાઈપો માટે ભાવમાં ફેરફારની ચુકવણી જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) માં વધઘટના આધારે ગણતરી કરવી જોઈએ. ખાસ કરીને, હોટ રોલ્ડ કોઇલ (HR કોઇલ) ના WPI નો ઉપયોગ MS પાઈપો માટે કરવાનો છે, અને પિગ આયર્ન ના WPI નો ઉપયોગ DI પાઈપો માટે કરવાનો છે. આ ગોઠવણ માટે લાગુ પડતું સૂત્ર કરારના સામાન્ય નિયમો અને શરતોમાં વિગતવાર આપેલ છે.

ઓડિટ ચકાસણીમાં જાણવા મળ્યું કે JJM હેઠળ GWIL દ્વારા હાથ ધરવામાં આવેલા 11 બલ્ક પાઇપલાઇનના કામોમાંથી છ કામોમાં, ભાવમાં ફેરફારના દાવાઓની ગણતરી કરતી વખતે WPIના મૂલ્યોના ઉપયોગમાં ભૂલો હતી.

#### (i) MS પાઇપના ભાવ ફેરફારમાં ₹39.72 કરોડની વધારાની ચુકવણી

GWIL દ્વારા હાથ ધરવામાં આવેલા પાંચ યોજનાઓમાં, MS પાઇપના ભાવ ફેરફાર તરીકે કોન્ટ્રાક્ટરોને ₹128.94 કરોડ ચૂકવવામાં આવ્યા હતા.

કલમ 59 મુજબ, MS પાઈપો માટે કિંમતમાં ફેરફારની ગણતરી સૂત્રનો ઉપયોગ કરીને કરવામાં આવે છે:

$$A = B * \left[ \left( \frac{C_1 - C_0}{C_0} \right) * D \right]$$

જ્યાં A એ ચૂકવવાપાત્ર અથવા વસૂલ કરી શકાય તેવી કિંમતમાં ફેરફારની રકમ છે, B એ HR કોઇલનો સ્ટાર રેટ[20] છે, $C_1$ એ પાઈપોનું નિરીક્ષણ કરતી વખતે HR કોઇલના જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) ની ત્રિમાસિક સરેરાશ[21] છે, $C_0$ એ મહિનાનો WPI[22] છે જેમાં સ્ટાર રેટ મંજૂર કરવામાં આવ્યો હતો, અને D એ ખરીદી બિલ અને વપરાશ રેકોર્ડના આધારે વપરાયેલ HR કોઇલનો જથ્થો છે. આ ફોર્મ્યુલાનો ઉપયોગ HR કોઇલના ભાવમાં ફુગાવાના કારણે થતા વધઘટના આધારે ચુકવણીઓને સમાયોજિત કરવા માટે થાય છે.

ઓડિટમાં જોવા મળ્યું કે GWIL એ સ્ટાર રેટ સાથે જોડાયેલા મહિનાના WPIને બદલે, ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સની મંજૂરીના મહિનાને[23] અનુરૂપ WPIના મૂલ્યો લાગુ કર્યા હતા. જેના કારણે ખોટી ગણતરીઓ

[20] હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ (WPI) ના આધારે દર નિયમિતપણે બદલાય છે ત્યારે સ્ટાર રેટને "WPI-લિંક્ડ" કહેવામાં આવે છે. WPI દર્શાવે છે કે જથ્થાબંધ સ્તરે માલના ભાવ સમય જતાં કેવી રીતે બદલાય છે અને તેનો ઉપયોગ ફુગાવાને માપવા માટે થાય છે. સ્ટાર રેટને WPI સાથે જોડીને, ખાતરી કરવામાં આવે છે કે ચુકવણીઓ/કિંમતોને WPI દ્વારા પ્રતિબિંબિત ફુગાવામાં થતા ફેરફારો સાથે મેળ ખાય તે રીતે ગોઠવવામાં આવે છે.

[21] અહીં ત્રિમાસિક સરેરાશની ગણતરી માટે કેલેન્ડર ક્વાર્ટર ધ્યાનમાં લેવામાં આવે છે.

[22] GWSSB SOR વર્ષ 2019-20 પર આધારિત કાર્યો માટે સ્ટાર રેટ સાથે જોડાયેલ WPI (HR કોઇલ) નો મહિનો ફેબ્રુઆરી 2019 હતો અને SOR વર્ષ 2022-23 (સુધારેલ) પર આધારિત કાર્યો માટે ડિસેમ્બર 2022 હતો.

[23] (i) માર્ચ-2020 (NC-41), (ii) મે-2020 (NC39-40), (iii) જુલાઈ-2023 (TID-3046), (iv) ઓગસ્ટ-2023 (TID-3045), (v) ડિસેમ્બર-2023 (TID-20255).

થઈ, જેના પરિણામે **પરિશિષ્ટ 3.1** (A) માં વિગતવાર જણાવ્યા મુજબ, ₹38.92 કરોડની ભાવમાં ફેરફારને લઈ વધારાની ચુકવણી અથવા ઓછી વસૂલાત થઈ.

ઓડિટમાં વધુમાં નોંધાયું હતું કે એક કિસ્સામાં, પાઈપોનું નિરીક્ષણ ખરેખર 4 ઓક્ટોબર 2022 ના રોજ ઓફર કરવામાં આવ્યું હતું, પરંતુ વિભાગે ભાવમાં ફેરફારની ગણતરી માટે અગાઉની તારીખ[24] (28 સપ્ટેમ્બર 2022) ખોટી રીતે ધ્યાનમાં લીધી હતી. આ ભૂલને કારણે કોન્ટ્રાક્ટરને ₹80.27 લાખની વધારાની ચુકવણી કરવામાં આવી હતી જેમ કે **પરિશિષ્ટ 3.1** (B) માં વિગતવાર જણાવાયું છે.

### *(ii) DI પાઇપના ભાવ ફેરફારમાં ₹0.53 કરોડની વધારાની ચુકવણી*

એ જ રીતે, 11 માંથી બે કામો માટે, DI પાઈપો માટે કિંમતમાં ફેરફારની ગણતરી સૂત્રનો ઉપયોગ કરીને કરવામાં આવે છે:

$$P = R_1 + 0.65 * \left[\left(\frac{I_1 - I_0}{I_0}\right) * R_0\right]$$

જ્યાં P એ ભિન્નતાને ધ્યાનમાં લેતા નવી કિંમતને અસરકારક બનાવે છે, $R_0$ (સ્ટાર રેટ) એ GWSSB SOR- વર્ષ 2022-2023 (સુધારેલ) માં ઉલ્લેખિત DI પાઇપનું મૂલ્ય છે, $I_1$ એ પાઇપ નિરીક્ષણ માટે ઓફર કરવામાં આવેલી તારીખના ભાવ ભિન્નતા પ્રભાવ મુજબ પિગ આયર્નનો વર્તમાન માસિક WPI છે, $I_0$ એ બિડ સબમિશનની છેલ્લી તારીખના રોજ બેઝ ઇન્ડેક્સ તરીકે આપવામાં આવેલ પિગ આયર્નનો માસિક WPI છે અને $R_1$ એ કોન્ટ્રાક્ટરના એકીકૃત વસ્તુ મુજબ DI પાઇપનો મંજૂર દર છે.

ઓડિટમાં જોવા મળ્યું કે GWIL એ સ્ટાર રેટ સાથે જોડાયેલા WPI નો ઉપયોગ કરવાને બદલે ખોટા WPI મૂલ્યો ($I_0$) અપનાવ્યા. આના કારણે WPI મૂલ્યોના ખોટા ઉપયોગથી કોન્ટ્રાક્ટરો પાસેથી ભૂલથી ચૂકવણી કરવામાં આવી અથવા ₹53.49 લાખ ઓછા વસૂલવામાં આવ્યા, જેમ કે **પરિશિષ્ટ 3.2** માં દર્શાવવામાં આવ્યું છે.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે, વિભાગીય નીતિ અને લાંબા સમયથી ચાલતી પ્રથા મુજબ, ડ્રાફ્ટ ટેન્ડર પેપર (DTP) ની મંજૂરીની તારીખે લાગુ પડતો WPI અપનાવવામાં આવ્યો હતો, અને તેથી, કોન્ટ્રાક્ટરને કોઈ વધારાની ચુકવણી કરવામાં આવી ન હતી.

સરકારનો જવાબ પ્રતીતિજનક નથી કારણ કે કિંમતમાં ફેરફારની ગણતરી વપરાયેલી વસ્તુઓના સ્ટાર રેટ અને તે ચોક્કસ સ્ટાર રેટ અપનાવતી વખતે પ્રવર્તમાન અનુરૂપ WPI ના સંદર્ભમાં થવી જોઈએ. આ કિસ્સામાં, વિભાગે સ્ટાર રેટ સાથે જોડાયેલા પિગ આયર્નના અનુરૂપ WPI મૂલ્યને લાગુ કર્યું ન હતું, જોકે તે જ દરોના સમયપત્રક (SOR) માં પણ ઉલ્લેખિત હતું.

વધુમાં, વિભાગે 21 મે 2021 ના રોજના તેના પરિપત્રમાં સ્પષ્ટતા કરી હતી કે પાઇપના ભાવ અને મૂળભૂત દર/ઇન્ડેક્સ દરોના સમયપત્રક મુજબ રહેશે.

---

[24] કોન્ટ્રાક્ટરે જે તારીખે જાણ કરી હતી કે નિરીક્ષણ 04 ઓક્ટોબર 2022 ના રોજ અથવા તે પછીની કોઇપણ તારીખે કરી શકાય છે.

### 3.1.1.2 MS પાઇપ્સ પર ખોટા GST દર અપનાવવાને કારણે કોન્ટ્રાક્ટરને ₹9.11 કરોડની વધારાની ચુકવણી (GWIL)

GWSSB એ (એપ્રિલ 2022) સૂચના આપી હતી કે યોજના ખર્ચ અંદાજ SOR વર્ષ 2022-23 માં સૂચિબદ્ધ આઇટમ દરોનો ઉપયોગ કરીને તૈયાર કરવા જોઈએ. રનિંગ એકાઉન્ટ (RA) બિલ પર GST અલગથી ચૂકવવાનો હતો. આ SOR, WASMO અને GWIL ને પણ લાગુ પડતો હતો.

જોકે, SOR વર્ષ 2022-23[25] ની ચકાસણી દરમિયાન, એવું જોવા મળ્યું કે GWSSB એ ચોક્કસ પ્રકારના પાઈપો, જેમ કે MS, DI, PVC અને HDPE પાઈપો માટે આઇટમ રેટ (GST સિવાય) ની ગણતરી કરતી વખતે ખોટા GST દરનો ઉપયોગ કર્યો હતો. GST દર 12 ટકા ગણીને તેને કાપવામાં આવ્યો હતો, જ્યારે આ પાઈપો માટે GST નો સાચો દર 18 ટકા હતો.

GWIL એ ધારી થી ભેંસાણ બલ્ક પાઇપલાઇન યોજનાના[26] કિસ્સામાં, 1400 મીમી વ્યાસ અને 12 મીમી જાડા 63,000 મીટર MS પાઇપનો ઉપયોગ કરવાનો અંદાજ લગાવ્યો હતો. GWIL દ્વારા નક્કી કરાયેલા ₹38,555 પ્રતિ મીટરના યુનિટ દરે યોજનામાં ઉપયોગમાં લેવાતા MS પાઈપોનો અંદાજિત ખર્ચ ₹242.90 કરોડ હતો. ઓડિટમાં જોવા મળ્યું કે આ યુનિટ દર GWIL દ્વારા 12 ટકાના ખોટા GST દરનો ઉપયોગ કરીને નક્કી કરવામાં આવ્યો હતો. જો સાચો 18 ટકા GST દર ઉપયોગમાં લેવાયો હોત, તો પ્રતિ મીટર દર ₹36,594.58 હોત. તદનુસાર, પ્રોજેક્ટમાં ઉપયોગમાં લેવાતા MS પાઈપોનો સાચો અંદાજિત ખર્ચ ₹230.55 કરોડ હોત. અંદાજોની સરખામણી નીચે **કોષ્ટક** 3.2 માં આપવામાં આવી છે:

**કોષ્ટક 3.2: ખોટા GST દરને કારણે વધારાના અંદાજની ગણતરી**

| ઉપયોગમાં લેવાનો અંદાજિત જથ્થો (મીટરમાં) | GWIL દ્વારા અપનાવવામાં આવેલ પાઈપોના રનિંગ મીટર દીઠ દર (12 % ના દરે GST ને બાદ કરીને (₹ માં) | MS પાઇપની અંદાજિત કિંમત (12% ના દરે GST બાકાત પર આધારિત (₹ કરોડ) | 18% ના દરે GST બાકાતના આધારે MS પાઈપોના રનિંગ મીટર દીઠ દર (₹ માં) | MS પાઇપની અંદાજિત કિંમત (18% ના દરે GST બાકાત પર આધારિત (₹ કરોડ) | અધિક અંદાજ (₹ કરોડ માં) |
|---|---|---|---|---|---|
| A | B | C = [A*B] | D=[B*1.12/1.18] | E= [D*A] | F=E-C |
| 63,000 | 38,555 | 242.90 | 36,594.58 | 230.55 | 12.35 |

(સ્રોત: - GWIL દ્વારા પૂરા પાડવામાં આવેલ માહિતીના આધારે ગણતરી)

(નોંધ: સુધારેલ ખર્ચ = ₹38,555 × (1.12 ÷ 1.18) × 63,000 = ₹230.55 કરોડ)

ઓડિટમાં જોવા મળ્યું કે યોજનાને અંદાજિત ખર્ચ કરતાં 9.31 ટકા ઓછા દરે (ફેબ્રુઆરી 2023) સોંપવામાં આવ્યો હતો. આમ, કોન્ટ્રાક્ટરને ચૂકવવાપાત્ર વસ્તુવાર દર, અંદાજિત ખર્ચમાં સૂચિબદ્ધ વસ્તુ દર કરતા 9.31 ટકા ઓછા હતા. ઓડિટમાં વધુમાં જોવા મળ્યું કે ફેબ્રુઆરી 2025 સુધીમાં, 60,937.57 મીટર પાઇપ[27] ખરીદવામાં આવ્યા હતા. આની સામે, કોન્ટ્રાક્ટરને ₹197.49 કરોડ ચૂકવવામાં આવ્યા હતા. જો કોન્ટ્રાક્ટરને પ્રતિ મીટર ₹38,555 ને બદલે પ્રતિ મીટર

25 17-03-2022 ના રોજ પ્રકાશિત.

26 યોજનાની અંદાજિત કિંમત ₹297.76 કરોડ હતી અને ટેન્ડર કરેલ કિંમત (જેના પર બિડ સ્વીકારવામાં આવી હતી) ₹270.04 કરોડ હતી એટલે કે અંદાજિત કિંમત કરતાં 9.31 ટકા ઓછી.

27 ₹38,555 પ્રતિ મીટરના દરે ₹234.95 કરોડની કિંમત.

₹36,594.58 ના દરે ચુકવણી કરવામાં આવી હોત, તો કોન્ટ્રાક્ટરને ચૂકવવાપાત્ર રકમ ₹187.45 કરોડ[28] હોત. ટેન્ડર કિંમત અંદાજિત ખર્ચ કરતાં 9.31 ટકા ઓછી હોવાથી, કોન્ટ્રાક્ટરને ₹9.11 કરોડની[29] વધારાની ચુકવણી મળી.

રાજ્ય સરકારે જણાવ્યું (ઓગસ્ટ 2025) કે અગાઉના SORs માં GSTનો સમાવેશ થતો હતો તેનાથી વિપરીત, GWSSB SOR વર્ષ 2022-23 GST સિવાય તૈયાર કરવામાં આવ્યો હતો. એવું પણ જણાવવામાં આવ્યું હતું કે 01.01.2022 પહેલા EPC કાર્યો પર 12 ટકા GST લાગતો હતો અને ત્યારબાદ 18 ટકા; તેથી, SOR વર્ષ 2021-22ના દરોમાં 12 ટકા GSTનો સમાવેશ થયો હતો.

સરકારનો જવાબ પ્રતીતિજનક નથી, કારણ કે 01.07.2017 થી MS, DI, PVC અને HDPE પાઈપો પર 18 ટકા GST લાગતો હતો, પછી ભલે તે સીધી રીતે ખરીદવામાં આવે કે EPC (વર્ક્સ કોન્ટ્રાક્ટ) દ્વારા. તેથી, નિયત 18 ટકાને બદલે 12 ટકા GST ઓછો કરીને SOR વર્ષ 2022-23 પ્રમાણે પાઇપ દર (GST સિવાય) મેળવવાનું યોગ્ય નથી. વધુમાં, વિભાગે વર્ષ 2022-23 પહેલાના SOR માં PVC પાઈપોના દરો મેળવતી વખતે 18 ટકા GST યોગ્ય રીતે અપનાવ્યો હતો.

### *3.1.2 કાર્યોનો અમલ (GWSSB)*

GWSSB એ મુખ્યત્વે પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાઓ (RWSS) ના વિસ્તરણ સંબંધિત કાર્યો હાથ ધર્યા છે. આ વિસ્તરણ કાર્યોનો ઉદ્દેશ્ય 55/70 લિટર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસ (lpcd) ની હાલની યોજનાઓને થી 100/140 lpcd સુધી વધારો કરવાનો છે, અને સંરચનાનું 30 વર્ષનો કાર્યકાળ સુનિશ્ચિત કરવા અને કાર્યકારી માળખાનો સમયગાળો 16 કલાકથી વધારીને 20 કલાક પ્રતિ દિવસ કરવાનો છે. આ વિસ્તરણ પ્રક્રિયામા મુખ્ય લાઇન, વિતરણ પ્રણાલીઓ વિકસાવવી, પેટા લાઈનોના બાંધકામ અને પમ્પિંગ મશીનરી લગાવવી વિગેરે સમાવિષ્ટ છે

આ માટે, રાજ્ય સ્તરે સ્ટેટ લેવલ સ્કીમ સેંકશનીંગ કમિટી (SLSSC) એ GWSSB ના સંદર્ભમાં સમગ્ર રાજયમાં અંદાજિત ₹24,570.80, કરોડના 601 કાર્યો મંજુર કર્યા હતા જેમાંથી નમૂના તપાસ કરાયેલ છ જિલ્લાઓમાં ₹4,642.37 કરોડ[30]ની અંદાજિત કિંમતના 111 કાર્યો મંજૂર કરવામાં આવ્યા હતા. ઓડિટે નમૂના તપાસ કરાયેલ છ જિલ્લાઓના તમામ 111 કાર્યોની ચકાસણી કરી હતી.

આ સંદર્ભમાં ઓડિટના અવલોકનોની હવે પછીના ફકરાઓમાં ચર્ચા કરવામાં આવી છે.

#### *3.1.2.1 નમૂના તપાસ કરાયલે જિલ્લાઓમાં JJM અંતર્ગત કરવામાં આવેલ કાર્યોની સ્થિતિ*

નમૂના તપાસ કરવામાં આવેલ છ જિલ્લાઓમાં JJM અંતર્ગત GWSSB દ્વારા હાથ ધરવામાં આવેલ 111 કાર્યો પૈકી ડિસેમ્બર 2024 સુધીમાં 41 કાર્યો (36.94 ટકા) પૂર્ણ કરવામાં આવ્યા હતા[31].

---

28 ₹197.49 કરોડ *1.12/1.18=₹187.45 કરોડ.

29 (₹197.49 કરોડ – ₹187.45 કરોડ) × 90.69 *ટકા* (અંદાજના 9.31 ટકાથી નીચે ટેન્ડર કિંમત હોવાથી) તરીકે ગણવામાં આવે છે.

30 અમરેલી વિભાગ - ₹817.04 કરોડના ખર્ચે 22 કામો; આણંદ વિભાગ - ₹143.91 કરોડના ખર્ચે નવ કામો; ભરૂચ વિભાગ - ₹827.33 કરોડના ખર્ચે 18 કામો; દાહોદ વિભાગ - ₹2,237.64 કરોડના ખર્ચે 47 કામો; ગાંધીનગર વિભાગ - ₹258.53 કરોડના ખર્ચે છ કામો; અને પાટણ વિભાગ - ₹357.92 કરોડના ખર્ચે નવ કામો.

31 ચાર નિર્ધારિત સમયમાં પૂર્ણ થયા હતા જ્યારે બાકીના 37 એક થી 34 મહિનાના વિલંબ સાથે પૂર્ણ થયા હતા.

બાકીના 70 કાર્યો માંથી 65 કાર્યો પ્રગતિમાં હતા જ્યારે બાકીના પાંચ કાર્યો[32] શરૂ જ કરાયા ન હતા અથવા તો પડતાં મૂકવામાં આવ્યા હતા. કાર્ય પ્રગતિમાં હતા તેવા કાર્યો માંથી 13 માં કાર્ય પૂર્ણ થવાની તારીખ હજુ આવવાની બાકી હતી, જ્યારે 52 કાર્યોમાં કાર્ય પુર્ણ કરવાની તારીખ પહેલેથીજ વીતી ચૂકી હતી.

**આલેખ 3.1: ડિસેમ્બર 2024 ની સ્થિતિએ JJM અંતર્ગત નમૂના તપાસ કરવામા આવેલ છ જિલ્લાઓમાં GWSSB દ્વારા કરવામા આવેલ કાર્યોની સ્થિતિ**




**(સ્ત્રોત: GWSSB દ્વારા પૂરી પડાયેલ માહિતી)**

ઓડિટમાં જણાયું હતું કે વિલંબ થવાનું પ્રાથમિક કારણ જમીન સંપાદનને લગતા મુદ્દાઓ અને વૈધાનિક મંજૂરી મેળવવામાં જેમકે વન વિભાગની મંજૂરી અને રેલ્વે વિભાગ દ્વારા ક્રોસિંગ માટેની મંજૂરી માટે લગતા સમય ને આભારી હતો.

### *3.1.2.2 નિર્ધારિત સમય મર્યાદા બાદ ₹1,388.15 કરોડના 33 કાર્યો આપવામા આવ્યા*

JJM માર્ગદર્શિકા અનુસાર ત્રણ વર્ષમા પૂર્ણ કરવાની પાણી પુરવઠા યોજનાઓના કાર્ય માટે નો કોન્ટ્રાક્ટ માર્ચ 2021 પહેલા અને બે વર્ષમાં પૂર્ણ કરવાની યોજનાઓનો કોન્ટ્રાક્ટ માર્ચ 2022 પહેલા આપી દેવો જરૂરી હતો. માર્ગદર્શિકાઓમા કોઈ પણ પ્રકારના વિચલન માટે GoI ની અગાઉથી મંજૂરી મેળવવી જરૂરી હતી.

નમૂના તપાસ કરાયેલ છ જિલ્લાઓની ઓડિટની ચકાસણીમાં જણાયું હતું કે અંદાજિત ₹1,388.15 કરોડની કિંમતના 33 કાર્યો માર્ચ 2022 પછી એપ્રિલ 2024 અને માર્ચ 2026 વચ્ચેની કાર્ય પૂર્ણ કરવાની નિર્ધારિત તારીખ સાથે આપવામા આવ્યા હતા. વધુમાં, ₹232.71 કરોડની કિંમતના ત્રણ કાર્યો SLSSC એ માર્ચ 2021 મા મંજૂર કર્યા હતા, કે અધિકાર ક્ષેત્ર પરસ્પર વ્યાપ્ત હોવા વિગેરે કારણે DPR/ટેન્ડર સ્તરે રહ્યા હતા (ડિસેમ્બર 2024). જેની વિગતો નીચે **કોષ્ટક 3.3** મા દર્શાવેલ છે:

[32] ત્રણ કામો હજુ શરૂ થવાના બાકી હતા (અમરેલી અને દાહોદમાં એક-એક કામ, જે બંને ટેન્ડરિંગ તબક્કામાં હતા, ગાંધીનગરમાં એક કામ, જેના માટે DPR મંજૂરી હેઠળ હતો) અને ગાંધીનગરમાં બે અન્ય કામો પડતા મૂકવામાં આવ્યા હતા.

કોષ્ટક 3.3: ડિસેમ્બર 2024ની સ્થિતિએ માર્ચ 2022 પછી અપાયેલ કાર્યોની જિલ્લાવાર સ્થિતિ

| જિલ્લો | વર્ષ 2019-24 દરમિયાન અપાયેલ કુલ કાર્યો | માર્ચ 2024 બાદ પૂર્ણ કરવાની તારીખ સાથે માર્ચ 2022 બાદ આપવામાં આવેલ કુલ કાર્યો | | હજુ સુધી DPR/ટેન્ડર સ્તરે રહેલા કાર્યોની અંદાજિત કિંમત | |
|---|---|---|---|---|---|
| | | કાર્યોની સંખ્યા | અંદાજિત કિંમત (₹ કરોડમાં) | કાર્યોની સંખ્યા | કિંમત (₹ કરોડમાં) |
| અમરેલી | 22 | 15 | 620.29 | 01 | 74.69 |
| આણંદ | 09 | 06 | 41.63 | 00 | 0.00 |
| ભરુચ | 18 | 05 | 255.98 | 00 | 0.00 |
| દાહોદ | 47 | 05 | 357.59 | 01 | 66.00 |
| ગાંધીનગર | 06 | 02 | 112.66 | 01 | 92.02 |
| પાટણ | 09 | 00 | 0.00 | 00 | 0.00 |
| કુલ | 111 | 33 | 1,388.15 | 03 | 232.71 |

(સ્રોત: પસંદ કરાયેલ જિલ્લાઓમાંથી મેળવાયેલ માહિતી)

ઓડિટમાં જણાયું હતું કે GoI ની અગાઉથી મંજૂરી મેળવવી જરૂરી હોવા છત્તા પણ ડિસેમ્બર 2024 સુધી આ મંજૂરી મેળવવામા આવી ન હતી. ઉપરાંત, વધુમાં જણાયું હતું કે કાર્ય પૂર્ણ કરવાની નિર્ધારિત તારીખનો વ્યાપ માર્ચ 2024 પછીથી બે થી 24 મહિના સુધીનો રહ્યો હતો.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે COVID-19, મહામારી, ટેન્ડર માટેના બહુવિધ પ્રયત્નો અને અન્ય કાર્યકારી પડકારોને લઈ પાણી પુરવઠા યોજનાઓના કોન્ટ્રાક્ટ આપવામા વિલંબ થયેલ હતો. વધુમાં જણાવ્યુ હતું કે ભારત સરકાર (GoI) ની અગાઉથી મંજૂરી મેળવવામા આવી ન હતી  કારણકે દરેક પ્રોજેક્ટ્સ SLSSC દ્વારા મંજૂર કરાયેલ બજેટ  અને મંજૂર મર્યાદા સીમાની અંદર જ કરવામાં આવ્યા હતા.

ઓડિટનો મત છે કે JJM માર્ગદર્શિકામાં નિર્ધારિત સમયમર્યાદાથી કોઈપણ વિચલન માટે ભારત સરકારની પૂર્વ મંજૂરીની સ્પષ્ટપણે જરૂર છે.

### *3.1.2.3 પૂર્ણ થયેલ કાર્યો*

ઓડિટમાં જોવા મળ્યું કે ગ્રામીણ પાણી પુરવઠા યોજનાઓમાં, ભૂગર્ભ સમ્પ/હેડવર્ક્સ અને એલિવેટેડ સર્વિસ રિઝર્વૉયર્સ (ESR) ને જોડવાના કાર્ય ઘટકનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો પરિણામે, યોજનાઓ ભૌતિક રીતે પૂર્ણ થયા હોવા છતાં, કેટલાક પૂર્ણ થયેલા માળખાઓનો ઉપયોગ થઈ શક્યો નહીં. નીચેના ફકરામાં કેટલાક નમૂના-તપાસેલ કેસોની ચર્ચા કરવામાં આવી છે.

- ***ઉમરેઠ RWSS માં સરફેસ વૉટરનો (ભૂપૃષ્ઠ જલ)પુરવઠો***

ઉમરેઠ તાલુકા (જિલ્લો આણંદ) ના તમામ 39 ગામોમાં પીવાના હેતુ માટે ભૂગર્ભજળના ઉપયોગને કરવાને બદલે  મહિસાગર નદી આધારિત બે પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાઓ (RWSS), ઉમરેઠ ઉત્તર અને ઉમરેઠ દક્ષિણને 31 જુલાઈ 2020 ના રોજ GWSSB ઝોન-2, અમદાવાદના મુખ્ય ઇજનેર દ્વારા વહીવટી રીતે મંજૂરી આપવામાં આવી હતી. આ યોજનાઓનો ઉદ્દેશ્ય 39 ગામો (ઉમરેઠ ઉત્તરમાં 19 અને ઉમરેઠ દક્ષિણમાં 20) અને 69 અન્ય રહેઠાણોને ઘરેલુ નળ જોડાણો દ્વારા પ્રતિ વ્યક્તિને 100 લિટર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિન  (lpcd) પીવાનું પાણી પૂરું પાડવાનો હતો.

ઉમરેઠ દક્ષિણ અને ઉમરેઠ ઉત્તર RWSS માટેના કામો 5 ડિસેમ્બર 2020 ના રોજ સોંપવામાં આવ્યા હતા અને અનુક્રમે 10 મે 2024 અને 14 મે 2024 ના રોજ પૂર્ણ થયા હતા. RWSS નો મુખ્ય હેતુ લાભાર્થીઓના ગામડાઓને સરફેસ વોટર પૂરું પાડવાનો હતો.

જોકે, ગામડાઓમાં નવા બાંધવામાં આવેલા ભૂગર્ભ સમ્પ હાલના એલિવેટેડ સ્ટોરેજ રિઝર્વોયર (ESR) સાથે જોડાયેલા ન હોવાથી, લક્ષિત ઘરોને પીવાનું પાણી પૂરું પાડી શકાયું નહીં (ડિસેમ્બર 2024). પરિણામે, કુલ ₹113.49 કરોડ (ઉમરેઠ દક્ષિણ માટે ₹76.75 કરોડ અને ઉમરેઠ ઉત્તર માટે ₹36.74 કરોડ) ખર્ચ કર્યા પછી અને ભૌતિક પૂર્ણ હોવા છતાં, ઇચ્છિત લાભાર્થીઓને ઘરેલુ નળ જોડાણો દ્વારા પીવાનું પાણી પૂરું પાડી શકાયું નહીં.

ઓડિટમાં જોવા મળ્યું કે બંને RWSS કાર્ય યોજનાનો મૂળ કાર્યક્ષેત્ર ગ્રામ્ય સ્તરે એક જ સેવા બિંદુ પૂરો પાડવાનો હતો(UG સમ્પ). તેમાં સમ્પ્સને ESR[33] સાથે જોડવાના મહત્વપૂર્ણ ઘટકનો સમાવેશ થતો ન હતો. ઓડિટમાં વધુમાં નોંધાયું છે કે GWSSB એ (જાન્યુઆરી 2021) નિર્દેશ આપ્યો હતો કે સમ્પ-ટુ-ESR જોડાણને બધી ચાલી રહેલ અને ભવિષ્યની યોજનાઓમાં શામેલ કરવી જોઈએ. જોકે, આને વધારાના કામ તરીકે લેવામાં આવ્યા હતા જેના માટે 11 ડિસેમ્બર 2023 (ઉમરેઠ ઉત્તર) અને 9 ફેબ્રુઆરી 2024 (ઉમરેઠ દક્ષિણ) ના રોજ, એટલે કે, નિર્દેશની તારીખથી અનુક્રમે 34 મહિના અને 36 મહિનાના વિરામ પછી, લેટર ઓફ ઇન્ટેન્ટ (LoI)/વર્ક ઓર્ડર (ESRs સાથે સમ્પ્સને જોડવા માટે) જારી કરવામાં આવ્યા હતા. વધુમાં, ડિસેમ્બર 2024 સુધીમાં, અનુક્રમે 10 એપ્રિલ 2024 અને 8 જૂન 2024 ની નિર્ધારિત પૂર્ણતા તારીખ હોવા છતાં, કામો હજુ પણ પ્રગતિમાં હતા.

આણંદ GWSSB ના કાર્યપાલક ઈજનેરે (ડિસેમ્બર 2024) જણાવ્યું હતું કે સમ્પ થી ESR જોડાણ મૂળ યોજના/કાર્યક્ષેત્રમાં નહોતું અને જાન્યુઆરી 2021 માં GWSSB ના નિર્દેશ પ્રાપ્ત થયા પછી તેનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારે જણાવ્યું (ઓગસ્ટ 2025) કે ગ્રામ્ય સ્તરના સંગ્રહ માટે વધારાના આયોજન અને ગ્રામ પંચાયતો દ્વારા સમ્પ માટેના સ્થળોને અંતિમ સ્વરૂપ આપવામાં મોડું થવાને કારણે શરૂઆતમાં વિલંબ થયો હતો. સરકારે વધુમાં જણાવ્યું હતું કે કામો ફેબ્રુઆરી 2025 માં પૂર્ણ થયા છે, અને હવે સરફેસ વોટર બધા લાભાર્થીઓ માટે ઉપલબ્ધ છે.

### ➢ *ભરૂચના RWSS યોજનામાં સંપત્તિનો ઉપયોગ*

ભરૂચ GWSSBના કાર્યપાલક ઇજનેરે (જાન્યુઆરી 2020) 21 ગામોને આવરી લેતા ₹11.13 કરોડના ટેન્ડર ખર્ચે સમ્પની ડિઝાઇન અને તેને ચાલુ કરવા, DI પાઇપલાઇન્સ નાખવા, પંપ હાઉસના બાંધકામ વગેરે માટે કોન્ટ્રાક્ટ આપ્યો. આ કામ સપ્ટેમ્બર 2021 માં પૂર્ણ થયું હતું, અને ડિસેમ્બર 2021 માં ₹11.20 કરોડની અંતિમ ચુકવણી કરવામાં આવી હતી. આ યોજનાનો ઉદ્દેશ્ય અંકલેશ્વર અને હાંસોટ તાલુકાના 21 ગામોમાં 25,941 (2018 માં અંદાજિત) ની વસ્તીને દરરોજ 70 lpcd પીવાનું પાણી પૂરું પાડવાનો હતો.

---

33 વિતરણ વ્યવસ્થામાં જરૂરી દબાણ જાળવવા માટે જમીનની સપાટીથી ઉપર સ્થિત પાણીના ટાવર જેવા માળખામાં પાણી સંગ્રહિત કરવાની પદ્ધતિ.

ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે ભરૂચમાં RWSS યોજના સપ્ટેમ્બર 2021 માં પૂર્ણ થઈ હતી, પરંતુ સમ્પ અને એલિવેટેડ સર્વિસ રિઝર્વોયર (ESR) વચ્ચે જોડાણનું કામ હાથમાં ન લેવાને કારણે, લક્ષિત વસ્તીને પીવાનું પાણી પૂરું પાડવાનો ઉદ્દેશ્ય પ્રાપ્ત થઈ શક્યો નહીં (નવેમ્બર 2024).

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જાણ કરી કે બે ગામોનું કામ પૂર્ણ થઈ ગયું છે અને ઇચ્છિત લાભ મળતો થયો છે. બાકીના 19 ગામોના બાકી રહેલા કામો ટૂંક સમયમાં પૂર્ણ કરવાની પણ ખાતરી આપવામાં આવી હતી.

- ***પાટણ PHW વિભાગ અંતર્ગત 48 ગામોને પીવાના પાણીનો પુરવઠો***

ધરોઈ RWSS હેઠળના 121 ગામોને નર્મદા મુખ્ય નહેર (NMC) આધારિત સિસ્ટમમાં ખસેડવા માટે પાટણ ના GWSSB વિભાગ દ્વારા પાણી પુરવઠાની બે યોજનાઓ અમલમાં મૂકવામાં આવી હતી.

એવું જોવાયું હતું કે પાટણ, સિધ્ધપુર, કાંકરેજ અને સરસ્વતી તાલુકાઓમાના 90 ગામોને આવરી લેતું પ્રથમ કાર્ય માર્ચ 2022 માં ₹107.86 કરોડની ટેન્ડર કિંમતે અપાયું હતું અને તે માર્ચ 2024 માં પૂર્ણ થયેલ હતું. સિધ્ધપુર તાલુકાનાં 31 ગામોને આવરી લેતું બીજું કાર્ય ₹30.12 કરોડની ટેન્ડર કિંમતે નવેમ્બર 2021 માં અપાયું હતું અને ઓક્ટોબર 2024 માં પુર્ણ થયેલ હતું. કાર્ય પૂર્ણ થઈ ગયેલ હોવા છત્તા ભૂગર્ભમાં નવા બનાવાયેલ સમ્પનું ગામના ESR સાથે જોડાણ ન કરવાથી અને/અથવા પમ્પિંગ માટેની મોટરો ઇન્સ્ટોલ ન કરવાથી 121 માંથી 48 ગામોમાં પીવાનું પાણી પૂરું પાડવામાં આવતું ન હતું.

ઓડિટમાં વધુમાં જણાયું હતું કે જાન્યુઆરી 2021 માં જારી કરાયેલ GWSSB સૂચનાઓથી વિપરીત, તમામ યોજનાઓમાં આવી જોગવાઈઓની આવશ્યકતા હોવા છત્તા , મૂળ કાર્યક્ષેત્રમાં સમ્પથી ESR ના જોડાણ અથવા મોટર ઇન્સ્ટોલેશન કરવાના કાર્યનો સમાવેશ થતો ન હતો. પરિણામ સ્વરૂપ ડિસેમ્બર 2024 સુધી આ 48 ગામોમાં ₹5.13 કરોડ ના ખર્ચે ઊભી કરવામાં આવેલ માળખાગત સુવિધાઓ વણ વપરાયેલ પડી રહી હતી.

જેના નિરાકરણ માટે પાટણ GWSSB ના કાર્યપાલક ઈજનેરે અધિક્ષક ઈજનેર પાલનપુરને આ ખૂટતા કાર્ય માટે ₹1.48 કરોડનો અંદાજ પ્રસ્તુત કર્યો હતો (ઓગષ્ટ 2024). પણ તેની મંજૂરી મળવી હજુ બાકી હતી (ડિસેમ્બર 2024).

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે 49 ગામોમાં ભૂગર્ભ સમ્પ થી ESR ને જોડવાની પ્રક્રિયા પ્રગતિમાં હતી. સરકારે એમ પણ જણાવ્યું હતું કે હાલમાં ગામડાઓમાં સ્થાનિક ટ્યુબવેલ પર આધારિત FHTC છે અને તેમને નિયમિત પાણી પુરવઠો મળી રહ્યો છે.

- ***ભરૂચના CZBT RWSS હેઠળ છ ગામોને પીવાના પાણીનો પુરવઠો***

આમોદ, ભરૂચ અને વાગરા તાલુકાના 19 ગામોને પીવાનું પાણી પૂરું પાડવા માટે સેન્ટ્રલ ઝોન બારા ટ્રેક (CZBT) પ્રાદેશિક પાણી પુરવઠા યોજના હેઠળ ઓક્ટોબર 2020 માં એક કરાર કરવામાં આવ્યો હતો. આ કામ ઓક્ટોબર 2022 માં પૂર્ણ થયું હતું, અને માર્ચ 2023માં ₹46.44 કરોડની અંતિમ ચુકવણી કરવામાં આવી હતી. આ યોજનાનો ઉદ્દેશ્ય 39,236 લોકોની વસ્તી (2018ના અંદાજ મુજબ) ને દરરોજ પ્રતિ વ્યક્તિ 100 lpcd પાણી પહોંચાડવાનો હતો.

ઓડિટ ચકાસણીમાં જણાયું હતું કે 19માંથી 13 ગામો માં નવેમ્બર 2024 ની સ્થિતિએ પાણી મળતું હતું. છ ગામોની[34] 17,431 જેટલી વસ્તી (લક્ષ્યાંકિત ના 44 ટકા) 400mm ની DI પાઇપ લાઇન ન બિછાવવાને કારણે આવરી લેવાઈ ન હતી (નવેમ્બર 2024). કારણકે આ યોજના માટેના પાઇપ કોઈ અન્ય યોજનામાં ઉપયોગમાં લેવાયા હતા. પરિણામ સ્વરૂપ નવેમ્બર 2024 ની સ્થિતિએ 1.75 કરોડની માળખાગત સુવિધાઓ (₹0.55 કરોડ[35] ની ગ્રામ્ય સ્તરની મિલકત અને ₹1.20 કરોડના બે હેડ વર્ક[36]) વણ વપરાયેલ પડી રહી હતી. આમ, આ છ ગામોને માટેનો આ યોજનાનો ઇચ્છિત લાભ હજુ સુધી પ્રાપ્ત થયો નથી.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે ટેકનિકલ અને ક્ષેત્ર-સ્તરીય અવરોધોને કારણે વિલંબ થયો હતો, જેને હવે દૂર કરવામાં આવ્યો છે. સરકારે એ પણ જણાવ્યું હતું કે યોજના તેના અંતિમ તબક્કામાં છે, અને ટૂંક સમયમાં તમામ 19 ગામોના લાભાર્થીઓને ઇચ્છિત લાભો આપવામાં આવશે.

### *3.1.2.4 કામો પ્રગતિમાં હોવા અથવા શરૂ ન થવા*

નમૂના-તપાસેલ જિલ્લાઓમાં 31 ડિસેમ્બર 2024 ની સ્થીતિએ, JJM હેઠળ GWSSB દ્વારા હાથ ધરવામાં આવેલા 111 કામોમાંથી 65 કામો પ્રગતિ[37] હેઠળ હતા. વધુમાં, બે કામો ટેન્ડરિંગ તબક્કામાં હતા; એક કામ માટે, DPR મંજૂરી હેઠળ હતો, જ્યારે બે કામો પડતા મૂકવામાં આવ્યા હતા.

વર્ષ 2019-24 દરમિયાન JJM હેઠળ GWSSB, ગાંધીનગર પ્રભાગ દ્વારા છ વિસ્તરણ કાર્યો હાથ ધરવામાં આવ્યા હતા. તેમની વિગતોનો સારાંશ નીચે **કોષ્ટક 3.4** માં આપવામાં આવેલ છે.:

**કોષ્ટક 3.4: ડિસેમ્બર 2024 સુધીમાં વર્ષ 2019-24 દરમિયાન JJM હેઠળ GWSSB, ગાંધીનગર પ્રભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા છ વિસ્તરણ કાર્યોની વિગતો**

| ક્રમ. | કાર્ય નું નામ | અંદાજીત કિંમત (₹કરોડમાં) | સ્થિતી (ડિસેમ્બર 2024) |
|---|---|---|---|
| 1 | G-2 પ્રાદેશિક ક્ષેત્રનું વિસ્તરણ (લાભોર ગ્રુપ) | 61.51 | પ્રગતિમાં (પૂર્ણ થવાની નિયત તારીખની અંદર) |
| 2 | G-2 પ્રાદેશિક ક્ષેત્રનું વિસ્તરણ (મોટા જાલૂન્દ્રા) | 49.35 | |
| 3 | M-1 પ્રાદેશિક ક્ષેત્રનું વિસ્તરણ ભાગ-2 | 45 (મૂળ) / 92.02 (સુધારેલ) | DPR સ્તરે – DPR 08/02/2024 નારોજ પ્રસ્તુત કરાયો હતો |
| 4 | G-2 પ્રાદેશિક ક્ષેત્રનું વિસ્તરણ ભાગ-2 | 25.64 | પ્રગતિમાં |
| 5 | G-1 પ્રાદેશિક ક્ષેત્રનું વિસ્તરણ | 23.00 | પડતાં મુકાયા |
| 6 | નાના ગામોના જોડાણ | 07.00 | પડતાં મુકાયા |

*(સ્રોત : SLSSC મીટિંગની મિનિટ્સ અને વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી)*

34 1. ભેરસમ, 2. ડેરોલ, 3. દેત્રાલ, 4. મનુબાર, 5. કંથારિયા અને 6. દાસણ.

35 1. ભેરસમ (₹6,04,538), 2. ડેરોલ (₹10,82,246), 3. દેત્રાલ (₹4,26,878), 4. મનુબાર (₹13,86,242), 5. કંથારિયા (₹15,52,058) અને 6. દાસણ (₹4,26,878).

36 1. વિલાયત હેડવર્કસ (₹10,82,246) અને 2. વેસાદડા હેડવર્કસ (₹1,09,71,633).

37 આમાં નિર્ધારિત સમયગાળામાં કાર્ય પૂર્ણ કરવાની મર્યાદામાં ચાલી રહેલા 13 કાર્યોનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત **કોષ્ટક 3.4** પરથી જોઈ શકાય છે તેમ, બે કામો પૂર્ણ થવાની નિર્ધારિત તારીખે પ્રગતિમાં હતા. બાકીના ચાર કાર્યોને લગતા અવલોકનોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

> ➢ ***M1 પ્રાદેશિક ભાગ 2 યોજના***

SLSSC એ માર્ચ 2021 માં ₹45 કરોડની અંદાજિત કિંમત સાથે યોજનાને મંજૂરી આપી હતી. હાલની પાણી પુરવઠા યોજના 67 ગામો અને ત્રણ નગરોને સેવા આપવા માટે ડિઝાઇન કરવામાં આવી હતી. M1 પ્રાદેશિક ભાગ 2 યોજનાનો હેતુ પુરવઠો 70 lpcd થી વધારીને 100 lpcd કરવાનો હતો અને હાલની યોજનાનો હેતુ અંતિમ ગામો સુધી પૂરતું પાણી પૂરું પાડવાનો હતો. ઓડિટમાં જોવા મળ્યું કે હાલની યોજનામાંથી 17 ગામોને ગાંધીનગરથી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (AUDA) માં ખસેડવામાં આવ્યા હતા. એ ઉલ્લેખનીય છે કે AUDA પાસે પાણીની માંગનું ધોરણ 140 lpcd હતું. જોકે, GWSSB અને AUDA વચ્ચે જવાબદારીઓનું સીમાંકન ન થવાને કારણે, યોજનાના કાર્યક્ષેત્ર અને જરૂરિયાતોને અંતિમ સ્વરૂપ આપવામાં વિલંબ થયો. આમ, સંકળાયેલી એજન્સીઓ[38] વચ્ચે સંકલનના અભાવને કારણે, ફેબ્રુઆરી 2024 માં (SLSSC દ્વારા યોજનાની મંજૂરીના લગભગ ત્રણ વર્ષ પછી) GWSSB, ગાંધીનગર પ્રભાગના કાર્યપાલક ઇજનેર દ્વારા વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં યોજનાની કિંમત સુધારીને ₹92.02 કરોડ કરવામાં આવી હતી.

રાજ્ય સરકારે જણાવ્યું (ઓગસ્ટ 2025) કે આ ગામોને પહેલાથી જ હાલની યોજનાઓ દ્વારા પાણી મળતું હતું, અને તેથી, યોજનાઓના તાત્કાલિક અમલ માટે પ્રાથમિકતા આપવામાં આવી ન હતી. આ વિસ્તરણ યોજનાના અમલીકરણને કારણે આ ગામોમાં FHTC લક્ષ્યને કોઈ અસર થઈ ન હતી તેવું પણ જણાવવામાં આવ્યું હતું. સરકારે એ પણ ઉલ્લેખ કર્યો છે કે વિસ્તૃત કાર્યક્ષેત્ર અને તકનીકી સુધારાઓને કારણે, યોજનાની સુધારેલ કિંમત પ્રારંભિક અંદાજ કરતાં નોંધપાત્ર રીતે વધી છે. એ પણ જણાવવામાં આવ્યું હતું કે અપડેટ કરેલ યોજના હવે JJM ના ભંડોળના ધોરણોનું પાલન કરતી નથી, અને તેથી, JJM માંથી આ યોજનાને પડતી મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેને રાજ્યના બજેટમાંથી લેવામાં આવશે.

સરકારનો જવાબ પ્રતીતિજનક નથી; M-1 પ્રાદેશિક ભાગ-2 યોજનાની મંજૂરીએ ટકાઉ અને સમાનતા માટે વિસ્તરણની જરૂરિયાત પર ભાર મૂકે છે. વિભાગ દ્વારા જૂની સિસ્ટમમાં ખામીઓનો સ્વીકાર અને ફરીથી ડિઝાઇન, આયોજનની ખામીઓની પુષ્ટિ કરે છે. વિલંબ અને પુનઃડિઝાઇનને કારણે ₹47 કરોડનો ખર્ચ વધ્યો, કેન્દ્રીય ભંડોળ ગુમાવ્યું અને યોજનાને રાજ્યના બજેટમાં ખસેડાઈ.

> ➢ ***G-2 પ્રાદેશિક ભાગ 2 યોજનાનો અમલ***

GWSSB ગાંધીનગર પ્રભાગના, એક્ઝિક્યુટિવ એન્જિનિયરે (મે 2022) ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) / ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (GUDA) વિસ્તારમાં કુડાસણ જૂથ (સાત ગામો, વસ્તી: 2021 મુજબ 27,116) અને ટાઉન પ્લાનિંગ યોજનાઓ માટે વ્યાપક પાણી પુરવઠા પ્રણાલીની ડિઝાઇન, નિર્માણ અને ટ્રાયલ રન માટે કોન્ટ્રાક્ટ આપ્યો. આ કામ ₹30.05 કરોડની ટેન્ડર કિંમતે સોંપવામાં આવ્યું હતું, જેની પૂર્ણતા તારીખ 12 મહિના (મે 2023) નક્કી કરવામાં આવી હતી.

---

[38] GWSSB-ગાંધીનગર વિભાગ અને અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

ઓડિટમાં જોવા મળ્યું કે કોન્ટ્રાક્ટરે (ડિસેમ્બર 2022) કાયદાકીય મંજૂરીઓ[39] મેળવવામાં વિલંબ, સમ્પ બાંધકામ અને પાઇપલાઇન પ્રવૃત્તિઓ માટે છ ગ્રામ પંચાયતો દ્વારા જમીન ફાળવણી ન થવા અને કેટલાક ગામોમાં ખેડૂતો દ્વારા ઉઠાવવામાં આવેલા ઉપયોગના અધિકાર (ROU) મુદ્દાઓને કારણે વધારાના 208 દિવસ માટે અરજી કરી હતી. આ વાજબી કારણોના આધારે, GWSSB ના ઝોન-2, અમદાવાદના ચીફ ઇજનેરે ડિસેમ્બર 2023 (208 દિવસ) સુધી સમયમર્યાદા લંબાવી, પરંતુ ટેન્ડર અને ખરીદી સમિતિએ (માર્ચ 2023) તેને 111 દિવસ માટે એટલે કે સપ્ટેમ્બર 2023 સુધી મંજૂરી આપી.

ઓડિટ ચકાસણીમાં જાણવા મળ્યું કે, ડિસેમ્બર 2024 સુધીમાં, કામ હજુ પણ પ્રગતિમાં હતું, જેના કારણે છેલ્લે મંજૂર થયેલી વધારેલ સમય મર્યાદા (સપ્ટેમ્બર 2023 થી) કરતાં 472 દિવસનો વધારાનો વિલંબ થયો. કોન્ટ્રાક્ટરે સપ્ટેમ્બર 2023 પછી કોઈ વધારાની મુદત માટે અરજી કરી ન હતી, જે યોજનાના વ્યવસ્થાપન અને કરારના અમલીકરણમાં ખામી દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર 2024 સુધીમાં કોન્ટ્રાક્ટરને ₹ 20.78 કરોડની રકમ ચૂકવવામાં આવી છે.

રાજ્ય સરકારે સ્વીકાર્યું (ઓગસ્ટ 2025) કે GWSSB અને GMC/GUDA વચ્ચે આંતર-વિભાગીય અને ક્ષેત્ર-સ્તરીય સંકલન સમસ્યાઓને કારણે વિલંબ થયો હતો. સરકારે એમ પણ જણાવ્યું હતું કે આ યોજના પૂર્ણ થઈ ગઈ છે અને કાર્યરત થઈ ગઈ છે અને ઇચ્છિત સેવાઓ પૂરી પાડી રહી છે.

- ***G-1 પ્રાદેશિક તેમજ નાના ગામોને જોડતી યોજનાના વિસ્તરણને પડતું મૂકવામાં આવ્યું***

G-1 પ્રાદેશિક (અંદાજિત ખર્ચ ₹23 કરોડ) અને નાના ગામોનું જોડાણનું (અંદાજિત ખર્ચ ₹7.00 કરોડ) વિસ્તરણ પડતું મૂકવામાં આવ્યું. રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જાણ કરી હતી કે આ બે યોજનાઓ પડતી મૂકવામાં આવી હતી કારણ કે યોજનાઓ હેઠળનો વિસ્તાર ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (GUDA) માં સમાવવામાં આવ્યો હતો.

આ સૂચવે છે કે યોજનાઓને અધિકારક્ષેત્રના વ્યાપની પૂર્વ ચકાસણી વિના મંજૂરી આપવામાં આવી હતી, જે આંતર-વિભાગીય અપૂરતું સંકલન દર્શાવે છે.

### *3.1.2.5 કરાર વ્યવસ્થાપન*

કરાર વ્યવસ્થાપન એ જાહેર ભંડોળના ઉપયોગમાં પારદર્શિતા, ન્યાયીતા, અર્થતંત્ર, કાર્યક્ષમતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે કરારનું આયોજન, ફાળવણી અને અમલીકરણ કરવાની વ્યવસ્થિત પ્રક્રિયાનો ઉલ્લેખ કરે છે. અસરકારક કરાર વ્યવસ્થાપન માટે ટેન્ડરિંગ પ્રક્રિયાઓનું પાલન, અમલીકરણનું નિરીક્ષણ, કિંમતમાં ફેરફાર, લિક્વિડેટેડ ડેમેજ અને વિવાદ નિરાકરણ સંબંધિત કલમોનો યોગ્ય ઉપયોગ જરૂરી છે, જેમાં જાહેર હિતનું રક્ષણ અને કરારની સમગ્ર પ્રક્રિયા દરમિયાન નાણાકીય શિસ્ત જાળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

---

[39] માર્ગ અને મકાન વિભાગ તથા વન વિભાગની મંજૂરી તેમજ ગુજરાત ગેસ અને સાબરમતી ગેસ વગેરે તરફથી મંજૂરી.

GWSSB માં કરાર વ્યવસ્થાપન મેનેજમેન્ટના સંદર્ભમાં જોવા મળેલા મુદ્દાઓની ચર્ચા આગામી ફકરામાં કરવામાં આવી છે.

### *(i) ભાવ ફેરફારને લઈ કોન્ટ્રાક્ટરને ₹ 14.81 કરોડની વધારાની ચુકવણી (GWSSB)*

આ અહેવાલના **ફકરા 3.1.1.1** માં ચર્ચા કર્યા મુજબ, ટેન્ડર દસ્તાવેજના કરારની સામાન્ય શરતોના કલમ 59 માં એવી જોગવાઈ છે કે માઇલ્ડ સ્ટીલ (MS) અને ડક્ટાઇલ આયર્ન (DI) પાઈપો માટે કિંમતમાં ફેરફારની ચુકવણી જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) માં વધઘટના આધારે ગણવામાં આવશે. ખાસ કરીને, હોટ રોલ્ડ કોઇલ (HR કોઇલ) ના WPI નો ઉપયોગ MS પાઈપો માટે કરવાનો છે, અને પિગ આયર્ન ના WPI નો ઉપયોગ DI પાઈપો માટે કરવાનો છે. પોલીવિનાઇલ ક્લોરાઇડ (PVC) પાઈપોના ભાવમાં ફેરફારની ગણતરી ઇન્ડિયન પેટ્રોકેમિકલ કોર્પોરેશન લિમિટેડ (IPCL) [40] દ્વારા સમયાંતરે જાહેર કરાયેલ PVC રેઝિન દરમાં થતી વધઘટના આધારે કરવામાં આવે છે.

- ***DI પાઇપના પાયાના WPI ઇન્ડેક્સના ખોટા ઉપયોગને કારણે કોન્ટ્રાક્ટરને ₹14.07 કરોડની વધારાની ચુકવણી***

**ફકરા 3.1.1.1 (ii)** માં જણાવ્યા મુજબ, ડક્ટાઇલ આયર્ન (DI) પાઈપો માટેના ભાવમાં ફેરફારની ગણતરી પિગ આયર્નના માસિક જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) માં થયેલા ફેરફારોના આધારે કરવામાં આવે છે, જે કરારના સામાન્ય નિયમો અને શરતોમાં નીચે આપેલા સૂત્ર અનુસાર છે:

$$P = R_1 + 0.65 * \left[\left(\frac{I_1 - I_0}{I_0}\right) * R_0\right]$$

જ્યાં P એ ચૂકવવાપાત્ર અથવા વસૂલ કરી શકાય તેવી કિંમતમાં ફેરફારની રકમ છે, $R_0$ (સ્ટાર રેટ) એ GWSSB SOR- 2014-15 માં ઉલ્લેખિત DI પાઇપનું મૂલ્ય છે, $I_1$ એ પાઇપ નિરીક્ષણ માટે ઓફર કરવામાં આવેલી તારીખે કિંમતમાં ફેરફારની અસર મુજબ પિગ આયર્નનો વર્તમાન માસિક WPI છે, $I_0$ એ સ્ટાર રેટ સાથે જોડાયેલ પિગ આયર્નનો માસિક WPI છે અને $R_1$ એ કરાર મુજબ DI પાઇપનો મંજૂર દર છે.

ઓડિટમાં જોવા મળ્યું કે GWSSB ના દાહોદ વિભાગના કાર્યપાલક ઇજનેરના છ કામોમાં, સ્ટાર રેટ અપનાવવા માટે આનુસંગિક મહિનાના WPI નો ઉપયોગ કરવાને બદલે ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સની મંજૂરીના મહિનાના WPI મૂલ્યો અપનાવવામાં આવ્યા હતા. વધુમાં, નિરીક્ષણ સમયે સંબંધિત WPIને પણ યોગ્ય રીતે લાગુ કરવામાં આવ્યો ન હતો. **પરિશિષ્ટ 3.3** માં દર્શાવ્યા પ્રમાણે, WPI મૂલ્યોના ખોટા ઉપયોગને કારણે કોન્ટ્રાક્ટરોને ₹14.07 કરોડની વધારાની ચુકવણી થઈ.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે પાઈપોના નિરીક્ષણના મહિના દરમિયાન પ્રવર્તમાન પિગ આયર્નનો WPI ("$I_1$") અપનાવવામાં આવ્યો હતો, જ્યારે ઓડિટે પાછલા બે મહિનાના WPIનો ઉપયોગ કર્યો હતો. તેમાં વધુમાં જણાવાયું છે કે બેઝ WPI ("$I_0$") ફક્ત શેડ્યૂલ ઓફ રેટ (SOR).ને બદલે સામગ્રી મંજૂરીના સમયના આધારે નક્કી કરવામાં આવ્યો હતો. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે ઓડિટમાં જરૂરી માસિક સૂચકાંકને બદલે વાર્ષિક સરેરાશ સૂચકાંકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

---

[40] વર્ષ 2007 માં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) સાથે મર્જ થયું.

સરકારનો જવાબ પ્રતીતિ જનક નથી કારણકે જે તે WPI સૂચકાંક ત્યારપછીના મહિનાની 14 તારીખ અથવા ત્યારબાદના કામગીરીના દિવસે રજૂ કરવામાં આવતો હોયું છે. ઓડિટમાં માસિક WPI નો ઉપયોગ કરવામાં આવ્યો હતો જે નિરીક્ષણની તારીખે પ્રકાશિત થયો હતો અને જાહેર ડોમેનમાં ઉપલબ્ધ હતો. જોકે, વિભાગે WPI મૂલ્યોનો ઉપયોગ કર્યો હતો જે નિરીક્ષણની તારીખે ઉપલબ્ધ નહોતા પરંતુ પાછળથી પ્રકાશિત થયા હતા.

વધુમાં, **ફકરા 3.1.1.1** ના જવાબમાં, રાજ્ય સરકારે પુષ્ટિ આપી કે મે 2020 (જ્યારે ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ મંજૂર કરવામાં આવ્યા હતા) માટે નવીનતમ ઉપલબ્ધ WPI માર્ચ 2020 માટે હતો. બેઝ ઇન્ડેક્સ ($I_0$) માટે, ઓડિટે SOR અને ટેન્ડર દસ્તાવેજમાં ઉલ્લેખિત સ્ટાર રેટને અનુરૂપ WPI અપનાવ્યો હતો.

### ➢ *PVC પાઇપોમાં ભાવ ફેરફાર દ્વારા કોન્ટ્રાક્ટરોને ₹0.28 કરોડની વધારાની ચુકવણી*

PVC પાઈપો પર કિંમતમાં ફેરફાર (PV) અંગે, ટેન્ડર દસ્તાવેજના કરારની સામાન્ય શરતોના કલમ 59 માં જોગવાઈ છે કે PVC રેઝિનના પ્રવર્તમાન દરમાં વધઘટના આધારે PVને મંજૂરી આપવામાં આવશે, જે નિર્ધારિત ધોરણો સાથે સુસંગતતા અને બિલિંગ દરમિયાન દરોના યોગ્ય ઉપયોગને આધીન છે.

નમૂના-તપાસ કરાયેલ છમાંથી ત્રણ જિલ્લાઓમાં રેકોર્ડની ઓડિટ ચકાસણીમાં જાણવા મળ્યું કે છ કામોમાં વિચલનોને કારણે કોન્ટ્રાક્ટરોને ₹27.75 લાખની વધારાની ચુકવણી કરવામાં આવી હતી. જે નીચે **કોષ્ટક** 3.5 માં વિગતવાર દર્શાવેલ છે:

**કોષ્ટક : 3.5: ધ્યાનમાં લેવાયેલા મુદ્દાઓ અને તેમની અસર**

| ધ્યાનમાં લેવાયેલા મુદ્દાઓ | અસર |
|---|---|
| બે પ્રભાગો (આણંદ અને ભરૂચ) માં, કોન્ટ્રાક્ટરોએ ટેન્ડરમાં ઉલ્લેખિત ઘનતા કરતા વધુ ઘનતાના PVC પાઈપો પૂરા પાડ્યા હતા. | ઉચ્ચ ઘનતાવાળા પાઈપોના ઉપયોગને કારણે, PVC રેઝિન (આ પાઈપો બનાવવા માટે વપરાતા) નું વજન વધ્યું હતું. ઓડિટમાં જોવા મળ્યું કે ટેન્ડરમાં ઉલ્લેખિત વજન કરતાં વધારે વજનના PVC રેઝિનના માટે પ્રભાગો દ્વારા કિંમતમાં ફેરફાર કરી ચૂકવવામાં આવ્યો હતો. જેના પરિણામે કિંમતમાં ફેરફારને કારણે ₹11.70 લાખની વધારે ચુકવણી થઈ હતી |
| અમરેલી પ્રભાગમાં, બે કિસ્સાઓમાં નિરીક્ષણની તારીખે લાગુ રેઝિન દર અપનાવવામાં આવ્યો ન હતો. | ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે, ટેન્ડરની શરતો અનુસાર, નિરીક્ષણની તારીખે રેઝિનો ઓફર રેટ PV ગણતરી માટે અપનાવવાનો હતો જોકે, પ્રભાગે ₹79,256 નો ખોટો રેઝિન દર લાગુ કર્યો (₹76,301 ના વાસ્તવિક રેઝિન દર સામે), જેના પરિણામે ₹13.80 લાખની વધારાની ચુકવણી થઈ. |
| વિશિષ્ટ પ્રકારના ઉપયોગમાં લેવાયેલ PVC પાઇપોના જથ્થાની ગણતરીની ભૂલને કારણે અમરેલી વિભાગમાં, એક કિસ્સામાં, કોન્ટ્રાક્ટર પાસેથી વસૂલ કરવાપાત્ર PV રકમની ઓછી ગણતરી કરવામાં આવી હતી | ઓડિટમાં જોવા મળ્યું કે PV ના જથ્થાની ગણતરીમાં ભૂલને લીધે કોન્ટ્રાક્ટરને ₹2.25 લાખની વધારાની ચુકવણી કરવામાં આવી હતી |

(સ્રોત: પસંદ કારાયેલ જિલ્લાઓ પાસેથી મેળવેલ માહિતી)

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જાણ કરી હતી કે અમરેલી પ્રભાગના કિસ્સામાં, ₹16.05 લાખ વસૂલ કરવામાં આવ્યા છે. આણંદ અને ભરૂચ પ્રભાગ માટે, રાજ્ય સરકારે જણાવ્યું હતું કે PVC

પાઇપના વજન સાથે ચુકવણીને જોડવા માટે ટેન્ડર દસ્તાવેજોમાં કોઈ જોગવાઈ નહોતી, છતાં ₹6.67 લાખની વસૂલાત કરવામાં આવી હતી.

હકીકત એ છે કે ટેન્ડરની શરતો મુજબ, PVC પાઇપના ભાવમાં ફેરફાર તેમના વજનના આધારે ગણવામાં આવે, કે જેનો ઉપયોગ યોજનાના અંદાજ તૈયાર કરતી વખતે કરવામાં આવ્યો હતો. તેથી, ઉચ્ચ ઘનતાવાળા PVC પાઈપોના આધારે ચુકવણીની મંજૂરી આપવી એ ટેન્ડર જોગવાઈઓની વિરુદ્ધ હતી અને પરિણામે કોન્ટ્રાક્ટરને વધુ ચૂકવણી કરવામાં આવી હતી.

ઓડિટનો મત છે કે ઓડિટ દ્વારા દર્શાવ્યા મુજબ વિભાગ દ્વારા નોંધપાત્ર વસૂલાત કરવામાં આવી છે, પરંતુ આ GWSSB ની નમૂના-તપાસેલ પ્રભાગ કચેરીઓમાં ઓડિટ દ્વારા જોવા મળેલી પ્રણાલીગત ખામીઓ છે. ભવિષ્યમાં આવી ખામીઓને એકરૂપ રીતે ધ્યાનમાં લેવામાં આવે, અસરકારક રીતે સુધારવામાં તેમજ અટકાવવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે વિભાગ તમામ પ્રભાગોમાં સમાન સુધારાત્મક પગલાં અમલમાં મૂકે તે ખૂબ જ હિતાવહ છે.

- ***ભાવ ફેરફારની ગણતરીમાં વળતરનું સમાયોજન ન થવાને કારણે કોન્ટ્રાક્ટરને ₹0.46 કરોડની વધારાની ચુકવણી***

વર્ક ઓર્ડરને અંતિમ સ્વરૂપ આપતી વખતે, બોલી લગાવનાર આપેલ બિડ/દર પર ચોક્કસ છૂટ આપી શકે છે. ટેન્ડર દસ્તાવેજમાં કરારની સામાન્ય શરતો જણાવે છે કે કિંમતમાં ફેરફાર (PV) ની ગણતરી કરતી વખતે, કોન્ટ્રાક્ટર દ્વારા ઓફર કરાયેલ વળતર મુજબ કિંમતમાં ફેરફારની ગણતરી કરી તેને બાદ કરી કોન્ટ્રાક્ટરને ચૂકવવાપાત્ર રકમ નક્કી કરવી જોઈએ. ઓડિટમાં જોવા મળ્યું કે GWSSB ના ભરૂચ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા બે કામોના કિસ્સામાં, PV માટે ચૂકવણી કરતી વખતે કોન્ટ્રાક્ટર દ્વારા ઓફર કરાયેલ રિબેટ કાપવામાં આવ્યો ન હતો, જેના પરિણામે નીચે **કોષ્ટક 3.6** માં આપેલ ₹0.46 કરોડની વધારાની ચુકવણી થઈ :

**કોષ્ટક : 3.6 PVમાં વળતરનું સમાયોજન ન થવાને કારણે થયેલ વધારાની ચુકવણીની ગણતરી**

| કામનું નામ | બોલી લગાવનાર દ્વારા ક્વોટ કરેલી રકમ પર ઓફર કરેલ વળતર (ટકાવારી) | ચૂંકવાયેલ કુલ ભાવ ફેરફાર/લાગુ જોગવાઇઓ મુજબ ચૂંકવવાપાત્ર (₹ કરોડમાં) | કોન્ટ્રાક્ટર દ્વારા ઓફર કરાયેલ વળતરની ટકાવારી મુજબ કપાતપાત્ર રકમ (₹ કરોડમાં) | વધારાની ચૂંકવણી (₹ કરોડમાં) |
|---|---|---|---|---|
| નેત્રંગ-વાલિયા, પેકેજ-1 | 2.90 | 8.52 | 0.25 | 0.25 |
| નેત્રંગ-વાલિયા, પેકેજ-3 | 2.00 | 10.48 | 0.21 | 0.21 |
| કુલ | | | 0.46 | 0.46 |

(સ્રોત: પ્રભાગ દ્વારા પૂરી પડાયેલ માહિતીના આધારે કરાયેલ ગણતરી)

કાર્યપાલક ઈજનેર ભરુચે જણાવ્યુ હતું કે (જાન્યુઆરી 2025) નેત્રંગ-વાલિઆ પેકેજ 3 ના સંદર્ભમાં કોન્ટ્રાકટર પાસેથી ₹20.86 લાખની વસૂલાત કરવામાં આવી હતી. અને ખાતરી આપી હતી કે નેત્રંગ-વાલિઆ પેકેજ-1 ના કામ માટે આગામી RA બિલમાંથી બાકીની રકમની વસૂલાત કરવામાં આવશે.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે ₹47.95 લાખની વસૂલાત કરવામાં આવી હતી.

જ્યારે ઓડિટ દ્વારા દર્શાવેલ રકમનો નોંધપાત્ર હિસ્સો વિભાગ દ્વારા વસૂલ કરવામાં આવ્યો છે, ત્યારે ઓડિટમાં GWSSB ની નમૂના-તપાસ કરાયેલ પ્રભાગીય કચેરીઓમાં આ પ્રણાલીગત ખામીઓ બહાર આવી છે. અહી એ હિતાવહ છે કે ભવિષ્યમાં આવી ખામીઓને એકરૂપ રીતે ધ્યાનમાં લેવામાં આવે, અસરકારક રીતે સુધારવામાં તેમજ અટકાવવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે વિભાગ તમામ પ્રભાગોમાં સમાન સુધારાત્મક પગલાં અમલમાં મૂકે તે ખૂબ જ હિતાવહ છે.

### *(ii)* અયોગ્ય *GST* દર અપનાવવાને કારણે કોન્ટ્રાક્ટરને *₹9.54* કરોડનો વધારાનો ફાયદો (*GWSSB*)

અગાઉ ચર્ચા કરાયેલ **ફકરા 3.1.1.2** ના સંદર્ભ મુજબ, જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે GWSSB એ (એપ્રિલ 2022) સૂચના આપી હતી કે યોજનાનો ખર્ચ અંદાજ SOR 2022-23 માં સૂચિબદ્ધ આઇટમ દરોનો ઉપયોગ કરીને તૈયાર કરવા જોઈએ. રનિંગ એકાઉન્ટ (RA) બિલ પર GST અલગથી ચૂકવવાનો હતો. તેમાં ઉલ્લેખ કર્યા મુજબ, GWSSB ના SOR 2022-23 ના ઓડિટમાં સમીક્ષા દરમ્યાન જાણવા મળ્યું છે કે SOR માં સૂચિબદ્ધ આઇટમ દરો MS, DI અને PVC પાઈપો પર 18 ટકાના GST દરનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવ્યા હતા. GST સિવાયના દર પર પહોંચવા માટે, GWSSB એ GST દરને 18 ટકાને બદલે 12 ટકા ગણીને GST કાપ્યો.

આણંદ, દાહોદ અને ગાંધીનગર જિલ્લામાં વર્ષ 2022-23 અને વર્ષ 2023-24 વચ્ચે GWSSB દ્વારા હાથ ધરવામાં આવેલા 26 પાણી પુરવઠા કાર્યોની ઓડિટ ચકાસણીમાં જાણવા મળ્યું કે વસ્તુ દર (GST સિવાય) સુધી લઈ જવા માટે અયોગ્ય GST દર અપનાવવામાં આવ્યો હતો, જેના કારણે GWSSB દ્વારા આ કાર્યો માટે MS, DI અને PVC પાઈપોની કુલ અંદાજિત કિંમત ₹199.80 કરોડ નક્કી કરવામાં આવી હતી. જો GWSSB દ્વારા 18 ટકાના સાચા GST દરનો ઉપયોગ કરવામાં આવ્યો હોત, તો કુલ અંદાજિત કિંમત ₹189.64 કરોડ થઈ હોત. આમ, ખોટો GST દર અપનાવવાથી ₹10.16 કરોડનો ટાળી શકાય તેવો વધારાનો અંદાજ આવ્યો. વિગતો **પરિશિષ્ટ 3.4** માં આપવામાં આવી છે. આ 26 કામોના છેલ્લા RA બિલ (જુલાઈ 2025) મુજબ, MS/DI/PVC પાઈપો માટે ₹187.57 કરોડની ચુકવણી કરવામાં આવી હતી. આ ચુકવણી અયોગ્ય વસ્તુ દરના (12 ટકાના ખોટા GST દરનો ઉપયોગ કરીને ગણતરી કરવામાં આવી), આધારે કરેલ હતી, જો 18 ટકાનો સાચો GST દર લાગુ કરવામાં આવે તો વાસ્તવિક ચૂકવવાપાત્ર રકમ ₹178.03કરોડ[41] થાય છે. જે કોન્ટ્રાક્ટરોને ₹9.54 કરોડની વધારાની ચુકવણી કરવામાં પરિણમ્યુ હતું.

રાજ્ય સરકારે જણાવ્યું (ઓગસ્ટ 2025) કે GWSSB નો SOR 2022-23 માટે GST સિવાય તૈયાર કરવામાં આવ્યો હતો, જ્યારે અગાઉના SORs માં GSTનો સમાવેશ થતો હતો. એવું પણ જણાવવામાં આવ્યું હતું કે 01 જાન્યુઆરી 2022 પહેલા EPC કાર્યો પર 12 ટકા GST લાગતો હતો અને ત્યારબાદ 18 ટકા; તેથી, SOR 2021-22 માં દરોમાં 12 ટકા GSTનો સમાવેશ થતો હતો.

41 ₹187.57 કરોડ *1.12/1.18=₹178.03 કરોડ.

સરકારનો જવાબ પ્રતીતિજનક નથી, કારણ કે 01 જુલાઈ 2017 થી MS, DI, PVC અને HDPE પાઈપો પર 18 ટકા GST લાગતો હતો, પછી ભલે તે સીધી રીતે ખરીદવામાં આવી હોય કે EPC (કામોના કરાર) દ્વારા. તેથી, લાગુ 18 ટકાને બદલે 12 ટકા GST ઘટાડીને SOR 2022-23 પાઇપ દર (GST સિવાય) મેળવવાનું યોગ્ય નહોતું. ઓડિટમાં એ પણ અવલોકન કરવામાં આવ્યું હતું કે અગાઉના SORs (વર્ષ 2022-23 પહેલા) માં, વિભાગે પોતે PVC પાઈપોના દરો મેળવતી વખતે 18 ટકા GST યોગ્ય રીતે અપનાવ્યો હતો.

### *(iii) ગાંધીનગર પ્રભાગમાં ઓછી ઘનતાવાળા PVC પાઈપોના ઉપયોગને કારણે ₹39.04 લાખની વધારાની ચુકવણી*

GWSSB SOR 2022-23 વિવિધ વ્યાસના PVC પાઈપો બનાવવા માટે ઉપયોગમાં લેવાતા રેઝિનનું પ્રમાણભૂત વજન પૂરું પાડે છે, જેનો ઉપયોગ પાઈપોના રનિંગ મીટર દીઠ દરની ગણતરી કરવા માટે કરવામાં આવતો હતો.

GWSSB ના ગાંધીનગર પ્રભાગના ઓડિટમાં રેકોર્ડની ચકાસણીમાં જાણવા મળ્યું કે વર્ષ 2022-23 માં હાથ ધરવામાં આવેલી બે યોજનાઓમાં[42], અમલ દરમિયાન SOR માં ઉલ્લેખિત કરતા ઓછી ઘનતાવાળા PVC પાઈપોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જોકે, ચૂકવણી ઉચ્ચ ઘનતાના SOR દરોના આધારે કરવામાં આવી હતી. (SOR માં ઉલ્લેખિત મુજબ), જેના પરિણામે ડિસેમ્બર 2024 સુધી ઉપયોગમાં લેવાયેલ જથ્થા માટે ₹39.04 લાખની વધારાની ચુકવણી થઈ. વિગતો **પરિશિષ્ટ** 3.5 માં આપવામાં આવી છે.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે, UPVC પાઈપો માટે ભારતીય ધોરણોમાં ચોક્કસ વજનના અભાવને લીધે, GWSSB એ SOR 2019-20 માં PVC પાઇપ વજનનું કોષ્ટક પ્રકાશિત કર્યું હતું અને કિંમતમાં ફેરફારની ગણતરી માટે તેને પ્રમાણભૂત પ્રથા તરીકે અપનાવવામાં આવ્યું છે.

સરકારનો જવાબ પ્રતીતિજનક નથી કારણ કે ટેન્ડરની શરતોમાં યોજનાનો અંદાજ તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાતા વજનના આધારે કિંમતમાં ફેરફારની ગણતરી કરવાની જરૂર છે. ઉપરોક્ત બે યોજનાઓ માટે તૈયાર કરાયેલા અંદાજો SOR 2022-23 પર આધારિત હતા. તેથી, અંદાજ તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાતા વજનને બદલે, SOR 2019-20 માંથી ઓછા વજનને અપનાવવું અસંગત હતું.

### *3.1.3 JJM હેઠળ WASMO દ્વારા ગામડામાં પાણી પુરવઠા યોજનાઓનું અમલીકરણ*

પાણી અને સ્વચ્છતા વ્યવસ્થાપન સંગઠન (WASMO) JJM હેઠળ ગામમાં પાણી પુરવઠા યોજનાઓના અમલીકરણ અને જાળવણી માટે ગ્રામ્ય પાણી અને સ્વચ્છતા સમિતિ (VWSC) ને

[42] જલુન્દ્રા ગ્રુપ ટેન્ડર (ID 558398) મેસર્સ V L ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. અને H M ઇલેક્ટ્રોમેક લિ. અમદાવાદને (વર્ક ઓર્ડર નંબર B-2/09 વર્ષ 2022-23) તથા લાંભોર ગ્રુપ ટેન્ડર (ID 558236) મેસર્સ D N કન્સ્ટ્રક્શન પાલનપુરને (વર્ક ઓર્ડર નંબર B-2/10 વર્ષ 2022-23) આપવામાં આવ્યા છે

તકનીકી અને નાણાકીય સહાય પૂરી પાડવા માટે જવાબદાર છે. આ યોજનાઓ ધ્યાન કેન્દ્રિત કરે છે:

- ગામમાં પાઇપલાઇન દ્વારા પાણી પુરવઠા માળખાનો વિકાસ અને વૃધ્ધી; અને
- હાલના માળખાગત સુવિધાઓનું પુનઃસંયોજન.

### 3.1.3.1 ગામોની પાણી પુરવઠા યોજનાઓના અમલીકરણની સ્થિતિ

નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાં વર્ષ 2019 અને વર્ષ 2024 વચ્ચે, જિલ્લા પાણી અને સ્વચ્છતા સમિતિઓ (DWSCs) એ 1,488 ગામોમાં પાણી પુરવઠા યોજનાઓને મંજૂરી આપી હતી જેની અંદાજિત કિંમત ₹ 693.95 કરોડ હતી. આ યોજનાઓની સ્થિતિ નીચે મુજબ હતી.:

**ચાર્ટ 3.2: વર્ષ 2019-24 દરમિયાન, ડિસેમ્બર 2024 ની સ્થીતિએ JJM હેઠળ નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાં WASMO દ્વારા હાથ ધરવામાં આવેલા કાર્યોની સ્થિતિ**




(સ્રોત: WASMO દ્વારા પૂરી પડાયેલ માહિતી)

ઓડિટ નીચે મુજબ અવલોકન કર્યું:

- પૂર્ણ થયેલી 752 યોજનાઓમાંથી 268 (35.64 ટકા) નિર્ધારિત સમયમાં પૂર્ણ થઈ ગઈ. બાકીના 484 (64.36 ટકા) માં, વિલંબ એક થી 43 મહિના સુધીનો હતો. વિલંબના મુખ્ય કારણોમાં જમીન સંપાદનમાં વિલંબ (સમ્પ અને ESR, વગેરે માટે), પંચાયતની ચૂંટણીઓ અને પાણી સમિતિઓમાં આંતરિક વિવાદોનો સમાવેશ થાય છે.
- ડિસેમ્બર 2024 ની સ્થીતિએ હાથ ધરવામાં આવેલી 1,434 યોજનાઓમાંથી, 679 યોજનાઓ હજુ પણ પ્રગતિમાં હતી; દરેક 679 યોજનાઓ પૂર્ણ કરવાના નિયત સમયગાળા કરતાં વધારે સમય થયો હતો. વિલંબ 13 થી 53 મહિના સુધીનો હતો.
- ત્રણ યોજનાઓ (₹3.58 કરોડની અંદાજિત કિંમતની) મંજૂર કરવામાં આવી હતી પણ ડિસેમ્બર 2024 સુધી શરૂ કરવામાં આવી ન હતી. વારંવાર પત્રાચાર કરવા છત્તા WASMO એ તેના માટે કોઈ જ કારણો જણાવ્યા ન હતા.

- નમૂના તપાસ કરાયેલ છ જિલ્લાઓમાં ₹10.01 કરોડની અંદાજિત કિંમતની 54 યોજનાઓ[43] સામુદાયિક સહભાગિતા ન મળવા, અને રોડ ને નુકશાન થવા વિગેરે કારણોસર પડતી મૂકવામાં આવી હતી, જેને અન્ય યોજના હેઠળ આવરી લેવામાં આવી હતી.
- પડતી મૂકવામાં આવેલ 54 યોજનાઓમાંથી અમરેલી જીલ્લામાં મહતમ સંખ્યામા (21) યોજના પડતી મૂકવામાં આવી હતી. આ અમરેલી જિલ્લામાં કુલ આયોજિત યોજના (129) ના 16.28 ટકા જેટલું હતું.

  રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે રહેઠાણોમા ડાઇરેક્ટ પમ્પિંગ દ્વારા ઝડપથી જોડાણો આપવા અંગે અપાયેલ અગ્રતાને લઈ વિલંબ ઊભો થયો હતો, જેમાં ESR અને સમ્પ જેવા સ્ટોરેજ ઘટકોને પાછળથી ધ્યાનમાં લેવામા આવ્યા હતા. તેમાં યોજનાઓ શરૂ ન થવાનું કારણ વિવાદો, જમીનના મુદ્દાઓ અને સમુદાયના યોગદાન એકત્ર કરવામાં મુશ્કેલીઓ હોવાનું માનવામાં આવ્યું હતું, અને અન્ય કાર્યક્રમો સાથે ઓવરલેપ, પૂરતા પ્રમાણમાં હાલના પુરવઠા, અથવા જમીનની મર્યાદાઓને કારણે યોજનાઓને દૂર કરવામાં આવી હતી.

  ઓડિટનો મત છે કે 53 મહિના સુધીનો વિલંબ, કામચલાઉ વ્યવસ્થા પર નિર્ભરતા અને 54 મંજૂર યોજનાઓ રદ કરવી એ આયોજન, સંકલન અને દેખરેખમાં ખામીઓ દર્શાવે છે.

### *3.1.3.2 ગામમાં પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ ન થવી*

JJM માર્ગદર્શિકા મુજબ, એક-ગામની યોજનાઓ માટે ગામમાં પાણી પુરવઠાના માળખાને ગ્રામ પંચાયતના ઠરાવ પછી 12 થી 18 મહિનાની અંદર પૂર્ણ કરવી જોઈએ. જોકે, ઓડિટ ચકાસણીમાં જાણવા મળ્યું કે નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાંથી ત્રણમાં, નવેમ્બર 2024 સુધીમાં 682 ગામ-આધારીત યોજનાઓ[44] અધૂરી હતી.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે સતત પાણી પુરવઠો સુનિશ્ચિત કરવા માટે સીધા સ્રોત લિંક્સ સાથે, આવશ્યક ઘરેલુ નળ જોડાણો (FHTCs) પૂરા પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. મધ્યવર્તી માળખા જેવાકે ESR, UGS અને પંપ હાઉસ, કોવિડ સમયગાળા દરમિયાન સર્વેક્ષણની સમસ્યાઓ અને કાર્યક્ષેત્ર વિસ્તરણને કારણે વિલંબ થયો હતો, જોકે તેઓએ જણાવ્યું હતું કે મૂળ ટેન્ડર કાર્યક્ષેત્ર પૂર્ણ થઈ ગયું હતું.

ઓડિટનો મત છે કે સીધા સ્રોતોમાંથી કામચલાઉ ઘરેલુ જોડાણો યોજનાની પૂર્ણતા ગણી શકાય નહીં.

---

[43] અમરેલીમા 21, ભરૂચમાં 13 , દાહોદમાં 11 અને પાટણમાં નવ.

[44] (i) અમરેલી -06, (ii) ભરૂચ – 168 અને (iii) દાહોદ- 508.

### 3.1.3.3 સલાહકાર દ્વારા કામ પૂર્ણ ન કરવું

WASMO મુખ્યાલય, ગાંધીનગર દ્વારા (28 ફેબ્રુઆરી 2020) રાય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઇવેટ લિમિટેડ, વડોદરાને JJM હેઠળ સલાહકાર તરીકે નિયુક્તિ માટે કાર્ય આદેશ જારી કરવામાં આવ્યો. સલાહકારના કાર્યક્ષેત્રમાં ગુજરાત રાજ્યમાં ગામડામાં પાણી પુરવઠા યોજનાના DPR તૈયાર કરવા, દેખરેખ, પર્યવેક્ષણ અને નિગરાની રાખવાનો સમાવેશ થતો હતો. સલાહકારની ભૂમિકા (i) R-અર્બન ગામો (ii) 5000 થી વધુ વસ્તી ધરાવતા ગામો અને (iii) 5000 થી વધુ વસ્તી ધરાવતા શહેરી વિકાસ સત્તામંડળ હેઠળ આવતા ગામો સુધી મર્યાદિત હતી.

ઓડિટમાં જણાયું હતું કે નમૂના તપાસ કરાયેલ જિલ્લાઓમાં અમરેલી, આણંદ અને પાટણ જિલ્લાના DWSCs એ 38 ગામોના[45] DPR તૈયાર કરવા, આ ગામોમા ગામની અંદર પાણી પુરવઠા યોજનાની દેખરેખ, પર્યવેક્ષણ અને નિગરાની માટે રાય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ ને વર્ક ઓર્ડર આપ્યો હતો. આપવામાં આવેલ કાર્ય ચાર થી છ માહિનામાં પુર્ણ કરવાનું હતું. જો કે, સલાહકાર દ્વારા આપવામાં આવેલ 19 ગામોમાં કામ શરૂ કરી દીધું હતું અને નીચે **કોષ્ટક 3.7** માં દર્શાવ્યા પ્રમાણે અમરેલી જિલ્લાના ચાર ગામો[46], આણંદ જિલ્લાના છ ગામો[47] અને પાટણ જિલ્લાના નવ ગામોમાં DPR તૈયાર કરવાનું અને ત્યારબાદના કામો હાથ ધરવામાં આવ્યા ન હતા.

**કોષ્ટક 3.7: ડિસેમ્બર 2024 ની સ્થિતિએ રાય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ ને આપવામાં આવેલ કાર્યોની સ્થિતિ**

| જિલ્લાનું નામ | આપવામાં આવેલ કાર્યો | શરૂ ન કરાયા હોય તેવા કાર્યોની સંખ્યા | શરૂ કરવામાં આવેલ કાર્યોની સંખ્યા | પૂર્ણ કરાયેલ કાર્યોની સંખ્યા (શરૂ કરાયેલ હોય તેમાંથી) |
|---|---|---|---|---|
| અમરેલી | 13 | 04 | 09 | 07 |
| આણંદ | 14 | 06 | 08 | 00 |
| પાટણ | 11 | 09 | 02 | 02 |
| કુલ | 38 | 19 | 19 | 09 |

(સ્તોત્ર: નમૂના તપાસ કરાયેલ જિલ્લાઓના રેકોર્ડ્ઝ પરથી)

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે અમરેલી જિલ્લાના બે ગામો[48] અને આણંદ જિલ્લાના આઠ ગામોમા સલાહકાર દ્વારા તેમને આપવામા આવેલ કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા ન હતા.

DWSU અમરેલીના યુનિટ મેનેજરે (જાન્યુઆરી 2025) જવાબ આપ્યો કે મોટા દેવળીયા ગામમાં પુનઃ સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું, અને એવું જાણવા મળ્યું હતું કે ગામમાં ફક્ત આઠ FHTC પૂરા પાડવાના હતા, જે GP દ્વારા પૂરા પાડવામાં આવ્યા હતા. વધુમાં જવાબ આપવામાં આવ્યો હતો

[45] i. અમરેલી-13, ii. આણંદ-14 અને iii. પાટણ-11.
[46] 1. બધાડ (240 FHTCs), 2. કોટડી (273 FHTCs), 3. નેસડી (200 FHTCs) and 4. ગોધકડા (204 FHTCs).
[47] 1. અલારસા (210 FHTCs), 2. આસોદર (48 FHTCs), 3. ભેટાસી વનતા (130 FHTCs), 4. જંત્રાલ (250 FHTCs), 5. કંકાપુરા (200 FHTCs) અને 6. નાપા વનતા (185 FHTCs).
[48] મોટા ઝિંઝુડા (351 FHTCs) અને 2. વાંડા (895 FHTCs).

કે ખાંભલા અને નેસડી ગામમાં, કોઈ FHTCs પૂરા પાડવાના નથી અને તે સરપંચ દ્વારા પ્રમાણિત હતું. યુનિટ મેનેજરનો જવાબ દર્શાવે છે કે સલાહકારને કામ સોંપતા પહેલા યોગ્ય ઘરેલુ સર્વેક્ષણ કરવામાં આવ્યું ન હતું.

DWSU, આણંદના યુનિટ મેનેજરે (ફેબ્રુઆરી 2025) જવાબ આપ્યો કે WASMO એ બાકીના ગામોના કામો પૂર્ણ કર્યા છે અને FHTCs પૂરા પાડ્યા છે.

### *3.1.3.4 JJM હેઠળ ગ્રુપ ટેન્ડર*

JJM માર્ગદર્શિકા મુજબ, ગ્રામ પંચાયત અથવા તેની પેટા-સમિતિ (VWSC/પાણી સમિતિ/વપરાશકર્તા જૂથ) ગામ-આધારીત પાણી પુરવઠા પ્રણાલીઓનું આયોજન, અમલીકરણ અને જાળવણી અને પાણી સંસાધનોનું સંચાલન કરવા માટે જવાબદાર છે. દરેક ગામે એક ગ્રામ કાર્ય યોજના (VAP) તૈયાર કરવી જોઈએ જેમાં અંદાજીત કિંમત, અમલીકરણ સમયપત્રક અને કામગીરી અને જાળવણી (O&M) માટેની વ્યવસ્થાઓ, જેમાં પરિવારોના યોગદાનનો સમાવેશની વિગતો હોવી જોઈએ. વધુમાં, ગ્રામ સભા યોજના શરૂ કરવા માટે ઠરાવ પસાર કરે છે. આના આધારે, WASMO કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા પાણી અને સ્વચ્છતા મિશન (DWSM) દ્વારા મંજૂરી માટે અંદાજ તૈયાર કરે છે, અને WASMO દ્વારા પેનલમાં સમાવિષ્ટ એજન્સીઓને કામ સોંપવામાં આવે છે.

ઓડિટમાં જોવા મળ્યું કે, દરેક ગામ સ્તરે કામ કરવાને બદલે, વાસ્મો દ્વારા તાલુકાના તમામ ગામોને આવરી લેવા માટે એક જ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. આવા ટેન્ડરોને સામાન્ય રીતે "ગ્રુપ ટેન્ડર" તરીકે ઓળખવામાં આવે છે.

નમૂના-તપાસેલ જિલ્લાઓમાંથી અમરેલી જિલ્લામાં, 11 તાલુકાના 248 ગામોને આવરી લેતા JJM હેઠળ આવા 11 ગ્રુપ ટેન્ડરો જારી કરવામાં આવ્યા હતા. આ યોજનાઓની કુલ અંદાજિત કિંમત ₹36.12 કરોડ હતી જેના માટે WASMO દ્વારા નાણાકીય મંજૂરી (એપ્રિલ 2022) આપવામાં આવી હતી.

રેકોર્ડઝની ચકાસણી કરતી વખતે, ઓડિટમાં નીચે મુજબ જોવા મળ્યું:

- ***ગ્રામ કાર્ય યોજના (VAP) વગર કાર્યનો અમલ***

પ્રકરણ II માં **ફકરા 2.4.1** માં ચર્ચા કર્યા મુજબ, દરેક ગામને ગ્રામ પંચાયત અથવા તેની પેટા-સમિતિ (VWSC/પાણી સમિતિ) દ્વારા ઘડવામાં આવનાર આધાર-રેખા સર્વેક્ષણ, સંસાધન મેપિંગ અને સમુદાયની જરૂરિયાતોના મૂલ્યાંકનના આધારે ગ્રામ કાર્ય યોજના (VAP) તૈયાર કરવી જરૂરી છે. જોકે, ઓડિટમાં જોવા મળ્યું હતું કે ગ્રુપ ટેન્ડરમાં સમાવિષ્ટ 248 ગામોમાંથી કોઈપણ માટે કોઈ VAP તૈયાર કરવામાં આવ્યા ન હતા. તેના બદલે, WASMO એ પોતાના જ મૂલ્યાંકનના આધારે કાર્ય અંદાજ તૈયાર કર્યા હતા. કાર્ય અંદાજ તૈયાર કરવામાં WASMO દ્વારા ગ્રામ સભા/ગ્રામ પંચાયતની સલાહ-સૂચનો/સમાવેશ કર્યાનો કોઈ રેકોર્ડ ઓડિટને ઉપલબ્ધ કરાવવામાં આવ્યો ન હતો. વધુમાં, JJM માર્ગદર્શિકા મુજબ, કોઈપણ ગામ-આધારીત પાણી પુરવઠા યોજના શરૂ કરતા

પહેલા ગ્રામ સભાનો ઠરાવ જરૂરી છે. ઓડિટમાં નોંધાયું છે કે 248 ગામોમાંથી કોઈપણમાં આવા કોઈ ઠરાવો, જો કોઈ હોય, તો તે રેકોર્ડ પર ઉપલબ્ધ નથી.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે JJM શરૂઆત થઈ ત્યારથીજ, પાણી સમિતિના સહયોગથી અમરેલી જિલ્લામાં યોજનાઓ ચલાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જોકે, ગ્રામજનો અને પાણી સમિતિ બંનેએ બહુ ઓછો રસ દાખવ્યો હતો. સરકારે એમ પણ જણાવ્યું હતું કે પાણી સમિતિઓ અથવા ગ્રામ પંચાયતોને સામેલ કરીને યોજનાઓ સમયસર પૂર્ણ કરવાનું અશક્ય લાગતું હોવાથી, વિભાગે સીધૂ સર્વેક્ષણ હાથ ધર્યું અને કાર્યો ઝડપથી પૂર્ણ થાય તેની ખાતરી કરવા માટે અમલીકરણ શરૂ કર્યું હતું.

એ ઉલ્લેખનીય છે કે JJM એ સમુદાય-સંચાલિત કાર્યક્રમ છે જેમાં ગ્રામજનોની ભાગીદારી સાથે આયોજન પ્રવૃત્તિઓ હાથ ધરવાનો આધાર છે. જવાબ દર્શાવે છે કે અમરેલી જિલ્લામાં હાથ ધરવામાં આવેલી IEC પ્રવૃત્તિઓના ઇચ્છિત પરિણામો મળ્યા નથી. VAPs અને ગ્રામ સભા/ગ્રામ પંચાયત/પાણી સમિતિની ભાગીદારી વિના યોજનાઓનો અમલ એક શીર્ષ સ્તરીય દ્રષ્ટીકોણનું નિર્માણ થાય છે, જેનાથી  મિશનના સહભાગીપણાના સિદ્ધાંતોનું અવમૂલ્યન થાય છે

- ***ટેન્ડર સૂચનાની ઓછી અવધિ***

ગુજરાત સરકારના નર્મદા, જળ સંસાધન, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના 29 ઓક્ટોબર 2014 ના ઠરાવ મુજબ, વાજબી અને સ્પર્ધાત્મક બોલીને પ્રોત્સાહન આપવા માટે ટેન્ડર પ્રકાશન અને બોલી રજૂ કરવાની અંતિમ તારીખ વચ્ચે ઓછામાં ઓછો સમય અંતર હોવો જોઈએ. ઠરાવમાં સૂચવ્યા મુજબ જરૂરી લઘુત્તમ ટેન્ડર સૂચના સમયગાળો ₹ એક કરોડ સુધીના અંદાજિત ખર્ચવાળા કાર્યો માટે 15 દિવસ, ₹ એક કરોડથી ₹ ત્રણ કરોડ સુધીના કાર્યો માટે 21 દિવસ અને ₹ ત્રણ કરોડથી વધુના કાર્યો માટે 30 દિવસનો હતો.

ઓડિટમાં જણાયું હતું કે 11 ટેન્ડરોમાંથી, છ ની અંદાજિત કિંમત ₹ એક કરોડ અને ₹ ત્રણ કરોડ વચ્ચેની હતી, જ્યારે પાંચની કિંમત ત્રણ કરોડથી વધારે હતી. જોકે, બધાજ 11 ટેન્ડરો 31 માર્ચ 2022 ના રોજ પ્રકાશિત થયા હતા, જેમાં બોલી રજૂ કરવાની છેલ્લી તારીખ 6 એપ્રિલ 2022 હતી, જેમાં ઓફર  તૈયાર કરવા  અને રજૂ  કરવા માટે છ દિવસનો સમય આપવામાં આવ્યો હતો. આ નિર્ધારિત 21 થી 30 દિવસના લઘુત્તમ સમયગાળા કરતાં ઓછો હતો. ઓડિટમાં જોવા મળ્યું કે, 11 માંથી ત્રણ ટેન્ડરમાં, લાયક ઓફરની સંખ્યા ત્રણ કરતા ઓછી હતી.

ઉપરાંત, વર્ક ઓર્ડર મુજબ, ગ્રુપ ટેન્ડર હેઠળની તમામ યોજનાઓ  ચાર મહિનાની અંદર પૂર્ણ કરવાની હતી. જોકે, ઓડિટમાં જોવા મળ્યું કે 11 માંથી 10 કામ 281 થી 525 દિવસના વિલંબ સાથે પૂર્ણ થયા હતા. વધુમાં, રાજુલા તાલુકામાં યોજના ઓડિટની તારીખ (ઓક્ટોબર 2024) ની સ્થિતિ મુજબ અધૂરો રહ્યો હતો, જોકે તેના માટેનો વર્ક ઓર્ડર મે 2022 માં જારી કરવામાં આવ્યો હતો. WASMO ના અમરેલી વિભાગના યુનિટ મેનેજરે (માર્ચ 2025) માહિતી આપી હતી કે રાજુલા

તાલુકા માટે જારી કરાયેલ વર્ક ઓર્ડર રદ કરવો પડ્યો હતો કારણ કે સફળ બોલી લગાવનાર વ્યક્તિએ કામ પૂર્ણ કર્યું ન હતું. એમ પણ જણાવવામાં આવ્યું હતું કે આ કાર્ય હવે બીજા કોન્ટ્રાક્ટર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

- ***એક માત્ર ટેન્ડર પર કામ અપાયુ***

ગુજરાત સરકારના R&B વિભાગ દ્વારા જારી કરાયેલા ઠરાવ (ફેબ્રુઆરી 2017) મુજબ, જો ફક્ત એક જ બિડ મળે છે, તો ટેન્ડર રદ કરવું જોઈએ અને ફરીથી ટેન્ડરિંગ માટે પ્રક્રિયા કરવી જોઈએ. ઓડિટમાં જોવા મળ્યું કે અમરેલી તાલુકા (32 ગામો) અને ખાંભા તાલુકા (22 ગામો) માં, દરેક કેસમાં ફક્ત એક જ બિડ મળી હતી, છતાં વાસ્મોએ મંજૂરી આપી અને કામ સોંપ્યું. અમરેલી તાલુકાના કિસ્સામાં, ₹4.99 કરોડના અંદાજિત કિંમત સામે, કામ ₹6.25 કરોડની કિંમતે આપવામાં આવ્યું હતું, જે અંદાજિત કિંમત કરતાં 25 ટકા વધુ હતું. તેવી જ રીતે, ખાંભા તાલુકામાં ₹2.73 કરોડની અંદાજિત કિંમત સામે, કામ ₹3.05 કરોડની કિંમતે આપવામાં આવ્યું હતું, એટલે કે અંદાજિત કિંમત કરતાં 12 ટકા વધુ હતા.

ફરીથી ટેન્ડરિંગ કર્યા વિના સિંગલ બિડના આધારે કોન્ટ્રાક્ટ આપવાની આ પ્રથા રાજ્ય સરકારના ઠરાવનું ઉલ્લંઘન કરે છે અને પરિણામે સ્પર્ધાત્મક બિડિંગની તક ગુમાવવી પડી.

ગ્રુપ ટેન્ડર સંબંધિત અવલોકનોના જવાબમાં, WASMO અમરેલીના યુનિટ મેનેજરે (માર્ચ 2025) જણાવ્યું હતું કે જળ જીવન મિશન (JJM) હેઠળના કામો સમયસર પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી WASMO મુખ્ય કાર્યાલય, ગાંધીનગરની સૂચના પર ગ્રુપ ટેન્ડર અભિગમ અપનાવવામાં આવ્યો હતો.

જોકે, આ બચાવ પ્રતીતિજનક નથી, કારણ કે ગ્રુપ ટેન્ડર આધારે આપવામાં આવેલા 11 માંથી 10 કામો 281 થી 525 દિવસના વિલંબ સાથે પૂર્ણ થયા હતા, જ્યારે એક કામ હજુ પણ પ્રગતિમાં હતું (માર્ચ 2025).

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે તે 2022 સુધીમાં કામો પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ હતી, જેથી બાકીના ગામોમાં મિશન મોડમાં બાકી રહેલા કામોને તાત્કાલિક પૂર્ણ કરવા અનિવાર્ય બન્યા હતા. સરકારે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે જેથી તમામ ગામડાઓમાં ઘરેલુ નળ જોડાણ પૂરું પાડવાનું કાર્ય ઓક્ટોબર 2022 સુધીમાં પૂર્ણ થઈ જાય.

જવાબ પ્રતીતિજનક નથી, કારણ કે ઓડિટમાં જણાયું હતું કે ઉપરોક્ત તમામ કાર્યો 281 થી 525 દિવસના વિલંબ સાથે પૂર્ણ થયા હતા.

## 3.2 જલ જીવન મિશનનું પરિણામ

જલ જીવન મિશન (JJM) નો મુખ્ય ધ્યેય વર્ષ 2024 સુધીમાં દરેક ગ્રામીણ ઘરને કાર્યાત્મક ઘરેલુ નળ જોડાણો (FHTCs) પૂરા પાડવાનો છે. JJM માર્ગદર્શિકાના પ્રકરણ 12 માં પરિણામ લક્ષી માળખું સમજાવવામાં આવ્યું છે, જે લક્ષ્યો, પ્રદર્શન સૂચકાંકો અને ચકાસણી પદ્ધતિઓની યાદી આપે છે. આ માર્ગદર્શિકાના આધારે, ઓડિટમાં આ લક્ષ્યો તરફની પ્રગતિની તપાસ કરવામાં આવી. તારણોની નીચે ચર્ચા કરવામાં આવી છે.

### 3.2.1 વર્ષ 2019-24 દરમિયાન રાજ્યમાં FHTC ની પ્રગતિ

જ્યારે JJM યોજના શરૂ કરવામાં આવી (15 ઓગસ્ટ 2019), ત્યારે રાજ્યના 91.18 લાખ ગ્રામીણ પરિવારોમાંથી 65.16 લાખ (71.46 ટકા) પાસે નળ જોડાણો હતા. સમીક્ષા સમયગાળા દરમિયાન ગ્રામીણ ઘરેલુ FHTCs ના વ્યાપની પ્રગતિની સ્થિતિ નીચે **ચાર્ટ** 3.3 માં દર્શાવવામાં આવી છે :

**ચાર્ટ 3.3: વર્ષ 2019-20 થી વર્ષ 2023-24 સુધી FHTC ની પ્રગતિ**




(સ્રોત: e-જલશક્તિ પોર્ટલ)

➢ ***ગ્રામીણ પરિવારોની ગણતરીમાં માહિતીની વિસંગતતાઓ***

રાષ્ટ્રીય જલ જીવન મિશન (NJJM) દ્વારા વર્ષ 2020-21 માટે વાર્ષિક કાર્ય યોજના (AAP) મંજૂર કરવામાં આવી (મે 2020). AAP (2020-21) મુજબ, વર્ષ 2019-20 દરમિયાન, 1.05 લાખ પરિવારોને FHTC પૂરા પાડવામાં આવ્યા હતા અને એવો અંદાજ હતો કે વર્ષ 2024 સુધીમાં બાકીના 26.81 લાખ પરિવારોને FHTC પૂરા પાડવાની જરૂર હતી.

ઓક્ટોબર 2022 માં રાજ્યને હર ઘર જલથી સુસંગત જાહેર કરવામાં આવ્યું હતું અને દાવો કરવામાં આવ્યો હતો કે ગુજરાતના તમામ 91.18 લાખ ગ્રામીણ પરિવારો પાસે FHTC છે, એટલે કે, બધા ગ્રામીણ પરિવારોને સમગ્ર વર્ષ દરમિયાન ઓછામાં ઓછું 55 lpcd પીવાનું પાણી મળી રહ્યું છે.

રાજ્યમાં વર્ષવાર ગ્રામીણ પરિવારોની ગણતરીની વિગતો, FHTCs દ્વારા આવરી લેવાયેલ ગ્રામીણ પરિવારોની તુલના નીચે કોષ્ટક 3.8 માં આપવામાં આવી છે:

કોષ્ટક 3.8:વર્ષ વાર કુલ ગ્રામ્ય પરિવારો અને  FHTCs ધરાવતા પરિવારો

| વર્ષ | કુલ ગ્રામ્ય પરિવારો | નાણાકીય વર્ષની શરૂઆત માં FHTCs | નવા અપાયેલ FHTCs | સ્વયં સ્રોતથી ઉમેરાયેલ[49] FHTCs | નાણાકીય વર્ષને અંતે FHTCs |
|---|---|---|---|---|---|
| 2019-20 | 80,01,900 | 65,16,258 | 1,05,564 | 00 | 66,21,822 |
| 2020-21 | 93,02,583 | 66,21,822 | 10,84,432 | 10,156 | 77,16,410 |
| 2021-22 | 91,77,459 | 77,16,410 | 9,51,826 | 5,340 | 86,73,576 |
| 2022-23 | 91,18,449 | 86,15,050 | 5,01,436 | 1,963 | 91,18,449 |
| 2023-24 | 91,18,449 | 91,18,449 | 00 | 00 | 91,18,449 |

(સ્રોત: e-જલશક્તિ પોર્ટલ)

**કોષ્ટક 3.8** ના વિશ્લેષણમાં રાજ્યમાં છેલ્લા કેટલાક વર્ષોમાં કુલ ગ્રામીણ પરિવારોની નોંધાયેલી સંખ્યામાં વિસંગતતાઓ જોવા મળે છે. વર્ષ 2019-20 અને વર્ષ 2020-21 વચ્ચે, ગ્રામીણ પરિવારોની કુલ સંખ્યા 80.02 લાખથી વધીને 93.02 લાખ થઈ, જેમાં 13 લાખ પરિવારોનો ઉમેરો થયો. જોકે, આ આંકડો વર્ષ 2021-22 માં ઘટીને 91.77 લાખ થયો અને વર્ષ 2022-23 માં વધુ ઘટીને 91.18 લાખ થયો. ગ્રામીણ પરિવારોની કુલ સંખ્યામાં વર્ષ-દર-વર્ષે સતત ઘટાડો એ દર્શાવે છે કે માહિતી અહેવાલીકરણમાં સંભવિત સમસ્યાઓ છે.

વધુમાં, ગ્રામીણ પરિવારોમાં FHTCs સાથે મેળ ખાતો નથી. નાણાકીય વર્ષ 2021-22 ના અંતે, 86.74 લાખ પરિવારો પાસે FHTC હોવાનું નોંધાયું હતું. જોકે, વર્ષ 2022-23 ની શરૂઆતમાં, આ સંખ્યામાં 58,526 કનેક્શનનો ઘટાડો થયો હતો, જે દર્શાવે છે કે 86.15 લાખ પરિવારો પાસે FHTCs હતા.  આ ન સમજાય તેવા ઘટાડાથી માહિતીની સત્યનિષ્ઠા અથવા અહેવાલીકરણની રચનામાં સમસ્યાઓ તરફ પણ નિર્દેશ મળે છે

રાજ્ય સરકારે જણાવ્યું હતું કે (ઓગસ્ટ 2025) કે વર્ષ 2019 અને વર્ષ 2021 ની વચ્ચે કેટલાક ગામોનું પુનઃવર્ગીકરણ કરવામાં આવ્યું હતું અને તેમને શહેરી વિસ્તારોમાં ભેળવી દેવામાં આવ્યા હતા, જેના કારણે તેમને આધાર-રેખા માહિતીમાંથી દૂર કરવા પડ્યા હતા. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે રાષ્ટ્રીય જલ જીવન મિશન (GoI) એ (માર્ચ 2022) સ્થાનિક સરકાર નિર્દેશિકા અને સ્વચ્છ ભારત મિશન ગામની યાદી સાથે આધાર-રેખા માહિતીને સંરેખિત કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો. આ સુમેળને કારણે ગામો અને ઘરોની સંખ્યામાં ફેરફાર થયા.

રાજ્ય સરકારના જવાબમાં વર્ષ 2020-21માં 80.02 લાખ ઘરોથી 93.02 લાખ ઘરોમાં થયેલા તીવ્ર વધારાને સમજાવવામાં આવ્યું નથી.

### ➢ *પોર્ટલ પર FHTC માહિતીમાં માહિતીની વિસંગતતાઓ*

e-જલશક્તિ પોર્ટલ પરની માહિતીના વિશ્લેષણમાં આયોજિત અને અહેવાલિત કાર્યાત્મક ઘરેલુ નળ જોડાણો (FHTCs) વચ્ચે વિસંગતતાઓ બહાર આવી. ઓડિટમાં જોવા મળ્યું કે પોર્ટલ પર સૂચિબદ્ધ 585 મલ્ટી-વિલેજ  પાણી પુરવઠા યોજનાઓમાંથી, 294 યોજનાઓમાં 5.38 લાખ FHTCs પૂરા પાડવાનું લક્ષ્ય હતું, પરંતુ તેની સામે કોઈ સિદ્ધિની માહિતી પોર્ટલ પર ઉપલબ્ધ નહોતી, જોકે આ યોજનાઓ પૂર્ણ થઈ હોવાનું દર્શાવવામાં આવ્યું છે. તેનાથી વિપરીત, પોર્ટલ

[49] ખાનગી/પોતાના સ્રોતોમાંથી ઘરગથ્થુ નળ જોડાણો (JJM હેઠળ પૂરા પાડવામાં આવેલ સિવાય).

મુજબ 131 યોજનાઓનો સામૂહિક લક્ષ્યાંક 75,035 FHTCs હતો, પરંતુ આની સામે, 6.16 લાખ FHTCs હાંસલ થયા હોવાનું દર્શાવવામાં આવ્યું છે, જે તેમના લક્ષ્યાંક કરતાં સાત ગણા વધુ છે.

એક જ પોર્ટલમાં આટલું અલગ અલગ ઓછું અને વધુ પડતું અહેવાલીકરણ પ્રણાલીગત માહિતીની સત્ય-નિષ્ઠાના મુદ્દાઓ સૂચવે છે.

રાજ્ય સરકારે ઓગસ્ટ 2025 માં જણાવ્યું હતું કે FHTC ડેટામાં વિસંગતતા ઇ-જલશક્તિ પોર્ટલના કાર્યકારી પધ્ધતિને કારણે છે. એવી પણ માહિતી આપવામાં આવી હતી કે મલ્ટી-વિલેજ યોજનાઓમાં, પોર્ટલ બધા જોડાયેલા ગામો માટે બેલેન્સ FHTCs ની સ્વતઃ ગણતરી કરે છે, જેમાં FHTC વ્યાપ માટે લક્ષિત ન હોય તેવા ગામો/પરિવારોનો સમાવેશ થાય છે. સરકારે ભાર મૂક્યો હતો કે આવી સિસ્ટમ-આધારિત ગણતરીઓ અહેવાલીત કરાયેલા આંકડાઓમાં કાલ્પનિક તફાવતો બનાવે છે અને સમય જતાં, 100 ટકા FHTC ની સિદ્ધિ સાથે આ કાલ્પનિક તફાવતો ઉકેલાઈ ગયા છે.

હકીકત એ છે કે 294 પૂર્ણ થયેલી યોજનાઓમાં 5.38 લાખ FHTCs ના લક્ષ્યાંક સામે કોઈ સિદ્ધિની માહિતી નહોતી, જ્યારે 131 યોજનાઓમાં ફક્ત 75,035 ના લક્ષ્યાંક સામે 6.16 લાખ FHTCs નો અહેવાલ હતો, એટલે કે લક્ષ્ય કરતાં સાત ગણા વધુ. પૂર્ણ થયેલી યોજનાઓ માટે સિદ્ધિની માહિતીનો અભાવ અને લક્ષ્યો કરતાં વધુ આંકડા માહિતીની સત્યનિષ્ઠાની ચિંતા દર્શાવે છે.

### 3.2.2 'હર ઘર જલ' હેઠળ નોંધાયેલા અને પ્રમાણિત ગામો

e-જલશક્તિ પોર્ટલ મુજબ, 'હર ઘર જલ' (HGJ) નો અર્થ એ છે કે વિસ્તારના દરેક ઘરમાં નળનું પાણી ઉપલબ્ધ છે. ઘોષણા પ્રક્રિયામાં ત્રણ તબક્કા હોય છે.

1. **તબક્કો 1 (પ્રસિદ્ધ)**: ઘરના વડાના આધારની ચકાસણી કર્યા પછી, DWSC દ્વારા IMIS (e-જલશક્તિ પોર્ટલ) માં નળ જોડાણ નોંધવામાં આવે છે. એકવાર દરેક ઘરોની યાદી થઈ જાય, પછી ગામ 100 ટકા જોડાયેલ હોવાનું ચિહ્નિત થાય છે.
2. **તબક્કો 2 (અહેવાલિત)**: રાજ્ય/UT પાણી પુરવઠા વિભાગ (યુનિટ મેનેજર, WASMO) પ્રમાણિત કરે છે/પુષ્ટિ કરે છે કે બધા ઘરો, શાળાઓ અને આંગણવાડીઓને નળનું પાણી મળે છે.
3. **તબક્કો 3 (પ્રમાણિત)**: ગ્રામ સભા WSD's ના દાવાને સમર્થન આપતો ઠરાવ પસાર કરે છે અને એક પ્રમાણપત્ર આપેછે કે જેમાં જણાવવામાં આવે છે કે ગામના તમામ પરિવારો પાસે કાર્યરત ઘરેલુ નળ જોડાણ છે, તે ગ્રામ પંચાયત દ્વારા e-જલશક્તિ પોર્ટલ પર જારી અને અપલોડ કરવામાં આવે છે.

e-જલશક્તિ પોર્ટલ મુજબ, ગુજરાત "અહેવાલિત" શ્રેણીમાં છે. તેમાં 100 ટકા કાર્યાત્મક ઘરેલુ નળ જોડાણો (FHTCs) "અહેવાલ" થયા છે. 05 ઓગસ્ટ, 2025ના રોજ પોર્ટલ નીચે મુજબ માહિતી દર્શાવે છે:

- **બ્લોક/તાલુકા સ્તરે**: 248 બ્લોક/તાલુકાઓમાંથી, 248 (100 ટકા) HGJ બ્લોક તરીકે "અહેવાલિત" થયા છે. આમાંથી, 178 બ્લોક (71.77 ટકા) તે તારીખે "પ્રમાણિત" થયા હતા.

- **પંચાયત સ્તરે**: કુલ 13,805 પંચાયતોમાંથી, બધીને HGJ પંચાયતો તરીકે "અહેવાલિત" કરવામાં આવી છે. આમાંથી, 13,049 પંચાયતો (94.52 ટકા) તે તારીખે "પ્રમાણિત" થયા હતા.

- **ગ્રામ્ય સ્તરે**: કુલ 18,024 ગામો[50] પૈકી 100 (ટકા) ગામો HGJ ગામો તરીકે "અહેવાલિત" કરવામાં આવ્યા છે, જો કે 16,920 ગામો તે તારીખ "પ્રમાણિત" થયા હતા.

  નમૂના તપાસ કરાયેલ જિલ્લાઓમાં હર ઘર જલ ની સ્થિતિ નીચે **કોષ્ટક 3.9**માં દર્શાવેલ છે :

**કોષ્ટક 3.9: તારીખ 05 ઓગષ્ટ 2025 ની સ્થિતિએ નમૂના તપાસ કરાયેલ જીલ્લોમાં HGJ અંતર્ગત અહેવાલિત અને પ્રમાણિત તાલુકાની સ્થિતિ**

| જિલ્લાનું નામ | તાલુકાની સંખ્યા | હર ઘર તાલુકાની સંખ્યા | | જીલ્લામાં ગામોની સંખ્યા[51] | હર ઘર ગામોની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|
| | | અહેવાલિત | પ્રમાણિત | | અહેવાલિત | પ્રમાણિત |
| અમરેલી | 11 | 11 | 05 | 611 | 611 | 598 |
| આણંદ | 08 | 08 | 08 | 350 | 350 | 350 |
| ભરુચ | 09 | 09 | 07 | 658 | 658 | 655 |
| દાહોદ | 09 | 09 | 00 | 710 | 710 | 400 |
| ગાંધીનગર | 04 | 04 | 04 | 272 | 272 | 272 |
| પાટણ | 09 | 09 | 08 | 524 | 524 | 518 |
| કુલ | 50 | 50 | 32 | 3125 | 3125 | 2793 |

(સ્ત્રોત: e-જલશક્તિ પોર્ટલ)

**કોષ્ટક 3.9** દર્શાવે છે કે નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાં, 50 તાલુકાઓમાંથી 32 (64 ટકા) બ્લોક/તાલુકાઓ અને 3,125 ગામોમાંથી 2,793 (89.38 ટકા) ગામોને HGJ દરજ્જો પ્રમાણિત કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે આશરે 93.87 ટકા ગામોએ પ્રમાણપત્ર પ્રક્રિયા પૂર્ણ કરી છે. બાકીના છ ટકા ગામો માટેની પ્રમાણપત્ર પ્રક્રિયા ચાલુ હોવાનું પણ જણાવવામાં આવ્યું હતું. સરકારે પંચાયત ચૂંટણીઓ અને સરપંચના અભાવને વિલંબ માટેનું કારણ દર્શાવ્યું. એવું પણ કહેવામાં આવ્યું હતું કે અમુક ગામોમાં આંતરિક મુદ્દાઓને કારણે પ્રક્રિયા પૂર્ણ થવામાં અવરોધ આવ્યો છે.

### *3.2.3 ગામોનો વ્યાપ*

વ્યાપ એટલે ગામમાં કોઈપણ સમયે FHTCs સાથે પૂરા પાડવામાં આવેલા પરિવારોની ટકાવારી. GoG ના દાવા મુજબ, રાજ્યના તમામ ગ્રામીણ પરિવારો ઓક્ટોબર 2022 સુધીમાં FHTCs સાથે હોવાનું "અહેવાલિત" જાહેર કરવામાં આવ્યું હતું.

---

[50] અહીં ગામોની કુલ સંખ્યા ફકરા 3.2.4 માં દર્શાવેલ ગામોની સંખ્યા સાથે મેળ ખાતી નથી કારણ કે ફકરા 2.5 માં સમજાવ્યા મુજબ માહિતીનો સ્ત્રોત અલગ હતો.

[51] અહીં પરીક્ષણ કરાયેલા જિલ્લાઓમાં ગામોની સંખ્યા કોષ્ટક 3.9 માં આપેલા આંકડાઓ સાથે મેળ ખાતી નથી કારણ કે ફકરા 2.5 માં સમજાવ્યા મુજબ માહિતીનો સ્ત્રોત અલગ હતો.

### 3.2.3.1 ગામ-આધારીત પાણી પુરવઠા યોજનાઓ દ્વારા FHTCs પૂરા પાડવા

જલ જીવન મિશન (JJM) નો ઉદ્દેશ્ય 2024 સુધીમાં તમામ ગ્રામીણ ઘરોમાં કાર્યાત્મક ઘરેલુ નળ જોડાણો (FHTCs) પૂરા પાડવાનો હતો. GoG એ એ પણ અહેવાલ આપ્યો કે તેમણે ઓક્ટોબર 2022 માં તમામ 91.18 લાખ ગ્રામીણ પરિવારોને FHTCs પૂરા પાડવાનો લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો છે.

નમૂના-તપાસેલ જિલ્લાઓમાં, ઓડિટમાં FHTCs ની બિન-ઉપલબ્ધતાના કિસ્સાઓ જોવા મળ્યા, જેની ચર્ચા નીચે મુજબ છે.:

- ***નમૂના-તપાસેલ જિલ્લાઓમાં ગ્રામીણ પરિવારોને FHTCs***

JJM માર્ગદર્શિકા અનુસાર, જિલ્લા પાણી અને સ્વચ્છતા મિશન (DWSMs) એ વિગતવાર યોજના અહેવાલો (DPRs) તૈયાર કરવા જરૂરી છે જેમાં આયોજન, ડિઝાઇન અને અમલીકરણ વ્યૂહરચનાઓનો સમાવેશ થાય છે, જેમાં સ્રોતનું ટકાઉપણું અને ગ્રે-વોટર વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે. આ DPRs માં કિંમત, સમયપત્રક અને આઉટપુટ સૂચકાંકોનો પણ સમાવેશ થાય છે.

નમૂના-તપાસેલ છમાંથી ચાર DWSUs[52] ના રેકોર્ડની ઓડિટ ચકાસણીમાં જાણવા મળ્યું કે 1,305 ગામોમાં 4.84 લાખ ગ્રામીણ પરિવારોને FHTCs પૂરા પાડવાની યોજના હતી; જોકે, નવેમ્બર 2024 સુધીમાં 4.12 લાખ FHTCs પૂરા પાડવામાં આવ્યા હતા, જેના કારણે 71,842 (14.84 ટકા) પરિવારો FHTCs વગર રહ્યા હતા.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે કેટલીક જગ્યાએ ESR, UG સમ્પ, પંપ હાઉસ વગેરે જેવા મધ્યવર્તી માળખા પર કામ હજુ પણ ચાલુ છે, પરંતુ FHTC ના કામો પૂર્ણ થઈ ગયા છે, જેમાં તમામ ઘરોને પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે JJM માર્ગદર્શિકા ફક્ત 20 થી વધુ ઘરો ધરાવતા સમૂહને આવરી લેવાની જોગવાઈ કરે છે. તેથી, 20 થી ઓછા ઘરો ધરાવતા સમૂહને બાકાત રાખવામાં આવ્યા હતા.

ઓડિટનો મત છે કે JJMનો ઉદ્દેશ્ય દરેક ગ્રામીણ પરીવારને કાર્યાત્મક નળ જોડાણો પૂરા પાડવાનો છે.

- ***આલિયા બેટ ગામમાં પીવાના પાણીના સ્રોતની સ્થાપના (ભરુચ જિલ્લો)***

JJM નો મુખ્ય ઉદ્દેશ્ય દરેક ગ્રામીણ પરિવારને FHTC પૂરું પાડવાનો હતો. ઓડિટમાં જણાયું હતું કે ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના આલિયા બેટ ગામને "અહેવાલિત" તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. એવું જોવા મળ્યું કે ગામમાં 117 પરિવારો રહેતા હતા (વસ્તી: ડિસેમ્બર 2024 મુજબ 474). આ ગામ માટે WASMO દ્વારા જાન્યુઆરી 2021 માં ₹4.04 લાખના અંદાજિત ખર્ચે એક ગામ-આધારિત પાણી પુરવઠા યોજના તૈયાર કરવામાં આવી હતી. જોકે, જુલાઈ 2021 માં DWSC ભરૂચની બેઠક દરમિયાન, પાણી પુરવઠા માટે યોગ્ય સ્રોત ન હોવાને કારણે આ દરખાસ્ત પડતી મૂકવામાં આવી હતી કારણ કે નજીકનો વિશ્વસનીય પાણી પુરવઠો સ્રોત હાંસોટ તાલુકામાં 12 કિમી દૂર હતો અને આ વિસ્તારમાં પાઇપલાઇન બિછાવવા માટે ફોરેસ્ટ ક્લિયરન્સની પરવાનગી જરૂરી હતી. આ જ બેઠકમાં, GWSSB ને કામચલાઉ ધોરણે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ઓડિટ ચકાસણીમાં જાણવા મળ્યું કે GWSSB ને

52 યોજના મુજબ, DWSUs આણંદ અને ગાંધીનગરે તમામ HHs ને FHTC પૂરા પાડ્યા હતા.

જૂન 2021 માં ટેન્કર દ્વારા કામચલાઉ પાણી પૂરું પાડવા માટે સૂચના આપવામાં આવી હોવા છતાં, ડિસેમ્બર 2024 સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. વધુમાં, ગામ જંગલ વિસ્તારમાં આવેલું હોવા છતાં, જાન્યુઆરી 2025 સુધી પાઇપલાઇન બિછાવવાની પરવાનગી માટે વન વિભાગનો સંપર્ક કરવામાં આવ્યો ન હતો. વધુમાં, GWSSB કે WASMO ગ્રામજનોને મફત પાણી પૂરું પાડતા ન હતા. DWSU ભરૂચ (WASMO) એ પણ પુષ્ટિ આપી (જાન્યુઆરી 2025) કે ગામમાં FHTC પૂરા પાડવામાં આવ્યા ન હતા. આમ, આલિયા બેટ ગામના ગ્રામજનોને ટેન્કર દ્વારા ખરીદેલા પાણી પર આધાર રાખવાની ફરજ પડી હતી.

ફોટોગ્રાફિક પુરાવા (13.01.2025 ના રોજ WASMOના અધિકારીઓની હાજરીમાં લેવામાં આવ્યા હતા) દર્શાવે છે કે ગ્રામજનો(મોટાભાગે મહિલાઓ) ટેન્કરમાંથી જાતે પાણી વહન કરતા હતા, જેમ કે નીચેના **ચિત્રો 3.1 અને 3.2** માં દર્શાવવામાં આવ્યું છે:






ચિત્ર 3.1 અને 3.2: ટેન્કર દ્વારા પૂરું પાડવામાં આવતું પાણી અને ટેન્કરમાંથી પાણી લઈ જતી મહિલાઓ (WASMOના કર્મચારીની ઉપસ્થિતિમાં ફોટોગ્રાફ્સ તારીખ 13.01.2025ના રોજ લેવાયા હતા)

કાર્યપાલક ઈજનેર GWSSB ભરુચે, જણાવ્યુ હતું (જાન્યુઆરી 2025) કે વન વિભાગ પાસેથી NOC મેળવ્યા પછી RWSS દ્વારા આલિયા બેટને પાણી પુરવઠાનો પ્રસ્તાવ ફરીથી પ્રસ્તુત કરવામાં આવશે.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે આલિયા બેટ ગામ સમુદ્રની નજીક નર્મદા નદીના પાણીથી ઘેરાયેલ એક ટાપુ છે અને તેના આવા ભૌગોલિક સ્થાનને કારણે, આ ગામને સપાટી પર પાણી પહોંચાડવું શક્ય નથી. એમ પણ જણાવ્યુ હતું કે ગામના પરિવારો ખેતીની જમીનમાં ફેલાયેલા છે અને તેથી, આલિયા બેટ ગામને પાઇપ દ્વારા પાણી પુરવઠો પૂરો પાડવો શક્ય નથી.

### ➢ *આધાર સાથે FHTCs નું ટેગિંગ (જોડાણ)*

JJM માર્ગદર્શિકા અનુસાર દરેક FHTC ને પરિવારના વડાના આધાર નંબર સાથે જોડવું જરૂરી છે અને તેને e-જલશક્તિ પોર્ટલ પર અપલોડ કરવું જરૂરી છે.

ફેબ્રુઆરી 10, 2025 ની સ્થિતિએ ઓડિટમાં જણાયું હતું કે રાજ્યમાં 91.18 લાખ નોંધાયેલા FHTC માંથી 63.11 લાખ (69.21 ટકા) લાભાર્થીઓને ટેગ કરવામાં આવ્યા હતા. વધુમાં 17,388 ખાનગી/સ્વયં નળ જોડાણો પણ FHTCs તરીકે ટેગ કરવા જરૂરી હતા, જે કાર્ય હજુ સુધી પૂર્ણ થયું નથી (જુલાઈ 2025).

ઓગસ્ટ 05, 2025 ના રોજ પરીક્ષણ કરાયેલા જિલ્લાઓમાં ઘરના વડાના આધાર નંબર સાથે FHTCs ના ટેગિંગની સ્થિતિ નીચે **કોષ્ટક 3.10** માં દર્શાવવામાં આવી છે:

**કોષ્ટક 3.10: ઓગસ્ટ 05, 2025 ના રોજ પરીક્ષણ કરાયેલા જિલ્લાઓમાં આધાર નંબર સાથે FHTCsના ટેગિંગની સ્થિતિ**

| જિલ્લાનું નામ | પરિવારોની કુલ સંખ્યા | લાભાર્થી સાથે ટેગ કરેલા FHTCs | FHTC ટેગ કરેલ હોય તેની ટકાવારી |
|---|---|---|---|
| અમરેલી | 2,53,485 | 2,47,088 | 97.48 |
| આણંદ | 4,01,409 | 3,39,652 | 84.61 |
| ભરુચ | 3,36,863 | 2,45,916 | 73.00 |
| દાહોદ | 3,20,768 | 2,74,157 | 85.47 |
| ગાંધીનગર | 2,84,911 | 1,15,347 | 40.49 |
| પાટણ | 2,84,832 | 1,83,702 | 64.49 |
| કુલ | 18,82,268 | 14,05,862 | 74.69 |

(સ્રોત: e-જલશક્તિ પોર્ટલ)

પોર્ટલ પરની માહિતીના ઓડિટ વિશ્લેષણમાં જણાયું હતું કે જિલ્લાઓ વચ્ચે ટેગિંગની કામગીરીનું પ્રમાણ અલગ અલગ હતું, જે ગાંધીનગરમાં 40.49 ટકા જેટલું સુસ્ત હતું, જ્યારે અમરેલીમાં સૌથી વધુ 97.48 ટકા હતું.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે JJM ની શરૂઆત પહેલા જ ગુજરાતે 72 ટકા ઘરોને FHTC હેઠળ આવરી લીધા હતા. પરિણામે, આવા પરિવારો માટે આધારની ચકાસણી હાથ ધરવામાં આવી ન હતી. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, જ્યાં JJM પહેલાં કામો હાથ ધરવામાં આવ્યા હતા ત્યાં વિભાગ લાભાર્થીઓ સાથે FHTCs ના ટેગિંગની ચકાસણી કરવા માટે અસરકારક પગલાં લેશે.

### *3.2.3.2 નમૂના તપાસ કરાયેલ પ્રમાણિત ગામોમાં FHTCs ની ઉપલબ્ધતા*

જાન્યુઆરી 2025 ની સ્થિતિએ, આણંદ જિલ્લાએ તમામ 350 ગામોનો આવરી લેતા, 100 ટકા HGJ પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું છે, જ્યારે દાહોદે તેના 710 ગામોમાંથી 400 ગામોને પ્રમાણિત કર્યા હતા, જેથી દાહોદ જિલ્લો 56.34 ટકાના પ્રમાણન દર સુધી પહોંચ્યો હતો. ઓડિટ ચકાસણી માટે પસંદ કરાયેલા છ જિલ્લાઓના 48 ગામોના રેકોર્ડની ઓડિટે નમૂના તપાસ કરી હતી. અહી એ ઉલ્લેખનીય છે કે e-જલશક્તિ પોર્ટલ મુજબ પરીક્ષણ કરાયેલા તમામ 48 ગામોને પ્રમાણિત જાહેર કરવામાં આવ્યા હતા. આ નમૂના તપાસ કરાયેલ ગામોની પાણી-સમિતિએ પૂરી પડેલ માહિતી અનુસાર 48 માંથી 43 ગામોના દરેક ગ્રામ્ય પરિવારો FHTCs ધરાવતા હતા, જ્યારે પાંચ ગામો-જેમાં દાહોદ[53] જિલ્લાના ચાર અને આણંદ[54] જિલ્લાનું એક ગામ, કુલ 2,905 પરિવારોમાંથી 739 પરિવારો (25.44 ટકા) FHTCs ની સગવડતા ધરાવતા ન હતા.

53 (i) અંબાવા, (ii) ભોરવા, (iii) કાકરીડુંગરી અને (iv) વટેડા.
54 ઝાલાબોરડી.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે 20 થી ઓછા પરિવારો ધરાવતી વસાહતોને કોઈ પણ યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલ ન હતી. સરકારે વધુમાં જણાવ્યુ હતું કે જ્યારે યોજના પૂર્ણ થઈ જાય અને ગ્રામ પંચાયત અથવા તેની પાણી સમિતિને યોજનાનુ હસ્તાંતરણ કરી દેવામાં આવે ત્યાર બાદ આવા ગામોમાં નવા બંધાયેલ મકાનો/પરિવારોને નળ જોડાણ પૂરું પાડવાની જવાબદારી જે તે ગ્રામ પંચાયત/પાણી સમિતિની છે.

સરકારનો જવાબ પ્રતિતી જનક નથી કારણ કે JJM માર્ગદર્શિકા દરેક ગ્રામીણ પરિવારને FHTC પૂરા પાડવાનો આદેશ આપે છે.

### *3.2.3.3 ગ્રામ્ય જાહેર સંસ્થાનોમાં પીવાના પાણીની ઉપલબ્ધતા*

જલ જીવન મિશન (JJM) ના મુખ્ય ઉદ્દેશ્યોમાંનો એક દરેક ગામોમાં જાહેર સંસ્થાઓ, જેમ કે શાળાઓ, આંગણવાડી કેન્દ્રો (AWC), ગ્રામ પંચાયતની ઇમારતો અને આરોગ્ય કેન્દ્રોને પાઇપ દ્વારા પાણી પુરવઠો પૂરો પાડવાનો હતો. આ ઉદેશ્ય હાંસલ કરવા માટે, ભારત સરકારે 2 ઓક્ટોબર 2020 ના રોજ એક ખાસ ઝુંબેશ શરૂ કરી, જેનો ઉદ્દેશ્ય 100 દિવસમાં દરેક ગામની તમામ જાહેર સંસ્થાઓને પાઇપ દ્વારા પાણી પુરવઠાથી આવરી લેવાનો હતો.

e-જલશક્તિ પોર્ટલ પર ઉપલબ્ધ માહિતી અનુસાર દરેક ગામોની જાહેર સંસ્થાઓ સપ્ટેમ્બર 2024 સુધીમાં FHTCs થી આવરી લેવાય હતી. વાર્ષિક કાર્ય યોજના (2023-24) એ પણ દર્શાવે છે કે રાજ્યમાં તમામ 30,453 શાળાઓ અને 42,409 આંગણવાડી કેન્દ્રોને FHTC પૂરા પાડવામાં આવ્યા હતા.

જાહેર સંસ્થાઓમાં FHTC ની ઉપલબ્ધતા ચકાસવા માટે ઓડિટ દ્વારા સંયુક્ત રીતે નમૂના તપાસ કરાયેલ 48 ગામોમાં આવેલી જાહેર સંસ્થાઓ જેમ કે શાળાઓ, આંગણવાડી કેન્દ્રો (AWC), પેટા-કેન્દ્રો (SC) અને પંચાયત ઇમારતોની મુલાકાત લેવામાં આવી. 48 પરીક્ષણ-ચકાસાયેલ ગામોની જાહેર સંસ્થાઓમાં FHTC ની ઉપલબ્ધતાની વિગતો નીચે કોષ્ટક 3.11 માં આપવામાં આવી છે:

**કોષ્ટક 3.11: જાન્યુઆરી 2025 ની સ્થિતિએ નમૂના તપાસ કરાયેલ ગામોમાં જાહેર સંસ્થાઓમાં ઉપલબ્ધ FHTCs ની સંખ્યા**

| જિલ્લાનું નામ | મુલાકાત કરાયેલ શાળાઓની સંખ્યા | FHTCs ધરાવતી શાળાઓની સંખ્યા | મુલાકાત કરાયેલ AWCs ની સંખ્યા | FHTCs ધરાવતી AWCs ની સંખ્યા | મુલાકાત કરાયેલ SCs ની સંખ્યા | FHTCs ધરાવતી SCs ની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| અમરેલી | 07 | 07 | 13 | 13 | 02 | 02 |
| આણંદ | 10 | 10 | 13 | 12 | 01 | 01 |
| ભરુચ | 13 | 12 | 14 | 13 | 01 | 00 |
| દાહોદ | 11 | 03 | 12 | 05 | 01 | 00 |
| ગાંધીનગર | 11 | 11 | 13 | 11 | 04 | 03 |
| પાટણ | 11 | 11 | 12 | 10 | 05 | 05 |
| કુલ | 63 | 54 | 77 | 64 | 14 | 11 |

(સ્રોત : નમૂના તપાસ કરાયેલ ગામોની જાહેર સંસ્થાઓની ભૌતિક ચકાસણી)

ઉપરોક્ત **કોષ્ટક** 3.11 પરથી જોઈ શકાય છે કે -

- નમૂના તપાસ કરાયેલ 48 ગામોમાં સ્થિત, નમૂના તપાસ કરાયેલ 63 શાળાઓમાંથી નવ શાળાઓમાં (14.29 ટકા) FHTCs ઉપલબ્ધ ન હતા. આ નવ શાળાઓમાં 2024-25ના શૈક્ષણિક વર્ષમાં 987 છોકરાઓ અને 1,080 છોકરીઓ નોંધાયેલ હતી.
- નમૂના તપાસ કરાયેલ 77 AWCsમાંથી 13 AWCsમાં (16.88 ટકા) FHTCs ઉપલબ્ધ ન હતા. વર્ષ 2024-25 દરમિયાન આ 13 AWCs માં 286 છોકરાઓ અને 284 છોકરીઓ નોંધાયેલ હતી.
- નમૂના તપાસ કરાયેલલ 48 ગામોના નમૂના તપાસ કરાયેલ 14 SCs માંથી ત્રણ SCs (27.08 ટકા) માં FHTCs ઉપલબ્ધ ન હતા.
- નમૂના તપાસ કરાયેલ 48 ગ્રામ પંચાયતોમાંથી 13 પંચાયત બિલ્ડિંગમાં (27.08 ટકા) FHTCs ઉપલબ્ધ ન હતા.

આ એવા ક્ષેત્રો તરફ નિર્દેશ કરે છે કે જ્યાં સંબંધિત અધિકારીઓ દ્વારા વધુ પ્રયાસોની જરૂર છે.

રાજ્ય સરકારે ઓગષ્ટ 2025માં જણાવ્યુ હતું કે JJM અંતર્ગત ગામ-આધારિત યોજના માટે જ્યારે આયોજન કરવામા આવ્યું હતું ત્યારે દરેક જાહેર સંસ્થાઓને આવરી લેવામા આવી હતી. સરકારે એમ પણ જણાવ્યુ હતું કે પુર્ણ થયેલ ગ્રામ આધારિત યોજનાઓના હસ્તાંતરણ બાદ જે તે ગ્રામ પંચાયત નવી જાહેર સંસ્થાઓમાં FHTCs પૂરા પડેલ છે તે સુનિશ્ચિત કરવા માટે જવાબદાર હતી. રાજ્ય સરકારે વધુમાં જણાવ્યુ હતું કે જ્યાં FHTCs ઉપલબ્ધ ન હતા, તેવી સંસ્થાઓમાં પાણી માટેના તેમના પોતાના સ્રોત હતા, અને તે જગ્યાએ પીવાના પાણીની પર્યાપ્ત સગવડતાઓ હતી.

રાજ્ય સરકારનો જવાબ પ્રતીતિ જનક નથી, કારણ કે WASMO ના અધિકારીની હાજરીમાં ઓડિટ દ્વારા જાહેર સંસ્થાઓની હાથ ધરવામાં આવેલ ભૌતિક ચકાસણીમાં એ પુષ્ટિ થયેલ કે ગામની આ સંસ્થાઓમાં FHTCs હતા નહીં. ખાસ કરીને નમૂના તપાસ કરાયેલ 64 શાળાઓમાંથી નવ, 77 AWCs માંથી 13, અને 14 SCs માંથી ત્રણમા FHTCs ઉપલબ્ધ ન હતા.

### *3.2.4 મલ્ટી-વિલેજ યોજનાઓ/પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાઓ દ્વારા ગામોને પાણી પુરવઠો*

વિભાગ દ્વારા પૂરી પાડવામા આવેલ માહિતી અનુસાર રાજયમાં 18,152 ગામો[55] હતા. જેમાથી જુલાઈ 2025 સુધીમાં, 15,775 ગામો પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાઓ (RWSSs) દ્વારા આવરી લેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના 2,377 ગામોમાં નળ જોડાણો હોવા છતાં, તેઓ સ્થાનિક સ્રોતો અથવા ખુલ્લા કૂવા, બોરવેલ, ટ્યુબવેલ, તળાવ વગેરે જેવા ભૂગર્ભજળ પર આધારિત હતા. વધુમાં, RWSSs દ્વારા આવરી લેવામાં આવેલા 15,775 ગામોમાંથી, 12,104 ગામોને RWSSs દ્વારા પાણી પૂરું પાડવામાં આવતું હતું. બાકીના 3,671 ગામોમાં (23.27 *ટકા*) RWSSs ના વિસ્તરણ કાર્યો હાથ ધરવામાં આવ્યા હોવા છતાં, 1,983 ગામોમાં (12.57 *ટકા*)પાણી પૂરું પાડવામાં આવતું ન હતું કારણ કે તેમાં ઓછા દબાણ, ક્ષતિગ્રસ્ત પાઇપલાઇનો, આંતરિક પાઇપ નેટવર્કનો અભાવ

[55] અહીં ગામોની કુલ સંખ્યા **ફકરા 3.2.2** માં દર્શાવેલ ગામોની સંખ્યા સાથે મેળ ખાતી નથી કારણ કે **ફકરા 2.5** માં દર્શાવ્યા મુજબ માહિતીનો સ્રોત અલગ હતો.

અથવા સ્ત્રોત પર અપૂરતું પાણી જેવી ટેકનિકલ સમસ્યાઓ હતી જ્યારે 1,688 ગામોમાં (10.70 *ટકા*), ગ્રામ પંચાયતો RWSS માંથી પાણીનો ઉપયોગ કરવા તૈયાર ન હતી.

નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાં 31 માર્ચ 2024 સુધીમાં, 3,158 ગામો હતા. જેમાંથી, 2,424 ગામો (76.76 ટકા) 59 ગ્રામીણ પાણી પુરવઠા યોજનાઓ (RWSSs) દ્વારા આવરી લેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના 734 ગામો (23.24 ટકા) પાણીના અન્ય સ્ત્રોતો પર આધાર રાખતા હતા. ઓડિટમાં જોવા મળ્યું કે 2,424 ગામોમાંથી 1,892 (78.05 ટકા) ગામોને RWSS દ્વારા પાણી પૂરું પાડવામાં આવતું હતું. બાકીના 532 ગામોમાંથી, 318 ગામો (13.12 ટકા) ટેકનિકલ સમસ્યાઓના કારણે RWSS પાણી મેળવી રહ્યા ન હતા જ્યારે 214 ગામો (8.83 ટકા) એ RWSSs માંથી પાણી ન લેવાનું પસંદ કર્યું, ભલે તે ઉપલબ્ધ હતું. આ છ જિલ્લાઓમાં RWSSs દ્વારા પાણીના વ્યાપની વિગતો નીચે **કોષ્ટક 3.12** માં દર્શાવેલ છે.

**કોષ્ટક 3.12: માર્ચ 2024 સુધીમાં પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાઓ દ્વારા ગામોનો વ્યાપ**

| જિલ્લાનું નામ | જીલ્લામાં[56] ગામોની સંખ્યા | જીલ્લામાં RWSSs ની સંખ્યા | RWSS અંતર્ગત આવરી લેવાયેલ ગામોની સંખ્યા (ટકાવારી) | અંતર્ગત આવરી લેવાયેલ ન હોય તેવા ગામોની સંખ્યા (ટકાવારી) | તકનીકી સમસ્યાને કારણે પાણી ન મેળવતા ગામોની સંખ્યા (ટકાવારી) | RWSS અંતર્ગત સ્વેચ્છાએ પાણી ન મેળવતા ગામોની સંખ્યા (ટકાવારી) |
|---|---|---|---|---|---|---|
| અમરેલી | 612 | 11 | 612 (100) | 00 | 46 (07.52) | 117 (19.12) |
| આણંદ | 357 | 11 | 139 (38.94) | 218 (61.06) | 39 (28.06) | 24 (17.27) |
| ભરુચ | 647 | 15 | 401 (61.98) | 246 (38.02) | 76 (18.95) | 30 (7.48) |
| દાહોદ | 741 | 12 | 471 (63.56) | 270 (36.44) | 12 (2.55) | 00 |
| ગાંધીનગર | 291 | 04 | 291(100) | 00 | 121(41.58) | 28 (9.62) |
| પાટણ | 510 | 06 | 510 (100) | 00 | 24 (4.71) | 15 (2.94) |
| કુલ | 3,158 | 59 | 2,424 (76.76) | 734 (23.24) | 318 (13.12) | 214 (8.83) |

*(સ્ત્રોત: નમૂના-તપાસેલ જિલ્લાઓની GWSSB દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી)*

ઓડિટમાં જોવા મળ્યું કે નમૂના-તપાસેલ જિલ્લાઓના 214 ગામો (8.83 ટકા) માં સમુદાય, પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાઓ (RWSSs) માંથી પાણી લેવા તૈયાર ન હતો, જ્યારે આ યોજનાઓ દ્વારા શુદ્ધ અને પીવાલાયક પાણીની ઉપલબ્ધતા હતી. આ મુખ્યત્વે અસુરક્ષિત પાણીના જોખમો અને શુદ્ધિકરણ કરાયેલા પુરવઠાના ફાયદાઓ વિશે માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહાર (IEC) પ્રવૃત્તિઓની અસરકારકતાના અભાવને આભારી હોઈ શકે છે. વધુમાં, એવું જોવા મળ્યું હતું કે ગ્રામ પંચાયતોને RWSSs પાણી મેળવવા માટે વપરાશકર્તા શુલ્ક ચૂકવવો પડે છે, જેના પરિણામે યોજનાનો વિકલ્પ પસંદ ન કરવામાં આવ્યો હોય શકે છે, ખાસ કરીને જ્યારે વૈકલ્પિક સ્ત્રોતો આસાનીથી ઉપલબ્ધ હતા.

રાજ્ય સરકારે જણાવ્યું હતું (ઓગષ્ટ 2025) કે પાણી પુરવઠા સંબંધિત ટેકનિકલ સમસ્યાઓના ઉકેલ માટે, પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાઓનું વિસ્તરણ, અમલીકરણના તબક્કામાં અથવા આયોજનના સ્તરે છે IEC પ્રવૃત્તિઓ અંગે, સરકારે જણાવ્યું હતું કે નિયમિત જાગૃતિ અભિયાનો અને IEC પ્રવૃત્તિઓ છતાં, સાંસ્કૃતિક અને વર્તણૂકીય પ્રથાઓથી ગ્રામજનોનો પ્રતિકાર અસરગ્રસ્ત

[56] જિલ્લાઓમાં ગામડાઓની સંખ્યા (**કોષ્ટક 3.9** માં 3,125) અને (**કોષ્ટક 3.12** માં 3,158) મેળ ખાતી નથી કારણ કે **ફકરા 2.5** માં દર્શાવ્યા મુજબ માહિતીનો સ્ત્રોત અલગ હતો.

હોય છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે વર્તણૂકીય પરિવર્તન એક ક્રમિક પ્રક્રિયા છે અને તેને સ્વીકારી લેવાની માત્રા સમુદાયો પ્રમાણે અલગ અલગ હોય છે. સરકારે એ પણ જણાવ્યું હતું કે લોકોમાં લક્ષિત જાગૃતિ અને સહભાગિતા વધે તે માટેના પગલાં લેવાની પહેલ દ્વારા સમુદાયની સ્વીકૃતિ સુધારવાના પ્રયાસો ચાલી રહ્યા છે

### *3.2.4.1 ગામોને MVS/RWSS દ્વારા ગામોના સમ્પ સુધી પાણી પુરવઠાની માત્રા (જથ્થો)*

નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાં RWSSs દ્વારા ગામોમાં વિભાગ દ્વારા ત્રણ મહિના (મે 2023, જૂન 2023 અને ડિસેમ્બર 2023) માટે પૂરા પાડવામાં આવેલા પાણી પુરવઠાના આંકડાની ઓડિટ પરીક્ષણમાં તપાસ કરવામાં આવી. આ માહિતીના વિશ્લેષણમાં જાણવા મળ્યું કે 58 થી 64 ટકા ગામોને મહિનાના બધા દિવસો માટે પાણી પુરવઠો મળતો હતો. પચીસ થી 31 ટકા ગામોને 26 થી 30 દિવસ સુધી પાણી મળતું હતું, જે ટૂંકા ગાળાના વિક્ષેપો દર્શાવે છે. વધુમાં, આશરે 10 ટકા ગામોને 25 દિવસ કે તેથી ઓછા સમય માટે પાણી મળતું હતું.

નીચે આપેલ **ચાર્ટ** 3.4 પસંદ કરેલા મહિનાઓ દરમિયાન નમૂના તપાસ કરાયેલ છ જિલ્લાઓમાં RWSS દ્વારા પાણી પૂરું પાડવામાં આવેલા દિવસોની સરખામણીમાં ગામડાઓની સંખ્યાનો સારાંશ દર્શાવે છે. જિલ્લાવાર અને મહિનાવાર વિગતો **પરિશિષ્ટ** 3.6 માં આપવામાં આવી છે.

**ચાર્ટ 3.4: નમૂના તપાસ કરાયેલ જિલ્લાઓમાં RWSS તરફથી પાણી પુરવઠો પૂરો પડાયેલ દિવસો અને તે મેળવનારા ગામોની સંખ્યા**




*(સ્રોત: નમૂના તપાસ કરાયેલ GWSSB દ્વારા આપવામાં આવેલ માહિતી)*

વધુમાં ઓડિટમાં જણાયું હતું કે નમૂના તપાસ કરાયેલ છ જિલ્લાઓમાંથી બે જિલ્લાઓ નામે અમરેલી અને દાહોદમાં 60 ટકા થી ઓછા ગામોએ મહિનાના બધાજ દિવસો પાણી પુરવઠો મેળવ્યો હતો.

અમરેલી અને દાહોદ જિલ્લામાં મે 2023 માં, અનુક્રમે 17.81 ટકા અને 31.05 ટકા ગામોને દરરોજ પાણી મળતું હતું. અમરેલી અને દાહોદ જિલ્લામાં જૂન 2023 માં, અનુક્રમે 17.77 ટકા અને 57.84 ટકા ગામોને દરરોજ પાણી મળતું હતું. અમરેલી અને દાહોદ જિલ્લામાં ડિસેમ્બર 2023 માં, અનુક્રમે 17.92 ટકા અને 24.18 ટકા ગામોને દરરોજ પાણી મળતું હતું.

આમ, એવું તારણ કાઢી શકાય છે કે નમૂના-તપાસ કરાયેલ છ જિલ્લાઓના કેટલાક ગામોને નિયમિત પાણી પુરવઠો મળી રહ્યો ન હતો.

રાજ્ય સરકારે જવાબ આપ્યો (ઓગસ્ટ 2025) કે જૂની પાઇપલાઇનો અને પમ્પિંગ મશીનરીને કારણે, પાણી પુરવઠા વિસ્તારને ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યો છે જેથી દરેક પરિવારો માટે સતત દબાણ જાળવી શકાય, જેના કારણે એકાંતરે પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે પાણી એકાંતરે પૂરું પાડવામાં આવે છે, પરંતુ બે દિવસનો જથ્થો તે જ દિવસે પૂરો પાડવામાં આવે છે.

સરકારે એ પણ ઉમેર્યું હતું કે છેવાડાના ગામો અને ટેકનિકલ સમસ્યાઓ ધરાવતા ગામોમાં સમસ્યાઓના નિવારણ માટે, હાલના RWSSs ના વિસ્તરણ માટે અથવા નવી RWSSs યોજના પહેલાથી જ હાથ ધરવામાં આવી હતી.

### *3.2.4.2 નમૂના-તપાસ કરાયેલ પ્રમાણિત ગામોમાં પાણી પુરવઠાની માત્રા (જથ્થો)*

જલ જીવન મિશન (JJM) માર્ગદર્શિકા અનુસાર, આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગ્રામીણ પરિવારોને નિયમિત ધોરણે નિર્ધારિત ગુણવત્તાની પૂરતી માત્રામાં પીવાનું પાણી પૂરું પાડવાનો છે.

ઓક્ટોબર 2024 થી જાન્યુઆરી 2025 દરમિયાન નમૂના-તપાસેલ ગામોની 48 પાણી સમિતિઓ/ગ્રામ પંચાયતો દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ઓડિટમાં જોવા મળ્યું કે 25 (52 ટકા) ગામોમાં નિયમિતપણે દૈનિક ધોરણે પાણી પૂરું પાડવામાં આવતું હતું. 48 નમૂના-તપાસ કરાયેલા ગામોમાં પીવાના પાણી પુરવઠાની માત્રા નીચે **કોષ્ટક 3.13** માં આપવામાં આવી છે:

**કોષ્ટક 3.13 : ઓક્ટોબર 2024 થી જાન્યુઆરી 2025 દરમિયાન નમૂના-તપાસ કરાયેલા ગામોમાં પીવાના પાણીના પુરવઠાની માત્રા (જથ્થો)**

| જિલ્લાનું નામ | નમૂના તપાસ કરાયેલ ગામોની સંખ્યા | પીવાના પાણીના પુરવઠાની માત્રા (જથ્થો) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | દૈનિક | એકાંતર દિવસે | 3-4 દિવસે | 8-10 દિવસે | પુરવઠો પૂરો ન પડાયો |
| અમરેલી | 08 | 02 | 02 | 03 | 01 | 00 |
| આણંદ | 08 | 07 | 01 | 00 | 00 | 00 |
| ભરુચ | 08 | 06 | 02 | 00 | 00 | 00 |
| દાહોદ | 08 | 00 | 04 | 00 | 00 | 04 |
| ગાંધીનગર | 08 | 08 | 00 | 00 | 00 | 00 |
| પાટણ | 08 | 05 | 03 | 00 | 00 | 00 |
| કુલ | 48 | 28 | 12 | 03 | 01 | 04 |

*(સ્ત્રોત: નમૂના તપાસ કરાયેલ પાણી સમિતિઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી)*

ઓડિટમાં જોવા મળ્યું કે દાહોદ જિલ્લાના ચાર ગામોમાં[57] પાણી પુરવઠો નથી. વધુમાં, ભરૂચના ત્રણ ગામો[58] અને અમરેલી જિલ્લાના એક ગામ[59]માં, પૂરું પાડવામાં આવતું પાણી પીવાલાયક ન

[57] (i) ભોરવા ગામનું તાલબ ફળિયા, (ii) પીપલા પાણી, (iii) ઉલકાદર અને (iv) વટેડા.

[58] (i) અમદાળા, (ii). ઝમડી, અને (iii) ઝાંગર.

[59] વઘાણીયા.

હતું અને પીવા સિવાય અન્ય હેતુઓ માટે ઉપયોગમાં લેવાતું હતું. તેવી જ રીતે, નમૂના-તપાસ કરાયેલા 48 ગામોમાંથી ત્રણ ગામોને 3-4 દિવસના અંતરાલ પર પાણી મળ્યું.

- અમરેલી (બાવડી) ના એક ગામને 8-10 દિવસની અંતરાલ પર પીવાના પાણીનો પુરવઠો મળે છે, જોકે પીવાના પાણી સિવાય અન્ય હેતુઓ માટે બિન-પીવાલાયક પાણી નિયમિતપણે પૂરું પાડવામાં આવે છે.
- નમૂના-તપાસ કરાયેલા 48 ગામોમાંથી 12 ગામો (25 ટકા) ને એકાંતરે પીવાના પાણીનો પુરવઠો મળે છે.
- લાભાર્થી સર્વેક્ષણ દરમિયાન, 960 લાભાર્થીઓમાંથી 391 (40.73 ટકા) લાભાર્થીઓએ જણાવ્યું હતું કે દૈનિક પાણી પુરવઠો મળતો નથી.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે ગામ-આધારીત પાણી પુરવઠા યોજના પૂર્ણ થયા પછી, તે ગ્રામ પંચાયત દ્વારા ચલાવવામાં આવે છે. ગ્રામ પંચાયત પાણી પુરવઠાને ઝોન પ્રમાણે અને માત્રા સહિત વિતરણ વ્યવસ્થા નક્કી કરે છે. સરકારે વધુમાં જણાવ્યું હતું કે જે ગામોમાં RWSS જોડાણ પ્રક્રિયાનું કામ ચાલી રહ્યું છે, ત્યાં સ્થાનિક/પોતાના સ્રોત દ્વારા નિયમિત પાણી પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

જવાબ પ્રતીતિજનક નથી, કારણ કે GWSSB એ **ફકરા 3.2.4.1** માં જણાવ્યા મુજબ, RWSS થી ગામોના સમ્પ સુધી દૈનિક પુરવઠો સુનિશ્ચિત કર્યો ન હતો. વધુમાં, તે નિયમિત ધોરણે પૂરતા પ્રમાણમાં પાણી (ઓછામાં ઓછું 55 LPCD) પૂરું પાડતા ન હતું.

### *3.2.4.3 જાહેર સંસ્થાઓમાં પીવાના પાણીના પુરવઠાની માત્રા (જથ્થો)*

નમૂના-તપાસ કરાયેલ જાહેર સંસ્થાઓની ભૌતિક ચકાસણી દરમિયાન, ઓડિટમાં જાહેર સંસ્થાઓમાં પીવાના પાણીના પુરવઠાનું અનિયમિત આવર્તન જોવા મળ્યું, જેમ કે નીચે **કોષ્ટક 3.14** માં દર્શાવવામાં આવ્યું છે:

**કોષ્ટક 3.14: જાન્યુઆરી 2025 મુજબ જાહેર સંસ્થાઓમાં પીવાના પાણીના પુરવઠાનું આવર્તન**

| સંસ્થાનો પ્રકાર | નળ જોડાણો સાથેની સંસ્થાઓ | દૈનિક પાણી પુરવઠો | એકાંતરે પાણી પુરવઠો | 2-3 દિવસના અંતરાલે પાણી પુરવઠો | સાપ્તાહિક પુરવઠો | પાણી પુરવઠો ન પૂરો પડાયો |
|---|---|---|---|---|---|---|
| શાળાઓ | 54 | 42 | 07 | 03 | 00 | 02 |
| AWCs | 64 | 43 | 12 | 02 | 01 | 06 |
| પેટા-કેન્દ્રો (SCs) | 11 | 07 | 03 | 01 | 00 | 00 |

(સ્રોત: જાહેર સંસ્થાઓની સંયુક્ત ભૌતિક ચકાસણી)

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે નમૂના-તપાસેલ 48 ગામોમાં બે શાળાઓ અને છ આંગણવાડી કેન્દ્રોમાં પાણી પુરવઠો નહોતો. વધુમાં, સાત શાળાઓ, 12 AWCs અને ત્રણ SCs માં એકાંતરે પીવાના પાણીનો પુરવઠો મળતો હતો.

ઉપરોક્ત હકીકત એ સૂચવે છે કે હજુ પણ સુધારા માટે અવકાશ છે.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે ગ્રામ-આધારિત પાણી પુરવઠા યોજનાઓનું સંચાલન ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવે છે, અને પાણી પુરવઠાની માત્રા તેમના દ્વારા નક્કી કરવામાં આવે છે.

જવાબ પ્રતીતિ જનક નથી કારણ કે ફકરા 3.2.4.1 માં જણાવ્યા મુજબ, GWSSB એ RWSS થી ગામડાના સમ્પ સુધી દૈનિક પુરવઠો સુનિશ્ચિત કર્યો ન હતો. વધુમાં, તે નિયમિત ધોરણે (ઓછામાં ઓછું 55 LPCD).

### *3.2.5 નમૂના-તપાસેલ પ્રમાણિત ગામોમાં પીવાના પાણી પુરવઠાનો જથ્થો*

JJM માર્ગદર્શિકા જણાવે છે કે દરેક ગ્રામીણ પરિવારને દરરોજ ઓછામાં ઓછું માથાદીઠ 55 લિટર (lpcd) પીવાનું પાણી મળવું જોઈએ. માર્ગદર્શિકામાં દરેક વ્યક્તિગત ઘરેલું જોડાણો માટે પાણીના મીટર લગાવવાની પણ જરૂર છે. ઓડિટમાં જોવા મળ્યું કે નમૂના-તપાસેલ ગામોમાં પાણીના મીટર ન તો ગ્રામ્ય સ્તરના માળખા પર સ્થાપિત કરવામાં આવ્યા હતા કે ન તો ઘરેલુ સ્તરે. પરિણામે, નમૂના-તપાસ કરાયેલા ગામોમાં ફંક્શનલ હાઉસહોલ્ડ ટેપ કનેક્શન (FHTCs) દ્વારા પૂરા પાડવામાં આવતા પીવાના પાણીની માત્રા(જથ્થો) ઓડિટ ચકાસી શક્યું નહીં.

આ અંતરને દૂર કરવા માટે, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) એ ચાર જિલ્લાઓ (બોટાદ, ગાંધીનગર, પોરબંદર અને રાજકોટ) માં 525 પાણી મીટર સ્થાપિત કર્યા હતા કે જ્યાં ગામોના સમ્પ પર પાણી પહોંચાડવામાં આવે છે. આ વર્ષ 2021-22 માં પ્રાયોગિક ધોરણે વાસ્તવિક-સમયમાં પાણી પુરવઠા દેખરેખને સરળ બનાવવા માટે કરવામાં આવ્યું હતું. ઓડિટ ચકાસણી માટે GWSSB દ્વારા વર્ષ 2022-23 અને વર્ષ 2023-24 ના સમયગાળા માટે 493 મીટરનો ડેટા પૂરો પાડવામાં આવ્યો હતો. ઓડિટમાં માહિતીના વિશ્લેષણના પરિણામોનો સારાંશ નીચે **કોષ્ટક** 3.15 માં આપવામાં આવ્યો છે:

**કોષ્ટક 3.15: પ્રાયોગિક ધોરણે પૂરા પાડવામાં આવેલ ચાર જિલ્લાઓમાં પીવાના પાણીનો જથ્થો**

| માપદંડ[60] | પાણીના મીટરની સંખ્યા | 493 મીટરની ટકાવારી |
|---|---|---|
| 24 મહિનામાં[61] પ્રતિ વ્યક્તિ 55 લિટરથી ઓછો સરેરાશ દૈનિક પુરવઠો (lpcd) રેકોર્ડ કરાયો | 193 | 39.15 |
| ઓછામાં ઓછા એક પૂરા મહિના માટે શૂન્ય પાણી પુરવઠાવાળા મીટર (પૂરા મહિના માટે 0 lpcd; રેન્જ 1 થી 24 મહિના)[62] | 296 | 60.04 |
| સરેરાશ મહિનામાં 50 ટકાથી વધુ દિવસો માટે મીટર નિષ્ક્રિય રહે છે (સરેરાશ મીટરનો ઉપયોગ કયા દિવસો પર કરવામાં આવ્યો હતો તેના આધારે)[63] | 199 | 40.37 |

*(સ્રોત : GWSSB દ્વારા વૉટર મિટર અંગે પૂરી પડાયેલ માહિતીનું ઓડિટ વિશ્લેષણ)*

[60] ઓડિટ વિશ્લેષણ માટે, GWSSB દ્વારા પૂરા પાડવામાં આવેલ 24 મહિનાની મીટર દ્વારા માપવામાં આવેલ માહિતીને એક એક્સેલ વર્કશીટમાં એકત્રિત કરવામાં આવી હતી. તેને ગામની વસ્તી ડેટાશીટ સાથે મેળવવામાં આવી હતી અને પીવોટ ટેબલનો ઉપયોગ કરીને સારાંશ આપવામાં આવ્યો હતો.

[61] સૂત્રનો ઉપયોગ કરીને સરેરાશ પુરવઠો પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસ 55 લિટર કરતા ઓછો હોવાનું બહાર આવ્યું છે(કુલ કિલો લિટર × 1000) ÷ (વસ્તી × મહિનામાં દિવસો).

[62] જો કોઈ સંપૂર્ણ મહિનો દરેક દિવસો માટે શૂન્ય પ્રવાહ દર્શાવે છે, તો તેને શૂન્ય-પુરવઠા મહિના તરીકે ગણવામાં આવે છે.

[63] જો પુરવઠો મહિનામાં અડધાથી ઓછા દિવસોમાં થયો હોય, તો તેને મહિનામાં 50 ટકાથી વધુ દિવસો માટે નિષ્ક્રિય તરીકે ચિહ્નિત કરવી.

GWSSB દ્વારા પૂરી પડાયેલ માહિતીના આધારે, ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે 24 મહિનાના સમયગાળામાં 493 વોટર મીટર, 39.15 ટકા મીટર સરેરાશ દૈનિક પુરવઠો પ્રતિ વ્યક્તિ 55 લિટરથી ઓછો દર્શાવતા હતા. આ ઉપરાંત, 60.04 ટકા મીટરમાં ઓછામાં ઓછા એક સંપૂર્ણ મહિના માટે પાણીનો વપરાશ શૂન્ય નોંધાયો હતો, અને 40.37 ટકા મીટર એક મહિનાની અંદર સરેરાશ અડધાથી વધુ દિવસો માટે નિષ્ક્રિય હતા.

નમૂના તપાસ કરાયેલ 48 ગામોની ભૌતિક તપાસ દરમિયાન, પાણી સમિતિએ આપેલ માહિતી અનુસાર, જાન્યુઆરી 2025માં ઓડિટમાં જણાયું હતું કે 29 ગામો (60.42 ટકા) 55 lpcd કરતાં વધારે પાણી પુરવઠો મેળવતા હતા., જ્યારે 14 ગામો (29.17 ટકા) 40 અને 55 lpcd વચ્ચે, અને ચાર ગામોમાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવ્યો ન હતો. દાખલા તરીકે, અમરેલી જિલ્લાના સલાડી ગામના, હનુમાન પરા જેવા ઉચાણ વાળા વિસ્તારમાં 250 ઘરોને અપૂરતા ગુરુત્વાકર્ષણ પ્રવાહને કારણે 20 lpcd કરતા ઓછો પાણી પુરવઠો મળી રહ્યો હતો.

લાભાર્થીઓના સર્વેક્ષણમા, 960 ઉત્તરદાતાઓમાંથી 214 (22.30 ટકા) એ અપૂરતા પાણી પુરવઠાની જાણ કરી હતી જ્યારે 679 ઉત્તરદાતાઓ (70.73 ટકા) એ જણાવ્યું હતું કે પૂરો પાડવામાં આવેલ પાણીનો જથ્થો પૂરતો હતો. બાકીના 67 ઉત્તરદાતાઓ (6.98 ટકા) પૂરતા પ્રમાણમાં પાણી પુરવઠા અંગે જવાબ આપવા તૈયાર ન હતા.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે ગામમાં ઘર દીઠ  મીટર આપવાનું કામ એ  ગ્રામ પંચાયતની જવાબદારી છે અને વિભાગ/GWSSB ની તેમાં કોઈ ભૂમિકા નથી. RWSS સ્તરે  મીટર પૂરા પાડવા અંગે, સરકારે જણાવ્યું હતું કે રાજ્યએ ગ્રીડ અને RWSS માં બલ્ક મીટર સ્થાપિત કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે અને વર્ષ 2030 સુધીમાં લક્ષ્યાંક પ્રાપ્ત કરવાની ધારણા રાખવામા આવી છે. સરકારે વધુમાં ઉમેર્યું હતું કે, GWSSB એ 525 ગામોમાં ગામ-આધારિત યોજનાઓમાં પાણીના મીટર લગાવવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મૂક્યો હતો, જે ટેકનિકલી સંતોષકારક હતો, પરંતુ લાભાર્થીઓની અનિચ્છા, બેદરકારી અને પ્રતિકારને કારણે તેને મોટા ઓપરેશનલ પડકારોનો સામનો કરવો પડ્યો હતો.

### *3.2.6 પૂરા પાડવામાં આવેલ પીવાના પાણીની ગુણવત્તા*

JJM માર્ગદર્શિકા અનુસાર, નળ જોડાણની કાર્યક્ષમતામાં અન્ય બાબતોની સાથે પાણી નિર્ધારિત ગુણવત્તાનું એટલે કે BIS: 10500 ધોરણો મુજબ હોવું જોઈએ.

ઓક્ટોબર 2021 માં GoI ના જળ શક્તિ મંત્રાલય દ્વારા જારી કરાયેલ IS 10500 અને પીવાના પાણીની ગુણવત્તા દેખરેખ અને દેખરેખ માળખામાં[64] ઉલ્લેખિત પાણીની ગુણવત્તાના ધોરણોમાં બે મર્યાદાઓનો સમાવેશ થાય છે: 'સ્વીકાર્ય મર્યાદા' અને 'અનુમતિપાત્ર મર્યાદા'. સ્વીકાર્ય મર્યાદા મુજબ ના ધોરણો જાળવતું પાણી પીવાના હેતુ માટે યોગ્ય માનવામાં આવે છે. તેમ છત્તા, જો પાણીનો કોઈ વૈકલ્પિક સ્રોત ઉપલબ્ધ ન હોય (પીવાના પાણી પુરવઠા માટે), તો સ્વીકાર્ય મર્યાદા કરતાં વધારે ધોરણો ધરાવતા હોવા છતા અનુમતિપાત્ર મર્યાદા તરીકે સૂચવવામાં આવે છે એટલે

[64] ભારત સરકારના જળ શક્તિ મંત્રાલય દ્વારા 2021 માં જારી કરાયેલ પીવાના પાણીની ગુણવત્તા દેખરેખ અને દેખરેખ ફ્રેમવર્ક (DWQMSF) જળ જીવન મિશન હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં સુરક્ષિત પીવાના પાણીની ખાતરી કરવા માટે માર્ગદર્શિકા પ્રદાન કરે છે. તે અન્ય બાબતો ઉપરાંત પ્રયોગશાળાઓ દ્વારા પાણીની ગુણવત્તા દેખરેખ અને સમુદાયો દ્વારા દેખરેખ માટેની પ્રક્રિયાઓને વ્યાખ્યાયિત કરે છે.

કે યોગ્ય પાણીના સ્ત્રોતની ઉપલબ્ધતાના અભાવને કારણે વધારે ધોરણો ધરાવતા હોવા છતા પીવાના હેતુ માટે પાણીનો ઉપયોગ કરી શકાય. અનુમતિપાત્ર મર્યાદાના ધોરણ થી વધારે ધોરણો ધરાવતું પાણી પીવા માટે યોગ્ય માનવામાં આવતું નથી. આ ધોરણો નીચે **કોષ્ટક 3.16માં** દર્શાવવામાં આવેલ છે:

**કોષ્ટક 3.16: IS 10500 મુજબ પાણીની ગુણવત્તા માટેના નક્કી કરાયેલ ધોરણો**

| લાક્ષણિકતા | એકમ | જરૂરી (સ્વીકાર્ય મર્યાદા) | અનુમતિપાત્ર મર્યાદા (વૈકલ્પિક સ્ત્રોતનાં અભાવે) |
|---|---|---|---|
| કલર/રંગ | Hazen units (HU) | 05 | 15 |
| મેલા પણું | Nephelometric Turbidity Units (NTU) | 01 | 05 |
| pH | - | 6.5 – 8.5 | 6.5 – 8.5 |
| TDS | mg/l | 500 | 2000 |
| કુલ Hardness ($CaCO_3$ તરીકે) સખ્તાઈ | mg/l | 200 | 600 |
| કેલશ્યમ (Ca તરીકે) | mg/l | 75 | 200 |
| મેગ્નેશ્યમ (Mg તરીકે) | mg/l | 30 | 100 |
| ક્લોરાઈડ | mg/l | 250 | 1000 |
| સલ્ફેટ | mg/l | 200 | 400 |
| નાઇટ્રેટ ( $NO_3$ તરીકે) | mg/l | 45 | 45 |
| ફ્લોરાઈડ | mg/l | 01 | 1.5 |
| કુલ આલ્કલાઇનિટી ($CaCO_3$ તરીકે) | mg/l | 200 | 600 |

(સ્ત્રોત: પાણીની ગુણવત્તા દેખરેખ માળખું અને IS 10500)

સંયુક્ત ભૌતિક ચકાસણીના ભાગ રૂપે, છ જિલ્લાઓના 48 નમૂના-તપાસેલ ગામોમાંથી 88 પાણીના નમૂનાઓ WASMO અધિકારીઓ દ્વારા ઓડિટની હાજરીમાં પીવાના પાણી પુરવઠાના સ્ત્રોત (ભૂગર્ભ સમ્પ, બોરવેલ, ટ્યુબવેલ, વગેરે) માંથી એકત્રિત કરવામાં આવ્યા હતા અને પાણીની ગુણવત્તાના પરીક્ષણ માટે સંબંધિત જિલ્લા સ્તરીય પ્રયોગશાળાઓ (DLLs) ને આપવામાં આવ્યા હતા. એકત્રિત કરાયેલા અને સંબંધિત DLLs માં પરીક્ષણ કરાયેલા નમૂનાઓના પરિણામો **પરિશિષ્ટ** 3.7 માં આપવામાં આવ્યા છે.

ઓડિટમાં જોવા મળ્યું કે, નમૂના-તપાસ કરાયેલા ગામોમાંથી એકત્રિત કરાયેલા 88 પાણીના નમૂનાઓમાંથી, સ્વીકાર્ય મર્યાદા મુજબ, 10 નમૂના (11.36 ટકા) પીવાના હેતુ માટે યોગ્ય જણાયા હતા જ્યારે 78 નમૂના (88.64 ટકા) અયોગ્ય જણાયા હતા.

સ્વીકાર્ય મર્યાદાને ધ્યાનમાં લેતા, 66 નમૂનાઓ (75 ટકા) પીવાના હેતુ માટે યોગ્ય જણાયા અને બાકીના 22 નમૂનાઓ (25 ટકા) અયોગ્ય જણાયા હતા

વધુમાં, સાત ગામો[65]માં, સ્વીકાર્ય મર્યાદા સામે મૂલ્યાંકન કરવામાં આવ્યું ત્યારે પરીક્ષણ કરાયેલા તમામ 11 નમૂના પીવાના હેતુ માટે અયોગ્ય હતા. પાણીની ગુણવત્તાના વિશ્લેષણમાં જાણવા મળ્યું કે નિર્ધારિત મર્યાદા કરતાં વધુ પડતા પરિમાણોમાં કુલ હાર્ડનેસ (65 ટકા નમૂનાઓમાં), ટર્બિડિટી (63 ટકા), કુલ ઓગળેલા ઘન પદાર્થો (TDS) અને કુલ ક્ષારતા (56 ટકા દરેક), અને મેગ્નેશિયમની હાજરી (50 ટકા)નો સમાવેશ થાય છે.

[65] (i). અદ્રુજ, (ii) અકલેરા, (iii) અહિમા, (iv) બુધેજ, (v) પીપલ પાની, (vi) ઝાબુ અને (vii) ઝાંગાર.

સ્વીકાર્ય અને અનુમતિપાત્ર મર્યાદાના આધારે જિલ્લાવાર એકત્રિત કરાયેલા અને યોગ્ય અને અયોગ્ય જણાયેલા પાણીના નમૂનાઓની વિગતો નીચે **કોષ્ટક 3.17** માં આપવામાં આવી છે.:

**કોષ્ટક 3.17: નમૂના-તપાસેલ 48 ગામોમાં સ્વીકાર્ય અને અનુમતિપાત્ર મર્યાદાના આધારે એકત્રિત કરાયેલા નમૂનાઓની જિલ્લાવાર વિગતો અને તેમના પરિણામો**

| જિલ્લો | સ્વીકાર્ય મર્યાદા | | | અનુમતિપાત્ર મર્યાદા | | |
|---|---|---|---|---|---|---|
| | યોગ્ય | અયોગ્ય | કુલ | યોગ્ય | અયોગ્ય | કુલ |
| અમરેલી | 00 | 11 | 11 | 09 | 02 | 11 |
| આણંદ | 00 | 15 | 15 | 09 | 06 | 15 |
| ભરુચ | 06 | 14 | 20 | 14 | 06 | 20 |
| દાહોદ | 04 | 09 | 13 | 08 | 05 | 13 |
| ગાંધીનગર | 00 | 08 | 08 | 08 | 00 | 08 |
| પાટણ | 00 | 21 | 21 | 18 | 03 | 21 |
| **કુલ** | **10** | **78** | **88** | **66** | **22** | **88** |
| **ટકા** | **11.36** | **88.64** | **100** | **75** | **25** | **100** |

(સ્રોત : નમૂના-તપાસેલ ગામોમાંથી એકત્રિત કરાયેલા નમૂનાઓના લેબ અહેવાલો)

ઉપરોક્ત **કોષ્ટક** 3.17 દર્શાવે છે કે ચાર જિલ્લાઓ (અમરેલી, આણંદ, ગાંધીનગર અને પાટણ) ના દરેક નમૂના સ્વીકાર્ય મર્યાદાના આધારે અયોગ્ય જણાયા હતા. વધુમાં, આણંદ, દાહોદ અને ભરૂચ જિલ્લામાં અનુક્રમે 40, 38 અને 30 ટકા નમૂનાઓ અનુમતિપાત્ર મર્યાદાના આધારે અયોગ્ય જણાયા હતા.

એ ઉલ્લેખનીય છે કે આણંદ જિલ્લાનો ઉમરેઠ તાલુકો મુખ્યત્વે ભૂગર્ભજળ સ્રોતો પર આધાર રાખે છે કારણ કે RWSS કાર્યરત નથી (**ફકરા 3.1.2.3** માં ચર્ચા કર્યા મુજબ). DLL આણંદે આ તાલુકાના વર્ષ 2022-23માં 649 અને વર્ષ 2023-24માં 341 પાણીના નમૂનાઓનું પરીક્ષણ કર્યું હતું. પ્રયોગશાળાના અહેવાલ મુજબ, આ નમૂનાઓમાંથી, વાર્ષ 2022-23માં 328 નમૂનાઓ (50.54 ટકા) અને વર્ષ 2023-24માં 194 નમૂનાઓ (56.89 ટકા) નાઈટ્રેટ સ્તર માટે માન્ય મર્યાદા ઓળંગી ગયા હતા. તેથી, આ નમૂનાઓ ઉચ્ચ નાઈટ્રેટ સાંદ્રતાને કારણે પાણીની ગુણવત્તાના ધોરણોનું પાલન કરતા ન હોવાનું જણાયું હતું.

વધુમાં, લાભાર્થી સર્વેક્ષણ દરમિયાન, સર્વે કરાયેલા 960 માંથી 225 લાભાર્થીઓ (23.44 ટકા) એ પૂરા પાડવામાં આવતા પીવાના પાણીની ગુણવત્તા પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો.

રાજ્ય સરકારે જણાવ્યું હતું (ઓગસ્ટ 2025) કે ઓડિટ દરમિયાન પરીક્ષણ કરાયેલા નમૂનાઓ ભૂગર્ભજળના સ્રોતોમાંથી છે, જે કેટલાક પરિમાણોમાં નિષ્ફળ ગયા હતા. વધુમાં, 48 પરીક્ષણ કરાયેલા ગામોમાંથી 40 માટે RWSS કનેક્ટિવિટીના કામો પૂર્ણ થઈ ગયા છે, અને આ ગામોમાં પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. સરકારે દલીલ કરી હતી કે આ ગામોમાં હવે RWSS તરફથી સુરક્ષિત, પીવાલાયક અને નિયમિત પીવાના પાણીનો પુરવઠો ઉપલબ્ધ છે. સરકારે એ પણ ખાતરી આપી હતી કે બાકીના આઠ ગામોમાં ટૂંક સમયમાં RWSS પાણી પૂરું પાડવામાં આવશે.

રાજ્ય સરકારનો જવાબ વિશ્વાસપાત્ર નથી, કારણ કે WASMOના અધિકારીઓ દ્વારા ઓડિટની હાજરીમાં ક્ષેત્ર મુલાકાત દરમિયાન નમૂના-તપાસેલ ગામોને પાણી પૂરું પાડતા પાણીના સ્રોતોમાંથી નમૂના લેવામાં આવ્યા હતા. વધુમાં, 48 નમૂના-તપાસ કારાયેલા ગામોમાંથી, 18 ગામોમાં

પુરવઠાના સ્ત્રોત તરીકે સપાટી પરનું પાણી હતું, જ્યારે બાકીના 30 ગામોમાં, સ્ત્રોત ભૂગર્ભજળ અથવા ભૂગર્ભજળ અને સપાટી પરના પાણીનું મિશ્રણ હતું.

રાજ્ય અને નમૂના-તપાસેલ છ જિલ્લાઓને લગતા પીવાના પાણી પુરવઠાની ગુણવત્તા અંગેના વિગતવાર ઓડિટ તારણો આ અહેવાલના **પ્રકરણ-IV** માં ચર્ચા કરવામાં આવ્યા છે.

### *3.2.7 નમૂના-તપાસ કરાયેલ ગામોમાં સેવા વિતરણનુ મૂલ્યાંકન*

પસંદ કરેલા જિલ્લાઓમાં નમૂના-તપાસ કરાયેલ 48 ગામોમાં ગ્રામીણ પાણી પુરવઠા યોજનાઓની સંપત્તિઓની સંયુક્ત ભૌતિક ચકાસણીમાં નીચે મુજબની બાબતો બહાર આવી હતી.

- ***સ્ટેન્ડ-પોસ્ટ દ્વારા પીવાના પાણીની સપ્લાય***

ગ્રામ્ય પરિવારોને FHTCs દ્વારા પીવાનું પાણી પૂરું પાડવાની JJM માર્ગદર્શિકાઓમાં જોગવાઈ છે. જો કે ઓડિટમાં જણાયું હતું કે, (ઓક્ટોબર 2024 થી ડિસેમ્બર 2024) પાંચ ગામોમાં[66] (નમૂના તપાસ કરાયેલ 48 માંથી) સ્ટેન્ડ પોસ્ટ દ્વારા પાણીનું વિતરણ કરવામાં આવતું હતું. આ પાંચ ગામોમાંથી ચાર ગામોમાં[67] FHTCs દ્વારા પાણી પૂરું પાડવામાં આવતું હતું પરંતુ તે પીવા લાયક ન હોવાથી પીવા સિવાય અન્ય ઉપયોગમાં લેવાતું હતું જ્યારે પીવાનું પાણી સ્ટેન્ડ પોસ્ટથી પૂરું પાડવામાં આવતું હતું. ગાંધીનગરના સમ્પા ગામની એક વસાહતમાં પીવાનું પાણી સ્ટેન્ડ પોસ્ટ દ્વારા પૂરું પાડવામાં આવતું હતું, કારણકે પમ્પિંગ માટેની મોટર અને સમ્પ છેલ્લા બે વર્ષથી કાર્યરત ન હતા.

લાભાર્થીઓના સર્વેક્ષણમા 960 ઉતરદાતાઓ માંથી 137 ઉતરદાતાઓ એ (14.27 ટકા) એ વાત ની પુષ્ટિ કરી હતી કે તેઓ પીવાનું પાણી સ્ટેન્ડ પોસ્ટના ઉપયોગથી મેળવતા હતા.

- ***નિષ્ક્રિય રહેલ ભૂગર્ભ/એલિવેટેડ સ્ટોરેજ રિસર્વોયર(ESR)***

ગુરુત્વાકર્ષણ દ્વારા પીવાના પાણીના પુરવઠો પૂરો પાડવા માટે ભૂગર્ભ સમ્પ (UGS) ડિઝાઇન કરી અને બાંધવામાં આવ્યો છે. RWSS માંથી પીવાનું પાણી UGS માં મેળવવામાં આવે છે જ્યાંથી પાણી પમ્પિંગ મશીનરી દ્વારા એલિવેટેડ સ્ટોરેજ રિઝર્વોયર (ESR) માં ભરવામાં આવે છે અને પછી ગુરુત્વાકર્ષણ દ્વારા ઘરોમાં પૂરું પાડવામાં આવે છે.

નમૂના તપાસ કરાયેલ 48 ગામોની સંયુક્ત ભૌતિક ચકાસણી અને લાભાર્થી સર્વેક્ષણ દરમિયાન, ઓડિટમાં (ઓક્ટોબર 2024 થી ડિસેમ્બર 2024) અવલોકન કરવામાં આવ્યું કે પાણી મેળવવા માટે બાંધવામાં આવેલા UGS અને ગ્રામીણ ઘરોને આગળ પુરવઠા માટે બાંધવામાં આવેલા ESR વિવિધ કારણોસર નિષ્ક્રિય પડી રહ્યા હતા, જેમ કે RWSSs દ્વારા પાણીનો પુરવઠો ન હોવો, UGS નું ESR સાથે જોડાણ ન હોવું, પમ્પિંગ મશીનરીનું ઇન્સ્ટોલેશન ન હોવું વગેરે. ભૌતિક ચકાસણી/લાભાર્થી સર્વેક્ષણ દરમિયાન નોંધાયેલા પરીક્ષણ-ચકાસાયેલ ગામોમાં નિષ્ક્રિય UGSs ની ગામ મુજબ વિગતો નીચે **કોષ્ટક 3.18** માં આપવામાં આવી છે.

---

[66] (i) ચંદ્રુમણા (પાટણ), (ii) સંપાનું કાલીપુરા ફળિયા (ગાંધીનગર), (iii) માતપુર (પાટણ), (iv) વાઘાણીયા (અમરેલી) અને (v) વિશાલ વાસણા (પાટણ).

[67] (i) ચંદ્રુમણા (પાટણ), (ii) માતપુર (પાટણ), (iii) વાઘાણીયા (અમરેલી) અને (iv) વિશાલ વાસણા (પાટણ).

**કોષ્ટક 3.18: નમૂના તપાસ કરાયેલ ગામોમાં નિષ્ક્રિય રહેલ UGSs ની ગામ મુજબ વિગતો (ઓક્ટોબર 2024 થી ડિસેમ્બર 2024 વચ્ચે)**

| ગામનું નામ | નિષ્ક્રિય પડી રહેલ બાંધકામનું નામ | કેટલા સમયગાળાથી નિષ્ક્રિય પડી રહેલ છે. | કારણો |
|---|---|---|---|
| શીલાના | UGS | દોઢ વર્ષ થી | પાણીનો સ્ત્રોત ઉપલબ્ધ ન હોવાથી |
| મેઘવા (બડા) | 2 UGSs | દોઢ વર્ષ થી | સમ્પ અને ESR ના આંતરિક જોડાણ અને ઈલેક્ટ્રિસિટી કનેક્શન |
| અહીમા | UGS | દોઢ વર્ષ થી | - ઉપર મુજબ - |
| ઝાલાબોરડી | UGS | બે વર્ષ થી | - ઉપર મુજબ - |
| અમદાડા | ESR અને UGS | બે વર્ષ થી | અપૂર્ણ RWSS |
| ઝાંગર | ESR અને UGS | બે વર્ષ થી | આંતરિક જોડાણ બાકી |

*(સ્ત્રોત: નમૂના તપાસ કરાયેલ ગામોની ભૌતિક ચકાસણી)*

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે દોઢ થી બે વર્ષ પહેલાં સાત UGSs અને બે ESRs બનાવવામાં આવ્યા હતા, પરંતુ પાણીની ઉપલબ્ધતા, આંતરિક જોડાણ, વીજળી જોડાણો અને RWSSનું કામ પૂર્ણ ન થવાને કારણે તેનો ઉપયોગ (ઓક્ટોબર-ડિસેમ્બર 2024) થયો ન હતો. આ ગામોને પૂરા પાડવામાં આવતા બોર/ટ્યુબવેલ/ખુલ્લા કૂવાનું પાણી પીવાલાયક ન હતું કારણ કે તે પ્રયોગશાળા પરીક્ષણોમાં અયોગ્ય જણાયું હતું. **ચિત્ર 3.3** માં બતાવ્યા પ્રમાણે, શિલાના ગામનો UGS જુલાઈ 2023 થી પાણીના સ્ત્રોતની કનેક્ટિવિટીના અભાવે નિષ્ક્રિય પડ્યો હતો.



**ચિત્ર 3.3: શિલાના ગામનો બિનઉપયોગી ભૂગર્ભ સમ્પ: 12.11.2024 ના રોજ WASMO અને GWSSB અધિકારીઓની હાજરીમાં સંયુક્ત ભૌતિક ચકાસણી દરમિયાન લેવાયેલ ફોટોગ્રાફ**

તારીખ 06.12.2024 અને 08.01.2025 ના રોજ અનુક્રમે ઉંટવાડા ગામ (તારાપુર, આણંદ) (ચિત્ર 3.4) અને ઝામડી ગામ (જંબુસર, ભરૂચ) (ચિત્ર 3.5) ની સંયુક્ત ક્ષેત્ર મુલાકાત દરમિયાન, ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે ગ્રામીણ પરિવારો FHTC ધરાવતા ગામોમાં પાઇપ દ્વારા પાણી પુરવઠો ઉપલબ્ધ હતો. જોકે, બોરવેલનું પાણી ગામ-આધારિત પાણી યોજના દ્વારા પૂરું પાડવામાં આવતું હતું, જે પીવાના હેતુ[68] માટે અયોગ્ય હતું. આમ, નળ જોડાણો દ્વારા પૂરું પાડવામાં આવતું પાણી પીવાલાયક ન હોવાથી, પરિવારોને દૂરના હેન્ડપંપ અથવા સમ્પથી પાણી લાવવાની ફરજ પડી હતી.

[68] (i) ઊંટવાડા (TDS 1,626) અને ઝામડી (TDS 1,107).

| | |
|---|---|
|  |  |
| ચિત્ર 3.4: આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના ઉંટવાડા ગામની મહિલાઓ ગામમાં (100 મીટર-200 મીટરના અંતરે) સ્થાપિત હેન્ડપંપ પરથી પીવાનું પાણી માથા ઉપર ઊંચકીને લઈ જઈ રહી છે, કારણ કે ઘરગથ્થુ નળ જોડાણો દ્વારા પાઇપ દ્વારા પાણી પુરવઠામાં TDS (1,626) વધારે છે. (WASMO આણંદના કર્મચારીની હાજરીમાં ઓડિટ ટીમ દ્વારા તારીખ 06.12.2024 ના રોજ લેવાયેલ ફોટો) | ચિત્ર 3.5: ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના ઝામડી ગામના નવી નગરી વસાહતના રહેવાસીઓ ગામમાં બાંધવામાં આવેલા નજીકના સમ્પ (100-500 મીટરના અંતરે) માંથી પીવાનું પાણી માથા પર ઊંચકીને લઈ જઈ રહી છે, કારણ કે નળ જોડાણો દ્વારા ખારું પાણી પૂરું પાડવામાં આવતું હતું. (WASMO ભરુચના કર્મચારીની હાજરીમાં ઓડિટ ટિમ દ્વારા તારીખ 08.01.2025 ના રોજ લેવાયેલ ફોટો) |

આમ, નમૂના તપાસ કરાયેલ 48 ગામો, કે જે બધાજ HGJ પ્રમાણીકરણ થી પ્રમાણિત હતા, તેમા નળ જોડાણોની ઉપલબ્ધતા ન હોવાના (**ફકરો** 3.2.3.2), અનિયમિત પાણી પુરવઠાના (**ફકરો** 3.2.4.2), પાણીના પૂરો પડાતો અપર્યાપ્ત જથ્થાને લગતા (**ફકરો** 3.2.5) અને પીવાલાયક પાણી પુરવઠો ન હોવાના (**ફકરો** 3.2.6) કિસ્સાઓ ઓડિટમા ધ્યાને આવ્યા હતા. જે આ ક્ષેત્રમાં સુધારાની જરૂરિયાત હોવાનું નિર્દેશિત કરે છે.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે  આ મુદ્દાઓ કનેક્ટિવિટી, કામચલાઉ ટેકનિકલ ખામીઓ અને માળખાગત કાર્યો ચાલુ હોવાના સાથે સંબંધિત હતા. સરકારે એમ પણ જણાવ્યુ હતું કે હવે બાકી રહેલા કનેક્ટિવિટીને લગતા કાર્યો પૂર્ણ કરીને, પમ્પિંગ અને ઇલેક્ટ્રો-મિકેનિકલ ઉપકરણોની સ્થાપના કરીને અને પમ્પિંગ કામગીરીને સક્ષમ બનાવવા માટે જરૂરી વીજળી જોડાણોની જોગવાઈ કરીને આ સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવ્યું છે. સરકારે વધુમાં જણાવ્યું હતું કે તમામ છ ગામોને FHTC દ્વારા પૂરતું પાણી મળી રહ્યું છે.

ઓડિટનો મત છે કે વિભાગ રાજ્યના તમામ ગામડાઓમાં ઓડિટ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓની સમીક્ષા કરી શકે છે અને યોગ્ય સુધારાત્મક પગલાં લઈ શકે છે.

## 3.3 ઉપસંહાર

JJM અંતર્ગત, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (GWIL) એ વર્ષ 2019-24 ના સમયગાળા દરમિયાન ₹3,034.18 કરોડના અંદાજિત ખર્ચ સાથે 11 બલ્ક પાઇપલાઇન યોજનાઓનું કામ હાથ ધરેલ હતુ. ડિસેમ્બર 2024 સુધીમાં, 11 બલ્ક પાઇપલાઇન યોજનાઓમાંથી, પાંચ યોજનાઓ આઠ થી 25 મહિનાના વિલંબ સાથે પૂર્ણ થયેલ હતી,  જ્યારે છ યોજનાઓનું કાર્ય પ્રગતિ હેઠળ  હતુ. (એક કાર્ય તેની પૂર્ણ થવાની  નિર્ધારિત તારીખની અંદર અને પાંચ ત્રણ થી 14 મહિના મોડા પૂર્ણ થયેલ હતા).

GWIL અને GWSSB દ્વારા ખોટો હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ (WPI) અપનાવવાથી કોન્ટ્રાક્ટરોને ₹54.32 કરોડની વધારાની ચુકવણી થઈ હતી. તેવી જ રીતે, GWIL અને GWSSB દ્વારા ખોટો GST દર અપનાવવાથી કોન્ટ્રાક્ટરોને ₹18.65 કરોડની વધારાની ચુકવણી કરવામાં આવી હતી.

JJM અંતર્ગત GWSSB દ્વારા નમૂના તપાસ કરાયેલ છ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવેલા 111 કાર્યોમાંથી, ડિસેમ્બર 2024 સુધીમાં, 41 કાર્યો (36.94 ટકા) પૂર્ણ થયા હતા. બાકીના 70 કામોમાંથી 65 કાર્ય પ્રગતિમાં હતા, અને ત્રણ શરૂ થયા ન હતા, જ્યારે બે કાર્ય પડતાં મૂકવામાં આવ્યા હતા. ઓડિટમાં એવા કિસ્સાઓ જોવા મળ્યા જ્યાં પૂર્ણ થયેલી ગ્રામીણ પાણી પુરવઠા યોજનાઓ (ઉમરેઠ, ભરૂચ અને પાટણ) સમ્પ-ટુ-ESR કનેક્શન ન થવાને કારણે કાર્યરત ન હતી. ડિસેમ્બર 2024 સુધીમાં, JJM અંતર્ગત  GWSSB, ગાંધીનગર વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા છ વિસ્તરણ કાર્યોમાંથી, એક (M-1 પ્રાદેશિક ભાગ-2) DPR તબક્કામાં હતુ , બે કાર્યો (G-1 પ્રાદેશિક અને હેમ્લેટ કનેક્ટિવિટી) પડતાં મૂકવામાં આવ્યા હતા,  અને ત્રણ (G-2 પ્રાદેશિક ભાગ-2, લાભોર ગ્રુપ અને મોટા જલુન્દરા) કાર્યો પ્રગતિમાં હતા.

વર્ષ 2019 અને 2024 ની વચ્ચે,  નમૂના તપાસ કરાયેલ છ જિલ્લાઓમાં, WASMO એ 1,488 ગામ-આધારિત પાણી પુરવઠા યોજનાઓ હાથ ધરી હતી જેનો અંદાજિત ખર્ચ ₹693.95 કરોડ હતો. આમાંથી, 752 પૂર્ણ થયા, 679 કાર્યો પ્રગતિમાં હતા, 54 કાર્યો પડતા મૂકવામાં આવ્યા હતા, જ્યારે ત્રણ હજુ શરૂ થવાના બાકી હતા. ઓડિટમાં જોવા મળ્યું કે નમૂના તપાસ કરાયેલ જિલ્લાઓમાં, 248 ગ્રામ-આધારિત યોજનાઓ વિલેજ એક્શન પ્લાન અથવા ગ્રામ સભાના ઠરાવો વિના અમલમાં મૂકવામાં આવી હતી.

e-જલશક્તિ પોર્ટલ પરના ડેટાના વિશ્લેષણમાં આયોજિત અને અહેવાલિત કાર્યાત્મક ઘરગથ્થુ નળ જોડાણો (FHTCs) વચ્ચે વિસંગતતાઓ જોવા મળી હતી. ઓડિટમાં જોવા મળ્યું હતું કે નમૂના તપાસ કરાયેલ છ જિલ્લાઓમાંથી, ચાર જિલ્લાઓમાં, નવેમ્બર 2024 સુધીમાં 71,842 પરિવારો (14.84 ટકા) FHTC વગર રહ્યા હતા.

નમૂના તપાસ કરાયેલ 48 ગામોની ભૌતિક ચકાસણી દરમિયાન, ઓડિટમાં જોવા મળ્યું કે 29 ગામો (60.42 ટકા) મા 55 lpcd થી વધુ, 14 ગામો (29.17 ટકા) માં 40-55 lpcd વચ્ચે, જ્યારે એક ગામ 40 lpcd થી નીચે અને બાકીના ચાર ગામોમાં કોઈ પાણી પુરવઠો પાડવામાં આવતો ન હતો.

JJM માર્ગદર્શિકા મુજબ, દરેક નળ જોડાણ BIS:10500 ગુણવત્તા ધોરણોને પૂર્ણ કરતું પાણી પૂરું પાડતું હોવું જોઈએ. છ જિલ્લાના 48 ગામોમાંથી એકત્રિત કરાયેલા 88 પાણીના નમૂનાઓમાંથી, 10 નમૂના (11.36 ટકા) સ્વીકાર્ય મર્યાદામાં હતા, જ્યારે 78 નમૂના (88.64  ટકા) અયોગ્ય ઠર્યા હતા. જ્યારે અનુમતિપાત્ર મર્યાદા સામે મૂલ્યાંકન કરવામાં આવ્યું ત્યારે, 66 નમૂનાઓ (75 ટકા) યોગ્ય જણાયા હતા અને 22 નમૂનાઓ (25 ટકા) અયોગ્ય રહ્યા હતા.

*ભલામણ  1: રાજ્ય સરકારે એક મજબૂત પદ્ધતિ વિકસાવીને GWIL અને GWSSB યોજનાઓ સમયસર પૂર્ણ થાય તેની ખાતરી કરવી જોઈએ.*

*ભલામણ 2: રાજ્ય સરકારે જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) અને GST દરોના ઉપયોગને પ્રમાણિત કરવો જોઈએ.*

*ભલામણ 3: સરકાર નિયમિતપણે બધા ઘરોને ઓછામાં ઓછા 55 લિટર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસ (lpcd) સુરક્ષિત અને પીવાલાયક પાણીનો પુરવઠો મળી રહે તે સુનિશ્ચિત કરવું જોઈએ.*

# પ્રકરણ-IV

# પાણીની ગુણવત્તાનું નિરીક્ષણ

# પ્રકરણ-IV
# પાણીની ગુણવત્તાનું નિરીક્ષણ

## 4.1 પ્રસ્તાવના

ભારત દ્વારા અપનાવવામાં આવેલા UN સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ 6માં ભાર મૂક્યા મુજબ, માનવ વિકાસ માટે સુરક્ષિત પીવાનું પાણી મેળવવું મહત્વપૂર્ણ છે. JJM નો એક મહત્વપૂર્ણ મુદ્દો પાણીની ગુણવત્તા સુનિશ્ચિત કરવાનો છે. JJM ના મુખ્ય ઘટકોમાં પાણીની ગુણવત્તાનું નિરીક્ષણ અને દેખરેખનો સમાવેશ થાય છે, જેમાં પાણીની ગુણવત્તાનું નિયમિત પરીક્ષણ અને ઉપચારાત્મક પગલાં લેવાનો સમાવેશ થાય છે.

## 4.2 પાણીની ગુણવત્તા અને પરીક્ષણ વધારવા માટે વ્યવસ્થા

પાણીની ગુણવત્તા એ પાણીની ભૌતિક, રાસાયણિક, જૈવિક અને રેડિયોલોજીકલ લાક્ષણિકતાઓનો ઉલ્લેખ કરે છે, જેમાં ભારતીય માનક બ્યુરો (BIS) દ્વારા નિર્ધારિત સુરક્ષિત પીવાના પાણીના ધોરણો (IS 10500:2012) છે. આમાં **ફકરા 3.2.6** માં ચર્ચા કરાયેલ વિકલ્પોની ગેરહાજરીમાં 'સ્વીકાર્ય મર્યાદાઓ' અને 'અનુમતિપાત્ર મર્યાદાઓ'નો[69] સમાવેશ થાય છે. JJM માર્ગદર્શિકા અને પીવાના પાણીની ગુણવત્તા દેખરેખ અને દેખરેખ માળખું[70] (હવે પછી DWQMSF તરીકે ઉલ્લેખ થસે) રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરે પાણીની ગુણવત્તા પરીક્ષણ પ્રયોગશાળાઓને ફરજિયાત બનાવે છે. રાજ્ય-સ્તરીય પ્રયોગશાળાઓ પાણીની ગુણવત્તા અંગે જટિલ અથવા ઉદભાવતા મુદ્દાઓ માટે રેફરલ સંસ્થાઓ તરીકે કાર્ય કરે છે, જિલ્લા અને તાલુકા પ્રયોગશાળાઓનું નિરીક્ષણ કરે છે અને ગુણવત્તાની ખાતરી અને ગુણવત્તા નિયંત્રણ (QAQC) સુનિશ્ચિત કરે છે. SLL, DLLs અને TLLs ની ભૂમિકાઓ અને જવાબદારીઓની વિગતો નીચે ચાર્ટ 4.1 માં આપવામાં આવી છે:

[69] 'સ્વીકાર્ય મર્યાદાઓ', એવા દૂષકોની સાંદ્રતાને વ્યાખ્યાયિત કરે છે જે આરોગ્ય અથવા પાણીની સ્વચ્છતામાટે કોઈ જોખમ નથી, જ્યારે 'અનુમતિપાત્ર મર્યાદાઓ', જે કોઈ વૈકલ્પિક સ્ત્રોત ઉપલબ્ધ ન હોય ત્યારે જ મંજૂર કરાયેલી છૂટછાટવાળી મર્યાદાઓ છે. પરવાનગી મર્યાદા ઓળંગવાથી પાણી પીવાલાયક નથી રહેતું. BIS IS 10500:2012 ગ્રામીણ પાણી પુરવઠા પ્રણાલીઓમાં તાત્કાલિક પ્રતિભાવ અને લાંબા ગાળાના સ્ત્રોત આયોજન બંનેને માર્ગદર્શન આપવા માટે આ દ્વી-સ્તરીય માર્ગ પૂરો પાડે છે.

[70] JJM હેઠળ પાણીની ગુણવત્તા દેખરેખને પ્રમાણિત કરવા માટે 2021 માં પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ (જલ શક્તિ મંત્રાલય, GoI) દ્વારા પીવાના પાણીની ગુણવત્તા દેખરેખ અને દેખરેખ ફ્રેમવર્ક (DWQMSF) જારી કરવામાં આવ્યું હતું. આ માળખું ભૂમિકાઓ, નમૂના સંગ્રહ પ્રોટોકોલ, પરીક્ષણ આવર્તન, ગુણવત્તા ખાતરી/ગુણવત્તા નિયંત્રણ (QAQC) પ્રક્રિયાઓ, NABL માન્યતા ધોરણો અને સ્વચ્છતા નિરીક્ષણ માર્ગદર્શિકાઓની રૂપરેખા આપે છે. તે ફિલ્ડ ટેસ્ટ કીટનો ઉપયોગ કરીને જાહેર ભાગીદારીને પણ પ્રોત્સાહન આપે છે અને ગ્રામ પંચાયતો અને VWSC/પાણી સમિતિઓ દ્વારા વિકેન્દ્રિત દેખરેખ પર ભાર મૂકે છે.

**ચાર્ટ 4.1: SLL, DLLs અને TLLs ની ભૂમિકા અને જવાબદારીઓ**

**રાજ્ય કક્ષાની પ્રયોગશાળા (SLL)**

- રાજ્ય સ્તરે મુખ્ય પ્રયોગશાળા તરીકે કાર્ય કરે છે અને DLLs અને TLLs માટે રેફરલ સંસ્થા તરીકે કાર્ય કરે છે.
- દરેક DLLs માં કુલ પાણીના નમૂનાઓમાથી ઓછામાં ઓછા 5 ટકાનું પરીક્ષણ કરે છે.
- IS 10500:2012 ધોરણ મુજબ તમામ ભૌતિક, રાસાયણિક અને સૂક્ષ્મજૈવિક પરિમાણોનું વિશ્લેષણ કરવામાં સક્ષમ હોવી જોઈએ.

**જિલ્લા કક્ષાની પ્રયોગશાળાઓ (DLLs)**

- TLLs દ્વારા મોકલેલા દરેક હકારાત્મક નમૂનાઓ માટે પરીક્ષણની પુષ્ટિ કરવી.
- દર મહિને 250 પાણીના સ્ત્રોત/નમૂનાઓનું પરીક્ષણ કરવામાં સક્ષમ હોવી જોઈએ. (એટલે કે એક વર્ષમાં 3,000).
- હકારાત્મક નમૂનાઓ SLL ને મોકલે છે

**તાલુકા કક્ષાની પ્રયોગશાળાઓ (TLLs)**

- તેના અધિકારક્ષેત્ર હેઠળ 100 ટકા પાણીની ગુણવત્તા પરીક્ષણ (દર વર્ષે એક વાર રાસાયણિક માટે અને બે વાર બેક્ટેરિયોલોજીકલ પરિમાણો માટે).
- હકારાત્મક નમૂનાઓ DLLs ને મોકલે છે
- ફીલ્ડ ટેસ્ટ કિટ્સ (FTKs) / બેક્ટેરિયોલોજીકલ નાની બોટલો વાપરીને પાણીની ગુણવત્તાનું અનુમાનિત પરીક્ષણ કરવું અને નિયમિતપણે WSD ને પાણી પરીક્ષણ પરિણામોની જાણ કરવી.

(સ્ત્રોત: DWQMSF)

ગુજરાતમાં રાજ્ય સ્તરની પ્રયોગશાળા (SLL) ગાંધીનગરમાં ગુજરાત જલ સેવા પ્રશિક્ષણ કેન્દ્ર (GJTI), ગાંધીનગર ખાતે છે. વધુમાં, રાજયમાં 33 જિલ્લા સ્તરની(DLLs) પ્રયોગશાળાઓ અને 46 તાલુકા સ્તરની પ્રયોગશાળાઓ (TLLs) છે. SLL, નમૂના તપાસ કરાયેલ છ DLLs અને આઠ TLLs માં પરીક્ષણ અને માળખાગત સુવિધાઓને લગતા ઓડિટના અવલોકનોની ચર્ચા આગળના ફકરાઓમાં કરવામાં આવી છે.

## 4.3 રાજયમાં પ્રયોગશાળાઓમાં માળખાગત સુવિધાઓ

JJM અને DWQMSF માર્ગદર્શિકા મુજબ, પાણીની ગુણવત્તા માટેના તમામ મૂળભૂત પરિમાણોનું પરીક્ષણ કરવા માટે દરેક તાલુકામાં ઓછામાં ઓછી એક તાલુકા સ્તરની પ્રયોગશાળા (TLL) હોવી જોઈએ. TLL તેમના અધિકારક્ષેત્રમાના પાણીના સ્ત્રોતોનું 100 ટકા પરીક્ષણ કરવા માટે જવાબદાર છે, વર્ષમાં એક વાર રાસાયણિક પરિમાણો માટે અને વર્ષમાં બે વાર બેક્ટેરિયોલોજીકલ પરિમાણો માટે (ચોમાસા પૂર્વે અને પછી). TLL માં અશુધ્ધિ માટે પરીક્ષણ કરાયેલ અને સકારાત્મક સાબિત થયેલ કોઈપણ નમૂનાને વધુ વિશ્લેષણ અને પુષ્ટિ પરીક્ષણ માટે સંબંધિત DLL ને મોકલવો જોઈએ. દરેક DLL દ્વારા દર મહિને 250 જળ સ્ત્રોતો/નમૂનાઓનું પરીક્ષણ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે જેમાં TLL દ્વારા સંદર્ભિત નમૂનાઓનો સમાવેશ થાય છે. તેવી જ રીતે DLLs ના પરીક્ષણમાં સકારાત્મક સિદ્ધ થયેલ નમુનાઓને SLL માં મોકલવા જોઈએ. જે ત્રણ-સ્તરીય માળખામાં સર્વોચ્ચ રેફરલ અને ગુણવત્તા નિયંત્રણ પ્રયોગશાળા તરીકે કાર્ય કરે છે.

### 4.3.1 તાલુકા-સ્તરીય પ્રયોગશાળા નેટવર્કના વિસ્તરણનો અવકાશ

TLLs એ પાણીની ગુણવત્તાના પરિમાણોનું પરીક્ષણ કરવા માટેની પ્રથમ-સ્તરીય પ્રયોગશાળાઓ છે, કારણ કે તેમને દરેક સ્ત્રોતના પીવાના પાણીની ગુણવત્તાનું પરીક્ષણ કરવાનું હોય છે.

ઓડિટમાં જોવા મળ્યું કે જ્યારે દરેક 33 જિલ્લાઓમાં DLLs હતી, ત્યારે રાજ્યના 249 તાલુકાઓમાં 46 TLLs હતા. વધુમાં ઓડિટ વિશ્લેષણમાં જાણવા મળ્યું કે છ જિલ્લાઓમાં[71] કોઈ TLLs ન હતા, જેના કારણે સંબંધિત DLLs એ તે જિલ્લાના તમામ તાલુકાઓ માટે TLLs ના કાર્યો કરવાની ફરજ પડે છે. ઓડિટમાં એવું પણ જોવા મળ્યું હતું કે રાજ્યના 46 માંથી 41 TLLsને એક કરતાં વધુ તાલુકા સોંપવામાં આવ્યા હતા. આના પરિણામે DLLs અને TLLs બંને પર સંસાધનોનો વધુ પડતો બોજ પડ્યો હતો. હકીકતમાં, TLLs હકારાત્મક નમૂનાઓને DLLs માં મોકલે છે તે રેફરલ મિકેનિઝમ નિરર્થક બની ગયું, કારણ કે ઘણા કિસ્સાઓમાં એક જ પ્રયોગશાળા બંને ભૂમિકાઓ ભજવી રહી હતી.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જવાબ આપ્યો કે તેણે નાણાકીય વર્ષ 2025-26 માં 10 નવા TLLs ની સ્થાપના માટે એક સમર્પિત બજેટ બાબતને મંજૂરી આપી છે અને આગામી વર્ષોમાં વધુ વિસ્તરણની યોજના છે. AS&CE દ્વારા વધુમાં ઉમેરવામાં આવ્યું હતું કે નવી પ્રયોગશાળાઓ માટે વિગતવાર ટેકનિકલ દરખાસ્તો (DTPs) તૈયાર કરવામાં આવી રહી છે, ત્યારબાદ ખરીદી અને સ્થાપન પ્રક્રિયા તબક્કાવાર હાથ ધરવામાં આવશે.

### 4.3.2 પ્રયોગશાળાઓમાં પાણી પરીક્ષણ સુવિધાઓ

DWQMSF એ IS 10500:2012 માં નિર્ધારિત તમામ પરિમાણોનું પરીક્ષણ કરવાની ક્ષમતા ધરાવતી અત્યાધુનિક (state-of-the-art)[72] રાજ્ય/ UT-સ્તરની પ્રયોગશાળાઓને ફરજિયાત બનાવે છે. તે એ પણ આદેશ આપે છે કે SLL, DLLs અને TLLs એ અનુક્રમે 73, 23 અને 16 પરિમાણોનું પરીક્ષણ કરવું જોઈએ.

#### 4.3.2.1 SLL દ્વારા નિર્ધારિત પરિમાણોનું નિરીક્ષણ

ઓડિટનું અવલોકન હતું કે SLL માં DWQMSF નિર્ધારિત 73 માંથી 30 પરિમાણોનું પરીક્ષણ કરવા ક્ષમતા ધરાવતી હતી. જેની વિગતો નીચે **કોષ્ટક 4.1** માં દર્શાવેલ છે:

[71] (i) ડાંગ, (ii) દેવભૂમિ દ્વારકા (iii) ગાંધીનગર, (iv) જુનાગઢ, (v) મોરબી અને (vi) પોરબંદર

[72] "State of the art" એટલે કે સંશોધન અથવા નિદાનમાં મોખરે ઉપયોગમાં લેવાતા શ્રેષ્ઠ અને સૌથી અસરકારક સાધનો અથવા ટેક્નિક એવો અર્થ થાય છે.

**કોષ્ટક 4.1: સપ્ટેમ્બર 2024ની સ્થિતિએ SLL, ગાંધીનગર દ્વારા નિરીક્ષણ કરાયેલ પરિમાણો**

| પરિમાણોની શ્રેણી | કુલ નિયત કરાયેલ | SLL માં પરીક્ષણ કરી શકતા પરિમાણો | પરિમાણોની પરીક્ષણ સગવડતાનો અભાવ |
|---|---|---|---|
| ભૌતિક પરિમાણો | 6 | 5 | 1 (તાપમાન) |
| રસાયણિક પરિમાણો | 16 | 10 | 6 (એમોનિયમ નાઇટ્રેટ, સિલિકા, પોટેશ્યમ, સલ્ફાઈડ, ક્લોરામાઈન) |
| ભારે ધાતુઓ | 15 | 15 | 0 |
| જૈવિક અશુદ્ધિઓ | 02 | 00 | 2 (ઈ-કોલી, કુલ કેલિફોર્મ બેક્ટેરિયા) |
| ખાસ પરિમાણો | 09[73] | 00 | 9 |
| બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ (BOD) | 05 | 00 | 5 (BOD, COD, મિનરલ ઓઇલ, ફીનોલીક કમ્પાઉન્ડસ, અને ટ્રાઇહેલોમીથેન્સ) |
| જંતુનાશક પરિમાણો [74] | 20 | 00 | 20 |
| **કુલ પરિમાણો** | **73** | **30** | **43** |

(સ્રોત: SLL, ગાંધીનગર દ્વારા પૂરી પડાયેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે SLL, જોકે તે તમામ 15 ભારે ધાતુના પરિમાણોનું પરીક્ષણ કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે, તે જૈવિક અશુધ્ધિઓ, બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ અને જંતુનાશક પરિમાણોના પરીક્ષણ જેવા ક્ષેત્રોમાં પાછું પડે છે. SLL સ્તરે બાકીના 43 પરિમાણો માટે માળખાગત સુવિધાઓ અને સાધનોના અભાવે પરીક્ષણ સુવિધાઓ ઉપલબ્ધ ન હતી.

ચીફ સાયન્ટિફીક ઓફિસર, GJTI, ગાંધીનગરે જણાવ્યુ હતું (સપ્ટેમ્બર 2024) કે ગુજરાતમાં મોટાભાગના જળ સ્રોત સપાટી પરના પાણી આધારિત છે અને તેથી, પીવાના પાણીમાં જંતુનાશકો અને કિરણોત્સર્ગી પરિમાણોનું પ્રમાણ ઓછું છે. ઉપરાંત વધુમાં જણાવ્યુ હતું કે GJTI ખાતે પરીક્ષણ ન કરાયેલા પાણીના નમૂનાઓ દર બે વર્ષે એક વખત એકત્રિત કરવામાં આવે છે અને વિગતવાર વિશ્લેષણ માટે આણંદ કૃષિ યુનિવર્સિટી (AAU) અને ગુજરાત પર્યાવરણ વ્યવસ્થાપન સંસ્થા (GEMI) ને સુપરત કરવામાં આવે છે. આમ, સપાટીના પાણીના સ્રોતો માટેના બધા પરિમાણોનું નિરીક્ષણ કરવામાં આવે છે.

જવાબ પ્રતીતિજનક નથી કારણકે DWQMSFના આદેશ મુજબ રાજ્યોએ IS 10500:2012 મુજબ તમામ મૂળભૂત પરિમાણોનું પરીક્ષણ કરવું અપેક્ષિત છે, અને આ ઉપરાંત સ્થાનિક અશુધ્ધિઓના આધારે વધારાના પરિમાણોનો સમાવેશ પણ કરી શકાય છે. ઉપરાંત, નમૂના તપાસ કરાયેલ 48 ગામોમાંથી 30 ગામો (62.50 ટકા) ને પાણી પુરવઠો ભૂગર્ભજળ અથવા ભૂગર્ભ અને સપાટી પરના જળ સ્રોત એમ બન્ને પર આધારિત છે.

### *4.3.2.2 નમૂના તપાસ કરાયેલ DLL અને TLL દ્વારા નિર્ધારિત પરિમાણોનું નિરીક્ષણ*

DWQMSF અનુસાર, DLLs and TLLs એ અનુક્રમે 23 અને 16 મૂળભૂત પરિમાણોનું પરીક્ષણ કરવું જરૂરી છે. ઓડિટમાં જણાયું હતું કે DLL માટેએ નિર્ધારિત કરાયેલ 23 પરિમાણોમાંથી, નમુના

[73] (i) કુલ જંતુનાશક અવશેષો, (ii) સાયનાઇડ, (iii) પોલી એરોમેટિક હાઇડ્રોકાર્બન (PAH), (iv) મુક્ત અવશેષ ક્લોરિન, (v) પોલી ક્લોરિનેટેડ બાયફિનાઇલ, (vi) N-નિરો-સોડી- મેથિલામાઇન (NDMA), (vii) એનિઓનિક ડિટર્જન્ટ, (viii) તેલ અને ગ્રીસ, અને (ix) ઓગળેલા ઓક્સિજન (DO).

[74] (i) અલક્લોર, (ii) એટ્રાઝિન, (iii) એલ્ડ્રિન/ડીલડ્રિન, (iv) આલ્ફા HCH, (v) બીટા HCH, (vi) બુટાક્લોર (vii) ક્લોરોપાયરીફોસ, (viii) ડેલ્ટા HCH, (ix) ડાયક્લોરોફેનોક્સી એસિટિક એસિડ, (x) ડિક્લોરોડાઈફીનાઈ ટ્રાઇ-ક્લોરોઇથેન (DDT), (xi) એન્ડોસલ્ફાન, (xii) ઇથિઓન, (xiii) ગામા-HCH (xiv) આઇસોપ્રોટ્યુરોન, (xv) મેલાથિઓન, (xvi) મિથાઇલ પેરાથિઓન, (xvii) મોનોક્રોટોફોસ, (xviii) ફોરેટ, (xix) યુરેનિયમ, અને (xx) ટોટલ ઓર્ગેનિક કાર્બન.

તપાસ કરાયેલ DLLમાં મોનિટર કરવામા આવેલ પરિમાણોની સંખ્યા 13 થી 16 સુધીની હતી. તેજ રીતે TLL માટે નિર્ધારિત કરાયેલ 16 પરિમાણોમાંથી, નમુના તપાસ કરાયેલ TLL માં મોનિટર કરવામા આવેલ પરિમાણોની સંખ્યા 13 થી 14 સુધીની હતી. નમૂના તપાસ કરાયેલ DLLs અને TLLs માં મોનીટર કરવામાં આવેલ પરિમાણોની વિગતો **પરિશિષ્ટ** 4.1 માં દર્શાવવામાં આવેલ છે.

DLL અમરેલી (ઓક્ટોબર 2024), DLL આણંદ (ડિસેમ્બર 2024) અને TLL રાજુલા (ઓક્ટોબર 2024)ના નોડલ અધિકારીઓએ જરૂરી સાધનોની ઉપલબ્ધતા ન હોવાને કારણે નિર્ધારિત પરીક્ષણ ન થયા હોવાનું કારણ આપ્યું હતું, જ્યારે DLL ભરૂચે (નવેમ્બર 2024) NABL માન્યતાની ઉપલબ્ધતા ન હોવાના કારણે બાકીના પરિમાણો માટે પરીક્ષણ ન કરવા પાછળનું કારણ આગળ ધર્યું હતું, TLL જંબુસર (ડિસેમ્બર 2024) અને TLL અંકલેશ્વર (ડિસેમ્બર 2024) એ ખાતરી આપી હતી કે બાકીના પરિમાણોનું પરીક્ષણ શરૂ કરવા માટે જરૂરી પ્રયાસો કરવામાં આવશે. આ બાબતમાં DLLs (દાહોદ, ગાંધીનગર અને પાટણ) અને પાંચ TLLs[75] (ઓગસ્ટ 2025) તરફથી કોઈ જ પ્રતિભાવ મળ્યો ન હતો.

### *4.3.3 પ્રયોગશાળાઓની માન્યતા*

DWQMSF મુજબ, બધી પ્રયોગશાળાઓ નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરીઝ (NABL) દ્વારા માન્યતા પ્રાપ્ત હોવી જરૂરી છે. DWQMSF દ્વારા વધુમાં એ જરૂરી છે કે પાણી પરીક્ષણ પ્રયોગશાળાઓના તમામ માળખા અને પ્રક્રિયાઓ NABL ધોરણો અને પ્રોટોકોલનું પાલન કરે. ઓડિટમાં જોવા મળ્યું કે બરવાળા, ભચાઉ, રાધનપુર અને ભિલોડા ખાતેના TLLs સિવાયના SLL, DLLs અને TLLs ને NABL (જાન્યુઆરી 2025) તરફથી માન્યતા પ્રાપ્ત થઈ છે. આ ચાર TLLs માંથી, ત્રણ[76] માટે, જાન્યુઆરી 2025 ની સ્થિતીએ માન્યતા પ્રક્રિયા ચાલુ હતી, જ્યારે ભિલોડા TLL માટે, નવીનીકરણ કાર્યો ચાલુ હોવાના કારણે પ્રક્રિયા હજુ સુધી (જાન્યુઆરી 2025) શરૂ થઈ ન હતી.

DWQMSF મુજબ, SLL અને DLLs ને ઓછામાં ઓછા 17 પરિમાણો માટે NABL માન્યતા પ્રાપ્ત કરવી જરૂરી હતી, જ્યારે TLLs ને 11 પરિમાણો માટે માન્યતા પ્રાપ્ત કરવી જરૂરી હતી, જેમાં IS 10500:2012 ધોરણો અનુસાર વધારાના પરિમાણો માટે ધીમે ધીમે માન્યતા પ્રાપ્ત કરવી જરૂરી હતી.

SLL અને નમૂના-તપાસેલ DLLs એ જે ફરજિયાત પરિમાણો માટે માન્યતા મેળવી છે તે નીચે **ચાર્ટ** 4.2 માં દર્શાવેલ છે.

---

[75] (i) લીમખેડા, (ii) નેત્રંગ, (iii) પેટલાદ, (iv) રાધનપુર અને (v) સિધ્ધપુર.

[76] (i) બરવાળા , (ii) ભરુચ અને (iii) રાધનપુર.

**ચાર્ટ 4.2: ડિસેમ્બર 2024 ની સ્થિતિએ SLL અને DLLs માં માન્યતા પ્રાપ્તની વિરુદ્ધ ફરજિયાત પરિમાણો**




**(સ્રોત: નમૂના તપાસ કરાયેલ પ્રયોગશાળાઓ દ્વારા અપાયેલ માહિતી)**

ફરજિયાત હોય એવા 17 માંથી 12 પરિમાણો માટે SLLએ માન્યતા મેળવી હતી. (સપ્ટેમ્બર 2024). તેમણે બાકીના પાંચ પરિમાણો જેવા કે રેસિડયુઅલ ક્લોરિન, ઇ. કોલી, ટોટલ કોલિફોર્મ બેક્ટેરિયા, ટોટલ આર્સેનિક અને આયર્ન માટે માન્યતા મેળવી ન હતી. નમુના તપાસ કરાયેલ તમામ DLLs ઈ.કોલી, અને ટોટલ કેલિફોર્મ બેક્ટેરિયા જેવા બેક્ટેરિયોલોજિકલ પરિમાણો માટેની માન્યતાથી વંચિત હતી.

નમુના તપાસ કરાયેલ જિલ્લા સ્તર (DLLs) ની છ માંથી એક પણ પ્રયોગશાળાએ રેસિડયુઅલ ક્લોરિન પરિમાણ માટે NABL ની માન્યતા મેળવેલી ન હતી. વધુમાં, ભરુચ ખાતેની DLL ગંધ અને સ્વાદ જેવા ભૌતિક પરિમાણ માટે ની માન્યતાથી વંચિત હતી.

નમુના તપાસ કરાયેલ તમામ આઠ તાલુકા સ્તરની પ્રયોગશાળાઓમાં બેક્ટેરિયોલોજિકલ પરિમાણો જેમ કે ઇ. કોલી અને ટોટલ કોલિફોર્મ બેક્ટેરિયા જ NABL માન્યતા હેઠળ આવરી લેવામાં આવ્યા ન હતા. અત્રે એ નોંધનીય છે કે, TLL રાધનપુરે DWQMSF હેઠળ નિર્ધારિત કોઈપણ ફરજિયાત પરિમાણો માટે (ઓગસ્ટ 2025) NABL માન્યતા મેળવી ન હતી. નમુના તપાસ કરાયેલ પ્રયોગશાળાઓના સંયોજકોએ જણાવ્યું હતું (ઓક્ટોબર 2024 થી જાન્યુઆરી 2025) કે બાકી રહેતા પરિમાણો માટે NABL માન્યતા ટૂંક સમયમાં લેવામાં આવશે.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું કે (ઓગષ્ટ 2025) DLL ભરુચ માટે ગંધ અને સ્વાદ માટેની NABL માન્યતા માટેની પ્રક્રિયા ચાલુ છે અને ટૂંક સમયમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. એવું પણ જણાવવામાં આવ્યું હતું કે બાકીના બેક્ટેરિયોલોજિકલ અને રાસાયણિક પરિમાણો (રેસિડ્યુઅલ ક્લોરિન, ઇ. કોલી, ટોટલ કોલિફોર્મ, વગેરે) માટે ની માન્યતા ને તબક્કાવાર લેવામાં આવશે.

### *4.3.4 પ્રયોગશાળાઓમાં સાધનો/ઉપકરણોની ઉપલબ્ધતા*

DWQMSF મુજબ, SLL, DLL અને TLL ખાતે અનુક્રમે કુલ 43, 33 અને 26 સાધનો/ઉપકરણો ચોક્કસ માત્રામાં ઉપલબ્ધ હોવાનું સૂચન કરવામાં આવ્યું છે.

SLL અને નમુના તપાસ કરાયેલ DLLs માં સાધનો/ઉપકરણોની ઉપલબ્ધતા નીચે **ચાર્ટ 4.3** માં દર્શાવવામાં આવી છે.

**ચાર્ટ 4.3: જાન્યુઆરી 2025 ની સ્થિતિએ SLL અને નમુના તપાસ કરાયેલ છ DLLs માં સાધનો/ઉપકરણોની ઉપલબ્ધતા**




**(સ્ત્રોત: SLL અને નમૂના-તપાસેલ છ DLLs દ્વારા પૂરી પડાયેલ માહિતી)**

ઉપરોક્ત ચાર્ટ દર્શાવે છે કે DWQMSF ની સૂચિત યાદી મુજબ SLL પાસે 43 ની જરૂરિયાત સામે 28 સાધનો/ઉપકરણો છે. તેવી જ રીતે, નમૂના-તપાસેલ DLLs માં 33 સાધનો/ઉપકરણોની જરૂરિયાત સામે 17 (ભરૂચ) થી 22 (દાહોદ, ગાંધીનગર અને પાટણ) સુધીના સાધનો/ઉપકરણો હતા.

એ જ રીતે, સાત નમૂના તપાસ કરાયેલ TLLs[77] માં સાધનો/ઉપકરણોની ઉપલબ્ધતા નીચે **ચાર્ટ 4.4** માં દર્શાવવામાં આવી છે.

**ચાર્ટ 4.4: જાન્યુઆરી 2025 ની સ્થિતીએ નમૂના-તપાસેલ સાત TLLs માં સાધનો/ઉપકરણોની ઉપલબ્ધતા**




**(સ્ત્રોત: નમૂના-તપાસેલ સાત TLLs દ્વારા પૂરી પડાયેલ માહિતી)**

[77] TLL રાજુલાએ સાધનો/ઉપકરણોની યાદી આપી ન હતી.

ઉપરોક્ત ચાર્ટ દર્શાવે છે કે નમૂના-તપાસેલ સાત TLLs માં 26 સાધનો/ઉપકરણોની જરૂરિયાત સામે 14 (પેટલાદ) થી 20 (લીમખેડા) સુધીના સાધનો/ઉપકરણો હતા.

નમૂના-તપાસેલ 15 પ્રયોગશાળાઓમાં પ્રયોગશાળાના સાધનોની ઉપલબ્ધતાના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે જાન્યુઆરી 2025 ની સ્થિતીએ જરૂરી સાધનોમાંથી 61.70 ટકા હાલમાં ઉપલબ્ધ હતા. જ્યારે TLL લીમખેડા અને DLL દાહોદ પ્રમાણમાં ઊંચી ઉપલબ્ધતા (66 ટકાથી વધુ) દર્શાવે છે, ત્યારે DLL ભરૂચ અને DLL આણંદ જેવા અન્ય વિસ્તારો 55 ટકાથી નીચે આવે છે, જે સંસાધન ફાળવણીની તાત્કાલિક જરૂરિયાત દર્શાવે છે.

જોકે DWQMSF મુજબ દરેક પ્રયોગશાળા માટે જરૂરી સાધનો સૂચક પ્રકૃતિના હોવા જોઈએ, તેમ છતાં આ સાધનોની ગેરહાજરીને કારણે નિર્ધારિત પરિમાણોના પરીક્ષણમાં અવરોધ ઊભો થયો. નમૂના-તપાસ કરાયેલ પ્રયોગશાળાઓમાં ઉપલબ્ધ ન હોય તેવા સાધનો/ઉપકરણો **પરિશિષ્ટ 4.2** માં દર્શાવેલ છે.

રાજ્ય સરકારે જવાબ આપ્યો (ઓગસ્ટ 2025) કે પ્રયોગશાળાઓએ અત્યાર સુધી એવા સાધનોની ખરીદીને જ પ્રાથમિકતા આપી છે જે ફરજિયાત પરિમાણો માટે NABL માન્યતા મેળવવા માટે જરૂરી હતા. એવી પણ માહિતી આપવામાં આવી હતી કે વિભાગે સંકલિત ખરીદી યોજના તૈયાર કરી છે, અને તમામ SLL, DLLs અને TLLs માં સાધનોના અભાવને દૂર કરવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી રહી છે.

### *4.3.5 પ્રયોગશાળાઓની જાળવણી*

DWQMSF મુજબ, રાજ્યો/UTs પ્રયોગશાળાઓમાં ઉપલબ્ધ ઉપકરણો અને સાધનોના જાળવણી, માપાંકન અને સમારકામ માટે યોગ્ય એન્યુઅલ મેઇનટેનન્સ કોન્ટ્રાક્ટ (AMC)[78] અથવા કોમપ્રિહેન્સિવ એન્યુઅલ મેઇનટેનન્સ કોન્ટ્રાક્ટ (CAMC)[79] નીતિ વિકસાવી શકે છે. તે એવી પણ ભલામણ કરે છે કે ₹10 લાખથી ઓછા મૂલ્યના સાધનો અને ઉપકરણો માટે, એન્યુઅલ મેઇનટેનન્સ કોન્ટ્રાક્ટ (AMC) અપનાવવો જોઈએ, જ્યારે ₹10 લાખથી વધુ મૂલ્યના સાધનો માટે, કોમપ્રિહેન્સિવ એન્યુઅલ મેઇનટેનન્સ કોન્ટ્રાક્ટ (CAMC) અપનાવવો જોઈએ.

એવું પણ જોવા મળ્યું હતું કે ₹1.42 લાખની કિંમતના ડીઝોલ્ડ ઓક્સિજન (DO) મીટર, ₹3.50 લાખની કિંમતના આર્ગોન/નાઇટ્રોજન ગેસ સિલિન્ડર અને હોટ પ્લેટ, હીટિંગ મેન્ટલ, વોટર બાથ, ફ્લ બોક્સ અને ફ્યુમ કપબોર્ડ જેવા અન્ય સાધનો AMC/CAMC હેઠળ આવરી લેવામાં આવ્યા ન હતા.

SLLના મુખ્ય વૈજ્ઞાનિક અધિકારીએ, (સપ્ટેમ્બર 2024) જણાવ્યું હતું કે દરેક સાધનો AMC/CAMC હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

આ જવાબ રેકોર્ડ દ્વારા સાબિત થતો નથી કારણ કે ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું છે કે SLL માં, ઉપરોક્ત ઉલ્લેખિત ઉપકરણો AMC કે CAMC હેઠળ આવરી લેવામાં આવ્યા ન હતા. ઓડિટે નમૂના-તપાસેલ DLLs માં એ પણ નોંધ્યું કે બેક્ટેરિયોલોજિકલ ઇન્ક્યુબેટર, ઓટોક્લેવ, UV

---

[78] એન્યુઅલ મેઇનટેનન્સ કોન્ટ્રાક્ટ (AMC) નિશ્ચિત સમયે જાળવણી અને નિયમિત સમારકામને આવરી લે છે.

[79] કોમપ્રિહેન્સિવ એન્યુઅલ મેઇનટેનન્સ કોન્ટ્રાક્ટ (CAMC) વધુ સંપૂર્ણ અને સર્વસમાવેશક સહાય પ્રદાન કરે છે જે જાળવણી સેવાઓ ઉપરાંત સ્પેરપાર્ટ્સના ખર્ચને પણ આવરી લે છે.

લેમિનાર એર ફ્લો અને ફૂલ બોક્સ ત્રણ[80] પ્રયોગશાળાઓમાં AMC/CAMC હેઠળ આવરી લેવામાં આવ્યા ન હતા. વધુમાં, બે DLLs[81] એ તેમના સાધનોના AMC/CAMCના વ્યાપ અંગેની વિગતો આપી ન હતી.

તેજ રીતે, તાલુકા સ્તરે, બેક્ટેરિઓલોજિકલ ઇન્ક્યુબેટર, ઓટોક્લેવ, UV લેમિનર એર ફ્લો, સિંગલ સ્ટેજ ડિસટીલીએસન એપર્ચસ અને ફુલ બોક્સને ત્રણ[82] પ્રયોગશાળાઓમાં AMC અંતર્ગત આવરી લેવામાં આવ્યા ન હતા. એવું પણ જણાયું હતું કે બેક્ટેરિઓલોજિકલ પરીક્ષણ માટેની UV લેમિનર એર ફ્લો ચેમ્બર TLL અંકલેશ્વરમાં જુલાઈ 2019 થી અને TLL જંબુસરમાં એપ્રિલ 2016 થી ક્ષતિગ્રસ્ત સ્થિતિમાં રહી હતી.

આમ, DWQMSF માં જોગવાઈ હોવા છતા હોટ પ્લેટ્સ, હીટિંગ મેન્ટલસ, વોટર બાથ્સ, DO મીટર્સ, ફુલ બોકસિસ, ફ્યુમ કપબોર્ડસ અને આરગોન/નાઇટ્રોજન ગેસ સિલિન્ડર જેવા સાધનો AMC/CAMC વ્યાપની બહાર રહ્યા હતા. AMC/CAMC ની ગેરહાજરી આવા સાધનોના નિવારક અને નિયમિત જાળવણી પર પ્રતિકૂળ અસર કરી શકે છે, કે જે DWQMSF માં નિર્ધારિત પરિમાણોના પરીક્ષણ માટે મહત્વપૂર્ણ સાધનો છે.

### *4.3.6 પ્રયોગશાળાઓમાં માનવ સંસાધન*

DWQMSF મુજબ, પ્રયોગશાળાઓમાં અસરકારક કામગીરી માટે તમામ કાર્યકારી સ્તરે પૂરતા માનવ સંસાધનો હોવાનું અપેક્ષીત છે.

પાણીના અસરકારક ગુણવત્તા પરીક્ષણ માટે જરૂરી કર્મચારીઓની સંખ્યા વિવિધ પરિબળો પર આધાર રાખે છે, જેમાં કાર્યભાર, ભૌગોલિક સુવિધાઓ, વસ્તીનું વિતરણ, વિસ્તારનું કદ અને જટિલતા અને નમૂના લેવાના સ્થાનો વચ્ચેનું અંતર શામેલ છે. માનવ સંશાધનની જરૂરિયાતોને પહોંચી વળવા રાજ્યની તમામ પ્રયોગશાળાઓમાં પૂરતા પ્રમાણમા માનવ સંસાધન (કર્મચારીઓ) પૂરા પાડવા માટે GJTI એ મેસર્સ ડિટોક્સ કોર્પોરેશન પ્રાઇવેટ લિમિટેડ સાથે (SLL,DLLs અને TLLs સહિત) કરાર કર્યો છે. જેની વિગતો **પરિશિષ્ટ 4.3** માં દર્શાવેલ છે.

ઓડિટમાં ત્રણેય સ્તરના પ્રયોગશાળા માળખામાં DWQMSF મુજબ હોવા જોઈતા કર્મચારીઓની સામે જરૂરી ટેકનિકલ કર્મચારીઓની ઉપલબ્ધતામાં ઘટ જોવા મળી હતી. ગાંધીનગર ખાતેની રાજ્ય સ્તરની પ્રયોગશાળામાં સપ્ટેમ્બર 2024ની સ્થિતિએ તકનીકી પદોની 64.29 ટકા જેટલી જગ્યા ખાલી રહી હતી. નમૂના તપાસ કરાયેલ DLLs માં અમરેલી, આણંદ, ભરુચ અને પાટણ DLLs માં તકનીકી પદોમાં 50 ટકા થી લઈને દાહોદ અને ગાંધીનગર DLLs 62.5 ટકા જેટલી ઘટ રહેલી જોવામાં આવી હતી. તેજ રીતે, TLLs માં ઓક્ટોબર 2024ની સ્થિતિએ કર્મચારીઓની 16.67 ટકા (રાજૂલા) થી લઈ નવેમ્બર 2024 ની સ્થિતિએ 83.33 ટકા (સિદ્ધપુર) જેટલી ઘટ જોવા મળી હતી. નમૂના તપાસ કરાયેલ પ્રયોગશાળાઓમાં પૂરતા પ્રમાણમા તકનીકી માનવશક્તિની ઉપલબ્ધતાના અભાવે પાણીના નમૂનાઓના ઓછા પરીક્ષણો થવામાં પરિણમે છે, જેની આગળના ફકરાઓમાં ચર્ચા કરવામાં આવી છે.

---

[80] (i) DLL અમરેલી, (ii) DLL આણંદ અને (iii) DLL ભરૂચ.

[81] (i) દાહોદ અને (ii) ગાંધીનગર.

[82] (i) TLL અંકલેશ્વર, (ii) TLL જંબુસર અને (iii) TLL નેત્રંગ.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું (ઓગષ્ટ 2025) કે, તેમણે હાલની 80 પ્રયોગશાળાઓ માટે વરિષ્ઠ વૈજ્ઞાનિક સહાયક (14) અને જુનિયર વૈજ્ઞાનિક સહાયકો (121) ની નિયમિત જગ્યાઓ મંજૂર કરી છે. તેઓએ વધુમાં જણાવ્યૂ હતું કે વર્ષ 2025-26 માં નવા સ્થાપિત થનારા 10 TLLs માટે 60 આઉટસોર્સિંગ પોસ્ટ્સ (કો-ઓર્ડિનેટર, એનાલિસ્ટ, ફિલ્ડ એનાલિસ્ટ અને ઓફિસ આસિસ્ટન્ટ) ને પણ મંજૂરી આપવામાં આવી છે.

## 4.4 રાજયમાં પ્રયોગશાળાઓની કામગીરી

GJTI એ મેસર્સ ડિટોક્સ કોર્પોરેશન પ્રાઇવેટ લિમિટેડ સાથે 24 મહિનાના સમયગાળા માટે પાણીની ગુણવત્તા પરીક્ષણ માટે જરૂરી માનવશક્તિ સેવાઓનું આઉટસોર્સિંગ કરવા માટે ₹14.10 કરોડમાં કરાર (ઓગસ્ટ 2023) કર્યો હતો.

ઓડિટમાં જણાયું હતું કે સેવા પૂરી પાડનારે દરેક મહિનામાં ઓછામાં ઓછા 15 દિવસ માટે 30 નમુનાઓ એકઠા કરવા જરૂરી હતા. એટલેકે તેમને સોંપાયેલ વિસ્તારમાંથી દરેક મહિને 450 નમુનાઓ એકઠા કરવા જરૂરી હતા. 30 દૈનિક નમૂનાઓમાંથી, 24નું સ્થળ પર જ ફિલ્ડ ટેસ્ટિંગ કિટ્સ (FTKs) અને H2S વાયલ્સ[83] (શીશીઓ) દ્વારા પરીક્ષણ કરવાનું હતું. જ્યારે બાકીના છ નમૂનાઓને (20 ટકા) વિસ્તૃત રાસાયણિક અને બેક્ટેરિયોલોજીકલ વિશ્લેષણ માટે નિયુક્ત પ્રયોગશાળામાં મોકલવાના હતા.

વધુમાં કરારમાં જરૂરી હતું કે નમૂના એકત્રીકરણનું આયોજન કરવું જોઈએ જેથી સમય જતાં તમામ રહેઠાણો અને પીવાના પાણીના સ્રોતોને પૂરતા પ્રમાણમાં આવરી લેવામાં આવે. રાજ્યની તમામ 80 પ્રયોગશાળાઓના અધિકારક્ષેત્રને આવરી લેવા સોંપાયેલ વિસ્તારના હેતુ માટે, સેવા પૂરી પાડનાર જવાબદાર હતા. વધુમાં, સેવા પૂરી પાડનારે પાણીના નમૂનાઓના એકઠા કરવા અને પરીક્ષણ કરવા માટે દરેક પ્રયોગશાળાના અધિકારક્ષેત્રમાં વધુ 80 સ્થળો (તાલુકા/જિલ્લા/પેટાવિભાગના ગામો/વસતિઓ) ને આવરી લેવાનું પણ ફરજિયાત હતું. આમ, દર મહિને 160 સ્થળોએ પાણીના નમૂના એકત્રિત કરીને તેનું પરીક્ષણ કરવાની જરૂર હતી જેમાં દરેક સ્થાન પરથી દર મહિને 450 નમૂનાઓ લેવાનો સમાવેશ થતો હતો.

નીચે આપેલા **ચાર્ટ** 4.5 માં 160 સ્થળોએથી સપ્ટેમ્બર 2023 અને માર્ચ 2024 દરમિયાન એકત્રિત કરાયેલા પાણીના નમૂનાઓની સંખ્યાનું ઓડિટમાં વિશ્લેષણ કરવામાં આવ્યું:

[83] $H_2S$ વાઇલ્સએ સરળ, ઓછા ખર્ચે બેક્ટેરિયોલોજીકલ પરીક્ષણ કરતું સાધન છે જે પીવાના પાણીમાં હાઇડ્રોજન સલ્ફાઇડ ($H_2S$) ઉત્પન્ન કરતા બેક્ટેરિયાની હાજરી શોધી કાઢે છે.

**ચાર્ટ 4.5: સપ્ટેમ્બર 2023 અને માર્ચ 2024 દરમિયાન પાણીના નમૂનાઓનું એકત્રીકરણ**




(સ્રોત: ગાંધીનગરના SLL ખાતેના રેકોર્ડ્સ)

આ ચાર્ટ સાત મહિનાના સમયગાળા દરમિયાન એકત્રિત કરાયેલ પાણીના નમૂનાને દર્શાવે છે. દર મહિને, 160 સ્થળોને આવરી લેવાના હતા, અને દરેક સ્થળેથી 450 નમૂના એકત્રિત કરવાની જરૂર હતી.

આ સમયગાળા દરમિયાન, જ્યાં કોઈ નમૂના લેવામાં આવ્યા ન હતા એવા સ્થળોની સંખ્યા 28 થી 115 ની વચ્ચે હતી. એક થી 450 નમૂના એકત્રિત કરવામાં આવ્યા હોય તેવા સ્થળોની સંખ્યા 29 થી 97 વચ્ચે હતી, જ્યારે 450 થી વધુ નમૂના એકત્રિત કરવામાં આવ્યા હોય તેવા સ્થળોની સંખ્યા સાત થી 84 હતી. ઓડિટમાં વધુ વિશ્લેષણ દર્શાવે છે કે જ્યાં એક થી 200 નમૂના એકત્રિત કરવામાં આવ્યા હતા તે સ્થાનોની સંખ્યા 12 થી 65 ની વચ્ચે હતી, અને જ્યાં 201 થી 449 નમૂના એકત્રિત કરવામાં આવ્યા હતા તે સ્થાનોની સંખ્યા સાત થી 54 ની વચ્ચે હતી.

ઉપરાંત વધુમાં જણાયું હતું કે, સપ્ટેમ્બર 2023 થી માર્ચ 2024 સુધીના સાત મહિનાના સમયગાળા દરમિયાન 160 સ્થળોમાંથી, 20 સ્થળોએ[84] સેવા પૂરી પાડનાર દ્વારા ક્યારેય નમૂના લેવામાં આવ્યા ન હતા.

રાજ્ય સરકારે જવાબ આપ્યો હતો કે (ઓગષ્ટ 2025) મુખ્યત્વે કોન્ટ્રાક્ટેડ એજન્સી મેસર્સ ડિટોક્સ કોર્પોરેશન પ્રાઇવેટ લિમિટેડની આંતરિક વ્યવસ્થાપન ભૂલોને કારણે ખામીઓ ઊભી થઈ હતી. એજન્સી દ્વારા તૈનાત કરાયેલા આઉટસોર્સિંગ સ્ટાફનો તેના મેનેજમેન્ટ સાથે વિવાદ થયો હતો, જેના કારણે અમલીકરણના પ્રારંભિક તબક્કા દરમિયાન કામ અટકી ગયું હતું અને નમૂના લેવામાં વિક્ષેપ પડ્યો હતો. આ સંજોગો વિભાગના નિયંત્રણની બહાર હતા. એજન્સીને ઔપચારિક નોટિસ જારી કરવામાં આવી હતી જેમાં કરારની જવાબદારીઓનું પાલન કરવાનો અને માનવશક્તિ અને કાર્યકારી ખામીઓને તાત્કાલિક સુધારવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

[84] i અમદાવાદ, ii. બાવળા, iii. ભાણવડ, iv. બીલીમોરા, v. ચોટીલા, વિ. ધોરાજી, vii. ગોંડલ, viii. જેતપુર, ix. કલ્યાણપુર, x. માણસા, xi. મહેસાણા, xii. મેંદરડા, xiii. મોરબી, xiv. પાટડી, xv. સાવલી, xvi. ઉપલેટા, xvii. વિંછીયા, xviii. વિરમગામ, xi. વિસાવદર અને xx.વાંકાનેર.

## 4.5 સમુદાય દ્વારા પાણીની ગુણવત્તાનું નિરીક્ષણ

JJM માર્ગદર્શિકામાં એવી કલ્પના કરવામાં આવી હતી કે ગ્રામ પંચાયત (GP) અને/અથવા તેની પેટા-સમિતિ, એટલે કે VWSC/પાણી સમિતિ/વપરાશકર્તા જૂથ, વગેરેએ ફિલ્ડ ટેસ્ટિંગ કીટ (FTKs) નો ઉપયોગ કરીને ખાનગી સ્રોતો સહિત 100 ટકા પીવાના પાણીના સ્રોતોનું નિયમિત પરીક્ષણ સુનિશ્ચિત કરવાનું રહેશે.

પાંચ જિલ્લાઓમાં[85], 378 ગ્રામ્ય કાર્ય યોજનાઓ (VAPs) ની નમૂના-તપાસ દરમિયાન, ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે વર્ષ 2020 માં આ 378 VAPs માંથી 295 (78.04 ટકા) તૈયાર કરતી વખતે, GPs/VWSCs/પાણી સમિતિઓ સાથે FTKs ના અભાવને કારણે પાણીની ગુણવત્તાની ચોકસાઇહાથ ધરવામાં આવી ન હતી.

ત્યારબાદ, GJTI એ ગ્રામ પંચાયતો (VPs) ને વિતરણ માટે માર્ચ 2021 માં ₹1.32 કરોડના ખર્ચે 19,000 મલ્ટીપલ વોટર ક્વોલિટી ફિલ્ડ ટેસ્ટિંગ કીટ (MWQFTKs) અને જૂન 2021 માં ₹41.55 લાખના ખર્ચે વધારાની 6,000 કીટ ખરીદી, કે જેથી તેઓને સ્થાનિક પાણીની ગુણવત્તા પરીક્ષણ માટે સગવડ રૂપ બને. દરેક કીટ દરેક પરિમાણ દીઠ ઓછામાં ઓછા 50 પરીક્ષણો કરવા સક્ષમ હતી અને તેની સમાપ્તિ તારીખ ઓગસ્ટ 2023 હતી. આમ, વર્ષ 2021-23 ના સમયગાળા દરમિયાન સમુદાય-સ્તરીય દેખરેખ માટે ₹1.74 કરોડની કુલ 25,000 કીટ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

ઓડિટમાં જણાયું હતું કે નમૂના તપાસ કરાયેલ 48 ગામોમાં MWQFTK ના વપરાશ અંગેનો કોઈ જ રેકોર્ડ્ઝ નિભાવવામાં આવ્યો ન હતો. વપરાશ લોગના અભાવે, ઓડિટ એ નક્કી કરી શક્યું નહીં કે આ કીટનો ઉપયોગ પાણીની ગુણવત્તા પરીક્ષણ માટે કરવામાં આવ્યો હતો કે તે વણ વપરાયેલ પડી રહી હતી.

રાજ્ય સરકારે જવાબ આપ્યો હતો (ઓગષ્ટ 2025) કે માળખાકીય અને વહીવટી મર્યાદાઓને કારણે ગ્રામ પંચાયત સ્તરે FTKs ના ઉપયોગ સંબંધિત રેકોર્ડ જાળવવામાં આવ્યા ન હતા. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે ગ્રામ પંચાયતમાં એક તલાટી-કમ-મંત્રીનો સ્ટાફ હોય છે, જે ઘણા કિસ્સાઓમાં અનેક ગામોનો વધારાનો હવાલો સંભાળે છે અને આવા સંજોગોમાં, જ્યારે ક્ષેત્રીય સ્તરે પરીક્ષણ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવતી હોય, ત્યારે દરેક ઘટનાનું વ્યવસ્થિત દસ્તાવેજીકરણ શક્ય બન્યું ન હતું. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, આ મર્યાદાઓને ધ્યાનમાં લઈ, વિભાગે પાણીની ગુણવત્તા દેખરેખ પ્રવૃત્તિઓમાં સ્વ-સહાય જૂથો અને પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓને સામેલ કરીને સુધારાત્મક પગલાં લેવા શરૂ કર્યા છે. આ સંસ્થાઓને હવે ખાસ કરીને FTK નો ઉપયોગ જ નહીં પરંતુ પરીક્ષણ પ્રવૃત્તિઓનો યોગ્ય રેકોર્ડ રાખવાની પણ સૂચના આપવામાં આવી છે.

## 4.6 ચોમાસા પૂર્વે અને પછીનું પાણીના નમૂનાઓનું પરીક્ષણ

DWQMSF મુજબ રાજ્યો/UTએ વર્ષમાં ઓછામાં ઓછા બે વાર, એટલે કે ચોમાસા પહેલા અને પછી, બેક્ટેરિયોલોજિકલ પરિમાણો માટે અને વર્ષમાં ઓછામાં ઓછા એક વખત રાસાયણિક પરિમાણો માટે સ્રોત પર પાણીની ગુણવત્તાનું પરીક્ષણ કરવું જરૂરી છે.

---

85 ગાંધીનગર જિલ્લામાં VAPs તૈયાર કરવામાં આવ્યા ન હતા.

વર્ષ 2019-20 થી વર્ષ 2023-24 દરમિયાન નમૂના-તપાસેલ DLLs અને TLLs માં ચોમાસા પહેલા અને બાદના પરીક્ષણોનું સંચાલન **પરિશિષ્ટ 4.4** માં દર્શાવવામાં આવ્યું છે. નીચે આપેલ **ચાર્ટ 4.6** વર્ષ 2019-24 દરમિયાન 14 નમૂના-તપાસ કરેલા DLLs અને TLLs દ્વારા હાથ ધરવામાં આવેલા ચોમાસા પહેલાના અને બાદના પરીક્ષણોની સંખ્યાનો સારાંશ આપે છે.

**ચાર્ટ 4.6: નમૂના-તપાસેલ DLLs અને TLLsમાં ચોમાસા પહેલા અને બાદના હાથ ધરવામાં આવેલ પરીક્ષણો**




(સ્રોત: નમૂના-તપાસેલ સાત DLLs અને સાત TLLs દ્વારા પૂરી પડાયેલ માહિતી)

ઓડિટમાં જોવા મળ્યું કે નમૂના-તપાસેલ પ્રયોગશાળાઓમાં, DLL ગાંધીનગરે વર્ષ 2019-24 દરમિયાન (ચોમાસા પહેલા અને બાદના) કોઈપણ પરીક્ષણો કર્યા ન હતા. તેવી જ રીતે, કોવિડ-19 રોગચાળાને કારણે વર્ષ 2020-21માં નમૂના-તપાસેલ કરેલ કોઈપણ પ્રયોગશાળા (DLL દાહોદ અને TLL લીમખેડા સિવાય) દ્વારા ચોમાસા પહેલાનું પરીક્ષણ કરવામાં આવ્યુ ન હતું. વર્ષ 2021-22 માં 14માંથી માત્ર ચાર[86] પ્રયોગશાળામાં આ જ કારણોસર ચોમાસા પહેલાનું પરીક્ષણ કરવામાં આવ્યુ હતું. વર્ષ 2022-23માં પાંચ પ્રયોગશાળાએ[87] ચોમાસા પહેલા અને બાદના બંને પ્રકારના પરીક્ષણો કર્યા હતા, સાત પ્રયોગશાળાએ[88] કોઈ પણ પરીક્ષણો કર્યા ન હતા અને બે પ્રયોગશાળાએ[89] ફક્ત ચોમાસા બાદના પરીક્ષણો કર્યા હતા. વર્ષ 2023-24માં, પાંચ પ્રયોગશાળાઓએ[90] બંને પરીક્ષણો કર્યા હતા જ્યારે નવ પ્રયોગશાળાઓએ[91] આમાંથી કોઈ પરીક્ષણ કર્યું ન હતું.

તેથી, નમૂના-તપાસેલ 14 પ્રયોગશાળાઓમાંથી, 12 પ્રયોગશાળાઓએ વર્ષ 2019-24ના સમયગાળા દરમિયાન ચોમાસા પહેલા અને બાદના પાણીના પરીક્ષણમાં વિસંગતતા રહી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે DLL દાહોદ અને TLL લીમખેડાએ સમીક્ષા હેઠળના પાંચ વર્ષોમાં સતત પરીક્ષણ કર્યું છે.

86 (i) અંકલેશ્વર, (ii) દાહોદ, (iii) લીમખેડા અને (iv) નેત્રંગ.
87 (i) દાહોદ, (ii) પાટણ, (iii) લીમખેડા, (iv) રાધનપુર અને (v) સિદ્ધપુર.
88 (i) અમરેલી, (ii) અંકલેશ્વર , (iii) ભરુચ, (iv) ગાંધીનગર, (v) જંબુસર, (vi) નેત્રંગ અને (vii) રાજુલા.
89 (i) DLL આણંદ અને TLL પેટલાદ.
90 (i) દાહોદ, (ii) લીમખેડા, (iii) પાટણ, (iv) રાધનપુર અને (v) સિદ્ધપુર.
91 (i) અમરેલી, (ii) આણંદ, (iii) અંકલેશ્વર, (iv) ભરુચ, (v) ગાંધીનગર, (vi) જંબુસર, (vii) નેત્રંગ, (viii) પેટલાદ અને (ix) રાજુલા.

જવાબમાં DLL આણંદ, TLL પેટલાદ અને TLL રાજુલાએ જણાવ્યુ હતું (ડિસેમ્બર 2024) કે ચોમાસા પૂર્વે અને પછીના નમૂનાઓના એકત્રીકરણ માં વાહનોની અછતને લઈ તફાવત રહ્યો હતો. DLL ભરુચ. TLL જંબુસર અને TLL અંકલેશ્વરે જણાવ્યુ હતું(નવેમ્બર 2024) કે GJTI ના નિર્દેશ મુજબ તમામ પ્રયોગશાળાઓને માત્ર ચોમાસા પૂર્વે અને પછી જ નહીં પણ પાણીની ગુણવતા દેખરેખનું નિરીક્ષણ નિયમિત ધોરણે કરવા સૂચના આપવામાં આવી હતી. કે જેથી તેઓ માત્ર ચોમાસા પૂર્વે અને પછી નહીં પણ સમગ્ર વર્ષ દરમિયાન નમૂના એકત્રિત કરીને પરીક્ષણ કરે. DLL અમરેલીએ જણાવ્યુ હતું (ઓક્ટોબર 2024) કે વર્ષ 2022 પછી પાણીની ગુણવતા પરીક્ષણ કરવાની અક્ષમતા માટે સ્ટાફની અછત હોવાનું કારણ આપ્યું હતું. TLL રાધનપુર, DLL પાટણ અને TLL નેત્રંગે ચોમાસા પૂર્વે અને પછીના પરીક્ષણ ન કરવા બદલ કોઈજ કારણો રજૂ કર્યા ન હતા.

નમૂના તપાસ કરાયેલ DLLs અને TLLs માં ચોમાસા પૂર્વે અને પછી પાણીની ગુણવતા માટે કરવામાં આવેલ પરીક્ષણોના પરિનામોનું વિશ્લેષણ નીચે **કોષ્ટક** 4.2 માં દર્શાવેલ છે:

**કોષ્ટક 4.2: વર્ષ 2019-24 દરમિયાન નમૂના તપાસ કરાયેલ DLLs અને TLLs માં અનુમતિપાત્ર મર્યાદાને આધારે ચોમાસા પૂર્વે અને પછી કરવામા આવેલ પાણીની ગુણવતા પરિક્ષણના પરિણામો**

| વર્ષ | ચોમાસા પૂર્વે | | | ચોમાસા પછી | | |
|---|---|---|---|---|---|---|
| | પરીક્ષણ કરાયેલ નમૂનાઓની સંખ્યા | યોગ્ય (ટકા) | અયોગ્ય (ટકા) | પરીક્ષણ કરાયેલ નમૂનાઓની સંખ્યા | યોગ્ય (ટકા) | અયોગ્ય (ટકા) |
| 2019-20 | 11,424 | 8,773 (77) | 2,651 (23) | 31,288 | 23,537 (75) | 7,751 (25) |
| 2020-21 | 4,820 | 2,100 (44) | 2,720 (56) | 27,939 | 20,618 (74) | 7,321 (26) |
| 2021-22 | 6,450 | 5,371 (83) | 1,079 (17) | 15,036 | 12,216 (81) | 2,820 (19) |
| 2022-23 | 7,411 | 5,313 (72) | 2,098 (28) | 10,472 | 7,985 (76) | 2,487 (24) |
| 2023-24 | 7,968 | 6,630 (83) | 1,338 (17) | 1,748 | 1,570 (90) | 178 (10) |
| કુલ | 38,073 | 28,187 (74) | 9,886 (26) | 86,483 | 65,926 (76) | 20, 557 (24) |

(સ્રોત : નમૂના તપાસ કરાયેલ DLLs અને TLLs દ્વારા પૂરી પડાયેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે વર્ષ 2019-24 દરમિયાન નમૂના તપાસ કરાયેલ DLL અને TLL માં ચોમાસા પૂર્વે 38,073 નમૂનાઓનું પરીક્ષણ કરવામા આવેલ હતું જેમાંથી, 9,886 (26 ટકા) નમૂનાઓ અયોગ્ય જણાયા હતા. તેવી જ રીતે, ચોમાસા પછીના સમયગાળા દરમિયાન પરીક્ષણ કરાયેલા 86,483 નમૂનાઓમાંથી, 20,557 (24 ટકા) નમૂનાઓ અયોગ્ય જણાયા હતા. વિસ્તૃત વિશ્લેષણમાં જાણવા મળ્યું કે ચોમાસા પહેલાના સમયગાળાના 9,886 અયોગ્ય નમૂનાઓમાંથી, 9,097 નમૂનાઓ (92.02 ટકા) રાસાયણિક પરિમાણો પર અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતા, અને 789 નમૂનાઓ (7.98 ટકા) જૈવિક પરિમાણો પર અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતા. તેવી જ રીતે, ચોમાસા પછીના સમયગાળાના 20,557 અયોગ્ય નમૂનાઓમાંથી, 16,728 (81.37 ટકા) રાસાયણિક પરિમાણો પર અયોગ્ય જાહેર થયા હતા અને 3,829 (18.63 ટકા) જૈવિક પરિમાણો પર અયોગ્ય જાહેર થયા હતા.

આ તારણો મોસમી સંક્રમણ દરમિયાન પાણીની ગુણવત્તા પર સતત દેખરેખ રાખવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

## 4.7 SLL ખાતે રેફરલ પાણીના નમૂનાઓનું પરીક્ષણ

JJM માર્ગદર્શિકા અને DWQMSF મુજબ પાણીને લગતા જટિલ મુદ્દાઓને લઈ SLL એક રેફરલ પ્રયોગશાળા તરીકે કાર્ય કરવાનું છે. ઉપરાંત, આ પ્રયોગશાળાએ કુલ નમૂનાઓમાંથી ઓછામાં ઓછા પાંચ ટકા (DLLs તરફથી પોઝિટિવ સાબિત થયેલ સહિતના) પરીક્ષણ કરવું જોઈએ, ગુણવત્તા નિયંત્રણ માટે નીચેના સ્તરની પ્રયોગશાળાઓની દેખરેખ, નવીન પ્રકારની ઊભરતી અશુધ્ધિઓને ઓળખવી, સાધનોની માપણી અને યોગ્ય રખ-રખાવ સુનિશ્ચિત કરવો જોઈએ. DLLs એ પોઝિટિવ સાબિત થયેલ નમૂનાઓને તુરંત SLL ને રિફર કરવા જોઈએ

ઓડિટમાં જોવા મળ્યું કે વર્ષ 2019-20 અને વર્ષ 2023-24 દરમિયાન રાજ્યભરના તમામ DLLs માં 3,27,883 પાણીના નમૂનાઓનું રાસાયણિક પરિમાણો માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું, આમ છતાં SLL માં ફક્ત 4,873 પાણીના નમૂનાઓનું રાસાયણિક પરિમાણો માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ દર્શાવે છે કે પાણીના નમૂનાઓના 16,394 ફરજિયાત રેફરલ્સ સામે, 4,873 (29.72 ટકા) ખરેખર પરીક્ષણ કરવામાં આવ્યા હતા. SLL માં ચકાસાયેલ ફરજિયાત રેફરલ્સ (પાંચ ટકા) નો વર્ષવાર ટ્રેન્ડ વાસ્તવિક રેફરલ્સની સરખામણીમાં નીચે આપેલા **ચાર્ટ 4.7** માં બતાવ્યા પ્રમાણે છે:

**ચાર્ટ 4.7: SLL માં વાસ્તવિક રેફરલ્સની સરખામણીમાં ફરજિયાત રેફરલ્સ**




(સ્રોત: SLL, ગાંધીનગર દ્વારા પૂરી પડાયેલ માહિતી)

*નોંધ : વાસ્તવિક રેફરલ્સ સામે કૌંસમાં દર્શાવેલ આંકડા ફરજિયાત રેફરલ્સની સંખ્યાની સરખામણીમાં ખરેખર પરીક્ષણ કરાયેલા નમૂનાઓની ટકાવારી દર્શાવે છે.*

વર્ષ 2019-20 થી વર્ષ 2023-24 ના સમયગાળા દરમિયાન DLLs પર એકત્રિત કરવામાં આવેલા બેક્ટેરિયોલોજીકલ નમૂનાઓ (2,54,251) ને SLL ને રીફર કરવામાં આવ્યા ન હતા કારણ કે આ નમૂનાઓનું તેમના એકત્રીકરણના 24 કલાકની અંદર પરીક્ષણ કરવું જરૂરી છે.

નમૂના-તપાસેલ પાંચ જિલ્લાઓમાં વિગતવાર વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે પરીક્ષણ દ્વારા ચકાસાયેલ પાંચ DLLs[92] દ્વારા SLL ને રાસાયણિક પાણીના નમૂનાઓની રેફરલ ટકાવારી શૂન્ય ટકા (અમરેલી અને ભરૂચ) થી 13.67 ટકા (અમરેલી) સુધીની હતી.

DLL આણંદ (ડિસેમ્બર 2024) પરિવહન તકલીફને ઓછા રેફરલ માટે જવાબદાર ગણાવ્યુ. DLL ભરુચે જણાવ્યું (ડિસેમ્બર 2024) કે વર્ષ 2019-20 સુધી રેફરલ નમૂનાઓ મોકલવા માટે GJTI ના કોઈ નિર્દેશો નહોતા. તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે વર્ષ 2021-22 માં, રોગચાળા સંબંધિત વિક્ષેપોને કારણે કોઈ રેફરલ કરવામાં આવ્યા ન હતા. તેનાથી વિપરીત, DLL દાહોદ, ગાંધીનગર, પાટણ અને અમરેલીએ કોઈ જવાબ આપ્યો ન હતો.

### *4.7.1 DLLs ખાતે રેફરલ પાણીના નમૂનાઓનું પરીક્ષણ*

JJM માર્ગદર્શિકા અને DWQMSF મુજબ, જિલ્લા સ્તરની પ્રયોગશાળાઓ (DLLs) એ TLLs માટે રેફરલ તરીકે કાર્ય કરવાનું છે, અને TLLs દ્વારા પરીક્ષણ કરાયેલ કુલ નમૂનાઓમાંથી ઓછામાં ઓછા પાંચ ટકા નમૂનાઓનું પરીક્ષણ કરવાનું જોઈએ. TLL એ પણ પોઝિટિવ નમૂનાઓને તાત્કાલિક ધોરણે DLL ને રિફર કરવા જરૂરી છે.

વર્ષ 2019-24 દરમિયાન નમૂના તપાસ કરાયેલ DLLs માંથી આઠ TLLs દ્વારા રસાયણિક અશુધ્ધિ વાળા પાણીના ખરેખર રિફર કરાયેલ નમુનાઓ સામે ફરજિયાત કરવા જોઈતા જરૂરી રેફરલ્સ (પાંચ ટકા) ની વિગતો નીચે **કોષ્ટક 4.3** માં દર્શાવેલ છે:

**કોષ્ટક 4.3: ફરજિયાત કરવા જોઈતા જરૂરી રેફરલ્સ (પાંચ ટકા) સામે નમૂના તપાસ કરાયેલ DLLs માં ખરેખર કરવામાં આવેલ રેફરલ્સ**

| DLL નું નામ | 2019-20 | | 2020-21 | | 2021-22 | | 2022-23 | | 2023-24 | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | MR[93] | AR[94] (MR ના સંદર્ભ સાથે ટકા) | MR | AR (MR ના સંદર્ભ સાથે ટકા) | MR | AR (MR ના સંદર્ભ સાથે ટકા) | MR | AR (MR ના સંદર્ભ સાથે ટકા) | MR | AR (MR ના સંદર્ભ સાથે ટકા) |
| અમરેલી | 35 | 60 (171) | 24 | 41 (171) | 110 | 25(23) | 51 | 60 (118) | 42 | 15(36) |
| આણંદ | 65 | 45 (69) | 105 | 40(38) | 78 | 36(46) | 114 | 50(44) | 68 | 27(40) |
| ભરૂચ | 138 | 60 (43) | 169 | 129 (76) | 172 | 70(41) | 380 | 140 (37) | 243 | 75(31) |
| દાહોદ | 315 | 16 (5) | 254 | 15 (6) | 99 | 26(26) | 155 | 40(26) | 76 | 20(26) |
| પાટણ | 46 | 116 (252) | 31 | 89 (287) | 35 | 84 (240) | 113 | 83(73) | 77 | 20(26) |

(સ્રોત: નમૂના-તપાસેલ TLL દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે નમૂના તપાસ કરાયેલ પાંચ જિલ્લાઓમાં[95] અમરેલી અને પાટણ જીલ્લામાં સમિક્ષા હેઠળના પાંચ માંથી ત્રણ વર્ષમાં રિફર કરાયેલ નમૂનાઓની સંખ્યા, ફરજિયાત

[92] DLL દાહોદ ની માહિતી ઉપલબ્ધ કરાઇ ન હતી.

[93] ફરજિયાત રેફરલ.

[94] ખરેખર કરાયેલ રેફરલ.

[95] ગાંધીનગર જિલ્લામાં TLL નથી.

રિફર કરવા જોઈતા જરૂરી નમૂનાઓની સંખ્યા કરતાં વધારે હતી. જો કે નમૂના તપાસ કરાયેલ ત્રણ જિલ્લાઓમાં ફરજિયાત રેફરલના સંદર્ભમાં વાસ્તવિક રેફરલ પાંચ ટકાથી 76 ટકાની વચ્ચે હતું.

ઓછા સમયગાળાની અશુદ્ધિને લઈ TLLs દ્વારા બેક્ટેરિયોલોજિકલ નમૂના રિફર કરવામાં આવ્યા ન હતા.

TLL પેટલાદે (ડિસેમ્બર 2024) નીચા રેફરલ દરો માટે પરિવહન ને લગતા પડકારોને જવાબદાર ઠેરવ્યા હતા. TLLs જંબુસર, અંકલેશ્વર અને રાજુલાએ ચોક્કસ કારણો આપ્યા ન હતા પરંતુ ખાતરી આપી હતી કે રેફરલ લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવશે. TLL રાધનપુર, લીમખેડા, નેત્રંગ અને સિદ્ધપુર દ્વારા કોઈ પ્રતિભાવ અપાયો ન હતો.

DWQMSF માં દર્શાવેલ છે કે ગ્રામ પંચાયત અને/અથવા તેની પેટા સમિતિઓ જેવીકે VWSC/પાણી સમિતિએ તેમના કાર્ય ક્ષેત્ર હેઠળના પીવાના પાણીના તમામ સ્રોતો/બધીજ શાળાઓ, આંગણવાડી કેન્દ્રો અને અન્ય જાહેર સંસ્થાઓ સહિત ગામને પૂરો પડતાં પાણીના પુરવઠાનું પરીક્ષણ કરવા જોઈતા હતા. પરીક્ષણ કરાયેલા પાણીના નમૂનાઓના પરિણામો e-જલશક્તિ પોર્ટલ પર અપલોડ કરવાના હતા.

## 4.8 e-જલશક્તિ પોર્ટલ પર પાણીના નમૂનાઓમાં વિસંગતતા અને ઓછુ રિપોર્ટિંગ

નમૂના તપાસ કરાયેલ DLLs અને TLLs ના રેકોર્ડ્ઝના ઓડિટ વિશ્લેષણમાં જણાયું હતું કે વર્ષ 2021-22 થી વર્ષ 2023-24 દરમિયાન નીભવવામાં આવતા ભૌતિક રેકોર્ડ્ઝ મુજબ પરીક્ષણ કરાયેલ નમૂનાઓની સંખ્યા અને e-જલશક્તિ પોર્ટલ પર અપલોડ કરાયેલ માહિતીમાં **પરિશિષ્ટ 4.5** માં દર્શાવ્યા મુજબ વિસંગતતા હતી, **ચાર્ટ 4.8** અને **ચાર્ટ 4.9**, અનુક્રમે નીચે મુજબ છે:

**ચાર્ટ 4.8: ઓક્ટોબર 2024 અને ડિસેમ્બર 2024 વચ્ચે e-જલશક્તિ પોર્ટલ પર અપલોડ કરાયેલ માહિતી અને નમૂના તપાસ કરાયેલ DLLs માં ઉપલબ્ધ માહિતીમાં વિસંગતતા**




(સ્રોત: e-જલશક્તિ પોર્ટલ અને નમૂના તપાસ કરાયેલ DLLs દ્વારા પૂરી પડાયેલ માહિતી)

નમૂના તપાસ કરાયેલ DLLs માં ઉપલબ્ધ રેકોર્ડ્ઝ મુજબની માહિતી સામે e-જલશક્તિ પોર્ટલ પર અપલોડ કરાયેલ માહિતી વિસંગતતા દર્શાવે છે.

તેવીજ રીતે, TLLs પર ઉપલબ્ધ રેકોર્ડ્સના સંદર્ભમાં અપલોડ કરેલા ડેટામાં નીચે **ચાર્ટ 4.9** માં દર્શાવ્યા મુજબ વિસંગતતા છે:

**ચાર્ટ 4.9: ઓક્ટોબર 2024 અને ડિસેમ્બર 2024 વચ્ચે e-જલશક્તિ પોર્ટલ પર અપલોડ કરાયેલ માહિતી અને નમૂના તપાસ કરાયેલ TLLs માં ઉપલબ્ધ માહિતીમાં વિસંગતતા**




**(સ્રોત : e-જલશક્તિ પોર્ટલ અને નમૂના તપાસ કરાયેલ TLLs દ્વારા પૂરી પડાયેલ માહિતી)**

ઓડિટમાં એવું જણાયું હતું કે નમૂના તપાસ કરાયેલ 11 પ્રયોગશાળાના[96] સંદર્ભમાં, e-જલશક્તિ પોર્ટલ પર પુનરાવર્તિત અને તાલુકાવાર, ગામવાર પરીક્ષણને લગતી એક સરખી માહિતી અપલોડ કરવામાં આવી હતી, આ બાબત માહિતીની વિશ્વસનીયતા અંગે ચિંતાઓ ઉભી કરે છે.

DLL આણંદ અને DLL ભરૂચના નોડલ અધિકારીએ જણાવ્યુ હતું (ડિસેમ્બર 2024) કે પોર્ટલ પર સંપૂર્ણ ડેટા ન આપવાનું કારણ નમૂના ID અને પાણીના સ્રોતોની બિનઉપલબ્ધતા હોવાને કારણે હતું, જ્યારે DLL દાહોદ, TLL જંબુસર, TLL લીમખેડા અને TLL અંકલેશ્વરે e- જલશક્તિ પોર્ટલ પર ટેકનિકલ ભૂલને કારણ દર્શક જણાવી હતી. નમૂના તપાસ કરાયેલ અન્ય પ્રયોગશાળાઓએ કોઈ જવાબ આપ્યો ન હતો (ઓગસ્ટ 2025). જોકે, 11 પ્રયોગશાળાઓમાંથી કોઈએ પણ પોર્ટલ પર પુનરાવર્તિત માહિતી અપલોડ કરવાનું કોઈ જ કારણ આપ્યું નથી.

## 4.9 "માન્ય મર્યાદા" ના આધારે પાણીના નમૂનાનું મૂલ્યાંકન

IS 10500:2012 અને DWQMSF માં નિર્ધારિત પાણીની ગુણવત્તાના ધોરણોમાં બે મર્યાદાઓનો સમાવેશ થાય છે: 'સ્વીકાર્ય મર્યાદાઓ' અને 'માન્ય મર્યાદાઓ'. સ્વીકાર્ય મર્યાદામાં સ્પષ્ટીકરણો ધરાવતું પાણી, પીવાના હેતુ માટે યોગ્ય માનવામાં આવે છે. જોકે, જો પાણીનો કોઈ વૈકલ્પિક સ્રોત ઉપલબ્ધ ન હોય (પીવાના પાણી પુરવઠા માટે), તો ઉચ્ચ સ્પષ્ટીકરણોને અનુમતિપાત્ર મર્યાદા તરીકે નિર્ધારિત કરવામાં આવે છે એટલે કે યોગ્ય પાણીના સ્રોતની ઉપલબ્ધતાના અભાવે પીવાના હેતુ માટે પાણીનો ઉપયોગ કરી શકાય

---

96 (i) DLL અમરેલી, (ii) DLL આણંદ (iii) DLL ભરૂચ, (iv) DLL પાટણ, (v) TLL અંકલેશ્વર, (vi) TLL જંબુસર, (vii) TLL નેત્રંગ, (viii) TLL પેટલાદ, (ix) TLL રાધનપુર, (x) TLL રાજુલા અને (xi) TLL સિધ્ધપુર.

બે રેન્ડમ મહિના એટલે કે જૂન 2023 અને ડિસેમ્બર 2023 ના પાણીના રાસાયણિક નમૂનાઓની ચકાસણી કરતાં, નમૂના-તપાસેલ DLLs અને TLLs માં નમૂનાઓને યોગ્ય કે અયોગ્ય જાહેર કરવામાં વિસંગતતાઓ જોવા મળી. વિગતો નીચે **કોષ્ટક 4.4** માં આપેલ છે:

**કોષ્ટક 4.4: જૂન 2023 અને ડિસેમ્બર 2023 માટે નમૂના-તપાસેલ DLLs/TLLs માં સ્વીકાર્ય મર્યાદા ઓળંગી હોવા છતાં યોગ્ય જાહેર કરાયેલા નમૂનાઓની વિગતો**

| પ્રયોગશાળા | પરીક્ષણ કરાયેલા નમૂનાઓની કુલ સંખ્યા | ચકાસાયેલ કુલ પરિમાણોની સંખ્યા | એવા પરિમાણો કે જેના માટે ફિટ હોવાનો દાવો કરાયેલ છે પરંતુ સ્વીકાર્ય મર્યાદા ઓળંગી ગઈ છે તેની સંખ્યા | એવા પરિમાણો કે જેના માટે ફિટ હોવાનો દાવો કરાયેલ છે પરંતુ સ્વીકાર્ય મર્યાદા ઓળંગી ગઈ છે તેની ટકાવારી |
|---|---|---|---|---|
| DLL અમરેલી | 171 | 1,026 | 338 | 32.94 |
| DLL ભરુચ | 382 | 4,584 | 759 | 16.56 |
| DLL આણંદ | 217 | 2,604 | 777 | 29.84 |
| DLL દાહોદ | 351 | 3,159 | 351 | 11.11 |
| DLL ગાંધીનગર | 234 | 1,872 | 510 | 27.24 |
| DLL પાટણ | 145 | 1,740 | 215 | 12.36 |
| TLL રાજુલા | 162 | 1,458 | 555 | 38.06 |
| TLL પેટલાદ | 264 | 3,168 | 1,187 | 37.47 |
| TLL લીમખેડા | 371 | 2,968 | 511 | 17.22 |
| TLL જંબુસર | 300 | 3,600 | 1,351 | 37.53 |
| TLL અંકલેશ્વર | 337 | 4,044 | 1,440 | 35.61 |
| TLL નેત્રંગ | 345 | 4,140 | 2,012 | 48.60 |
| TLL સિદ્ધપુર | 156 | 1,872 | 353 | 18.86 |
| TLL રાધનપુર | 137 | 1,644 | 136 | 8.27 |

(સ્રોત: નમૂના-તપાસેલ DLLs અને TLLs દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી)

ઓડિટમાં જોવા મળ્યું કે નમૂના-તપાસ કરાયેલ પ્રયોગશાળાઓએ વૈકલ્પિક સલામત પાણીના સ્રોતોની ઉપલબ્ધતાનું મૂલ્યાંકન કર્યા વિના, ફક્ત પરવાનગી મર્યાદાના આધારે પાણીના નમૂનાઓને યોગ્ય/અયોગ્ય જાહેર કર્યા હતા.

નમૂના-તપાસ કરાયેલ પ્રયોગશાળાઓએ (જાન્યુઆરી 2025) જણાવ્યું હતું કે વૈકલ્પિક સ્રોતો વિશે માહિતીની બિન-ઉપલબ્ધતાને કારણે, નમૂનાઓને અનુમતિપાત્ર મર્યાદાના આધારે યોગ્ય/અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતા.

રાજ્ય સરકારે જવાબ આપ્યો (ઓગસ્ટ 2025) કે ગ્રામીણ વિસ્તારોમાં જ્યાં સપાટી પરના પાણીની યોજનાઓ પ્રગતિ હેઠળ છે, અથવા જ્યાં તકનીકી અથવા પરિસ્થિતિગત અવરોધો સપાટી પરના પાણીના નિયમિત પુરવઠાને અસ્થાયી રૂપે પ્રતિબંધિત કરે છે, ત્યાં પ્રયોગશાળાઓને 'અનુમતિપાત્ર મર્યાદાઓ' ને કાર્યકારી ધોરણો તરીકે અપનાવવાની ફરજ પાડવામાં આવે છે. આ સેવાની સાતત્યતા સુનિશ્ચિત કરે છે અને અકાળે સ્રોતોને 'અયોગ્ય' તરીકે વર્ગીકૃત કરવાનું ટાળે છે, જે લાભાર્થીઓને પાણી પુરવઠામાં વિક્ષેપ પાડી શકે છે. એવી પણ માહિતી આપવામાં આવી હતી કે

રાજ્યએ પ્રયોગશાળા પ્રોટોકોલમાં સુધારો કરવાની પ્રક્રિયા શરૂ કરી છે જેથી ખાતરી કરી શકાય કે જ્યાં પણ પરવાનગીપાત્ર મર્યાદા લાગુ કરવામાં આવે, ત્યાં પરીક્ષણ અહેવાલમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવે, અને વૈકલ્પિક અને સલામત સ્રોતોનું ક્રોસ-વેરિફિકેશન હાથ ધરવામાં આવે.

## 4.10 પ્રયોગશાળાઓમાં પાણીના નમુનાના પરીક્ષણના પરિણામમાં લાગતો સમય

DWQMSF મુજબ, રાસાયણિક અને જૈવિક પાણીની ગુણવત્તા પરીક્ષણો નમૂના એકત્રીકરણના સમયથી અનુક્રમે 24 અને 48 કલાકની અંદર પૂર્ણ થવા જોઈએ. જૂન 2023 અને ડિસેમ્બર 2023 ના મહિનાઓમા નમૂના-તપાસેલ DLLs અને TLLs દ્વારા એકત્રિત અને પરીક્ષણ કરાયેલ પાણીના નમૂનાઓની ઓડિટ ચકાસણી નીચે **કોષ્ટક 4.5** માં દર્શાવવામાં આવી છે:

**કોષ્ટક 4.5: નમૂના-તપાસ કરેલ DLLs અને TLLs માં લાગતાં સમયની વિગતો**

| પ્રયોગશાળાનું નામ | રાસાયણિક પરિમાણો માટે ચકાસાયેલ નમૂનાઓની સંખ્યા | નિર્ધારિત સમય એટલે કે 1 દિવસની અંદર આપેલા પરિણામોની સંખ્યા | વિલંબ સાથે પરિણામોની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|
| | | | 1 દિવસ | 2 દિવસ | 3 દિવસ | 4 દિવસ |
| DLL અમરેલી | 171 | NIL | NIL | 47 | 100 | 24 |
| DLL આણંદ | 217 | NIL | 106 | 79 | 26 | 06 |
| DLL ભરૂચ | 382 | NIL | 218 | 91 | 73 | Nil |
| DLL દાહોદ | 363 | NIL | NIL | NIL | 277 | 86 |
| DLL ગાંધીનગર | 234 | NIL | 23 | 95 | 86 | 30 |
| DLL પાટણ | 145 | 45 | 89 | 02 | 09 | NIL |
| TLL રાજુલા | 113 | Nil | 42 | 43 | 28 | Nil |
| TLL પેટલાદ | 264 | Nil | 171 | 56 | 34 | 03 |
| TLL જંબુસર | 300 | 41 | 139 | 71 | 49 | Nil |
| TLL અંકલેશ્વર | 337 | Nil | 178 | 104 | 55 | Nil |
| TLL નેત્રંગ | 345 | Nil | 169 | 107 | 61 | 08 |
| TLL લીમખેડા | 372 | Nil | Nil | Nil | 153 | 219 |
| TLL રાધનપુર | 137 | 89 | 19 | 10 | 17 | 02 |
| TLL સિદ્ધપુર | 156 | 118 | 27 | 07 | 04 | Nil |

(સ્રોત: નમૂના-તપાસેલ DLLs અને TLLs દ્વારા પૂરી પડાયેલ માહિતી)

જૂન 2023 અને ડિસેમ્બર 2023 ના મહિના માટે નમૂના-તપાસેલ 14 પ્રયોગશાળાઓના રેકોર્ડની ઓડિટ ચકાસણીમાં જાણવા મળ્યું કે રાસાયણિક પરિમાણો માટે પરીક્ષણ કરાયેલા 3,536 (8.29 ટકા) માંથી 293 નમૂનાઓનું[97] નિર્ધારિત એક દિવસની સમયમર્યાદામાં રિપોર્ટ કરવામાં આવ્યા હતા. **બાકીના નમૂનાઓમાં, વિલંબ બે થી ચાર દિવસ સુધીનો હતો. DLL દાહોદ અને TLL લીમખેડામાં વિલંબના સૌથી વધુ કિસ્સાઓ જોવા મળ્યા, જે ચાર દિવસ સુધી લંબાયા.** ઓડિટમાં વધુમાં નોંધાયું હતું કે કોઈપણ નમૂના-તપાસેલ પ્રયોગશાળાએ જૈવિક પરિમાણોના કિસ્સામાં રિપોર્ટ જારી કરવાની તારીખ જાળવી રાખી નથી; તેથી, ઓડિટ જૈવિક પરિમાણોના કિસ્સામાં લાગતો સમય નક્કી કરી શક્યું નથી.

[97] TLL જંબુસર (41), DLL પાટણ (45), TLL રાધનપુર (89) અને TLL સિદ્ધપુર (118).

નમૂના-તપાસ કરાયેલ પ્રયોગશાળાઓના નોડલ અધિકારીઓએ (ઓક્ટોબર 2024 થી જાન્યુઆરી 2025) જણાવ્યું હતું કે ભવિષ્યમાં રેકોર્ડ રાખવા અને સમયસર રિપોર્ટિંગનું પાલન કરવામાં આવશે, તેમાં લાગતાં સમયના વિલંબ ઘટાડવા પર ખાસ ભાર મૂકવામાં આવશે.

## 4.11 ઉપસંહાર

રાજ્યના 249 તાલુકાઓમાંથી, 46 તાલુકાઓમાંજ તાલુકા સ્તરની પ્રયોગશાળાઓ (TLLs) અસ્તિત્વમાં હતી, જેના કારણે ઘણી જિલ્લા સ્તરની પ્રયોગશાળાઓ (DLLs)એ તેમના અધિકારક્ષેત્રની TLLsની વધારાની જવાબદારીઓ લેવાની જરૂર હતી. આમ, રેફરલ સિસ્ટમ, જ્યાં TLLs એ DLLs ને સકારાત્મક નમૂનાઓ મોકલ્યા હતા તે બિનજરૂરી બની ગયા.

રાજ્ય સ્તરીય પ્રયોગશાળા (SLL) પાણીની ગુણવત્તા માટે તમામ 15 ભારે ધાતુના પરિમાણોનું પરીક્ષણ કરવા માટે સજ્જ હતી. જોકે, તેમાં 43 પરિમાણોનું પરીક્ષણ કરવા માટે માળખાગત સુવિધાઓ અથવા સાધનોનો અભાવ હતો. નિર્ધારિત 23પરિમાણોનું નિરીક્ષણ કરવા માટે DLLs જવાબદાર હતી. નમૂના-તપાસેલ DLLs માં, 13 થી 16 પરિમાણોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

NABL માન્યતા માટે નિર્ધારિત 17 ફરજિયાત પરિમાણોમાંથી, SLL એ 12 પરિમાણો માટે માન્યતા મેળવી હતી. નમૂના-તપાસેલ DLLs એ 10 થી 12 પરિમાણો માટે માન્યતા પ્રાપ્ત કરી છે. જોકે, નમૂના-તપાસેલ DLLs અને TLLs માં, એવું જાણવા મળ્યું કે DLLs/TLLs માં DWQMSF હેઠળ ફરજિયાત તમામ પરિમાણોનું પરીક્ષણ કરવા માટે જરૂરી સાધનોનો અભાવ હતો.

નમૂના તપાસ કરાયેલ મોટાભાગની પ્રયોગશાળાઓમાં ચોમાસા પહેલા અને બાદના જરૂરી પરીક્ષણ નિયમિતપણે કરવામાં આવતા ન હતાં. ચોમાસા પહેલાના પરીક્ષણોમાં, 26 ટકા પાણીના નમૂના અયોગ્ય જણાયા. ચોમાસા બાદના પરીક્ષણોમાં, 24 ટકા નમૂનાઓ અયોગ્ય જણાયા. ઓડિટમાં જોવા મળ્યું કે નમૂના-તપાસ કરાયેલ પ્રયોગશાળાઓએ વૈકલ્પિક સલામત પાણીના સ્ત્રોતોની ઉપલબ્ધતાનું મૂલ્યાંકન કર્યા વિના, ફક્ત પરવાનગી મર્યાદાના આધારે પાણીના નમૂનાઓને યોગ્ય/અયોગ્ય જાહેર કર્યા.

પ્રયોગશાળાઓના ત્રણેય સ્તરોમાં ટેકનિકલ સ્ટાફની અછત હતી. આઉટસોર્સ્ડ સર્વિસ પ્રોવાઇડર દ્વારા નમૂના એકત્રિકરણ માટે તેની કરારબદ્ધ જવાબદારીઓનું પાલન કરવામાં નિષ્ફળ જવાને કારણે મુખ્યત્વે ઓછા નમૂના પરીક્ષણનું પરિણામ આવ્યું. e-જલશક્તિ પોર્ટલે ભૌતિક રેકોર્ડમાં ઉપલબ્ધ માહિતીથી અલગ પણ દર્શાવી હતી.

*ભલામણ 4: રાજ્ય સરકાર દરેક તાલુકાઓમાં TLLs સ્થાપિત કરી શકે છે.*

*ભલામણ 5:. રાજ્ય સરકાર ખાતરી કરી શકે છે કે પાણીના નમૂનાઓ ફક્ત ત્યારે જ માન્ય મર્યાદાના સંદર્ભમાં યોગ્ય જાહેર કરવામાં આવે જ્યારે કોઈ વૈકલ્પિક સુરક્ષિત પાણીનો સ્ત્રોત ઉપલબ્ધ ન હોય.*

# પ્રકરણ-V

# કાર્ય પૂર્ણ થયા પછીનું સંચાલન અને ટકાઉપણું

# પ્રકરણ-V
# કાર્ય પૂર્ણ થયા પછીનું સંચાલન અને ટકાઉપણું

જલ જીવન મિશન પીવાના પાણીના પુરવઠાની સેવાઓ માટે માળખાગત સુવિધા વિકાસના અભિગમને બદલીને ઉપયોગિતા-આધારિત અભિગમમાં પરિવર્તિત કરવાની કલ્પના કરે છે.

પાણી પુરવઠા યોજનાઓની લાંબા ગાળાની કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે, કાર્યરત થયા પછીનું સંચાલન અને ટકાઉપણું, સમુદાયની ભાગીદારી, નાણાકીય વ્યવહારુતા અને ટેકનિકલ જાળવણીની જરૂરિયાત ધરાવે છે તે નિયમિત O&M, પાણીની ગુણવત્તાનું નિરીક્ષણ અને સ્ત્રોતની ટકાઉપણું પર ભાર મૂકે છે, જેથી દરેક ઘરને સતત ધોરણે પર્યાપ્ત, સુરક્ષિત અને વિશ્વસનીય પીવાનું પાણી મળી રહે.

પાણી પુરવઠાનું માળખું તૈયાર થયા પછી તેના સંચાલન અને ટકાઉપણા માટેની વ્યવસ્થાઓની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવા માટે JJM હેઠળ હાથ ધરવામાં આવેલી પાણી પુરવઠા યોજનાઓની ઓડિટમાં તપાસ કરવામાં આવી.

## 5.1 કામગીરી પછીના સંચાલન માટેની વ્યવસ્થા

જલ જીવન મિશન (JJM) માર્ગદર્શિકા જણાવે છે કે ઘરગથ્થુ નળ જોડાણોની કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે સંચાલન અને જાળવણી (O&M) મહત્વપૂર્ણ છે. O&M માં વારંવાર થતા એ ખર્ચનો સમાવેશ થાય છે જેમ કે વીજળીના બિલ, રાસાયણિક ખર્ચ (જેમ કે શુદ્ધિકરણ માટે પાણીમાં ભેળવવામાં આવતું ક્લોરિન), નિવારક અને બ્રેકડાઉન જાળવણી પાછળનો ખર્ચ, પંપ ઓપરેટરનું વેતન વગેરે. ગ્રામ પંચાયત અને/અથવા તેની પેટા-સમિતિ એટલે કે VWSC /પાણી સમિતિ, વપરાશકર્તા જૂથ વગેરે દ્વારા પાણી પુરવઠા યોજનાનું સંચાલન અને O&M, વપરાશકર્તા ચાર્જની વસૂલાત અને O&M ના સંપૂર્ણ ખર્ચની વસૂલાત એ આ યોજનાની લાંબા ગાળાની ટકાઉપણુંનો મુખ્ય આધાર બનશે.

### *5.1.1 સંચાલન અને જાળવણી નીતિ*

ગ્રામીણ પીવાના પાણીની યોજનાઓને બે શ્રેણીઓમાં વહેંચવામાં આવી છે: (i) સિંગલ વિલેજ સ્કીમ્સ (SVS) / ગામની આંતરિક યોજનાઓ; અને (ii) મલ્ટી વિલેજ સ્કીમ્સ (MVS). પાણી પુરવઠા યોજનાઓને કાર્યક્ષમ રીતે ચલાવવા અને અંતિમ વપરાશકર્તાઓ માટે પર્યાપ્ત સેવા સ્તરની સુવિધા પૂરી પાડવા માટે, એક કાર્યક્ષમ O&M **માળખું** જરૂરી છે.

ઓડિટે નોંધ્યું છે કે GWSSB એ 'ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ મેન્યુઅલ' (જુલાઈ 2023) તૈયાર કર્યું હતું, જેને તેની બોર્ડ બેઠકમાં (ઓગસ્ટ 2023) મંજૂરી આપવામાં આવી હતી. તેમાં (i) ભાગ A: સમુદાય સંચાલિત ગામની આંતરિક પાણી પુરવઠા માળખાગત સુવિધાઓ માટેની O&M માર્ગદર્શિકા અને (ii) ભાગ B: મલ્ટી-વિલેજ પાણી પુરવઠા માળખાગત સુવિધાઓ માટેની O&M માર્ગદર્શિકાનો સમાવેશ થાય છે.

### *5.1.2 માલિકીની ભાવના – હિતધારકોની પ્રતિબદ્ધતા*

JJM માર્ગદર્શિકા અનુસાર, ગામમાં પાઇપલાઇન દ્વારા પાણી પુરવઠાની માળખાગત સુવિધાઓ અને સંબંધિત સ્રોત વિકાસની કામગીરીના અમલીકરણ સમયે, સમુદાયની ભાગીદારી અને

યોજનાનું ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે ગ્રામ પંચાયતો (GPs) અને/અથવા તેમની પેટા-સમિતિઓ, જેવી કે વિલેજ વોટર એન્ડ સેનિટેશન કમિટી (VWSC) અથવા પાણી સમિતિઓએ ગ્રામજનો પાસેથી સામુદાયિક ફાળો (CC) એકત્રિત કરવો આવશ્યક છે. આ ફાળો રોકડ, સામગ્રી, અથવા શ્રમના સ્વરૂપમાં હોઈ શકે છે અને તે પાણી પુરવઠા યોજનાની કુલ મૂડી કિંમતના 10 ટકા હોવો જોઈએ વધુમાં, બિન-સરકારી સંસ્થાઓ (NGOs), સ્વ-સહાય જૂથો (SHGs), ટ્રસ્ટો અને ફાઉન્ડેશનો વગેરે, જે સામૂહિક રીતે અમલીકરણ સહાયક એજન્સીઓ (ISAs) તરીકે ઓળખાય છે, તેઓ ગામની આંતરિક પાણી પુરવઠા માળખાગત સુવિધાઓના આયોજન, ડિઝાઇન, અમલીકરણ, વ્યવસ્થાપન, સંચાલન અને જાળવણી માટે સમુદાયોને એકત્ર કરવા અને જોડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે

ઓડિટે નોંધ્યું છે કે સર્વેક્ષણ કરાયેલા 960 લાભાર્થીઓમાંથી, 500 લાભાર્થીઓએ (52.08 ટકા) ફાળો આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેમાં કાં તો રોકડ (368 લાભાર્થીઓ) અથવા શ્રમ દ્વારા (132 લાભાર્થીઓ) ફાળો આપવાની તૈયારી બતાવી હતી, બાકીના 460 લાભાર્થીઓ (47.92 ટકા) કોઈપણ સ્વરૂપમાં ફાળો આપવા માંગતા ન હતા આ બાબત સમુદાયના કેટલાક સભ્યોની લોકફાળામાં ફાળો આપવા પ્રત્યેની અનિચ્છા દર્શાવે છે. આથી, આ બાબત સમુદાયના કેટલાક સભ્યોમાં માલિકીની ભાવનાના વિકાસમાં અવરોધ પેદા કરી શકે છે.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) તરીકે નિયુક્ત કરાયેલા ગામોને લોકફાળામાંથી મુક્તિ આપવામાં આવી હતી. તેમણે એવું પણ જણાવ્યું હતું કે અન્ય ગામોમાં જરૂરી ફાળો એકત્રિત કરવાનું મુશ્કેલ સાબિત થયું હતું; તેમ છતાં, પીવાના પાણીની સુલભતા એ મૂળભૂત જરૂરિયાત હોવાથી કામ સ્થગિત કરી શકાય તેમ ન હતું.

ઓડિટનો મત એવો છે કે WASMO અને અમલીકરણ સહાય એજન્સીઓ (ISAs) IEC પ્રવૃતિ કરવા માટે જવાબદાર હતી, જેમાં સમુદાય એકત્રીકરણ/ફાળા દ્વારા માલિકીની ભાવના વિકસાવવાનો પણ સમાવેશ થાય છે. જોકે, જલ જીવન મિશન (JJM) હેઠળ લોકફાળો આપવા માટે પ્રોત્સાહિત કરવા માટેના તેમના પ્રયાસોને મર્યાદિત સફળતા મળી હતી.

### 5.1.3 પાણી પુરવઠા યોજનાઓમાં નાણાકીય વ્યવહારક્ષમતા અને ખર્ચ વસૂલાતની પદ્ધતિઓ

JJM ની માર્ગદર્શિકા લાંબા સમય સુધી ચાલી શકે તેવી પાણી પુરવઠા યોજનાઓ માટે O&M ખર્ચની સંપૂર્ણ વસૂલાતની આવશ્યકતા પર ભાર મૂકે છે અમલીકરણ કરતી એજન્સીઓ[98] માટે એ સુનિશ્ચિત કરવું આવશ્યક હતું કે પ્રસ્તાવિત યોજનાઓમાં O&M ખર્ચનું વિગતવાર વિશ્લેષણ સામેલ કરવામાં આવે

WASMO દ્વારા તૈયાર કરવામાં આવેલા SVS/MVS ના વિગતવાર યોજના અહેવાલો (DPRs) ની ઓડિટ તપાસમાં જાણવા મળ્યું છે કે O&M નો ખર્ચ સંબંધિત 'પાણી સમિતિ' દ્વારા ભોગવવાનો હતો, જેના માટે 'પાણી સમિતિ' સહમત થઈ હતી. O&M ખર્ચની વસૂલાત માટે, પાણી સમિતિએ FHTC ધરાવતા પરિવારો પર વપરાશકર્તા શુલ્ક લાદ્યો હતો. નમૂના-તપાસેલ ગામોમાં, વાર્ષિક વપરાશકર્તા શુલ્ક ₹10 થી ₹400 ની વચ્ચે હતો.

[98] GWSSB અને WASMO.

નમૂના-તપાસેલ 48 ગામોમાં, JJM હેઠળ 27,973 પરિવારોને FHTCs પૂરા પાડવામાં આવ્યા હતા. જેમાંથી, 15,260 પરિવારો નિયમિતપણે વપરાશકર્તા શુલ્ક ચૂકવતા હતા, 7,936 પરિવારોએ આંશિક ચુકવણી કરી હતી, જ્યારે 4,777 પરિવારોએ ક્યારેય વપરાશકર્તા શુલ્ક ચૂકવ્યો ન હતો.

**ચાર્ટ- 5.1: FHTC પૂરા પાડવામાં આવેલા 48 ગામોના કુલ પરિવારો અને વપરાશકર્તા શુલ્કની વસૂલાતની વિગતો**

**નમૂના-તપાસેલ 48 ગામોમાં, FHTCs પૂરા પાડવામાં આવેલા કુલ પરિવારો = 27,973**




**(સ્રોત: નમૂના-તપાસેલ ગામોની પાણી સમિતિઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી)**

ઓડિટ દરમિયાન જાણવા મળ્યું કે 48 માંથી 41 ગામોએ પુષ્ટિ કરી હતી કે એકત્રિત કરવામાં આવેલા વપરાશકર્તા શુલ્કનો ઉપયોગ O&M ના હેતુઓ માટે કરવામાં આવ્યો હતો, જ્યારે ચાર ગામોએ જણાવ્યું હતું કે તેઓએ વપરાશકર્તા શુલ્કનો ઉપયોગ O&M માટે કર્યો ન હતો. ત્રણ ગામો દ્વારા કોઈ પ્રતિસાદ આપવામાં આવ્યો ન હતો. ઓડિટ વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે, ઉપરોક્ત 41 ગામોમાંથી[99] 11 ગામોમાં એકત્રિત કરવામાં આવેલા વપરાશકર્તા શુલ્કની રકમ 'પંપ ઓપરેટર' અને/અથવા 'ઈલેક્ટ્રિશિયન'ના મહેનતાણા કરતાં ઓછી હતી. આમ, તે O&M ના ખર્ચને પહોંચી વળવા માટે અપૂરતું હતું.

રાજ્ય સરકારે હકીકતો સ્વીકારતી વખતે (ઓગસ્ટ 2025) જણાવ્યું હતું કે ખર્ચની વસૂલાત સુધારવા અને JJM યોજનાઓની લાંબા ગાળાની ટકાઉપણાની ખાતરી કરવા માટે ગ્રામ પંચાયત દ્વારા પાણી વેરાની વસૂલાત, ગ્રામ સુવિધા પોર્ટલ દ્વારા નિયમિત દેખરેખ, જાગૃતિ ઝુંબેશ, અને નવી જલ કર વસૂલાત પ્રોત્સાહન યોજના જેવા પગલાં રજૂ કરવામાં આવ્યા છે.

### *5.1.4 પાયાના સ્તરના મિકેનિક્સનું કૌશલ્ય વિકાસ*

ગ્રામીણ વિસ્તારોમાં કાર્યરત પાઇપ દ્વારા પાણી પુરવઠા પ્રણાલીઓની લાંબા ગાળાનું ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે, JJM એ કડિયાકામ, પ્લમ્બિંગ, ફિટિંગ અને ઇલેક્ટ્રિશિયન જેવા ક્ષેત્રોમાં કુશળ માનવ સંસાધનોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો ગામની-આંતરીક પાણી પુરવઠા યોજનાઓના સંચાલન અને જાળવણી (O&M) માટે તાલીમબદ્ધ સ્થાનિક કર્મચારીઓની ઉપલબ્ધતા અત્યંત મહત્વની છે

---

[99] જ્યાં વપરાશકર્તા શુલ્કનો ઉપયોગ સંચાલન અને જાળવણી હેતુ માટે કરવામાં આવ્યો હતો.

ઓડિટ દરમિયાન જાણવા મળ્યું છે કે સ્ટેટ વોટર એન્ડ સેનિટેશન મિશન (SWSM) દ્વારા વર્ષ 2021-22 માં 77,185 વ્યક્તિઓને તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દરેક 'હર ઘર જલ' ગામ (15,437) દીઠ પાંચ વ્યક્તિઓને તાલીમ આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. નિર્ધારિત લક્ષ્યાંક પૈકી, વર્ષ 2022–23 દરમિયાન 13,727 (17.79 ટકા) વ્યક્તિઓને તાલીમ આપવામાં આવી હતી. તેમજ આગળ એવું પણ જોવામાં આવ્યું હતું કે ત્યાર બાદ કોઈ વધારાની તાલીમ યોજવામાં આવી ન હતી. વધુમાં, જોકે વાર્ષિક કાર્ય યોજના (AAP) 2023–24 માટે ₹15.50 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું હતું, તેમ છતાં (ડિસેમ્બર 2024) સુધી કોઈ તાલીમનું આયોજન કરવામાં આવ્યું ન હતું.

નમૂના-તપાસેલ 48 ગામોમાં, JJM હેઠળ કૌશલ્ય વિકાસની મુખ્યત્વે પંપ ઓપરેટરો પૂરતી જ મર્યાદિત હોવાનું જોવા મળ્યું હતું. નમૂના-તપાસેલ ગામોમાં પાણી સમિતિ દ્વારા નિમણૂક કરાયેલા 44 પંપ ઓપરેટરો પૈકી, 17 (39 ટકા) એ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI) માં ઔપચારિક તાલીમ મેળવી હતી. બાકીના 27 ઓપરેટરો કોઈપણ ઔપચારિક તકનીકી તાલીમ વગર પાણી પુરવઠા પ્રણાલીઓનું સંચાલન કરી રહ્યા હતા. વધુમાં, જે ચાર ગામોમાં પાણી સમિતિએ પંપ ઓપરેટરોની નિમણૂક કરી ન હતી, ત્યાં પંપ ચલાવવાની જવાબદારી સ્થાનિક ગ્રામજનોને સોંપવામાં આવી હતી, જેમની પાસે આ પંપ ચલાવવા માટે કોઈ તકનીકી કુશળતા ન હતી. તદુપરાંત, નમૂના-તપાસેલ 48 ગામોમાંથી બે ગામોમાં ઈલેક્ટ્રિશિયનની નિમણૂક કરવામાં આવી હતી, પરંતુ તેમાંથી કોઈ પણ પાસે ITI ની તાલીમ નહોતી.

દાહોદ જિલ્લાના નમૂના તપાસ કરાયેલ એક ગામમાં[100] ઓડિટમાં જોવા મળ્યું કે સમ્પમાંથી પાણી ઉપાડવા માટે સૌર ઉર્જાથી ચાલતી સિસ્ટમ હતી. જોકે, સૌર ઉર્જાથી ચાલતા પંપ/મશીનરી ચલાવવા માટે અનુભવી ઇલેક્ટ્રિશિયનના અભાવને કારણે છેલ્લા છ મહિના (ડિસેમ્બર 2024) થી આ સિસ્ટમ કાર્યરત નહોતી. પરિણામે, પરિવારો પાણી પુરવઠા માટે અન્ય સ્રોતો પર આધાર રાખતા હતા.

વ્યવસ્થિત તાલીમનો અભાવ પાણી પુરવઠા પ્રણાલીઓના સંચાલન અને જાળવણીમાં સમસ્યાઓ તરફ દોરી શકે છે, જે સંભવિત રીતે તેમની લાંબાગાળાની કાર્યક્ષમતાને અસર કરી શકે છે.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) ખાતરી આપી હતી કે આ સમસ્યાઓના નિરાકરણ માટે નોંધપાત્ર અને વ્યવસ્થિત પ્રયાસો હાથ ધરવામાં આવશે.

## 5.2 VWSCs/પાણી સમિતિઓ દ્વારા કામગીરી પછીનું સંચાલન

JJM માર્ગદર્શિકા અને ગ્રામ પંચાયતો તેમજ VWSCs માટેની *માર્ગદર્શિકાની* જોગવાઈઓ મુજબ, ગામની આંતરીક પાણી પુરવઠા યોજનાઓના આયોજન, અમલીકરણ, દેખરેખ અને જાળવણીમાં પાણી સમિતિઓને મુખ્ય ભૂમિકા સોંપવામાં આવી હતી. તેમની જવાબદારીઓમાં અન્ય બાબતોની સાથોસાથ સમુદાય એકત્રીકરણ, માહિતી, શિક્ષણ અને સંચાર (IEC) પ્રવૃત્તિઓનું સંચાલન, પાણીની ગુણવત્તાની દેખરેખ સુનિશ્ચિત કરવી અને પારદર્શિતા જાળવી રાખવા માટે સામાજિક

[100] દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાનું વટેડા ગામ.

ઓડિટની સુવિધા પૂરી પાડવાનો સમાવેશ થાય છે. પાણી સમિતિઓ દ્વારા આ ભૂમિકાઓના નિર્વહન અંગે ઓડિટમાં નીચે મુજબની બાબતો જોવા મળી હતી:

- **પાણીની ગુણવત્તાની દેખરેખ**: જોકે JJM માર્ગદર્શિકા મુજબ દરેક ગ્રામ અને/અથવા પાણી સમિતિએ ફિલ્ડ ટેસ્ટ કિટ (FTKs) નો ઉપયોગ કરીને પાણીના પરીક્ષણ માટે પાંચ મહિલાઓને ઓળખીને તાલીમ આપવાની જરૂર હતી, તેમ છતાં ઓડિટમાં જોવા મળ્યું હતું કે વર્ષ 2019-24 દરમિયાન નમૂના-તપાસેલ 48 ગામોમાંથી માત્ર 15 ગામોની પાણી સમિતિઓએ તેમ કર્યું હતું. વધુમાં, **ફકરા 4.5** માં ચર્ચા કર્યા મુજબ, વર્ષ 2019-24 ના સમયગાળા દરમિયાન નમૂના-તપાસેલ ગામોમાંથી એક પણ ગામમાં 'ફિલ્ડ ટેસ્ટ કિટ' (FTK) આધારિત પાણીની ગુણવત્તાની દેખરેખ અંગેના કોઈ રેકોર્ડ રાખવામાં આવ્યા ન હતા.
- **સામાજિક ઓડિટનું અમલીકરણ**: પારદર્શિતા અને સામુદાયિક દેખરેખને પ્રોત્સાહન આપવા માટે સામાજિક ઓડિટ આવશ્યક છે. ઓડિટ દરમિયાન જોવા મળ્યું કે વર્ષ 2019-24 દરમિયાન, નમૂના-તપાસેલ 48 ગામોમાંથી 14 ગામોમાં સામાજિક ઓડિટ કરવામાં આવ્યા હતા. આમ, સામાજિક ઓડિટ પદ્ધતિને વધુ સુદ્રઢ બનાવવાની જરૂર છે.

વધુમાં, નમૂના-તપાસેલ 48 ગામોના 960 લાભાર્થીઓના સર્વેક્ષણ દરમિયાન, ઓડિટમાં નીચે મુજબની બાબતો જોવા મળી હતી:

- **સામુદાયિક જાગૃતિ**: ઓડિટ દ્વારા સર્વેક્ષણ કરવામાં આવેલા 54 ટકા લાભાર્થીઓએ (960 માંથી 519 ઉત્તરદાતાઓ) જણાવ્યું હતું કે તેઓને સુરક્ષિત પીવાના પાણીના ફાયદા, જળ સંરક્ષણ, સ્વચ્છતાની પદ્ધતિઓ અથવા JJM યોજનાના ઉદ્દેશ્યો જેવા આવશ્યક પાસાઓ વિશે પૂરતી જાણકારી આપવામાં આવી ન હતી.
- **IEC અમલીકરણ** : ગ્રામ પંચાયતોને IEC પ્રવૃત્તિઓ હાથ ધરવામાં મદદ કરવા માટે 'અમલીકરણ સહાયક એજન્સીઓ' (ISAs) ની નિમણૂક કરવામાં આવી હોવા છતાં, 570 લાભાર્થીઓએ (59.38 ટકા) જણાવ્યું હતું કે તેમના ગામોમાં કોઈ IEC પ્રવૃત્તિઓ કરવામાં આવી નથી. આ બાબત સૂચવે છે કે સામુદાયિક સંપર્ક અને જાગૃતિ ફેલાવવા માટે હજુ વધુ પ્રયત્નો કરવાની જરૂર છે.

## 5.3 કામગીરી પછીના સંચાલનમાં અમલીકરણ સહાયક એજન્સીઓની ભૂમિકા

અમલીકરણ સહાયક એજન્સીઓ (ISAs) એ આયોજન અને અમલીકરણના તબક્કા દરમિયાન સામુદાયિક એકત્રીકરણ, સંસ્થાકીય નિર્માણ, તાલીમ, IEC પ્રવૃત્તિઓ અને તકનીકી સહાય પૂરી પાડવામાં ગ્રામ પંચાયતો (GPs) અને ગ્રામ પાણી અને સ્વચ્છતા સમિતિઓ (VWSCs) ને મદદ કરવાની હોય છે.

### *5.3.1 ISAs દ્વારા VWSCs/પાણી સમિતિઓને માર્ગદર્શન અને સહાય*

JJM માર્ગદર્શિકા મુજબ, અમલીકરણ સહાયક એજન્સીઓ (ISAs) ને પારદર્શક પસંદગી પ્રક્રિયા દ્વારા નિયુક્ત કરવાની હતી. ઓડિટની ચકાસણીમાં બહાર આવ્યું હતું કે વર્ષ 2020-21 અને વર્ષ 2021–22 દરમિયાન, WASMO દ્વારા અમલીકરણ સહાયક એજન્સીઓ (ISAs) ને પસંદગી યાદીમાં શામેલ કરવા માટે જાહેર જનતા પાસેથી ઇચ્છાની અભિવ્યક્તિ આમંત્રિત કરવામાં આવી

ન હતી. તેના બદલે, તેણે NGOs ની પસંદગી માટે વિભાગીય ભલામણો પર આધાર રાખ્યો. વર્ષ 2020-21 માં, WASMO ને ત્રણ વિભાગો[101] તરફથી 44 NGOs માટે ભલામણો મળી હતી. ઓડિટ દરમિયાન જોવા મળ્યું હતું કે 21 NGOsને સહાયક કાર્ય સોંપવામાં આવ્યું હતું, જેમાંથી ચાર ISAs[102] ની ભલામણ વિભાગ દ્વારા કરવામાં આવી ન હતી.

તેવી જ રીતે, વર્ષ 2021-22 માં, જે 65 ને સહાયક કાર્ય સોંપવામાં આવ્યું હતું, તેમાંથી ચાર ISAs [103] એવી હતી જેમની ભલામણ કોઈ પણ વિભાગ દ્વારા કરવામાં આવી ન હતી કે ન તો તેમનું WASMO સાથે ભૂતકાળમાં કોઈ જોડાણ હતું.

ઓડિટમાં વધુમાં એ નોંધવામાં આવ્યું છે કે વર્ષ 2021-22માં જે 65 ISAs ને કામ સોંપવામાં આવ્યું હતું તેમાંથી સાત સંસ્થાઓએ કોઈ પણ કામ શરૂ કર્યું ન હતું (જાન્યુઆરી 2025 સુધી), જેની અસર 700 ગામો પર પડી હતી. WASMO એ (નવેમ્બર 2024માં) જણાવ્યું હતું કે તેણે તેની આંતરિક ટીમો દ્વારા આ ગામોમાં સહાયક પ્રવૃત્તિઓ ચાલુ રાખી છે. જોકે, આ બાબતની પુષ્ટિ કરવા માટે ઓડિટ સમક્ષ કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હતા.

### *5.3.2 ISAs દ્વારા લક્ષ્યાંકોની સિદ્ધિ*

WASMO એ ગુજરાતના તમામ જિલ્લાઓમાં સામુદાયિક લોકભાગીદારી, તાલીમ અને ક્ષમતા વધારવા, તેમજ IEC પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે વિવિધ અમલીકરણ સહાયક એજન્સીઓ (ISAs) ને પેનલ પર નિયુક્ત કરી હતી. વર્ષ 2020-21 અને વર્ષ 2021-22 દરમિયાન આ પ્રવૃત્તિઓના અમલીકરણ માટે, WASMO ના જિલ્લા જલ અને સ્વચ્છતા એકમો (DWSUs) એ પેનલ પર નિયુક્ત એજન્સીઓ સાથે MoUs પર હસ્તાક્ષર કરવાના હતા.

ઓડિટે નોંધ્યું હતું કે નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાં, WASMO એ 15 ISAs ને પેનલ પર નિયુક્ત કર્યા હતા. ગાંધીનગરના DWSU એ તેને સોંપાયેલી ત્રણમાંથી કોઈપણ ISAs સાથે MoUs કર્યા ન હતા. DWSU ગાંધીનગરે (ડિસેમ્બર 2024) જણાવ્યું હતું કે ISAને સોંપવામાં આવેલી પ્રવૃત્તિઓ ખુદ DWSU દ્વારા જ હાથ ધરવામાં આવી હતી. ભરૂચમાં, જોકે 100 ગામો માટે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, તેમ છતાં ISA પ્રવૃત્તિઓ 94 ગામોમાં હાથ ધરવામાં આવી હતી. સોંપવામાં આવેલી પ્રવૃત્તિઓ અંતર્ગત, 500ના લક્ષ્યાંક સામે 234 વ્યક્તિઓને તાલીમ આપવામાં આવી હતી. તેવી જ રીતે, પાટણમાં 500 ગામો માટે પાંચ ISAs ને રોકવામાં આવ્યા હતા, પરંતુ સોંપવામાં આવેલી પ્રવૃત્તિઓ 491 ગામોમાં હાથ ધરવામાં આવી હતી. અમરેલી અને દાહોદ જિલ્લામાં, 260 ગામો માટે ISAs ને રોકવામાં આવ્યા હતા. ઓડિટે નોંધ્યું હતું કે આ બે જિલ્લાઓમાં, સામુદાયિક લોકભાગીદારી[104], તાલીમ અને ક્ષમતા વર્ધન[105] તથા IEC પ્રવૃત્તિઓની[106] 4,331 ની જરૂરિયાત સામે, માત્ર 1,096 (25.31 ટકા) પ્રવૃત્તિઓ જ હાથ ધરવામાં આવી હતી.

---

[101] (i) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ (ii) આદિજાતિ વિકાસ વિભાગ (iii) મહિલા અને બાળ વિકાસ વિભાગ.

[102] 1. સ્વરાજ- વીંછીયા 2. મહિલા સમાખ્યા- ગુજરાત 3. પ્રગતિ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ 4. શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ- મહેસાણા.

[103] 1. અરુણા કિશોર ફાઉન્ડેશન 2. જ્ઞાનદીપ ટ્રસ્ટ 3. કર્તવ્ય ફાઉન્ડેશન 4. નવયુગ એજ્યુકેશન એન્ડ ગ્રામ વિકાસ સોસાયટી.

[104] પાણી સમિતિ સાથે બેઠક, ગ્રામસભાનું આયોજન, લોકફાળા માટેની ઝુંબેશ, સામાજિક ઓડિટ/મૂલ્યાંકન વગેરે.

[105] પાણી સમિતિના સભ્યોને તાલીમ, પાણી સમિતિ/ગ્રામજનો માટે કાર્યશાળા અને એક્સપોઝર વિઝિટ.

[106] શાળા રેલી/સ્પર્ધા, શેરી નાટક, ભીંત લેખન, હોર્ડિંગ્સ વગેરે.

ગુજરાત સરકારના અધિક સચિવ અને મુખ્ય ઇજનેર, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગે (ઓગસ્ટ 2025) જવાબ આપ્યો કે ગાંધીનગર જિલ્લામાં બે ISAs સાથે MoUs કરવામાં આવ્યા હતા અને તેમણે તેમના MoUsની શરતો અનુસાર નિયુક્ત ગામોમાં સોંપાયેલ કાર્ય પૂર્ણ કર્યું હતું. વિભાગનો આ જવાબ સ્વીકારી શકાય તેમ નથી, કારણ કે WASMO ના ફિલ્ડ યુનિટે પુષ્ટિ કરી હતી કે ગાંધીનગર જિલ્લામાં કોઈ પણ ISAs ને રોકવામાં આવ્યા ન હતા અને વિભાગે MoU ના અમલીકરણ અથવા થયેલી કામગીરી અંગેના કોઈ પણ સહાયક દસ્તાવેજો પૂરા પાડેલ નથી.

રાજ્ય સરકારે (ઓગષ્ટ 2025) જણાવ્યું હતું કે VWSC/પાણી સમિતિનું સભ્યપદ સ્વૈચ્છિક છે અને તે ગ્રામ સ્તરે નામાંકન અથવા સંમતિ પર આધારિત છે. એમ પણ જણાવવામાં આવ્યું હતું કે ઓડિટ દ્વારા છૂટાછવાયા ફેરફારો નોંધવામાં આવ્યા છે, તેમ છતાં રાજ્ય સરકાર એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે ભવિષ્યમાં VWSCs/પાણી સમિતિઓની તમામ રચનાઓમાં મહિલાઓ અને SC/ST સભ્યોના પ્રતિનિધિત્વને ફરજિયાત બનાવતી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવામાં આવે. સરકારે એ પણ જાણ કરી હતી કે આ બાબતે તમામ ગ્રામ પંચાયતોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી રહી છે, અને VWSCs/પાણી સમિતિઓની પુનઃરચના દરમિયાન સુધારાત્મક પગલાંઓનો સમાવેશ કરવામાં આવશે.

## 5.4 JJMના અમલીકરણમાં સામુદાયિક લોકભાગીદારી

તે વિલેજ એક્શન પ્લાન (VAPs) તૈયાર કરવા અને મંજૂર કરવા, 100 ટકા કાર્યાન્વિત ઘરેલું નળ જોડાણ (FHTCs) ના સમાવેશ અને પ્રમાણીકરણની ખાતરી કરવા અને સ્થાનિક સ્તરે પાણીની ગુણવત્તા પર દેખરેખ રાખવા માટે જવાબદાર રહેશે આ સંબંધમાં, ઓડિટે નીચે મુજબનું અવલોકન કર્યું છે:

- **ગ્રામસભામાં જનભાગીદારી** –JJM ની માર્ગદર્શિકા મુજબ, ગ્રામ પંચાયતોએ VWSCs ની રચના, VAPsની ચર્ચા અને મિશનના અમલીકરણ તથા તેની પ્રગતિ અંગે ગ્રામસભાની બેઠકોનું આયોજન કરવાનું જરૂરી હતું. ઓડિટે નોંધ્યું હતું કે ચકાસણી કરવામાં આવેલા 48 ગામોમાંથી, 24 ગામોમાં ગામની આંતરિક યોજનાઓ અમલી કરવામાં આવી હતી, જ્યારે બાકીના 24 ગામોમાં RWSSs ના ક્ષમતામાં વધારા દ્વારા જલ જીવન મિશન (JJM) નો અમલ કરવામાં આવ્યો હતો. જે 24 ગામોમાં ગામની આંતરિક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી હતી, તેમાંથી 17 ગામોમાં JJMના અમલીકરણનો નિર્ણય ગ્રામસભાની બેઠકોમાં લેવામાં આવ્યો હતો, જ્યારે બાકીના સાત ગામોમાં આ નિર્ણય ગ્રામ પંચાયત (GP) ની બેઠકો દરમિયાન લેવામાં આવ્યો હતો. વધુમાં, જે 17 ગામોમાં JJM ના અમલીકરણ અંગે નિર્ણય લેવા માટે ગ્રામસભાની બેઠકો બોલાવવામાં આવી હતી, તેમાંથી નવ ગામોમાં ગામના 80 ટકા કે તેથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.
- **લોકફાળાનું વ્યવસ્થાપન:** JJM ની માર્ગદર્શિકા મુજબ, ગ્રામીણ સમુદાયે ગામના આંતરમાળખાકીય સુવિધાઓના મૂડી ખર્ચના 10 ટકા ફાળો આપવાનો હતો. આ ભંડોળની જાળવણી માટે, VP દ્વારા એક અલગ બેંક ખાતું રાખવાનું હતું. જોકે, નમૂના-તપાસ કરેલ 24 ગામોમાં (જ્યાં ગામની આંતરિક યોજનાઓ અમલ માટે હાથ ધરવામાં આવી હતી),

તેમાંથી સાત ગામોએ લોકફાળો જમા કરાવવા માટે અલગ બેંક ખાતા ખોલ્યા ન હતા. આ ફાળો તેના બદલે ગ્રામ પંચાયતના સામાન્ય ખાતામાં જમા કરવામાં આવ્યો હતો.

- **નબળા/વંચિત વર્ગોને સહાય:** JJMની માર્ગદર્શિકા મુજબ, ગ્રામ પંચાયત અને/અથવા પાણી સમિતિ ગરીબ, અશક્ત, *દિવ્યાંગ વ્યક્તિઓ* અથવા વિધવાઓ કે જેઓ આવકનો કોઈ નિશ્ચિત સ્રોત ધરાવતા નથી તેને વ્યક્તિગત ફાળામાંથી મુક્તિ આપવા અંગે વિચારણા કરી શકે છે. ઓડિટે નોંધ્યું હતું કે નમૂના-તપાસ કરવામાં આવેલા 24 ગામોમાંથી એક પણ ગામે, આર્થિક રીતે નબળા વર્ગોની ઓળખ કરવા અને તેમને નિર્ધારિત 10 ટકા ફાળો આપવા માંથી મુક્તિ આપવા માટેની કોઈ પ્રક્રિયા હાથ ધરી ન હતી.

## 5.5 પાણી વેરો

ગુજરાત જલ પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) વિવિધ ગામો, નગરપાલિકાઓ, શૈક્ષણિક સંસ્થાઓ વગેરેને ગુજરાત સરકારના નર્મદા, જલ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા (ફેબ્રુઆરી 2007) નિર્ધારિત કરવામાં આવેલા દરે પાણી પૂરું પાડે છે. પાણી વેરાની વસૂલાત ગ્રાહકો પાસેથી નક્કી કરેલા નિશ્ચિત દર મુજબ અથવા મીટરવાળા જોડાણોના કિસ્સામાં નોંધાયેલા પાણીના વપરાશના આધારે કરવાની રહેતી હતી.

### *5.5.1 ગામો પાસેથી પાણી વેરાની વસૂલાત*

નમૂના-તપાસ કરાયેલા છ જિલ્લાઓના[107] ઓડિટ વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે GWSSB દ્વારા વર્ષ 2019-20 થી વર્ષ 2023-24 દરમિયાન GPsને નિયમિતપણે બિલ આપવામાં આવ્યા હતા, પરંતુ GPs પાસેથી તેની વસૂલાત ખૂબ જ બિનકાર્યક્ષમ રહી હતી, જેના કારણે લેણી રકમ વધી ગઈ હતી.

વર્ષ 2019-20ની શરૂઆતમાં, ગ્રામ પંચાયતો પાસેથી વસૂલવાનો બાકી પાણી વેરો ₹139.11 કરોડ હતો. નબળી વસૂલાતને કારણે આ રકમમાં પ્રતિ વર્ષ વધારો થયો અને વ્વર્ષ 2023–24 ના અંત સુધીમાં તે ₹236.55 કરોડ પર પહોંચી ગઈ હતી, જે પાંચ વર્ષમાં ₹97.44 કરોડ (70.05 ટકા) નો વધારો દર્શાવે છે.

ઓડિટે નોંધ્યું હતું કે આ સમયગાળા (2019-24) દરમિયાન, ₹97.96 કરોડના બિલ આપવામાં આવ્યા હતા, પરંતુ માત્ર ₹0.52 કરોડ (0.53 ટકા) ની જ વસૂલાત થઈ હતી, જે અત્યંત નીચા વસૂલાત દર ને દર્શાવે છે તેની વિગતો નીચે **કોષ્ટક** 5.1 માં આપવામાં આવી છે:

[107] ભરૂચ અને દાહોદ જિલ્લાની માહિતી તેઓ દ્વારા પૂરી પાડવામાં આવી ન હતી.

કોષ્ટક 5.1: નમૂના-તપાસેલ છ જિલ્લાઓના સંદર્ભમાં વર્ષ 2019-20 થી વર્ષ 2023-24 દરમિયાન બાકી રહેલા પાણી વેરાની વિગતો નીચે મુજબ છે

| વર્ષ | બાકી વસૂલાતની ખૂલતી સિલક (O/B) (₹ કરોડમાં) | વર્ષ દરમિયાન આપેલા બિલ (₹ કરોડમાં) | વસૂલવા પાત્ર કુલ રકમ (₹ કરોડમાં) | ખરેખર વસૂલ કરવામાં આવેલી રકમ (₹ કરોડમાં) | વર્ષના અંતે બાકી રકમ (₹ કરોડમાં) |
|---|---|---|---|---|---|
| 2019-20 | 139.11 | 27.12 | 166.23 | 0.14 | 166.09 |
| 2020-21 | 166.09 | 17.16 | 183.25 | 0.11 | 183.14 |
| 2021-22 | 183.14 | 12.86 | 196.00 | 0.10 | 195.90 |
| 2022-23 | 195.90 | 19.69 | 215.59 | 0.07 | 215.52 |
| 2023-24 | 215.52 | 21.13 | 236.65 | 0.10 | 236.55 |
| કુલ | | 97.96 | | 0.52 | |

(સ્રોત: નમૂના-તપાસ કરેલા GWSSB ના પ્રભાગો દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી)

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે, 31 માર્ચ 2024 ના રોજ ગ્રામ પંચાયતો પાસેથી વસૂલવા પાત્ર પાણી વેરાની કુલ બાકી રકમ ₹236.55 કરોડ હતી. GWSSB દ્વારા અત્યંત નીચા વસૂલાત દર માટે GPs પાસે ભંડોળનો અભાવ હોવાનું કારણ જણાવવામાં આવ્યું હતું. બાકી લેણાંની વિગતો સમયગાળાના આધારે નીચે મુજબ છે: ₹21.03 કરોડ (1 વર્ષથી ઓછો), ₹32.38 કરોડ (1–3 વર્ષ), ₹44.03 કરોડ (3–5 વર્ષ) અને ₹139.11 કરોડ (5 વર્ષથી વધુ). નબળી વસૂલાત પાણી પુરવઠા યોજનાઓની નાણાકીય સ્થિરતા માટે જોખમ ઊભું કરે છે.

રાજ્ય સરકારે આ મુદ્દાઓનો સ્વીકાર કર્યો (સપ્ટેમ્બર 2025) અને જણાવ્યું કે પાણી વેરાની વસૂલાતમાં સુધારો કરવા અને પાણી પુરવઠા યોજનાઓની નાણાકીય સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે સતત અને વ્યવસ્થિત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## 5.6 O&M કામો માટે વધારાની સિક્યુરિટી ડિપોઝિટ

કોન્ટ્રાક્ટની સામાન્ય શરતો મુજબ, સફળ બિડર્સે સંમતિ પત્ર મળ્યાના 10 દિવસની અંદર સિક્યુરિટી ડિપોઝિટ (SD) જમા કરાવવાની રહે છે. સંચાલન અને નિભાવ (O&M) ના કામો માટે, SD O&M મૂલ્યના 10 ટકા હોવી જોઈએ અને O&M સમયગાળો સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી 30 દિવસ સુધી માન્ય રહેવી જોઈએ. વધુમાં, જ્યાં O&M ના ક્વોટ કરાયેલા દરો અંદાજિત ખર્ચ કરતાં નોંધપાત્ર રીતે નીચા હોય, ત્યાં તફાવતની રકમની બેંક ગેરંટી (BGs) લઈને અથવા પ્રથમ રનિંગ એકાઉન્ટ (RA) બિલમાંથી વધારાની સિક્યુરિટી તરીકે વસૂલવાની રહે છે.

GWSSB ના અમરેલી વિભાગમાં વર્ષ 2019-21 ના સમયગાળા માટે ઓડિટ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, RWSS માટે સોંપવામાં આવેલા ચાર કામોમાંથી ત્રણ કામોમાં, RA બિલમાંથી વધારાની સિક્યુરિટી ડિપોઝિટની જરૂરી વસૂલાત કરવામાં આવી ન હતી. તેના બદલે, કોન્ટ્રાક્ટરો પાસેથી બેંક ગેરંટી (BGs) મેળવવામાં આવી હતી, જે કેપિટલ વર્કસ પૂર્ણ થવા પર પરત કરી દેવામાં આવી હતી, જોકે O&M ના કામો હજુ ચાલુ જ હતા. પરિણામે, પાંચ થી સાત વર્ષ સુધી ચાલનારા આ O&M કોન્ટ્રાક્ટ્સ, કોન્ટ્રાક્ટરો દ્વારા કોઈપણ પરફોર્મન્સ ગેરંટી વગર ચલાવવામાં આવી રહ્યા છે વધારાની SD (સિક્યુરિટી ડિપોઝિટ) ને સમય મર્યાદા પહેલા મુક્ત કરવા અંગેની વિગતો નીચે **કોષ્ટક 5.2** માં આપવામાં આવી છે.

**કોષ્ટક 5.2: વધારાની સિક્યુરિટી ડિપોઝિટને સમય મર્યાદા પહેલા મુક્ત કરવા અંગેની વિગતો**

| ક્રમ | કાર્યની વિગત | વર્ક ઓર્ડરની તારીખ | O&M અંદાજ (₹કરોડ માં) | O&M ટેન્ડર રેઇટ (₹ કરોડ માં) | O&M નો સમયગાળો | કોન્ટ્રાક્ટર પાસેથી મેળવેલ બેંક ગેરંટી (BG) (₹કરોડ માં) | બેંક ગેરંટી (BG) મળ્યાની તારીખ | BG મુક્ત કર્યાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ચાવંડ HW થી વરસડા સુધીની એક્સપ્રેસ લાઇન (Pkg-1) | 16-12-2019 | 1.60 | 0.34 | 25-05-2021 to 24-05-2026 | 1.26 | 19-02-2020 | 26-07-2021 |
| 2 | વરસડાથી સિમરણ સુધીની એક્સપ્રેસ લાઇન (Pkg-2) | 16-12-2019 | 1.48 | 0.19 | 07-02-2021 to 06-02-2026 | 1.29 | 25-02-2020 | 26-07-2021 |
| 3 | ગાવડકા–મોરઝર પાઇપલાઇન યોજના | 28-02-2020 | 1.83 | 1.21 | 14-03-2024 to 13-03-2029 | 0.64 | 08-06-2020 | 14-03-2024 |

*(સ્રોત: GWSSB અમરેલી પ્રભાગના રેકોર્ડ્સ )*

ઉપરના કોષ્ટકમાં જોઈ શકાય છે તેમ, ત્રણેય કિસ્સાઓમાં, બિડર દ્વારા ટાંકવામાં આવેલા O&M દર વિભાગીય અંદાજો કરતા ઓછા હતા, જે સેવાના સાતત્ય/ટકાઉપણા વિશે ચિંતા ઉભી કરે છે. RA બિલોમાંથી યોગ્ય કપાત કરીને જોખમને સુરક્ષિત કરવાને બદલે, વિભાગે BGs પર ભરોસો રાખ્યો હતો, જે ત્યારબાદ કેપિટલ વર્ક્સ પૂર્ણ થયા પછી મુક્ત કરવામાં આવી હતી. આ એ જોગવાઈનું ઉલ્લંઘન હતું કે SD સમગ્ર O&M સમયગાળા દરમિયાન માન્ય રહેવી જોઈએ.

વધારાની સિક્યોરિટી ડિપોઝિટને સમય પહેલા મુક્ત કરવાથી, વિશ્વસનીય O&Mની વિશ્વસનીય કામગીરી સુનિશ્ચિત કરવા માટે બનાવવામાં આવેલા કરારના સુરક્ષાત્મક માપદંડો જોખમાય છે.

રાજ્ય સરકારે જણાવ્યું હતું (સપ્ટેમ્બર 2025) કે નુપર જણાવેલ અમરેલીના ત્રણેય RWSS યોજનાઓમાં, O&M માટે 10 ટકા સિક્યોરિટી ડિપોઝિટની કરારબદ્ધ આવશ્યકતાનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું હતું.

ઓડિટમાં જોવા મળ્યું હતું કે, 10 ટકાની નિયમિત સિક્યોરિટી ડિપોઝિટ ઉપરાંત, O&Mના અંદાજિત ખર્ચ અને ટેન્ડર ખર્ચ વચ્ચેનો તફાવત જેટલી વધારાની બેંક ગેરંટી (BGs) અથવા પ્રથમ RA બિલમાંથી કપાત કરીને સુરક્ષિત કરવાનો હતો અને તેને O&M સમયગાળો પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવાનો હતો. જણાવવામાં આવેલા ત્રણેય RWSS યોજનાઓમાં, જોકે આ તફાવતની રકમને આવરી લેવા માટે શરૂઆતમાં BGs મેળવવામાં આવી હતી, તેમ છતાં O&M નો સમયગાળો વર્ષ 2026-29 સુધી લંબાયેલો હોવા છતાં તેને સમય પહેલા મુક્ત કરી દેવામાં આવી હતી. આ રીતે સમય પહેલા મુક્ત કરવાથી તફાવતની રકમને સુરક્ષિત કરવાનો હેતુ નિષ્ફળ ગયો છે અને તેમાં કરારની જોગવાઈઓનું પાલન થતું નથી.

## 5.7 O&M કાર્યની બિડિંગ પ્રક્રિયા

O&M કાર્યો માટે O&M કિંમતના 10 ટકાના દરે સિક્યોરિટી ડિપોઝિટ (SD) એકત્રિત કરવી આવશ્યક હતી અને તે O&M સમયગાળો પૂર્ણ થયાના 30 દિવસ પછી સુધી માન્ય રહેવી જોઈએ

**પેરાગ્રાફ 5.6** માં જણાવ્યા મુજબ, જો ટાંકવામાં આવેલા O&M દરો અંદાજિત ખર્ચ કરતા નોંધપાત્ર રીતે ઓછા હોય, તો તફાવતની રકમ માટે વધારાની સુરક્ષા તરીકે તે ઘટાડાની રકમ બેંક ગેરંટી (BGs) દ્વારા અથવા રનિંગ એકાઉન્ટ (RA) ચૂકવણાંમાંથી વસૂલ કરવી આવશ્યક હતી.

ફેબ્રુઆરી 2021 માં, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) દ્વારા ઓપરેશન અને મેન્ટેનન્સ (O&M) કાર્યો માટેના કરારની સામાન્ય શરતો માં સુધારો કરવામાં આવ્યો હતો. સુધારેલી જોગવાઈઓએ બિડરોને O&M કાર્યો માટે અંદાજિત ખર્ચ કરતા નીચા દરો ટાંકવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

વર્ષ 2021-24 દરમિયાન નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાં ફાળવવામાં આવેલા 70 કાર્યોની ઓડિટ ચકાસણીમાં જાણવા મળ્યું કે, બે જિલ્લાઓમાં[108] હાથ ધરવામાં આવેલા આઠ કાર્યોમાં, જોકે ટેન્ડર દસ્તાવેજોમાં કેપિટલ વર્કસ અને O&M બંને માટેના અંદાજો આપવામાં આવ્યા હતા, છતાં બિડિંગ પ્રક્રિયા માત્ર કેપિટલ વર્કસ પૂરતી જ મર્યાદિત રાખવામાં આવી હતી. ઓપરેશન અને મેન્ટેનન્સ (O&M) ઘટક ના સંદર્ભમાં, દરો અંદાજિત ખર્ચ કરતાં ઓછા ન હોવા જોઈએ તેવું ફરજિયાત કરવામાં આવ્યું હતું, જેના પરિણામે બિડરો પર નિયંત્રણ આવ્યું અને સ્પર્ધાત્મક ભાગીદારી મર્યાદિત થઈ ગઈ. પરિણામે, ₹46.80 કરોડની કિંમતનો O&M ઘટક માટે કોઈપણ સ્પર્ધાત્મક બિડિંગ વિના જ સૌથી નીચી બોલી લગાવનાર (L1 કોન્ટ્રાક્ટરો) ને ફાળવી દેવામાં આવ્યા હતા.

રાજ્ય સરકારે જણાવ્યું હતું (ઓગષ્ટ 2025) કે વિભાગે શુદ્ધ નિષ્ઠાથી અને પ્રવર્તમાન પરિપત્રો તેમજ વ્યવહારુ અનુભવોને અનુરૂપ કામગીરી કરી હતી સરકારે નીતિગત સુધારાઓ પર વિચાર કરવાની ખાતરી પણ આપી હતી.

ઓડિટનો એવો મત છે કે સુધારા પહેલાના કરારની શરતોમાં પહેલેથી જ પૂરતા સુરક્ષાત્મક માપદંડો આપવામાં આવ્યા હતા, જે બિડરોને O&M ઘટક માટે પણ સ્પર્ધાત્મક દરો ટાંકવાની મંજૂરી આપતા હતા.

## 5.8 ઉપસંહાર

સંચાલન અને જાળવણી (O&M) નીતિને ઓગસ્ટ 2023 મંજૂરી આપવામાં આવી હતી. સર્વેક્ષણ કરવામાં આવેલા 960 લાભાર્થીઓમાંથી, 500 લાભાર્થીઓએ (52.08 ટકા) ફાળો આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેમાં રોકડ સ્વરૂપે (368 લાભાર્થીઓ) અથવા શ્રમ દ્વારા (132 લાભાર્થીઓ) ફાળો આપવાનો સમાવેશ થાય છે, જ્યારે 460 લાભાર્થીઓએ (47.92 ટકા) કોઈપણ પ્રકારે ફાળો આપવાની અનિચ્છા દર્શાવી હતી.

નમૂના-તપાસ કરેલ ગામોમાં 55 ટકા પરિવારો દ્વારા O&M માટેનું વપરાશકર્તા શુલ્ક નિયમિતપણે ચૂકવવામાં આવતું હતું.

વર્ષ 2021-22 માં, રાજ્યએ 77,185 સ્થાનીક ગ્રામીણ સ્તરે મિકેનિક્સના કૌશલ્ય વિકાસનું લક્ષ્ય રાખ્યું હતું. આમાંથી, 13,727 (17.79 ટકા) ને વર્ષ 2022-23 માં તાલીમ આપવામાં આવી હતી

[108] અમરેલી અને પાટણ કે જેનો અંદાજિત ખર્ચ ₹310.70 કરોડ છે.

અમલીકરણ સહાયક એજન્સીઓ (ISAs) ને જાહેર અભિવ્યક્તિઓ આમંત્રિત કર્યા વિના જ પેનલમાં શામેલ કરવામાં આવી હતી. વર્ષ 2021-22 માં જે સાત ISAs ને કામ સોંપવામાં આવ્યું હતું, તેમણે 700 ગામોમાં કોઈપણ કામ શરૂ કર્યું ન હતું (જાન્યુઆરી 2025). ISA નમૂના-તપાસેલ જિલ્લાઓમાં વિવિધ પ્રવૃત્તિઓના તેમના નિર્ધારિત લક્ષ્યાંકો હાંસલ કરી શકી ન હતી.

31 માર્ચ 2024 ની સ્થીતીએ, ગ્રામ પંચાયતો પાસેથી પાણીની વસૂલ કરવાની બાકી રકમ ₹236.55 કરોડ હતી.

***ભલામણ 6:** રાજ્ય સરકાર ગામની આંતરીક પાણી પુરવઠા યોજનાઓના સંચાલન પછીના વ્યવસ્થાપન માટે સ્થાનીક ગ્રામીણ સ્તરે મિકેનિક્સ માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવાના પ્રયાસો કરી શકે છે.*

# પ્રકરણ-VI

# નાણાકીય વ્યવસ્થાપન અને દેખરેખ

# પ્રકરણ-VI
# નાણાકીય વ્યવસ્થાપન અને દેખરેખ

કોઈપણ યોજના/મિશનના સફળ અમલીકરણ માટે, મજબૂત નાણાકીય આયોજન, સમયસર ભંડોળ પૂરું પાડવું, પૂરતા સંસાધનોનું એકત્રીકરણ અને ભંડોળનો વિવેકપૂર્ણ ઉપયોગ એ પૂર્વશરતો છે. JJM નું નાણાકીય ભંડોળ કેન્દ્ર અને રાજ્ય સરકારના અનુદાન દ્વારા 50:50 ના ગુણોત્તરમાં કરવામાં આવ્યું હતું.

## 6.1 નાણાકીય વ્યવસ્થાપન

JJM માર્ગદર્શિકા મુજબ, SWSM એ કોઈપણ અનુસૂચિત વાણિજ્યિક બેંકમાં સિંગલ નોડલ એકાઉન્ટ (SNA) [109] ખોલવાનું હતું. ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને રાજ્યની તિજોરીઓ દ્વારા ભંડોળ મુક્ત કરવાનું હતું, જ્યાંથી રાજ્યોએ તે ભંડોળને અનુરૂપ રાજ્યના મેચિંગ હિસ્સા સાથે SWSM ના SNA માં 15 દિવસની અંદર ટ્રાન્સફર કરવાનું હતું.

ભંડોળ બે સમાન હપ્તામાં પૂરું પાડવાનું હતું. પ્રથમ હપ્તાની ફાળવણી બે તબક્કામાં કરવામાં આવશે, એટલે કે પ્રથમ અને બીજો તબક્કો, જે દરેક પ્રથમ હપ્તાના 50 ટકા જેટલા સમાન હશે. બીજા હપ્તાની રકમ નાણાકીય વર્ષમાં રાજ્યને મળવાપાત્ર કુલ ફાળવણીના 50 ટકા જેટલી રહેશે. બીજા હપ્તા માટે ભંડોળની ફાળવણી પણ બે તબક્કામાં કરવામાં આવશે. બીજા હપ્તાની ફાળવણી માટે, GoI દ્વારા કામગીરીની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવનાર હતું, જે નીચેની શરતોને આધીન હતું:

i.) ગત વર્ષના વપરાશ પ્રમાણપત્રો રજૂ કરવા;

ii.) CAG દ્વારા પેનલમાં સમાવિષ્ટ CA દ્વારા ગત વર્ષના ઓડિટ કરાયેલ હિસાબનું પત્રક; અને

iii.) ઉપલબ્ધ ભંડોળના 60 ટકા જેટલી રકમના વપરાશ માટેનું પ્રોવિઝનલ UC.

ઉપર જણાવેલા દસ્તાવેજો રાજ્ય દ્વારા રજૂ કરવામાં આવે ત્યારે અને તે મુજબ બીજા હપ્તાનો પ્રથમ તબક્કો (50 ટકા) મુક્ત કરવાનો હતો. જેવી ઉપલબ્ધ ભંડોળ (કેન્દ્ર અને રાજ્યનો હિસ્સો) ના ઉપયોગની પ્રગતિ 80 ટકાને વટાવી જાય, કે તરત જ GoI દ્વારા બીજા હપ્તાનો બીજો તબક્કો આપોઆપ મુક્ત કરવાનો હતો.

ગુજરાતમાં, બંને સ્રોતોમાંથી ભંડોળ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) દ્વારા સંચાલિત સિંગલ નોડલ એકાઉન્ટ (ઓક્ટોબર 2021 સુધી) માં જમા કરવામાં આવ્યું હતું. વધુમાં, GoI) ના નિર્દેશ (ઓગષ્ટ 2021) મુજબ, સિંગલ નોડલ એકાઉન્ટ (SNA) ને નવેમ્બર 2021 માં ESCROW એકાઉન્ટમાં[110] રૂપાંતરિત કરવામાં આવ્યું હતું. ત્યારથી, GoI અને GoG બંને તરફથી મળતું ભંડોળ સીધું જ તેમાં જમા કરવામાં આવે છે.

JJM હેઠળ GoI અને GoG તરફથી ભંડોળનો પ્રવાહ નીચે **ચાર્ટ 6.1** માં દર્શાવવામાં આવ્યો છે:

---

109 સિંગલ નોડલ એકાઉન્ટ (SNA) એ દરેક રાજ્યમાં કેન્દ્ર પુરસ્કૃત યોજના માટે નિયુક્ત કરવામાં આવેલું એક બેંક ખાતું છે, જેમાં તે યોજના માટેના તમામ ભંડોળને એકત્રિત કરવામાં આવે છે અને ત્યાંથી જ તે વહેંચવામાં આવે છે.

110 SNA માં GoI નું ભંડોળ રાજ્યની તિજોરીઓ દ્વારા મોકલવામાં આવે છે, જ્યારે Escrow એકાઉન્ટમાં GoI નું ભંડોળ GoI દ્વારા સીધું જ તે ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

**ચાર્ટ 6.1: JJM હેઠળ ભંડોળનો પ્રવાહ**




નવેમ્બર 2021 માં SNA ને ESCROW એકાઉન્ટમાં રૂપાંતરિત કરવામાં આવ્યું હોવાથી, જેમાં GoI અને GoG બંને તરફથી ભંડોળ સીધું જ જમા થાય છે.




## *6.1.1 JJM હેઠળ ભંડોળની પ્રાપ્તિ અને ખર્ચ*

વર્ષ 2019-24 દરમિયાન JJM હેઠળ વર્ષવાર પ્રાપ્ત થયેલ ભંડોળ અને તેની સામે થયેલા ખર્ચની વિગતો નીચે **ચાર્ટ** 6.2 માં દર્શાવવામાં આવી છે:

**ચાર્ટ 6.2: વર્ષ 2019-24 દરમિયાન ભંડોળની પ્રાપ્તિ અને થયેલો ખર્ચ**




(સ્રોત : GWSSB HO, ગાંધીનગર દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી)

*નોંધ: વર્ષ 2019-20 દરમિયાન ઉપલબ્ધ ભંડોળ કરતાં વધુ થયેલો ખર્ચ અન્ય ચાલુ પાણી પુરવઠા યોજનાઓમાંથી કરવામાં આવ્યો હતો.*

**ચાર્ટ 6.2** માં જોઈ શકાય છે તેમ, વર્ષ 2019-24 દરમિયાન, JJM યોજના હેઠળ કુલ ₹19,465.10 કરોડની ગ્રાન્ટ (GoI તરફથી ₹9,758.65 કરોડ અને GoG તરફથી ₹9,706.45 કરોડ) પ્રાપ્ત થઈ હતી. વધુમાં, વર્ષ 2019-20 અને વર્ષ 2023-24 વચ્ચે ₹6.51 કરોડનું વ્યાજ મળ્યું હતું. કુલ ₹19,471.61 કરોડના ભંડોળ સામે, વર્ષ 2019-24 દરમિયાન ₹19,128.18 કરોડનો (98.23 ટકા) ખર્ચ થયો હતો. વિગતો **પરિશિષ્ટ 6.1** માં આપવામાં આવી છે.

### *6.1.2 GoI અને GoG દ્વારા ફાળવેલ ભંડોળ મુક્ત કરવું*

JJM માર્ગદર્શિકા મુજબ, **ફકરા 6.1** માં ચર્ચા કર્યા મુજબની કેટલીક શરતોના પાલન પર બીજા હપ્તાના બીજા તબક્કાના ભંડોળને મુક્ત કરવાની જોગવાઈ છે.

ઓડિટમાં જાણવા મળ્યું છે કે, વર્ષ 2019-20 થી વર્ષ 2023-24 ના સમયગાળા દરમિયાન વર્ષ 2021-22 અને વર્ષ 2023-24 માં બીજા હપ્તાનો બીજો તબક્કો મેળવવા માટે જરૂરી 80 ટકા ભંડોળનો (GoIનો હિસ્સો અને GoGનો હિસ્સો) ઉપયોગ GWSSB કરી શક્યું નથી.

આ GoGના નાણા વિભાગ દ્વારા રાજ્યના મેચિંગ હિસ્સાની જોગવાઈ કરવામાં વિલંબને કારણે થયું હતું. પરિણામે, GoIએ ફાળવેલ કેન્દ્રીય હિસ્સામાંથી ₹1,598.36 કરોડની રકમ મુક્ત કરવાનું અટકાવ્યુ હતું. પરિણામ સ્વરૂપે, રાજ્ય સરકારે પણ તેના હિસ્સાના ₹1,580.95 કરોડ જેટલું મેચિંગ ભંડોળ મુક્ત કર્યું ન હતું. જેના કારણે આ યોજના હેઠળ રાજ્ય ₹3,179.31 કરોડના ભંડોળથી વંચિત રહ્યું. વર્ષ 2019-20 થી વર્ષ 2023-24 ના સમયગાળા માટે GoI અને રાજ્યના મેચિંગ હિસ્સાની SNA/ESCROW ખાતામાં પ્રાપ્ત થયેલ અનુદાનની વિગતો **પરિશિષ્ટ 6.2** માં આપવામાં આવી છે.

રાજ્ય સરકારે (ઓગષ્ટ 2025) જણાવ્યું હતું કે, ભારત સરકાર અને ગુજરાત સરકાર બંનેએ વર્ષ 2021-22 અને વર્ષ 2023-24માં કુલ બજેટ ફાળવણીના 80 ટકાથી ઓછું ભંડોળ મુક્ત કર્યું હતું, અને તેથી, કુલ બજેટ ફાળવણીના 80 ટકા જેટલો ખર્ચ કરવો શક્ય ન હતો. વિભાગે વધુમાં જણાવ્યું હતું કે વર્ષ 2023-24 ના રાજ્યના મેચિંગ હિસ્સાની બાકી રહેલી ગ્રાન્ટ વાર્ષ 2024-25 માં પ્રાપ્ત થઈ હતી, જેના પરિણામે GoI દ્વારા વર્ષ 2023-24 દરમિયાન ગ્રાન્ટના બીજા હપ્તાનો બીજો તબક્કો મુક્ત કરવામાં આવ્યો ન હતો.

### *6.1.3 મધ્યસ્થી એજન્સી દ્વારા સિંગલ નોડલ એકાઉન્ટમાંથી ભંડોળને છૂટું કરવું*

JJM માર્ગદર્શિકા અને GoIના નિર્દેશો (જૂન 2020) મુજબ, રાજ્યોએ પબ્લિક ફાઇનાન્શિયલ મેનેજમેન્ટ સિસ્ટમ (PFMS) દ્વારા સિંગલ નોડલ એકાઉન્ટ (SNA) કાર્યરત કરવું જરૂરી છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે તમામ ચુકવણીઓ સીધી અંતિમ લાભાર્થીઓ જેવા કે કોન્ટ્રાક્ટરો, સપ્લાયર્સ અને પાણી સમિતિઓના બેંક ખાતામાં જ કરવામાં આવે.

JJM માર્ગદર્શિકા મધ્યસ્થી એજન્સીઓ અથવા કચેરીઓને એડવાન્સ આપવાની સ્પષ્ટપણે મનાઈ કરે છે, અને આદેશ આપે છે કે યોજનાના ભંડોળ પર મળેલા વ્યાજને ભારતની સંચિત નિધિ અને રાજ્યની સંચિત નિધિમાં તેમના હિસ્સાના પ્રમાણમાં જમા કરવામાં આવે.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે, SNA ની જાળવણી અને સંચાલન માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) નોડલ એજન્સી હતી. તેણે વર્ષ 2019-20 થી વર્ષ 2023-24 ના સમયગાળા દરમિયાન મધ્યસ્થી એજન્સી એટલે કે વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (WASMO) ને એડવાન્સ તરીકે SNA માંથી કુલ ₹3,306.22 કરોડ મુક્ત કર્યા

હતા. WASMO એ તદુપરાંત JJM પ્રવૃત્તિઓ અમલ કરવા માટે તેની જિલ્લા પાણી અને સ્વચ્છતા એકમો (DWSUs) ને ભંડોળ ટ્રાન્સફર કર્યું હતું. SNA થી WASMO માં વર્ષવાર ભંડોળના પ્રવાહનો સારાંશ નીચે **કોષ્ટક 6.1** માં આપવામાં આવ્યો છે:

**કોષ્ટક 6.1: WASMO ને મુક્ત કરવામાં આવેલ એડવાન્સ અને 31-03-2024ની સ્થિતિએ થયેલ વપરાશ**

(₹ કરોડમાં)

| વર્ષ | WASMO પાસેની ખૂલતી સિલક (1 એપ્રિલ મુજબ) | WASMO ને અપાયેલ એડવાન્સ | WASMO દ્વારા મેળવેલ અને ઉપયોગમાં લેવાયેલ વ્યાજ | અન્ય આવક[111] | ખર્ચ (DWSUs ને છૂટું કર્યું) | WASMO પાસે વણવપરાયેલ સિલક (31 માર્ચની સ્થીતીએ) |
|---|---|---|---|---|---|---|
| 2019–20 | -0.82 | 51.24 | 0.41 | 0.05 | 46.93 | 3.95 |
| 2020–21 | 3.95 | 132.28 | 0.70 | 0.49 | 133.63 | 3.79 |
| 2021–22 | 3.79 | 1,108.00 | 3.12 | 2.16 | 1,053.06 | 64.01 |
| 2022–23 | 64.01 | 1,794.00 | 5.83 | 0.34 | 1,714.93 | 149.25 |
| 2023–24 | 149.25 | 220.70 | 5.29 | 0.36 | 317.76 | 57.84 |
| કુલ | | 3,306.22 | 15.35 | 3.40 | 3,266.31 | 57.84 |

(સ્રોત: WASMO દ્વારા રજૂ કરવામાં આવેલા વપરાશ પ્રમાણપત્રો)

ઓડિટે અવલોકન કર્યું કે WASMO એ વર્ષ 2019-24 દરમિયાન આ ભંડોળ પર વ્યાજ તરીકે ₹15.35 કરોડ મેળવ્યા હતા અને આ રકમ સંબંધિત એકીકૃત ભંડોળ[112] માં જમા કરાવવાને બદલે તેનો ઉપયોગ કરી લીધો હતો. વધુમાં, 31 માર્ચ 2024 સુધીમાં WASMO પાસે ₹57.84 કરોડની રકમ વણવપરાયેલી પડી રહી હતી.

રાજ્ય સરકારે જણાવ્યું (ઓગષ્ટ 2025) હતું કે તેણે WASMO માટે અલગ SNA ખોલવા માટે GoIને દરખાસ્ત (એપ્રિલ 2020) કરી હતી, પરંતુ GoI દ્વારા તેનો સ્વીકાર કરવામાં આવ્યો ન હતો. વિભાગે એ વાતની પણ પુષ્ટિ કરી હતી કે GoI અને GoG ના ભંડોળ પર મળેલા વ્યાજનો ઉપયોગ WASMO દ્વારા માત્ર JJMના કામો માટે જ કરવામાં આવ્યો હતો.

### *6.1.4 JJM યોજનાઓમાં ઊંચ્ચ સ્તરની સેવા માટે ખર્ચનું વિભાજન*

JJM માર્ગદર્શિકા મુજબ, પીવાલાયક પાણીના પુરવઠા માટે નિર્ધારિત સેવા સ્તર પ્રતિ વ્યક્તિ દીઠ રોજના 55 લિટર (55 lpcd) છે. પીવાના પાણીના સ્રોતોની ઉપલબ્ધતાને આધારે, રાજ્યો ઊંચ્ચ સ્તરની સેવા પૂરી પાડવાનો વિકલ્પ પસંદ કરી શકે છે; જોકે, આવી વૃદ્ધિ માટેની કોઈપણ વધારાની નાણાકીય જરૂરિયાત રાજ્ય સરકાર, સ્થાનિક સમુદાય અથવા દાતાઓ દ્વારા પૂરી કરવાની રહેશે.

GoIએ વાર્ષિક કાર્યયોજના (AAP) 2022–23ના અંતિમ નિષ્કર્ષ દરમિયાન વધુમાં એવી સલાહ આપી હતી કે, કેન્દ્રીય હિસ્સાની ગણતરી 50:50ના ધોરણે માત્ર 55 lpcd સુધી જ કરવી જોઈએ, અને કોઈપણ વધારાના પુરવઠાનો ખર્ચ રાજ્ય સરકારે ભોગવવો જોઈએ. ઊંચ્ચ સ્તરની સેવાઓ માટેના ખર્ચના તફાવતની ગણતરી કરવા માટે એક વ્યાપક નિયમ પણ તૈયાર કરવાનો હતો.

[111] અન્ય આવકમાં ટેન્ડર ફોર્મનું વેચાણ, ટેન્ડર ફી, અનામત રકમ જપ્ત કરવી વગેરેનો સમાવેશ થાય છે.

[112] નાણા મંત્રાલય (ખર્ચ વિભાગ) ના તારીખ: 30-06-2021ના OM મુજબ, અગાઉના નાણાકીય વર્ષમાં ESCROW ખાતામાં પ્રાપ્ત થયેલા ફંડ (GoI અને રાજ્ય સરકાર બંને તરફથી) માંથી જમા થયેલું કુલ વ્યાજ, JJM ના મંજૂર ભંડોળના માળખા મુજબ GoI અને રાજ્ય સરકાર વચ્ચે વહેંચવામાં આવશે અને જે તે સંચિત નિધિમાં જમા કરવામાં આવશે.

ઓડિટે અવલોકન કર્યું કે ગુજરાતમાં JJM યોજનાઓના અમલીકરણમાં, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) એ 100 lpcd સેવા સ્તરના આધારે પ્રોજેક્ટ્સની ડિઝાઇન તૈયાર કરી હતી. રાજ્ય સ્તરે, ડિસેમ્બર 2019 થી જુલાઈ 2022 વચ્ચે SLSSC દ્વારા મંજૂર કરાયેલ 601 યોજનાઓ 100 lpcd સેવા સ્તર સાથે ડિઝાઇન કરવામાં આવી હતી, અને સમગ્ર પ્રોજેક્ટ ખર્ચને કેન્દ્ર અને રાજ્ય વચ્ચે વહેંચણી માટે ધ્યાનમાં લેવામાં આવ્યો હતો; જેમાં ખર્ચના વિભાજન કે રાજ્યના સંસાધનો પર પડતા વધારાના બોજની ગણતરી કરવા માટેના કોઈ વ્યાપક નિયમનો પુરાવો જોવા મળ્યો ન હતો.

નમૂના-તપાસેલ છ જિલ્લાઓના વિગતવાર પ્રોજેક્ટ અહેવાલો અને વહીવટી મંજૂરીઓની ચકાસણી કરતા માલૂમ પડ્યું કે, ₹4,442.57 કરોડના અંદાજિત ખર્ચવાળા 111 કામો 55 lpcd થી વધુના ઉચ્ચ સેવા સ્તરને કારણે થતા વધારાના ખર્ચને અલગ તારવવા અથવા તેના માટે અલગથી હિસાબ રાખવાની કોઈ પદ્ધતિ તૈયાર કર્યા વિના જ બનાવવામાં આવ્યા હતા.

આમ, ઉચ્ચ સેવા સ્તર અપનાવવા છતાં, રાજ્ય સરકારે વધારાના ખર્ચની જવાબદારી સ્વીકારવાની જરૂરિયાત અંગેની માર્ગદર્શિકાનું પાલન કર્યું ન હતું.

રાજ્ય સરકારે જવાબ આપ્યો (ઓગષ્ટ 2025) કે, આ યોજનાઓ સ્ત્રોત પર 100 lpcd કુલ જથ્થાના આધારે ડિઝાઇન કરવામાં આવી છે અને 100 lpcd વપરાશ મુજબનું પાણીના આધારે ડિઝાઇન કરવામાં આવી નથી, અને આ બાબત GoI ના જલ શક્તિ મંત્રાલયને પણ જાણ કરવામાં આવી હતી (એપ્રિલ 2022).

ઓડિટે અવલોકન કર્યું કે GoI રાજ્યના પ્રસ્તાવ સાથે સહમત થઈ ન હતી અને જણાવ્યું હતું (મે 2022) કે રાજ્ય પોતાના ભંડોળમાંથી પરિવારોને ઊંચ્ચ સ્તરની સેવા પૂરી પાડવાનો નિર્ણય લઈ શકે છે. GoIએ વધુમાં જણાવ્યું (મે 2022) હતું કે જ્યાં પરિવારોને પાણીનો પુરવઠો 55 lpcd થી વધુ પૂરો પડાતો હોય, ત્યાં રાજ્ય ઊંચ્ચ સ્તરની સેવા પૂરી પાડવા માટે થતા વધારાના ખર્ચની ગણતરી કરવાની એક પદ્ધતિ વિકસાવી શકે છે અને તે ખર્ચ રાજ્યના પોતાના સંસાધનોમાંથી કરી શકે છે.

ઓડિટે નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાં વર્ષ 2020-21 દરમિયાન હાથ ધરવામાં આવેલા વોટર ઓડિટ પરથી એવું પણ અવલોકન કર્યું છે કે, સ્ત્રોતથી વિતરણ સ્થળ અથવા ગામના ભૂગર્ભ સંપ સુધી પાણીનો વ્યય 10.47 ટકા હતો. આ 10.47 ટકાના સરેરાશ પાણીના વ્યયને ધ્યાનમાં લેતા, 89.53 ટકા પાણી વપરાશ માટે ઉપલબ્ધ રહે છે, જે સૂચવે છે કે જૂથ પાણી પુરવઠા યોજનાઓ (RWSSs) નું આયોજન 55 lpcd થી વધુના ઉચ્ચ સેવા સ્તર પર કરવામાં આવ્યું હતું.

### *6.1.5 કર્મચારીઓના રહેઠાણ / ઓફિસ ઈમારતો પર થયેલો ખર્ચ*

JJM માર્ગદર્શિકા મુજબ, કેન્દ્રીય હિસ્સા હેઠળ અપાત્ર ખર્ચમાં અન્ય બાબતોની સાથે ભાવવધારો, ટેન્ડર પ્રીમિયમ અને અન્ય અસ્વીકાર્ય કાર્યક્રમ ખર્ચનો સમાવેશ થાય છે. ખાસ કરીને, ઓફિસ ઈમારતો અને રહેણાંક મકાનોનું બાંધકામ, નવીનીકરણ અથવા સમારકામ એ JJM હેઠળ અપાત્ર બાબતો તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે.

નમૂના-તપાસ કરેલા પાંચ જિલ્લાઓના(ગાંધીનગર સિવાયના) રેકોર્ડની ઓડિટ ચકાસણીમાં જાણવા મળ્યું છે કે, 40 ગ્રામીણ પાણી પુરવઠા યોજના (RWSS) ના કામોમાં સ્ટાફ ક્વાર્ટર્સ અને ઓફિસ ઈમારતોના બાંધકામનો પ્રોજેક્ટના કાર્યક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવ્યો હતો, જે કામો JJM હેઠળ અસ્વીકાર્ય હોવા છતાં કરવામાં આવ્યા હતા. આ ઘટકોની ટેન્ડર કિંમત સ્ટાફ ક્વાર્ટર્સ

માટે ₹28.06 કરોડ, ઓફિસ ઈમારતો માટે ₹0.42 કરોડ અને ઓફિસ ઈમારતોના નવીનીકરણ માટે ₹0.31 કરોડ હતી.

જવાબમાં, કાર્યપાલક ઇજનેર, GWSSB, અમરેલીએ જણાવ્યું (ડિસેમ્બર 2024) હતું કે, વિવિધ હેડ વર્ક્સ અને સબ-હેડ વર્ક્સ પર વહીવટી સરળતા માટે આવી બાંધકામની કામગીરીઓનો DPR માં સમાવેશ કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારે જવાબ આપ્યો (ઓગષ્ટ 2025) કે આ રહેણાંક ક્વાર્ટર્સ અથવા ઓફિસ ઈમારતો નથી, પરંતુ સુરક્ષા કર્મચારીઓ અને પંપ ઓપરેટરો માટેના અત્યંત આવશ્યક ઉપયોગિતા ખંડો છે.

રાજ્ય સરકારનો જવાબ ખાતરીદાયક નથી, કારણ કે DPR પરથી જાણવા મળ્યું છે કે ઉપયોગિતા ખંડો માટે અલગ જોગવાઈઓ કરવામાં આવી છે, જે સ્ટાફ ક્વાર્ટર્સ અને ઓફિસ ઈમારતો માટેની જોગવાઈઓ કરતા અલગ છે.

### *6.1.6 VWSCs/ GPs ને પ્રોત્સાહક અનુદાનની ચુકવણી*

JJM માર્ગદર્શિકા મુજબ, ગામની આંતરિક પાણી પુરવઠા યોજનાઓના કુલ મૂડી ખર્ચના 10 ટકા જેટલી રકમ, યોજના કાર્યરત થયા પછી સમુદાયને તબક્કાવાર રીતે ઈનામ/પ્રોત્સાહન તરીકે આપવામાં આવશે. આ ભંડોળનો હેતુ કટોકટીના સમયે સમારકામ અને જાળવણી માટે રિવોલ્વિંગ ફંડ તરીકેની સેવા અને સમુદાય દ્વારા સંચાલિત કામગીરીના ટકાઉપણા માટે પ્રોત્સાહન રૂપે આપવાનો છે.

ઓડિટે અવલોકન કર્યું છે કે, નમુંના-તપાસ કરેલા છ જિલ્લાઓમાં ગામની-આંતરીક પાણી પુરવઠાની કુલ 1,431 યોજનાઓ પૈકી, 31 માર્ચ 2023 પહેલાં પૂર્ણ થયેલી 514 ગામની-આંતરીક યોજનાઓમાં ₹157.77 કરોડનો મૂડી ખર્ચ થયો હતો, જેના કારણે સમુદાય/પાણી સમિતિને પ્રોત્સાહન તરીકે ₹15.78 કરોડની રકમ ચૂકવવાપાત્ર થાય છે. જોકે, નમૂના-તપાસેલ જિલ્લાઓમાં પાણી સમિતિઓને કોઈ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવ્યું ન હતું (જાન્યુઆરી 2025).

સંબંધિત DWSUs (જિલ્લા જલ અને સ્વચ્છતા એકમો) એ જણાવ્યું (ઓક્ટોબર-ડિસેમ્બર 2024) હતું કે, પ્રોત્સાહક અનુદાન યોગ્ય સમયે આપવામાં આવશે.

રાજ્ય સરકારે જવાબ આપ્યો (ઓગષ્ટ 2025) કે VWSCs/GPs ને પ્રોત્સાહક અનુદાનની ચુકવણી અમુક ચોક્કસ માપદંડો પર આધારિત છે, જેમ કે કામગીરી આધારિત પાત્રતા, એક વર્ષ યોજનાની સફળ સંચાલનની પૂર્ણાહુતિ, ઔપચારિક દરખાસ્ત પ્રક્રિયા વગેરે. વિભાગે વધુમાં જણાવ્યું કે વર્ષ 2019-23 દરમિયાન, તેણે 2,100 VWSCs/GPs ના લક્ષ્યાંક સામે 1,958 VWSCs/GPs ને ₹ 31.30 કરોડનું પ્રોત્સાહક અનુદાન મુક્ત કર્યું હતું અને બાકીના પાત્ર ગામો માટે પ્રોત્સાહક રકમ નક્કી કરવાની પ્રક્રિયા ચાલુ હતી.

ઓડિટે અવલોકન કર્યું છે કે, નમૂના-તપાસેલ જિલ્લાઓની એક પણ પાણી સમિતિને JJM હેઠળ હાથ ધરવામાં આવેલી ગામની-આંતરીક યોજનાઓ માટે પ્રોત્સાહક અનુદાન મળ્યું નથી, જો કે આ યોજનાઓ માર્ચ 2023 પહેલા પૂર્ણ થઈ ગઈ હતી અને પૂર્ણાહુતિ બાદ સફળતાપૂર્વક કાર્યરત હતી.

### *6.1.7 UCs અને e-જલશક્તિ પોર્ટલના ખર્ચના આંકડાઓમાં તફાવત*

SWSM ની કારોબારી સમિતિ, GoI ને સમયસર વપરાશ પ્રમાણપત્ર (UCs) સબમિટ કરવા અને e-જલશક્તિ પોર્ટલ પર JJM ની ભૌતિક તથા નાણાકીય પ્રગતિને અપડેટ કરવા માટે જવાબદાર હતી JJM હેઠળ નોંધાયેલ ખર્ચ નીચે આપેલા **કોષ્ટક 6.2** મુજબ હતો:

કોષ્ટક 6.2: ઓગષ્ટ 2025ની સ્થિતિ મુજબ રજૂ કરવામાં આવેલ UCs સામે e-જલશક્તિ પોર્ટલ મુજબ નોંધાયેલ ખર્ચની વિગત

*(₹ કરોડ માં)*

| વર્ષ | GoIને સુપરત કરવામાં આવેલા UCs મુજબનો ખર્ચ. | | e-જલશક્તિ પોર્ટલ મુજબનો ખર્ચ | | ખર્ચમાં તફાવત | |
|---|---|---|---|---|---|---|
| | GoI | GoG | GoI | GoG | GoI | GoG |
| 2019-20 | 400.89 | 388.30 | 384.61 | 394.74 | 16.28 | -6.44 |
| 2020-21 | 881.62 | 1070.05 | 838.50 | 883.43 | 43.12 | 186.62 |
| 2021-22 | 2,219.42 | 2,707.08 | 2,124.85 | 2,226.25 | 94.57 | 480.83 |
| 2022-23 | 3,129.33 | 3,957.71 | 3,084.89 | 3,272.38 | 44.44 | 685.33 |
| 2023-24 | 2,169.07 | 2,204.71 | 2,377.83 | 2,676.40 | (-) 208.76 | (-) 471.69 |
| કુલ | 8,800.33 | 10,327.85 | 8,810.68 | 9,453.20 | -10.35 | 874.65 |

(સ્રોત : SWSM દ્વારા રજૂ કરવામાં આવેલા UCs અને e-જલશક્તિ પોર્ટલ)

ઉપરનું કોષ્ટક દર્શાવે છે કે GoI ને સુપરત કરવામાં આવેલા UCs માં નોંધાયેલ ખર્ચની સામે e-જલશક્તિ પોર્ટલ પર નોંધાયેલ ખર્ચમાં તફાવત હતો.

વિભાગે જવાબ આપ્યો (ઓગષ્ટ 2025) કે e-જલશક્તિ પોર્ટલ પર ખર્ચના આંકડા PFMS માં પ્રતિબિંબિત થયેલ વાસ્તવિક ચૂકવણીના આધારે નોંધવામાં આવે છે, અને તેમાં ખર્ચની જોગવાઈ અને અક્રૂઅલ ધોરણે મળવાપાત્ર ગ્રાન્ટનો સમાવેશ થતો નથી. વિભાગે વધુમાં જણાવ્યું હતું કે પોર્ટલમાં માહિતી દાખલ કરતી વખતે ભૂલો અને ક્ષતિઓ રહી જવાની શક્યતા છે.

રાજ્ય સરકારનો જવાબ ખાતરીદાયક નથી, કારણ કે વર્ષ 2023-24 ના ખર્ચના આંકડા દર્શાવે છે કે e-જલશક્તિ પોર્ટલ પર નોંધાયેલ ખર્ચ, UCs માં આપવામાં આવેલા વાસ્તવિક ખર્ચ કરતા વધુ હતો. વધુમાં, વર્ષ 2019-24 દરમિયાન કોઈપણ સમયે વિભાગ દ્વારા માનવીય ભૂલો, જો કોઈ હોય તો, તે સુધારવામાં આવી ન હતી.

## 6.2 દેખરેખ

અસરકારક દેખરેખ પદ્ધતિઓ, નળ જોડાણોની કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થાય છે. JJMપાણી પુરવઠા યોજનાઓની પ્રગતિ, બાંધકામની ગુણવત્તા અને નળ જોડાણોની કાર્યક્ષમતાની દેખરેખ રાખવા માટે ટેકનોલોજી આધારિત સાધનો અને તૃતીય-પક્ષ એજન્સીઓ પર નિર્ભર છે. અસરકારક દેખરેખ પદ્ધતિઓ તે સુનિશ્ચિત કરશે. ઓડિટ દ્વારા રાજ્યમાં JJM ની દેખરેખના સંબંધમાં નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

### *6.2.1 રીઅલ-ટાઇમ ડેશબોર્ડ*

જલ જીવન મિશન (JJM) અંતર્ગત GoI દ્વારા પારદર્શિતા અને અસરકારક દેખરેખની સુવિધા માટે એક રીઅલ-ટાઇમ ડેશબોર્ડ (https://ejalshakti.gov.in/jjmreport/) વિકસાવવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય માપદંડો જેવા કે પૂરા પાડવામાં આવેલા FHTC ની સંખ્યા, આપવાના બાકી રહેતા FHTC અને કાર્યરત તથા બિન-કાર્યરત નળ જોડાણોની સ્થિતિની વિગતો મેળવવામાં આવે છે.

ડેશબોર્ડ દર્શાવે છે કે ઓક્ટોબર 2022 સુધીમાં ગુજરાત રાજ્યના તમામ ઘરોમાં 100 ટકા નળ દ્વારા પાણીનું જોડાણ પૂર્ણ કરી લેવામાં આવ્યું હતું. જોકે, તપાસ માટે પસંદ કરાયેલા 48 ગામોના સ્થળ ચકાસણી દરમિયાન પાણી પુરવઠાની સમયગાળો, જથ્થો અને ગુણવત્તામાં વિસંગતતાઓ

જોવા મળી હતી, જે ડેશબોર્ડના આંકડાઓ સાથે સુસંગત ન હતી. ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે, જ્યારે ડેશબોર્ડમાં (જાન્યુઆરી 2025) અહેવાલ અપાયો હતો કે હાલમાં પાણી પુરવઠાની કોઈ યોજના પ્રગતિમાં નથી અને 17,801 વિલેજ એક્શન પ્લાન (VAPs) તૈયાર કરવામાં આવ્યા છે, ત્યારે ઓડિટમાં એ નોંધવામાં આવ્યું હતું કે ₹449.13 કરોડની કિંમતની 682 ગામની આંતરીક પાણી પુરવઠા યોજનાઓ ચાલુ હતી (**ફકરો** 3.1.3.1), જ્યારે નમૂના-તપાસ કરાયેલ જિલ્લાઓના 44.26 ટકા ગામોએ જ VAPs તૈયાર કર્યા હતા (**ફકરો** 2.4.1.2).

તેથી, રીઅલ-ટાઇમ ડેશબોર્ડમાં રજૂ કરવામાં આવેલા ડેટાની વિશ્વસનીયતા ઓડિટમાં ચકાસી શકાઈ નથી.

વિભાગે જવાબ આપ્યો (ઓગષ્ટ 2025) કે ડેશબોર્ડ વાસ્તવિક સમયની ભૌતિક પ્રગતિ (એટલે કે તે ભૌતિક લક્ષ્યાંકની પ્રાપ્તિ દર્શાવે છે, નાણાકીય કામગીરીની પૂર્ણાહુતિ નહીં) દર્શાવે છે. વિભાગ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે જિલ્લા વહીવટીતંત્રોએ ભૌતિક સિદ્ધિઓને સ્થળ પરના કામોની પૂર્ણાહુતિ સાથે જોડી દીધી છે.

રાજ્ય સરકારનો જવાબ ખાતરીદાયક નથી, કારણ કે ઓડિટમાં એ નોંધવામાં આવ્યું હતું કે 31 ડિસેમ્બર 2024 સુધીમાં 682 ગામની આંતરીક પાણી પુરવઠા યોજનાઓ પ્રગતિમાં હતી, જ્યારે ડેશબોર્ડમાં તેને પૂર્ણ થયેલી દર્શાવવામાં આવી હતી. તે જ રીતે, નમૂના-તપાસ કરાયેલા છ જિલ્લાઓના 44.26 ટકા ગામોમાં VAPs તૈયાર કરવામાં આવ્યા હતા.

### *6.2.2 પાણી પુરવઠા યોજનાની મિલકતોનું જીઓ-ટેગિંગ* (ભૌગોલિક સ્થાન સહિતની ઓળખ)

JJM માર્ગદર્શિકા અનુસાર દરેક પાણી પુરવઠા યોજનાઓની મિલકતો (નવી ઉપરાંત હયાત) ની અસરકારક દેખરેખ અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે જીઓ-ટેગિંગ કરવાનું છે. જાન્યુઆરી 2019માં GoI એ તમામ રાજ્યોને ફેબ્રુઆરી 2019 સુધીમાં ગ્રામીણ પાણી પુરવઠા સંપત્તિઓનું જીઓ-ટેગિંગ મિશન મોડમાં પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો હતો, જેનો ઉદ્દેશ્ય હાલના માળખાગત સુવિધાઓનું વિઝ્યુલાઇઝેશન કરી અને વધુ સારું આયોજન શક્ય બનાવવાનો હતો.

e-જલશક્તિ પોર્ટલ પરથી મેળવવામાં આવેલા જીઓ-ટેગ કરેલા જળ સ્ત્રોતોના અહેવાલોની ચકાસણીમાં જણાયું હતું કે, રાજ્યમાં ઉપલબ્ધ 39,468 જળ સ્ત્રોતોમાંથી 10,817 (27.40 ટકા) જળ સ્ત્રોતોનું જીઓ-ટેગિંગ કરવામાં આવ્યું છે (સપ્ટેમ્બર 2024).

નમૂના-તપાસ કરાયેલા છ જિલ્લાઓમાં જળ સ્ત્રોતોના જીઓ-ટેગિંગની વિગતો નીચેના **કોષ્ટક** 6.3 માં સારાંશ રૂપે આપવામાં આવી છે:

**કોષ્ટક 6.3: સપ્ટેમ્બર 2024ની સ્થિતિએ નમૂના-તપાસ કરાયેલા જિલ્લાઓમાં જળ સ્ત્રોતોના જીઓ-ટેગિંગની વિગતો**

| જિલ્લાનું નામ | જળ સ્ત્રોતોની સંખ્યા | જીઓ-ટેગ કરેલા જળ સ્ત્રોતોની સંખ્યા (ટકાવારી) |
|---|---:|---:|
| અમરેલી | 844 | 668 (79.15) |
| આણંદ | 1,035 | 358 (34.59) |
| ભરૂચ | 1,095 | 108 (9.86) |
| દાહોદ | 1,087 | 21 (1.93) |
| ગાંધીનગર | 781 | 579 (74.14) |
| પાટણ | 834 | 473 (56.71) |
| **કુલ** | **5,676** | **2,207 (38.88)** |

*(સ્ત્રોત : e-જલશક્તિ પોર્ટલ)*

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે નમૂના-તપાસેલ છ જિલ્લાઓમાં ઓળખાયેલા જળ સ્રોતોમાંથી 38.88 ટકા (5,676 માંથી 2,207) જળ સ્રોતોનું જીઓ-ટેગિંગ કરવામાં આવ્યું હતું.

વિભાગે (ઓગષ્ટ 2025) જણાવ્યું હતું કે જળ સ્રોતોનું જીઓ-ટેગિંગ કરવાની કામગીરી પ્રગતિમાં છે. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, સપાટી પરના જળ સ્રોતોના જીઓ-ટેગિંગને પ્રાથમિકતા આપવામાં આવી હતી, અને બાકીના જળ સ્રોતોનું જીઓ-ટેગિંગ વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે.

### *6.2.3 વૉટર ઑડિટ*

JJM માર્ગદર્શિકા અનુસાર, વિતરણ વ્યવસ્થામાં થતાં પાણીના નુકસાનને ઘટાડવા માટે પૂરા પાડવામાં આવતા પાણીનું નિયમિતપણે ઓડિટ કરવું મહત્વપૂર્ણ છે. પાણીના નુકસાનના બે પ્રકાર છે: વાસ્તવિક નુકસાન અને પ્રત્યક્ષ નુકસાન. વાસ્તવિક નુકસાનમાં પાઈપો, સર્વિસ કનેક્શન અને પાણીની ટાંકીઓમાં થતા ગળતર દ્વારા ગુમાવવામાં આવતા પાણીનો સમાવેશ થાય છે. પ્રત્યક્ષ નુકસાનમાં મીટરની અચોકસાઈ અને અનધિકૃત વપરાશ, જેમ કે ચોરી અથવા ગેરકાયદેસર જોડાણોનો સમાવેશ થાય છે.

ઓડિટમાં જોવા મળ્યું કે નમૂના-તપાસ કરાયેલા છ જિલ્લાઓમાં, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) દ્વારા વર્ષ 2020-21 માટે પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાઓનું વૉટર ઑડિટ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ (જાન્યુઆરી 2025) GWSSB દ્વારા કોઈ વૉટર ઑડિટ કરવામાં આવ્યું ન હતું.

નમૂના-તપાસ કરાયેલ છ જિલ્લાઓના વૉટર ઑડિટ અહેવાલોની તપાસમાં જાણવા મળ્યું છે કે, વર્ષ 2020-21 દરમિયાન 10,555.52 મિલિયન લિટર (10.47 ટકા) પાણીનું નુકસાન થયુ હતું. તેની વિગતો નીચે **કોષ્ટક 6.4** માં દર્શાવેલ છે:

**કોષ્ટક 6.4: વર્ષ 2020-21 દરમિયાન નમૂના-તપાસ કરાયેલ છ જિલ્લાઓમાં પાણીનું નુકસાન**

**(જથ્થો મિલિયન લિટરમાં-ML)**

| નમૂના-તપાસ કરાયેલ જિલ્લાનું નામ | વર્ષ દરમિયાન પુરવઠા માટે મળેલ / ઉપલબ્ધ પાણીનો જથ્થો (ML માં) | પાણીના નુકસાનનો કુલ જથ્થો | વર્ષ દરમિયાન પાણીના નુકસાનની ટકાવારી |
|---|---|---|---|
| અમરેલી | 45,219 | 6100 | 13.49 |
| આણંદ | 8,625.17 | 62.51 | 0.72 |
| ભરૂચ | 11,232.94 | 1,167.65 | 10.39 |
| દાહોદ | 10,681.30 | 1,048.25 | 9.81 |
| ગાંધીનગર | 5,486.82 | 236.56 | 4.31 |
| પાટણ | 19,601.60 | 1,940.55 | 9.89 |
| કુલ | 1,00,846.83 | 10,555.52 | 10.47 |

(સ્રોત : નમૂના-તપાસ કરાયેલ જિલ્લાઓ માટે GWSSB દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે વર્ષ 2020-21 દરમિયાન નમૂના-તપાસેલ જિલ્લાઓમાં પાણીનું નુકસાન 0.72 થી 13.49 ટકાની વચ્ચે રહ્યુ હતું. પાણીનું નુકસાન મુખ્યત્વે પાઇપલાઇન/એર વાલ્વમાં ગળતર, નેટવર્કનું અયોગ્ય જોડાણ, ચોરી, ગેરકાયદેસર જોડાણ વગેરેને કારણે થયુ હતું. જોકે, કોઈ સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા હોય, તો તેની વિગતો રેકોર્ડ પર ઉપલબ્ધ ન હતી કે ઓડિટને આપવામાં આવી ન હતી.

જૂન 2021માં, WASMO એ તેના તમામ જિલ્લા પાણી અને સ્વચ્છતા એકમો (DWSUs) ને ગામની-આંતરીક પાણી પુરવઠા યોજનાઓના સંદર્ભમાં દરેક નાણાકીય વર્ષના અંતે વૉટર ઓડિટની વ્યવસ્થા કરવા સૂચનાઓ જારી કરી હતી. ઓડિટમાં જોવા મળ્યું કે નમૂના-તપાસેલ

જિલ્લાઓની ગ્રામ પંચાયતોએ WASMO ના સહયોગથી વોટર ઓડિટ હાથ ધર્યા હતા. ઓડિટમાં આ વોટર ઓડિટ અહેવાલોની તપાસ કરતા જણાયું કે મોટાભાગના નમૂના-તપાસેલ ગામોમાં પાણીના નુકસાનને લગતી વિગતો કોરી રાખવામાં આવી હતી. વધુમાં, આ વોટર ઓડિટના આધારે જો કોઈ સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા હોય, તો તેની વિગતો રેકોર્ડ પર ઉપલબ્ધ ન હતી કે ઓડિટને આપવામાં આવી ન હતી.

રાજ્ય સરકારે (ઓગષ્ટ 2025) જવાબ આપ્યો કે 18,158 ગામોમાંથી વર્ષ 2022-23 અને વર્ષ 2023-24માં અનુક્રમે 18,109 અને 18,158 ગામોમાં ગ્રામ પંચાયતો દ્વારા વાસ્મોના ટેકનિકલ સમર્થનથી વોટર ઓડિટ કરવામાં આવ્યું હતું. વિભાગે એમ પણ જણાવ્યું હતું કે રાજ્યએ 'વોટર થેફ્ટ એક્ટ, 2019 અમલમાં મૂક્યો છે, જે ગ્રામ પંચાયત સ્તરે વોટર ઓડિટને ફરજિયાત બનાવે છે, અને હવે પંચાયત સ્તરે વોટર ઓડિટ કરવું એ એક નિયમિત પ્રક્રિયા બની ગઈ છે.

રાજ્ય સરકારનો જવાબ પ્રતીતિજનક નથી, કારણ કે પંચાયતો ગામની-આંતરીક યોજનાઓ માટે વોટર ઓડિટ તો કરી રહી છે, પરંતુ તેમના ઓડિટ અહેવાલોમાં પાણીના નુકસાનની વિગતો અથવા લેવામાં આવેલા/સૂચિત સુધારાત્મક પગલાંનો ઉલ્લેખ નથી. વધુમાં, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) દ્વારા પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાઓનું વોટર ઓડિટ માત્ર વર્ષ 2020-21 સુધી જ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કોઈ ઓડિટ કરવામાં આવ્યું ન હતું, અને વિભાગે વર્ષ 2020-21 પછી આ ઓડિટ હાથ ન ધરવા માટે કોઈ કારણ આપ્યું નથી.

### *6.2.4 થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન (TPI) એજન્સીઓની નિમણૂક*

JJM માર્ગદર્શિકા મુજબ, પાણી પુરવઠા યોજનાઓમાં વપરાતી, સામગ્રી સાધનો અને કામની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવા માટે રાજ્ય જલ અને સ્વચ્છતા મિશન (SWSM) દ્વારા થર્ડ-પાર્ટી વેરિફિકેશન એજન્સીઓની પેનલ બનાવવી જરૂરી હતી.

ઓડિટમાં જોવા મળ્યું હતું કે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) દ્વારા ત્રણ એજન્સીઓ - જેવી કે મલ્ટી મેનટેક, અમદાવાદ; ક્રિષ્ના એન્વાયરો એન્જિનિયર્સ, અમદાવાદ; અને માર્સ પ્લાનિંગ એન્ડ એન્જિનિયરિંગ સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ, અમદાવાદ ને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ્સ (PMCs) તરીકે નિયુક્ત કરવામાં આવી હતી, જેમને થર્ડ-પાર્ટી ઇન્સ્પેક્શન (TPI) ની કામગીરી પણ સોંપવામાં આવી હતી.

GWSSB દ્વારા કરવામાં આવેલી પસંદગીના આધારે, WASMO દ્વારા (એપ્રિલ 2022 માં) આ ત્રણ એજન્સીઓને ગામ દીઠ ₹ 7,250 ના દરે 600 ગામો માટે નિરીક્ષણ (inspection) નું કામ સોંપવામાં આવ્યું હતું. જોકે, માત્ર એક જ એજન્સી, મલ્ટી મેનટેક દ્વારા 186 ગામોમાં નિરીક્ષણ કરવામાં આવ્યું હતું; બાકીની અન્ય બે એજન્સીઓએ કામ શરૂ કર્યું ન હતું, અને તેના માટે કોઈ કારણો આપવામાં આવ્યા ન હતા.

ઓડિટમાં જોવા મળ્યું હતું કે નમૂના-તપાસ કરાયેલા છ જિલ્લાઓમાં અમલમાં મુકાયેલી 1,431 ગામની-આંતરીક યોજનાઓમાંથી, અમરેલી અને દાહોદમાં અમલમાં મુકાયેલી 829 યોજનાઓમાંથી અનુક્રમે 17 અને 30 યોજનાઓમાં જ TPI કરવામાં આવ્યું હતું. નમૂના-તપાસ કરાયેલા અન્ય ચાર જિલ્લાઓમાં, વર્ષ 2019-24 દરમિયાન કોઈ પણ TPI એજન્સીની નિમણૂક કરવામાં આવી ન હતી.

આમ, નમૂના-તપાસ કરાયેલા જિલ્લાઓમાં TPI એજન્સીઓ દ્વારા 1,384 યોજનાઓની ગુણવત્તાની ચકાસણી અનિશ્ચિત રહી હતી.

વિભાગે (ઓગષ્ટ 2025) જણાવ્યું હતું કે જ્યાં TPI દ્વારા કામોનું નિરીક્ષણ કરવામાં આવ્યું ન હતું, ત્યાં WASMO ના ફિલ્ડ સ્ટાફ દ્વારા કામોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી આંતરિક તપાસનો હવાલો આપતો WASMO નો જવાબ ખાતરીજનક નથી, કારણ કે સ્વતંત્ર TPI એજન્સીઓની નિમણૂક ન કરવી એ ગુણવત્તાની ખાતરીને નબળી પાડે છે.

## 6.3 ફરિયાદ નિવારણ પદ્ધતિ

GWSSB દ્વારા સમગ્ર ગુજરાતમાં પીવાના પાણીના પુરવઠા અને ગટર વ્યવસ્થા સંબંધિત ફરિયાદો માટે એક ઓનલાઈન ફરિયાદ પોર્ટલ અને ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર 1916 (એપ્રિલ 2017) સ્થાપિત કરવામાં આવ્યો છે. ઓછા દબાણથી પાણી આવવું, લીકેજ, પાણી પુરવઠો ન મળવો, દૂષિત પાણી, બિલિંગની સમસ્યાઓ વગેરે અંગેની ફરિયાદો હેલ્પલાઇન અથવા ઇમેઇલ *(gwssbhocontrol@gmail.com)* અથવા GWSSBની વેબસાઇટ દ્વારા નોંધાવી શકાય છે. અખબારો અને લાઈવ મીડિયા દ્વારા આવતી ફરિયાદોની પણ GWSSB ના ફરિયાદ નિવારણ સેલના અધિકારીઓ દ્વારા સુઓ-મોટો'નોંધણી કરવામાં આવે છે. નોંધણી થયા પછી, GWSSB ના સંબંધિત વિભાગોને SMS એલર્ટ મોકલવામાં આવે છે, અને સ્થળ પર તપાસ તથા સુધારાત્મક પગલાં લીધા પછી, તેના નિરાકરણની વિગતો પોર્ટલ પર અપડેટ કરવામાં આવે છે.

### ➢ *JJM અંતર્ગત ફરિયાદ નિવારણ પદ્ધતિ*

ઓડિટે વિવિધ માધ્યમો[113] દ્વારા નોંધાયેલી ફરિયાદોના ડેટાનું વિશ્લેષણ કર્યું અને અવલોકન કર્યું કે વર્ષ 2020-21 અને વર્ષ 2023-24 ની વચ્ચે, જલ જીવન મિશન (JJM) હેઠળ કુલ 1,51,931 ફરિયાદો નોંધવામાં આવી હતી. આ ફરિયાદો પૈકી, 1,34,747 ફરિયાદો જે કુલ ફરિયાદોના 88.69 ટકા, હેન્ડ પંપ ચાલુ ન હોવા બાબતની હતી. બાકીની 17,184 ફરિયાદોમાં અપૂરતા અથવા પાણી પુરવઠાના અભાવ (9,768) અને અન્ય વિવિધ સમસ્યાઓ (7,416) ને લગતી બાબતોનો સમાવેશ થાય છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) દ્વારા ઘડવામાં આવેલ ધોરણો મુજબ ફરિયાદોનું સાત દિવસની અંદર નિવારણ કરવું જરૂરી છે. ઓડિટમાં જણાયું હતું કે 1,51,931 ફરિયાદોમાંથી 30,156 ફરિયાદો એટલેકે 19.85 ટકા જેટલી ફરિયાદોના નિવારણમાં નિયત કરાયેલ સમય મર્યાદા કરતાં વધારે સમય લેવાયો હતો. જેમાંથી 4,954 ફરિયાદોનું 31 અને 180 દિવસો વચ્ચે નિવારણ થયેલ હતું, જ્યારે બાકીની 528 ફરિયાદોનું નિવારણ 180 દિવસ બાદ થયું હતું.

હેન્ડ પંપના મુદ્દા સિવાયના પાણી પુરવઠાના મુદ્દાને લગતી 17,184 ફરિયાદોમાંથી 10,606 ફરિયાદો (61.72 ટકા) પણ સાત દિવસની અંદર નિવારણ થયેલ હતી. તેનાથી વિપરીત, 6,578 કેસ (38.28 ટકા) આ મર્યાદાને વટાવી ગયા, જેમાં 31 થી 180 દિવસની વચ્ચે નિવારણ થયેલ 2,004 કિસ્સાઓ અને 180 દિવસથી વધુ સમય પછી નિવારણ થયેલ 348 કિસ્સાઓનો સમાવેશ થાય છે.

વધુમાં, નમૂના તપાસ કરાયેલ છ જિલ્લાઓમાં ફરિયાદ નિવારણની વિગતો નીચે **કોષ્ટક 6.5** માં દર્શાવેલ છે:

[113] E -મેઈલ, હેલ્પલાઈન નંબર 1916, ન્યૂઝ ચેનલ, અખબાર અને GWSSB વેબસાઇટ વગેરે.

કોષ્ટક 6.5:વર્ષ 2020-21 થી વર્ષ 2023-24 દરમિયાન નમૂના તપાસ કરાયેલ છ જિલ્લાઓમાં ફરિયાદોનું નિવારણ

| જિલ્લાઓ | <= 7 દિવસો | 8-15 દિવસો | 16-30 દિવસો | 31-180 દિવસો | >180 દિવસો | કુલ |
|---|---|---|---|---|---|---|
| અમરેલી | 238 | 65 | 46 | 113 | 29 | 491 |
| આણંદ | 176 | 64 | 17 | 15 | 00 | 272 |
| ભરૂચ | 203 | 46 | 49 | 46 | 08 | 352 |
| દાહોદ | 675 | 186 | 180 | 169 | 35 | 1,245 |
| ગાંધીનગર | 233 | 35 | 15 | 20 | 02 | 305 |
| પાટણ | 535 | 65 | 24 | 22 | 01 | 647 |
| કુલ | 2,060 | 461 | 331 | 385 | 75 | 3,312 |

(સ્રોત: GWSSB દ્વારા પૂરી પડાયેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે વર્ષ 2019-24 દરમિયાન આ છ નમૂના-તપાસાયેલા જિલ્લાઓમાં મળેલી 3,312 ફરિયાદોમાંથી, 2,060 (62.20 ટકા) ફરિયાદોનું સાત દિવસની અંદર નિરાકરણ કરવામાં આવ્યું હતું. બાકીની 1,252 ફરિયાદો (37.80 ટકા) ઉકેલવા માટે નિર્ધારિત સમય મર્યાદા કરતા વધુ સમય લાગ્યો હતો, જેમાં 385 કિસ્સાઓમાં 31 થી 180 દિવસનો સમય લાગ્યો હતો અને 75 કિસ્સાઓમાં 180 દિવસથી પણ વધુ સમય લાગ્યો હતો.

વિભાગે (ઓગષ્ટ 2025) જણાવ્યું હતું કે વર્ષ 2019-24 દરમિયાન સમગ્ર રાજ્યમાં મળેલી કુલ ફરિયાદોમાંથી અંદાજે 88.89 ટકા ફરિયાદો હેન્ડ પંપ સંબંધિત હતી, જેમાં ઘણીવાર સમય માંગી લે તેવી ટેકનિકલ કામગીરી સામેલ હોય છે. વધુમાં વિભાગે જણાવ્યું હતું કે ફરિયાદ નિવારણને મજબૂત બનાવવા માટે, વિભાગે 'જલ સંપર્ક' શરૂ કર્યું છે, જે એક સક્રિય નાગરિક પ્રતિસાદ કોલ સેન્ટર છે અને તેમાં લોકેશન-આધારિત ફરિયાદ રિપોર્ટિંગ અને મોનિટરિંગ માટે મોબાઈલ એપ્લિકેશન પણ સામેલ છે. જોકે, વિભાગે 'જલ સંપર્ક' અને મોબાઈલ એપ્લિકેશનની વિગતો રજૂ કરી ન હતી.

### *6.3.1 હેલ્પલાઇન નંબર 1916 સંબંધિત IEC પ્રવૃત્તિઓ*

નમૂના-તપાસ કરેલા 48 ગામોની સંયુક્ત સ્થળ મુલાકાત દરમિયાન, ઓડિટે 38 ગામોમાં (79 ટકા) અવલોકન કર્યું કે હેલ્પલાઇન નંબર ગ્રામ પંચાયત ભવનો, શાળાઓ, આંગણવાડી કેન્દ્રો વગેરે જેવા મુખ્ય જાહેર સ્થળો પર પ્રદર્શિત કરવામાં આવ્યો ન હતો. વધુમાં, લાભાર્થીઓના સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે 960 લાભાર્થીઓમાંથી 910 (95 ટકા) હેલ્પલાઇનના અસ્તિત્વથી અજાણ હતા.

આમ, એ સ્પષ્ટ થાય છે કે જોકે GWSSB એ ફરિયાદ નોંધણી માટે અનેક માધ્યમો સ્થાપિત કર્યા છે, તેમ છતાં, અંતિમ વપરાશકર્તાઓને સ્થાપિત ફરિયાદ નિવારણ પ્રણાલીના અસ્તિત્વ વિશે જાગૃત કરવા માટે વધુ સઘન IEC પ્રવૃત્તિઓની જરૂર છે.

રાજ્ય સરકારે (ઓગષ્ટ 2025) જણાવ્યું હતું કે તેઓએ હેલ્પલાઇન નંબર 1916 ને લોકપ્રિય બનાવવા માટે અનેક IEC પ્રવૃત્તિઓ હાથ ધરી છે, જેમાં તમામ ટેન્ડર નોટિસોમાં હેલ્પલાઇન સંદેશનો સમાવેશ અને વિભાગીય વાહનો તેમજ નિભાવ અને સમારકામ એજન્સીઓના વાહનો પર 1916 ના લોગોનું પ્રિન્ટિંગ સામેલ છે. વધુમાં એવું પણ જણાવવામાં આવ્યું હતું કે, ગ્રામ પંચાયત કચેરીઓ ખાતે પોસ્ટરો લગાવવામાં આવ્યા છે અને વિકસિત યાત્રા કાર્યક્રમ દરમિયાન પણ આ અંગે પ્રચાર કરવામાં આવ્યો હતો.

## 6.4 ઉપસંહાર

વર્ષ 2019–24 દરમિયાન, SWSM ને ₹19,471.61 કરોડ પ્રાપ્ત થયા હતા અને ₹19,128.18 કરોડ (98.24 ટકા) ખર્ચ કરવામાં આવ્યા હતા. જો કે, રાજ્યનો હિસ્સો ફાળવવામાં થયેલા વિલંબને કારણે આ યોજના ₹3,179.31 કરોડથી વંચિત રહી હતી. વધુમાં, ₹3,306.22 કરોડ WASMO ને એડવાન્સ આપવામાં આવ્યા હતા, અને સ્ટાફ ક્વાર્ટર્સ તેમજ ઓફિસ બિલ્ડિંગ્સ પાછળ ₹28.79 કરોડનો અસ્વીકાર્ય ખર્ચ કરવામાં આવ્યો હતો. નમૂના-તપાસ કરવામાં આવેલા જિલ્લાઓમાંની એક પણ પાણી સમિતિને વર્ષ 2019-24 દરમિયાન પ્રોત્સાહક અનુદાન પ્રાપ્ત થયું ન હતું.

રાજ્યના 39,468 પાણીના સ્ત્રોતોમાંથી, સપ્ટેમ્બર 2024 સુધીમાં 10,817 (27.41 ટકા) સ્ત્રોતોનું જીઓ-ટેગિંગ કરવામાં આવ્યું હતું. વર્ષ 2019-24 ના સમયગાળા દરમિયાન વોટર ઓડિટ માત્ર એક જ વાર વર્ષ 2020–21 માં કરવામાં આવ્યું હતું. અમરેલી અને દાહોદ જિલ્લામાં ગામની-આંતરીક 829 યોજનાઓમાંથી માત્ર 47 યોજનાઓનું જ થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન દ્વારા કવરેજ કરવામાં આવ્યું હતું. અન્ય ચાર નમૂના-તપાસ કરેલા જિલ્લાઓમાં, સમીક્ષા સમયગાળા દરમિયાન કોઈ પણ થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન એજન્સીની નિમણૂક કરવામાં આવી ન હતી.

ફરિયાદ નિવારણ તંત્રની સમીક્ષામાં જાણવા મળ્યું છે કે વર્ષ 2019-24 દરમિયાન પ્રાપ્ત થયેલી પાણી પુરવઠાને લગતી (હેન્ડ પંપ સિવાયની) 17,184 ફરિયાદોમાંથી, 10,606 (61.72 ટકા) ફરિયાદોનું નિવારણ સાત દિવસની સમયમર્યાદામાં કરવામાં આવ્યું હતું.

*ભલામણ 7: રાજ્ય સરકાર રાજ્યના તમામ પાણીના સ્ત્રોતોનું 100 ટકા જીઓ-ટેગિંગ કરવાનું શક્ય તેટલી વહેલી તકે સુનિશ્ચિત કરે.*

**રાજકોટ** — **(અનુભવ કુમાર સિંઘ)**
**તા. 08 મે 2026** — **મહાલેખાકાર (ઓડિટ-I) ગુજરાત**

**પ્રતિ સહી**

**નવી દિલ્હી** — **(કે. સંજય મૂર્તિ)**
**તા. 13 મે 2026** — **ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક**

# પરિશિષ્ટો

# પરિશિષ્ટ-1.1

## ઓડિટ કરાયેલ એકમોની યાદી

(સંદર્ભ : ફકરા 1.6; પૃષ્ઠ 6)

**(a) રાજ્ય સ્તરના કાર્યાલય**

| અનુ. નંબર | કાર્યાલયનું નામ |
|---|---|
| 1. | પાણી પુરવઠા પ્રભાગ, ગાંધીનગર |
| 2. | ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, ગાંધીનગર |
| 3. | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર |
| 4. | વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન, ગાંધીનગર |
| 5. | ગુજરાત જલસેવા ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટ (GJTI) એટલેકે રાજ્ય સ્તરની લેબોરેટરી, ગાંધીનગર |

**(b) અમલીકરણ એજન્સીઓ**

| અનુ. નંબર | જિલ્લાનું નામ | પસંદ કરાયેલ એકમો |
|---|---|---|
| 1. | અમરેલી | 1. પબ્લિક હેલ્થ વર્કસ ડિવિઝન, GWSSB, અમરેલી<br>2. યુનિટ મેનેજર, ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટેશન યુનિટ, WASMO, અમરેલી<br>3. જિલ્લા લેબોરેટરી, અમરેલી |
| 2. | આણંદ | 1. પબ્લિક હેલ્થ વર્કસ ડિવિઝન, GWSSB, Anand<br>2. યુનિટ મેનેજર, ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટેશન યુનિટ, WASMO, આણંદ<br>3. જિલ્લા લેબોરેટરી, આણંદ |
| 3. | ભરુચ | 1. પબ્લિક હેલ્થ વર્કસ ડિવિઝન, GWSSB, Bharuch<br>2. યુનિટ મેનેજર, ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટેશન યુનિટ, WASMO, ભરુચ<br>3. જિલ્લા લેબોરેટરી, ભરુચ |
| 4. | દાહોદ | 1. પબ્લિક હેલ્થ વર્કસ ડિવિઝન, GWSSB, દાહોદ<br>2. યુનિટ મેનેજર, ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટેશન યુનિટ, WASMO, દાહોદ<br>3. જિલ્લા લેબોરેટરી, દાહોદ |
| 5. | ગાંધીનગર | 1. પબ્લિક હેલ્થ વર્કસ ડિવિઝન, GWSSB, ગાંધીનગર<br>2. યુનિટ મેનેજર, ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટેશન યુનિટ, WASMO, ગાંધીનગર<br>3. જિલ્લા લેબોરેટરી, ગાંધીનગર |
| 6. | પાટણ | 1. પબ્લિક હેલ્થ વર્કસ ડિવિઝન, GWSSB, પાટણ<br>2. પબ્લિક હેલ્થ વર્કસ ડિવિઝન, GWSSB, રાધનપુર<br>3. યુનિટ મેનેજર, ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટેશન યુનિટ, WASMO, પાટણ<br>4. જિલ્લા લેબોરેટરી, પાટણ |

### (c) વિસ્તૃત અભ્યાસ માટે પસંદ કરાયેલ મહેકમ ગામો

| અનુ. નંબર | જિલ્લાનું નામ | બ્લોક/તાલુકાનું નામ | પસંદ કરાયેલ મહેકમ ગામનું નામ (VWSC) | મહેકમ ગામની ગ્રામ પંચાયત |
|---|---|---|---|---|
| 1. | **અમરેલી** | બગસરા | 1. આદપુર | આદપુર |
| | | | 2. બાલાપુર | બાલાપુર |
| | | | 3. શીલાણા | શીલાણા |
| | | | 4. સુદાવડ | સુદાવડ |
| | | લીલીયા | 5. એકલેરા | એકલેરા |
| | | | 6. બવાડી | બવાડી |
| | | | 7. સલાડી | સલાડી |
| | | | 8. વઘાણીયા | વઘાણીયા |
| 2. | **આણંદ** | તારાપુર | 9. અદરૂજ | અદરૂજ |
| | | | 10. બુધેજ | બુધેજ |
| | | | 11. ઉટવડા | ઉટવડા |
| | | | 12. વરસડા | વરસડા |
| | | ઉમરેઠ | 13. અહિમા | અહિમા |
| | | | 14. અરડી | અરડી |
| | | | 15.મેઘવા (બાદપુરા) | મેઘવા (બાદપુરા) |
| | | | 16. ઝાલાબોરડી | ઝાલાબોરડી |
| 3. | **ભરૂચ** | ભરૂચ | 17. અદોલ | અદોલ |
| | | | 18. અમદાદા | અમદાદા |
| | | | 19. ઝાંગાર | ઝાંગાર |
| | | | 20. ઝનોર | ઝનોર |
| | | જંબુસર | 21. અમનપોર નાના | અમનપોર નાના |
| | | | 22. અમનપોર મોટા | અમનપોર મોટા |
| | | | 23. વાવલી | વાવલી |
| | | | 24. ઝમદી | ઝમદી |
| 4. | **દાહોદ** | ધાનપુર | 25. ખોબવેદ | ખોબવેદ |
| | | | 26. ભોરવા | ભોરવા |
| | | | 27. કંટુ | કંટુ |
| | | | 28. વેદ | વેદ |
| | | લીમખેડા | 29. અંબા | અંબા |
| | | | 30. મોટામાલ | મોટામાલ |
| | | | 31. પડા | પડા |
| | | | 32. મોટા હાથીધરા | મોટા હાથીધરા |
| 5. | **ગાંધીનગર** | દેહગામ | 33. આંત્રોલી | આંત્રોલી |
| | | | 34. અહેમદપુરા | અહેમદપુરા |
| | | | 35. સંપા | સંપા |
| | | | 36. ઝાક | ઝાક |
| | | કલોલ | 37. અમજા | અમજા |
| | | | 38. આસરોડિયા | આસરોડિયા |
| | | | 39. પાનસર | પાનસર |
| | | | 40. વેડા | વેડા |
| 6. | **પાટણ** | પાટણ | 41. આંબલિયાસણ | આંબલિયાસણ |
| | | | 42. ચંદ્રુમણા | ચંદ્રુમણા |
| | | | 43. માતપુર | માતપુર |
| | | | 44. વિસલવાસણા | વિસલવાસણા |
| | | રાધનપુર | 45. અગીચના | અગીચના |
| | | | 46. અલ્હાબાદ | અલ્હાબાદ |
| | | | 47. સુરકા | સુરકા |
| | | | 48. વિજયનગર | વિજયનગર |

# પરિશિષ્ટ-3.1 (A)

## MS પાઇપના ભાવમાં ફેરફારને લઈ ₹ 38.92 કરોડની વધારાની ચુકવણીની વિગતો

(સંદર્ભ : ફકરા 3.1.1.1 (i); પૃષ્ઠ 23)

| અનુ. નંબર | ત્રિમાસ | પાઇપનું નામ અને કદ | B = સ્ટાર રેટ (₹/MT માં) | D = પાઇપ વજન 'MT' માં | C1 = HR કોઇલનો ત્રિમાસિક સરેરાશ WPI | GWIL દ્વારા વસૂલ કરેલ / ચૂકવેલ PV | | ઑડિટ ગણતરી મુજબ WPI ના આધારે સુધારેલ ચૂકવવાપાત્ર/વસૂલાતપાત્ર PV | | PV માં તફાવત (વધારે ચૂકવેલ અથવા ઓછી વસૂલાત) PV(A) - PV (B) (₹ માં રકમ) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | $C_0$(GWIL દ્વારા અપનાવવામાં આવેલ એટલે કે DTP ની મંજૂરી સમયે ઉપલબ્ધ HR કોઇલનો WPI) | PV (A) (+)ચૂકવેલ/ (-) વસૂલ કરેલ (₹ માં રકમ) | $C_0$ (ઑડિટ મુજબ એટલે કે સ્ટાર રેટ સાથે જોડાયેલા HR કોઇલના WPI મુજબ) | PV (B) (+)ચૂકવવાપાત્ર / (-)વસૂલાતપાત્ર (₹માં રકમ) | |
| MS પાઇપ ભાવ ફેરફાર $PV\ (A) = B * \left[\left(\frac{C_1-C_0}{C_0}\right) * D\right]$ | | | | | | | | | | |
| 1. બુધેલ થી બરોડા બલ્ક પાઇપલાઇન યોજના (ટેન્ડર ID No. 409847) [NC-41] [DTP મહિનો: માર્ચ-2020 (WPI 106.60), SOR મહિનો: ફેબ્રુઆરી-2019 (WPI 113.90)] | | | | | | | | | | |
| 1 | Q4-2020 | MS પાઇપ- 1628 mm (જાડાઈ 14 mm) | 42,217 | 6,026.81 | 117.87 | 106.60 | 2,68,91,384.96 | 113.90 | 88,60,732.47 | 1,80,30,652.49 |
| 2 | Q1-2021 | MS પાઇપ - 1628 mm (જાડાઈ 14 mm) | 42,217 | 6,073.25 | 134.30 | 106.60 | 6,66,24,107.90 | 113.90 | 4,59,21,414.47 | 2,07,02,693.43 |
| 3 | Q3-2021 | MS પાઇપ - 1628 mm (જાડાઈ 14 mm) | 42,217 | 2,753.17 | 155.37 | 106.60 | 5,31,72,333.11 | 113.90 | 4,23,15,094.82 | 1,08,57,238.29 |
| 4 | Q4-2021 | MS પાઇપ - 1628 mm (જાડાઈ 14 mm) | 42,217 | 17,051.47 | 161.07 | 106.60 | 36,78,09,416.67 | 113.90 | 29,80,99,123.88 | 6,97,10,292.79 |

| 2. નાવડા થી ચાવંડ બલ્ક પાઇપલાઇન યોજના (ટેન્ડર ID No. 422697) [NC39/40] [DTP મહિનો: જુલાઈ-2020 (WPI 105.30), SOR મહિનો: ફેબ્રુઆરી-2019 (WPI 113.90)] | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 5 | Q4-2020 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 6,780.93 | 117.87 | 105.30 | 3,41,73,013.84 | 113.90 | 99,77,997.99 | 2,41,95,015.85 |
| 6 | Q1-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 8,891.89 | 134.30 | 105.30 | 10,33,83,495.08 | 113.90 | 6,72,33,836.44 | 3,61,49,658.64 |
| 7 | Q1-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 2,277.26 | 134.30 | 105.30 | 2,64,77,051.93 | 113.90 | 1,72,18,940.67 | 92,58,111.26 |
| 8 | Q1-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 681.40 | 134.30 | 105.30 | 79,22,423.00 | 113.90 | 51,52,238.29 | 27,70,184.71 |
| 9 | Q1-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 592.51 | 134.30 | 105.30 | 68,88,897.00 | 113.90 | 44,80,118.45 | 24,08,778.55 |
| 10 | Q1-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 300.18 | 134.30 | 105.30 | 34,90,129.64 | 113.90 | 22,69,737.15 | 12,20,392.49 |
| 11 | Q1-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 454.18 | 134.30 | 105.30 | 52,80,616.91 | 113.90 | 34,34,170.22 | 18,46,446.69 |
| 12 | Q1-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 1,248.30 | 134.30 | 105.30 | 1,45,13,635.12 | 113.90 | 94,38,713.03 | 50,74,922.09 |
| 13 | Q1-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 177.08 | 134.30 | 105.30 | 20,58,902.24 | 113.90 | 13,38,946.81 | 7,19,955.43 |
| 14 | Q1-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 630.91 | 134.30 | 105.30 | 73,35,386.97 | 113.90 | 47,70,470.59 | 25,64,916.38 |
| 15 | Q1-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 2,213.69 | 134.30 | 105.30 | 2,57,37,952.47 | 113.90 | 1,67,38,271.77 | 89,99,680.70 |
| 16 | Q1-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 4,285.27 | 134.30 | 105.30 | 4,98,23,616.67 | 113.90 | 3,24,02,013.78 | 1,74,21,602.89 |
| 17 | Q1-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 2,353.84 | 134.30 | 105.30 | 2,73,67,424.64 | 113.90 | 1,77,97,981.48 | 95,69,443.16 |
| 18 | Q1-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 54.32 | 134.30 | 105.30 | 6,31,586.00 | 113.90 | 4,10,727.30 | 2,20,858.70 |
| 19 | Q1-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 533.77 | 134.30 | 105.30 | 62,05,960.68 | 113.90 | 40,35,970.40 | 21,69,990.28 |
| 20 | Q1-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 2,385.02 | 134.30 | 105.30 | 2,77,29,932.40 | 113.90 | 1,80,33,741.37 | 96,96,191.03 |
| 21 | Q2-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 2,125.56 | 149.23 | 105.30 | 3,74,36,283.10 | 113.90 | 2,78,34,322.22 | 96,01,960.88 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 22 | Q3-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 105.13 | 155.37 | 105.30 | 21,10,354.18 | 113.90 | 16,15,936.70 | 4,94,417.48 |
| 23 | Q3-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 1,976.77 | 155.37 | 105.30 | 3,96,81,832.02 | 113.90 | 3,03,84,620.84 | 92,97,211.18 |
| 24 | Q1-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 2,246.11 | 134.30 | 105.30 | 2,61,14,820.85 | 113.90 | 1,69,83,407.62 | 91,31,413.23 |
| 25 | Q1-2021 | MS Pipe - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 1,231.16 | 134.30 | 105.30 | 1,43,14,346.44 | 113.90 | 93,09,113.14 | 50,05,233.30 |
| 26 | Q3-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 1,571.05 | 155.37 | 105.30 | 3,15,37,363.61 | 113.90 | 2,41,48,362.51 | 73,89,001.10 |
| 27 | Q3-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 1,231.75 | 155.37 | 105.30 | 2,47,26,269.87 | 113.90 | 1,89,33,035.57 | 57,93,234.30 |
| 28 | Q1-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 419.84 | 134.30 | 105.30 | 48,81,362.68 | 113.90 | 31,74,516.77 | 17,06,845.91 |
| 29 | Q3-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 817.45 | 149.23 | 105.30 | 1,43,97,341.93 | 113.90 | 1,07,04,551.60 | 36,92,790.33 |
| 30 | Q3-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 1,004.87 | 155.37 | 105.30 | 2,01,71,860.54 | 113.90 | 1,54,45,698.76 | 47,26,161.78 |
| 31 | Q3-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 1,113.25 | 149.23 | 105.30 | 1,96,07,039.93 | 113.90 | 1,45,78,068.47 | 50,28,971.46 |
| 32 | Q3-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 1,062.18 | 155.37 | 105.30 | 2,13,22,283.12 | 113.90 | 1,63,26,601.76 | 49,95,681.36 |
| 33 | Q3-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 6.36 | 155.37 | 105.30 | 1,27,769.23 | 113.90 | 97,758.56 | 30,010.67 |
| 34 | Q3-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 323.45 | 155.37 | 105.30 | 64,93,046.68 | 113.90 | 49,71,699.09 | 15,21,347.59 |
| 35 | Q4-2021 | MS પાઇપ - 1016 mm (જાડાઈ 8.8 mm) | 41,680 | 23.49 | 161.07 | 105.30 | 5,18,495.01 | 113.90 | 4,05,464.54 | 1,13,030.47 |
| 36 | Q3-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 1,169.04 | 155.37 | 105.30 | 2,34,67,553.00 | 113.90 | 1,79,69,130.02 | 54,98,422.98 |
| 37 | Q4-2021 | MS પાઇપ - 914 mm (જાડાઈ 8 mm) | 41,680 | 9.45 | 161.07 | 105.30 | 2,08,502.00 | 113.90 | 1,63,117.92 | 45,384.08 |
| 38 | Q3-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 324.06 | 155.37 | 105.30 | 65,05,161.00 | 113.90 | 49,81,075.30 | 15,24,085.70 |
| 39 | Q3-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 577.08 | 155.37 | 105.30 | 1,15,84,303.38 | 113.90 | 88,70,205.94 | 27,14,097.44 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 40 | Q3-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 485.96 | 155.37 | 105.30 | 97,55,258.00 | 113.90 | 74,69,614.75 | 22,85,643.25 |
| 41 | Q2-2022 | MS પાઇપ - 2540 mm (જાડાઈ 18 mm) | 42,217 | 386.71 | 172.73 | 105.30 | 1,04,54,494.00 | 113.90 | 84,32,335.85 | 20,22,158.15 |
| 42 | Q3-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 453.33 | 155.37 | 105.30 | 91,00,162.00 | 113.90 | 69,68,064.15 | 21,32,097.85 |
| 43 | Q3-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 624.14 | 155.37 | 105.30 | 1,25,29,067.00 | 113.90 | 95,93,557.80 | 29,35,509.20 |
| 44 | Q3-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 476.98 | 155.37 | 105.30 | 95,74,875.00 | 113.90 | 73,31,584.58 | 22,43,290.42 |
| 45 | Q3-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 834.01 | 155.37 | 105.30 | 1,67,42,084.00 | 113.90 | 1,28,19,436.57 | 39,22,647.43 |
| 46 | Q3-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 368.96 | 155.37 | 105.30 | 74,06,482.00 | 113.90 | 56,71,226.14 | 17,35,255.86 |
| 47 | Q3-2021 | MS પાઇપ - 1978 mm (જાડાઈ 14 mm) | 42,217 | 105.14 | 155.37 | 105.30 | 21,10,558.00 | 113.90 | 16,16,090.41 | 4,94,467.59 |
| 48 | Q3-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 1,620.32 | 155.37 | 105.30 | 3,25,26,443.00 | 113.90 | 2,49,05,683.94 | 76,20,759.06 |
| 49 | Q3-2021 | MS પાઇપ - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 875.15 | 155.37 | 105.30 | 1,75,67,809.00 | 113.90 | 1,34,51,793.04 | 41,16,015.96 |
| 50 | Q3-2021 | MS Pipe - 1878 mm (જાડાઈ 14 mm) | 42,217 | 467.91 | 155.37 | 105.30 | 93,92,848.00 | 113.90 | 71,92,171.03 | 22,00,676.97 |
| 3. ગુંદીયાળી થી પ્રાગપર ગુંદીયાળી થી શેરડી (PS-1) અને શેરડી (PS-2) થી કાકડભીત (ટેન્ડર ID - 3046) [DTP મહિનો : જુલાઈ-2023 (WPI 142.60), SOR મહિનો : ડિસેમ્બર-2022 (WPI 144.00)] | | | | | | | | | | |
| 51 | Q4-2023 | MS પાઇપ - 1219 mm (જાડાઈ 10 mm) | 58,500 | 6,125.45 | 142.67 | 142.60 | 1,67,526.00 | 144.00 | -33,09,657.20 | 34,77,183.20 |
| 52 | Q4-2023 | MS પાઇપ - 1219 mm (જાડાઈ 10 mm) | 58,500 | 1,587.20 | 142.67 | 142.60 | 43,409.00 | 144.00 | -8,57,584.00 | 9,00,993.00 |
| 53 | Q1-2024 | MS પાઇપ - 1219 mm (જાડાઈ 10 mm) | 58,500 | 959.17 | 138.60 | 142.60 | -15,73,956.86 | 144.00 | -21,04,183.58 | 5,30,226.72 |
| 54 | Q2-2024 | MS પાઇપ - 914 mm (જાડાઈ 8 mm) | 58,500 | 625.42 | 138.63 | 142.60 | -10,17,731.27 | 144.00 | -13,64,390.64 | 3,46,659.37 |
| 55 | Q2-2024 | MS પાઇપ - 1219 mm (જાડાઈ 10 mm) | 58,500 | 3,556.55 | 138.73 | 141.40 | -38,74,730.10 | 144.00 | -76,14,351.27 | 37,39,621.17 |
| 56 | Q2-2024 | MS પાઇપ - 1219 mm (જાડાઈ 10 mm) | 58,500 | 676.16 | 138.73 | 141.40 | -7,45,977.88 | 144.00 | -14,47,620.58 | 7,01,642.70 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 57 | Q2-2024 | MS પાઇપ - 1219 mm (જાડાઈ 10 mm) | 58,500 | 1,005.44 | 138.73 | 141.40 | -11,09,259.29 | 144.00 | -21,52,592.76 | 10,43,333.47 |
| 4. નવા રતનપરથી બુધેલ સહિત નવા રતનપર ખાતે પમ્પીંગ મશીનરીના SITC (ટેન્ડર ID 20255) [DTP મહિનો: ડિસેમ્બર-2023 (WPI 141.10), SOR મહિનો: ડિસેમ્બર -2022 (WPI 144.00)] | | | | | | | | | | |
| 58 | Q2-2024 | MS પાઇપ - 1067 mm (જાડાઈ 8.8 mm) | 58,500 | 3,503.74 | 138.73 | 141.10 | -34,42,777.00 | 144.00 | -75,01,284.72 | 40,58,507.72 |
| 59 | Q3-2024 | MS પાઇપ - 1067 mm (જાડાઈ 8.8 mm) | 58,500 | 1,055.19 | 134.03 | 141.10 | -30,92,988.00 | 144.00 | -42,73,841.96 | 11,80,853.96 |
| 5. ગાંધવીથી ગોરીંજા અને ગાંધવીથી પોરબંદર ગાંધવી ખાતે પમ્પીંગ મશીનરીની SITC (ટેન્ડર ID-3045) [DTP મહિનો: ઓગસ્ટ-2023 (WPI 141.40), SOR મહિનો: ડિસેમ્બર -2022 (WPI 144.00)] | | | | | | | | | | |
| 60 | Q4-2023 | MS પાઇપ - 914 mm (જાડાઈ 8 mm) | 58,500 | 5,130.03 | 142.67 | 141.40 | 26,95,440.49 | 144.00 | -27,71,817.17 | 54,67,257.66 |
| 61 | Q1-2024 | MS પાઇપ - 914 mm (જાડાઈ 8 mm) | 58,500 | 2,502.45 | 138.60 | 141.40 | -28,98,879.72 | 144.00 | -54,89,751.88 | 25,90,872.16 |
| 62 | Q2-2024 | MS પાઇપ - 914 mm (જાડાઈ 8 mm) | 58,500 | 1,483.60 | 138.73 | 141.40 | -16,38,828.41 | 144.00 | -31,76,286.31 | 15,37,457.90 |
| કુલ | | | | | | | 1,28,93,94,582.76 | | 90,02,15,124.91 | 38,91,79,457.85 |

## પરિશિષ્ટ-3.1 (B)

MS પાઇપના ભાવમાં ફેરફારમાં ₹ 0.80 કરોડની વધારાની ચુકવણીની વિગતો

(સંદર્ભ : ફકરા 3.1.1.1 (i); પૃષ્ઠ 23)

| ઢાંકી થી નાવડા બલ્ક પાઈપલાઈન યોજના (ટેન્ડર ID No. 492627) [NC43] (અયોગ્ય $C_1$) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ત્રિમાસ | પાઇપનું નામ અને કદ | સ્ટાર રેટ (₹/ 'MT' માં) | પાઇપ વજનનું 'MT' માં | SOR મુજબ બેઝ WPI | GWIL ગણતરી | | ઓડિટ ગણતરી | | PVમાં તફાવત (વધારે ચૂકવણી કરેલ અથવા ઓછી વસૂલાત) PV(A) - PV (B) (રકમ ₹ માં ) |
| | | | | | HR કોઇલનો ત્રિમાસિક સરેરાશ WPI | અયોગ્ય ત્રિમાસિક સરેરાશ WPI (₹ માં)ના આધારે છેલ્લા PV બિલ સુધી ચૂકવેલ PV | ઓફર કરાયેલ પાઇપના નિરીક્ષણની તારીખે ઉપલબ્ધ HR કોઇલનો ત્રિમાસિક સરેરાશ WPI | યોગ્ય ત્રિમાસિક સરેરાશ WPI ના આધારે છેલ્લા PV બિલ સુધી ચૂકવવાપાત્ર PV (₹ માં) | |
| | કામનું નામ | B | D | $C_0$ | $C_1$ | PV (A) | $C_1$ | PV (B) | PV(A) - PV (B) |
| MS પાઇપ ભાવ તફાવત (A) = B $* \left[\left(\frac{C_1-C_0}{C_0}\right) * D\right]$ | | | | | | | | | |
| Q4-2022 | MS પાઇપ- 2428 mm (જાડાઈ 14 mm) | 55,000 | 2,536.31 | 132.60 | 153.43 | 2,19,13,450.61 | 145.80 | 1,38,86,584.16 | 80,26,866.45 |

# પરિશિષ્ટ-3.2

## DI પાઇપના ભાવમાં ફેરફારમાં ₹0.53 કરોડની વધારાની ચુકવણીની વિગતો

(સંદર્ભ : ફકરા 3.1.1.1 (ii); પૃષ્ઠ 23)

| ક્રમ | નિરીક્ષણ તારીખ | પાઇપનું કદ | પૂરી પાડવામાં આવેલ લંબાઈ (રનિંગ મીટરમાં) | $R_0$ (GWSSB SOR માં ઉલ્લેખિત DI પાઇપના રનિંગ મીટર દીઠ દર) (₹ માં) | $I_1$ (પાઇપનું નિરીક્ષણ જે તારીખે ઓફર કરવામાં આવ્યું હતું તે તારીખે પિગ આયર્નનો WPI ઉપલબ્ધ છે) | $R_1$ (કોન્ટ્રાક્ટ મુજબ પ્રતિ રનિંગ મીટર DI પાઇપનો દર) (₹ માં) | GWIL મુજબ PV ની ગણતરી: $I_0$ (GWIL દ્વારા અપનાવવા માં આવેલ એટલે કે DTP ની મંજૂરી સમયે ઉપલબ્ધ પિગ આયર્નનો WPI) | GWIL મુજબ PV ની ગણતરી: PV = $R_1$+0.65 ($I_1$/$I_0$-1) *$R_0$ (in ₹) | GWIL મુજબ PV ની ગણતરી: PV (A) કુલ PV (-) રીકવર (₹ માં) | ઓડિટ મુજબ PVની ગણતરી: $I_0$ (ઓડિટ મુજબ એટલે કે GWSSB SOR સાથે જોડાયેલા પિગ આયર્ન ના WPI) | ઓડિટ મુજબ PVની ગણતરી: યોગ્ય PV = $R_1$+0.65 ($I_1$/$I_0$-1) *$R_0$ (₹ માં) | ઓડિટ મુજબ PVની ગણતરી: PV(B) યોગ્ય PV વસૂલાત પાત્ર (₹માં) | PVમાં તફાવત (વધારે ચૂકવણી કરેલ અથવા ઓછી વસૂલાત) PV(A) - PV (B) (રકમ ₹ માં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10=(9-7)*4 | 11 | 12 | 13=(12-7)*4 | 14=(10-13) |
| 1. ગુંદીયાળી થી પ્રાગપર ગુંદીયાળી થી શેરડી (PS-1) અને શેરડી (PS-2) થી કાકડભીત(Tender ID - 3046) [DTP મહિનો: જુલાઈ-2023 (WPI 155.50), SOR મહિનો: ડિસેમ્બર-2022 (WPI 157.60)] | | | | | | | | | | | | | |
| 1 | 06/02/24 | DI 500 mm K9 | 1,996.50 | 7,909 | 150.40 | 8,146 | 155.50 | 7,977.39 | -3,36,623.19 | 157.60 | 7,911.14 | -4,68,900.32 | 1,32,277.13 |
| 2 | 06/02/24 | DI 500 mm K9 | 550.00 | 7,909 | 150.40 | 8,146 | 155.50 | 7,977.39 | -92,733.66 | 157.60 | 7,911.14 | -1,29,173.64 | 36,439.98 |
| 3 | 06/02/24 | DI 500 mm K9 | 99.00 | 7,909 | 150.40 | 8,146 | 155.50 | 7,977.39 | -16,692.06 | 157.60 | 7,911.14 | -23,251.26 | 6,559.20 |
| 4 | 12/01/24 | DI 600 mm K9 | 1,925.00 | 10,309 | 150.80 | 10,618 | 155.50 | 10,415.47 | -3,89,877.43 | 157.60 | 10,328.88 | -5,56,561.72 | 1,66,684.29 |
| 5 | 12/01/24 | DI 600 mm K9 | 990.00 | 10,309 | 150.40 | 10,618 | 155.50 | 10,398.23 | -2,17,572.94 | 157.60 | 10,311.87 | -3,03,068.90 | 85,495.96 |
| 6 | 19/01/24 | DI 800 mm K9 | 1,800.00 | 16,455 | 150.40 | 16,949 | 155.50 | 16,598.21 | -6,31,427.56 | 157.60 | 16,460.36 | -8,79,548.98 | 2,48,121.43 |
| 7 | 19/01/24 | DI 800 mm K9 | 2,100.00 | 16,455 | 150.80 | 16,949 | 155.50 | 16,625.72 | -6,78,887.80 | 157.60 | 16,487.51 | -9,69,132.68 | 2,90,244.88 |
| 8 | 19/01/24 | DI 800 mm K9 | 1,080.00 | 16,455 | 150.40 | 16,949 | 155.50 | 16,598.21 | -3,78,856.53 | 157.60 | 16,460.36 | -5,27,729.39 | 1,48,872.86 |
| 9 | 19/01/24 | DI 800 mm K9 | 300.00 | 16,455 | 150.40 | 16,949 | 155.50 | 16,598.21 | -1,05,237.93 | 157.60 | 16,460.36 | -1,46,591.50 | 41,353.57 |

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10=(9-7)*4 | 11 | 12 | 13=(12-7)*4 | 14=(10-13) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | 19/01/24 | DI 800 mm K9 | 132.00 | 16,455 | 150.40 | 16,949 | 155.50 | 16,598.21 | -46,304.69 | 157.60 | 16,460.36 | -64,500.26 | 18,195.57 |
| 11 | 14/03/24 | DI 600 mm K9 | 104.50 | 10,309 | 150.40 | 10,618 | 155.50 | 10,398.23 | -22,966.03 | 157.60 | 10,311.87 | -31,990.61 | 9,024.57 |
| 12 | 16/03/24 | DI 800 mm K9 | 2,106.00 | 16,455 | 147.90 | 16,949 | 155.50 | 16,426.25 | -11,00,912.52 | 157.60 | 16,290.70 | -13,86,389.09 | 2,85,476.57 |
| 13 | 21/03/24 | DI 800 mm K9 | 3,000.00 | 16,455 | 147.90 | 16,949 | 155.50 | 16,426.25 | -15,68,251.45 | 157.60 | 16,290.70 | -19,74,913.23 | 4,06,661.78 |
| 14 | 30/03/24 | DI 800 mm K9 | 1,458.00 | 16,455 | 147.90 | 16,949 | 155.50 | 16,426.25 | -7,62,170.20 | 157.60 | 16,290.70 | -9,59,807.83 | 1,97,637.63 |
| 15 | 17/06/24 | DI 500 mm K9 | 3,234.00 | 7,909 | 152.10 | 8,146 | 154.90 | 8,053.07 | -3,00,525.66 | 157.60 | 7,966.59 | -5,80,204.94 | 2,79,679.28 |
| 16 | 30/03/24 | DI 800 mm K9 | 432.00 | 16,455 | 147.40 | 16,949 | 154.90 | 16,431.13 | -2,23,720.01 | 157.60 | 16,256.76 | -2,99,046.65 | 75,326.64 |
| 17 | 17/06/24 | DI 500 mm K9 | 1,732.50 | 7,909 | 152.10 | 8,146 | 154.90 | 8,053.07 | -1,60,995.89 | 157.60 | 7,966.59 | -3,10,824.08 | 1,49,828.19 |
| 18 | 03/07/24 | DI 500 mm K9 | 1,650.00 | 7,909 | 148.40 | 8,146 | 154.90 | 7,930.28 | -3,55,943.29 | 157.60 | 7,845.90 | -4,95,165.63 | 1,39,222.33 |
| 19 | 03/07/24 | DI 500 mm K9 | 33.00 | 7,909 | 148.40 | 8,146 | 154.90 | 7,930.28 | -7,118.87 | 157.60 | 7,845.90 | -9,903.31 | 2,784.45 |
| 20 | 03/07/24 | DI 600 mm K9 | 4,400.00 | 10,309 | 148.40 | 10,618 | 154.90 | 10,336.82 | -12,37,213.11 | 157.60 | 10,226.83 | -17,21,132.03 | 4,83,918.93 |
| **2. ગાંધવીથી ગોરીંજા અને ગાંધવીથી પોરબંદર ગાંધવી ખાતે પમ્પીંગ મશીનરીની SITC (ટેન્ડર ID-3045) [DTP મહિનો: ઓગસ્ટ-2023 (WPI 154.90), SOR મહિનો: ડિસેમ્બર-2022 (WPI 157.60)]** | | | | | | | | | | | | | |
| 21 | 01/06/24 | DI 700 mm K9 | 4,999.50 | 13,329 | 150.90 | 14,595 | 154.90 | 14,371.53 | -11,18,525.97 | 157.60 | 14,226.94 | -18,41,433.70 | 7,22,907.73 |
| 22 | 01/07/24 | DI 700 mm K9 | 4,999.50 | 13,329 | 148.40 | 14,595 | 154.90 | 14,231.70 | -18,17,604.70 | 157.60 | 14,089.50 | -25,28,535.83 | 7,10,931.13 |
| 23 | 01/07/24 | DI 700 mm K9 | 4,999.50 | 13,329 | 148.40 | 14,595 | 154.90 | 14,231.70 | -18,17,604.70 | 157.60 | 14,089.50 | -25,28,535.83 | 7,10,931.13 |
| કુલ | | | | | | | | | **-1,33,87,766.16** | | | **-1,87,36,341.40** | **53,48,575.23** |

# પરિશિષ્ટ-3.3

## DI પાઇપના બેઝ WPI ઇન્ડેક્સના અયોગ્ય ઉપયોગને કારણે કોન્ટ્રાક્ટરને ₹14.07 કરોડની વધારાની ચૂકવણીની વિગતો

(સંદર્ભ : ફકરા 3.1.2.5 (i); પૃષ્ઠ 33)

| ક્રમ. | નિરીક્ષણ તારીખ | પાઇપનું કદ | પૂરી પાડવામાં આવેલ લંબાઈ (રનિંગ મીટરમાં) | $R_0$ (GWSSB SOR માં ઉલ્લેખિત DI પાઇપના રનિંગ મીટર દીઠ દર) (₹ માં) | $I_1$ ઓફર કરાયેલ પાઇપના નિરીક્ષણની તારીખે પિગ આયર્નનો છેલ્લામાં છેલ્લો WPI ઉપલબ્ધ (પ્રભાગ મુજબ) | $I_1$- ઓફર કરાયેલ પાઇપના નિરીક્ષણની તારીખે પિગ આયર્નનો છેલ્લામાં છેલ્લો WPI ઉપલબ્ધ (ઓડિટ મુજબ) | $R_1$ (કોન્ટ્રાક્ટ મુજબ પ્રતિ રનિંગ મીટર DI પાઇપનો દર) (₹ માં) | Calculation of PV as per GWSSB: $I_0$ (GWIL દ્વારા અપનાવવામાં આવેલ એટલે કે DTP ની મંજૂરી સમયે ઉપલબ્ધ પિગ આયર્નનો WPI) | Calculation of PV as per GWSSB: PV = $R_1$+0.65 ($I_1$/$I_0$-1) *$R_0$ (₹ માં) | Calculation of PV as per GWSSB: PV (A) વિભાગ મુજબ તફાવત રકમ (+) ચૂકવવામાં આવી | Calculation of PV as per Audit: $I_0$ (ઓડિટ મુજબ એટલે કે GWSSB SOR સાથે જોડાયેલા પિગ આયર્નના WPI) | Calculation of PV as per Audit: PV = $R_1$+0.65 ($I_1$/$I_0$-1) *$R_0$ (₹ માં) | Calculation of PV as per Audit: PV(B) સાચો PV (+) ચૂકવવાનો (-) વસૂલ કરવાનો રહેશે (₹ માં) | PVમાં તફાવત (વધારે ચૂકવણી કરેલ અથવા ઓછી વસૂલાત) PV(A) - PV (B) (રકમ ₹ માં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| A | B | C | D | E | F | G | H | I | J | K=(J-H)*D | L | M | N=(M-H)*D | O=K-N |
| **1. DDSA પેકેજ-11 [DTP મહિનો: જુલાઈ-2016 (WPI 72.60), SOR મહિનો: માર્ચ-2014 (WPI 99.40)]** | | | | | | | | | | | | | | |
| 1 | 16-10-2017 | 250 mm DI K-9 | 1,998 | 2,282 | 98.6 | 100.2 | 2,625 | 72.6 | 3,156.21 | 10,61,356.31 | 99.4 | 2,636.94 | 23,852.18 | 10,37,504.13 |
| 2 | 16-10-2017 | 250 mm DI K-7 | 450 | 1,879 | 98.6 | 100.2 | 2,160 | 72.6 | 2,597.40 | 1,96,829.13 | 99.4 | 2,169.83 | 4,423.40 | 1,92,405.73 |
| 3 | 16-10-2017 | 200 mm DI K-7 | 7,630 | 1,433 | 98.6 | 100.2 | 1,645 | 72.6 | 1,978.58 | 25,45,193.54 | 99.4 | 1,652.50 | 57,198.90 | 24,87,994.64 |
| 4 | 03-01-2018 | 350 mm DI K9 | 3,315 | 3,572 | 104.4 | 98.7 | 4,150 | 72.6 | 5,166.99 | 33,71,311.17 | 99.4 | 4,133.65 | -54,202.58 | 34,25,513.75 |
| 5 | 03-01-2018 | 250 mm DI K-9 | 1,103 | 2,282 | 104.4 | 98.7 | 2,625 | 72.6 | 3,274.71 | 7,16,630.04 | 99.4 | 2,614.55 | -11,521.69 | 7,28,151.73 |
| 6 | 03-01-2018 | 200 mm DI K-7 | 620 | 1,433 | 104.4 | 98.7 | 1,645 | 72.6 | 2,052.99 | 2,52,954.11 | 99.4 | 1,638.44 | -4,066.89 | 2,57,021.00 |
| 7 | 03-01-2018 | 150 mm DI K-7 | 3,606 | 1,126 | 104.4 | 98.7 | 1,295 | 72.6 | 1,615.58 | 11,56,026.98 | 99.4 | 1,289.85 | -18,586.14 | 11,74,613.12 |
| 8 | 03-01-2018 | 100 mm DI K-7 | 6,600 | 764 | 104.4 | 98.7 | 880 | 72.6 | 1,097.52 | 14,35,625.45 | 99.4 | 876.50 | -23,081.41 | 14,58,706.86 |
| 9 | 08-02-2018 | 350 mm DI K9 | 3,000 | 3,572 | 112.6 | 100.8 | 4,150 | 72.6 | 5,429.23 | 38,37,685.95 | 99.4 | 4,182.70 | 98,104.23 | 37,39,581.72 |
| 10 | 08-02-2018 | 350 mm DI K-7 | 5,000 | 2,941 | 112.6 | 100.8 | 3,385 | 72.6 | 4,438.25 | 52,66,253.44 | 99.4 | 3,411.92 | 1,34,623.24 | 51,31,630.20 |
| 11 | 08-02-2018 | 150 mm DI K-7 | 1,500 | 1,126 | 112.6 | 100.8 | 1,295 | 72.6 | 1,698.25 | 6,04,876.03 | 99.4 | 1,305.31 | 15,462.68 | 5,89,413.35 |
| 12 | 07-03-2018 | 350 mm DI K-7 | 1,000 | 2,941 | 116.1 | 104.4 | 3,385 | 72.6 | 4,530.41 | 11,45,410.12 | 99.4 | 3,481.16 | 96,159.46 | 10,49,250.66 |
| 13 | 07-03-2018 | 300 mm DI K-7 | 120 | 2,370 | 116.1 | 104.4 | 2,725 | 72.6 | 3,648.03 | 1,10,763.22 | 99.4 | 2,802.49 | 9,298.79 | 1,01,464.43 |
| 14 | 07-03-2018 | 150 mm DI K-7 | 709 | 1,126 | 116.1 | 104.4 | 1,295 | 72.6 | 1,733.54 | 3,10,921.40 | 99.4 | 1,331.82 | 26,102.47 | 2,84,818.93 |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | 16-04-2018 | 350 mm DI K9 | 1,997 | 3,572 | 117.4 | 116.1 | 4,150 | 72.6 | 5,582.74 | 28,61,173.97 | 99.4 | 4,540.08 | 7,78,991.93 | 20,82,182.04 |
| 16 | 16-04-2018 | 350 mm DI K-7 | 567 | 2,941 | 117.4 | 116.1 | 3,385 | 72.6 | 4,564.64 | 6,68,856.32 | 99.4 | 3,706.17 | 1,82,104.86 | 4,86,751.46 |
| 17 | 16-04-2018 | 300 mm DI K-7 | 180 | 2,370 | 117.4 | 116.1 | 2,725 | 72.6 | 3,675.61 | 1,71,110.08 | 99.4 | 2,983.82 | 46,586.95 | 1,24,523.13 |
| 18 | 06-06-2018 | 350 mm DI K9 | 1,200 | 3,572 | 118.6 | 117.4 | 4,150 | 72.6 | 5,621.11 | 17,65,335.54 | 99.4 | 4,570.45 | 5,04,536.02 | 12,60,799.52 |
| 19 | 16-10-2018 | 350 mm DI K-7 | 396 | 2,941 | 121.6 | 121.5 | 3,385 | 72.6 | 4,675.23 | 5,10,931.91 | 99.4 | 3,810.02 | 1,68,309.82 | 3,42,622.09 |
| 20 | 09-01-2019 | 350 mm DI K9 | 1,199 | 3,572 | 115.5 | 119.5 | 4,150 | 72.6 | 5,521.97 | 16,44,995.30 | 99.4 | 4,619.50 | 5,62,929.05 | 10,82,066.25 |
| 21 | 09-01-2019 | 350 mm DI K-7 | 600 | 2,941 | 115.5 | 119.5 | 3,385 | 72.6 | 4,514.61 | 6,77,766.82 | 99.4 | 3,771.56 | 2,31,936.61 | 4,45,830.21 |
| 22 | 09-01-2019 | 100 mm DI K-7 | 500 | 764 | 115.5 | 119.5 | 880 | 72.6 | 1,173.45 | 1,46,722.73 | 99.4 | 980.42 | 50,209.56 | 96,513.17 |
| 23 | 06-03-2019 | 350 mm DI K9 | 286 | 3,572 | 114.3 | 115.5 | 4,150 | 72.6 | 5,483.60 | 3,81,408.42 | 99.4 | 4,526.07 | 1,07,554.93 | 2,73,853.49 |
| 24 | 06-03-2019 | 250 mm DI K-9 | 264 | 2,282 | 114.3 | 115.5 | 2,625 | 72.6 | 3,476.98 | 2,24,922.22 | 99.4 | 2,865.25 | 63,426.74 | 1,61,495.48 |
| 25 | 06-03-2019 | 150 mm DI K-7 | 1,674 | 1,126 | 114.3 | 115.5 | 1,295 | 72.6 | 1,715.39 | 7,03,730.92 | 99.4 | 1,413.55 | 1,98,447.98 | 5,05,282.94 |
| 26 | 06-03-2019 | 100 mm DI K-7 | 1,861 | 764 | 114.3 | 115.5 | 880 | 72.6 | 1,165.24 | 5,30,826.41 | 99.4 | 960.44 | 1,49,689.93 | 3,81,136.48 |
| 2. DDSA પેકેજ-9 [DTP મહિનો: જૂન-2016 (WPI 77.60), SOR મહિનો: માર્ચ -2014 (WPI 99.40)] | | | | | | | | | | | | | | |
| 27 | 25-05-2017 | 500 mm DI K9 | 1,837 | 6,025 | 92.8 | 94.3 | 6,320 | 77.6 | 7,087.10 | 14,09,163.65 | 99.4 | 6,119.07 | -3,69,116.41 | 17,78,280.06 |
| 28 | 25-05-2017 | 400 mm DI K7 | 1,986 | 3,489 | 92.8 | 94.3 | 3,660 | 77.6 | 4,104.22 | 8,82,217.03 | 99.4 | 3,543.64 | -2,31,087.98 | 11,13,305.01 |
| 29 | 25-05-2017 | 350 mm DI K9 | 1,199 | 3,572 | 92.8 | 94.3 | 3,740 | 77.6 | 4,194.79 | 5,45,287.89 | 99.4 | 3,620.87 | -1,42,832.74 | 6,88,120.63 |
| 30 | 22-08-2017 | 500 mm DI K9 | 1,623 | 6,025 | 95.1 | 90.4 | 6,320 | 77.6 | 7,203.17 | 14,33,392.92 | 99.4 | 5,965.41 | -5,75,499.64 | 20,08,892.56 |
| 31 | 22-08-2017 | 100 mm DI K7 | 2,970 | 764 | 95.1 | 90.4 | 800 | 77.6 | 911.99 | 3,32,613.21 | 99.4 | 755.04 | -1,33,542.43 | 4,66,155.64 |
| 32 | 25-05-2017 | 500 mm DI K9 | 160 | 6,025 | 92.8 | 94.3 | 6,320 | 77.6 | 7,087.10 | 1,22,736.08 | 99.4 | 6,119.07 | -32,149.50 | 1,54,885.58 |
| 33 | 25-05-2017 | 400 mm DI K7 | 11 | 3,489 | 92.8 | 94.3 | 3,660 | 77.6 | 4,104.22 | 4,886.40 | 99.4 | 3,543.64 | -1,279.94 | 6,166.34 |
| 34 | 22-08-2017 | 500 mm DI K9 | 281 | 6,025 | 95.1 | 90.4 | 6,320 | 77.6 | 7,203.17 | 2,48,172.16 | 99.4 | 5,965.41 | -99,639.80 | 3,47,811.96 |
| 35 | 10-10-2017 | 100 mm DI K7 | 517 | 764 | 98.6 | 95.1 | 800 | 77.6 | 934.39 | 69,479.20 | 99.4 | 778.52 | -11,106.55 | 80,585.75 |
| 36 | 11-11-2017 | 100 mm DI K7 | 1,826 | 764 | 98.7 | 100.2 | 800 | 77.6 | 935.03 | 2,46,563.18 | 99.4 | 804.00 | 7,298.12 | 2,39,265.06 |
| 37 | 11-11-2017 | 150 mm DI K7 | 3,283 | 1,126 | 98.7 | 100.2 | 1,180 | 77.6 | 1,379.01 | 6,53,346.19 | 99.4 | 1,185.89 | 19,338.65 | 6,34,007.54 |
| 38 | 11-11-2017 | 350 mm DI K7 | 2,497 | 2,941 | 98.7 | 100.2 | 3,080 | 77.6 | 3,599.79 | 12,97,919.20 | 99.4 | 3,095.39 | 38,417.63 | 12,59,501.57 |
| 39 | 11-11-2017 | 400 mm DI K7 | 2,500 | 3,489 | 98.7 | 100.2 | 3,660 | 77.6 | 4,276.64 | 15,41,611.95 | 99.4 | 3,678.25 | 45,630.78 | 14,95,981.17 |
| 40 | 11-11-2017 | 300 mm DI K9 | 2,789 | 2,884 | 98.7 | 100.2 | 3,020 | 77.6 | 3,529.72 | 14,21,601.46 | 99.4 | 3,035.09 | 42,078.55 | 13,79,522.91 |
| 41 | 19-12-2017 | 350 mm DI K9 | 5,000 | 3,572 | 100.8 | 98.7 | 3,740 | 77.6 | 4,434.15 | 34,70,731.96 | 99.4 | 3,723.65 | -81,753.52 | 35,52,485.48 |
| 3. DDSA પેકેજ -8 [DTP મહિનો: જૂન -2016 (WPI 77.60), SOR મહિનો: માર્ચ -2014 (WPI 99.40)] | | | | | | | | | | | | | | |
| 42 | 27-05-2017 | 500 mm DI K7 | 1,800 | 4,960 | 92.8 | 94.3 | 5,290 | 77.6 | 5,921.51 | 11,36,709.28 | 99.4 | 5,124.58 | -2,97,749.70 | 14,34,458.98 |
